પાનાં : ૧૪ કિંમત : રૂા. ૫-૦૦ * * તા. ૨ નવેમ્બર ૨૦૨૬ સોમવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૮ વર્ષ : ૯૪, અંક : ૨૯૮ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

ગુજરાત સમાચાર
futuristic
કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા
લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ : જેનું ભવિષ્ય 'મંગળ'મય બને તેવી આશા
માણસ શું ખરીદશે તેનું ભવિષ્ય ભાખી શકશે AI!
વાંચો અંદરના પાને...

રામલીલા મેદાનમાં ઈન્ડિયા ગઠબંધનની મહારેલીમાં કોંગ્રેસ નેતાના વાકબાણ

વોટચોરોને દેશ છોડીને ભાગવા નહીં દઈએ : રાહુલ

નવી દિલ્હી, તા. ૧

રવિવારે દિલ્હીના રામલીલા મેદાનમાં ઈન્ડિયા ગઠબંધન દ્વારા મહારેલી યોજવામાં આવી હતી, જેમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા, રાહુલે દાવો કર્યો હતો કે વોટ ચોરી કરનારાઓને દેશ છોડીને ભાગવા નહીં દઈએ, જ્ઞાનેશ કુમારને જેલમાં ધકેલીશું. લોકશાહી અને બંધારણને બચાવવું અમારી પ્રાથમિકતા છે. આ મહારેલીમાં ઈન્ડિયા ગઠબંધન સાથે જોડાયેલા તમામ પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા.

જ્ઞાનેશ કુમારે જેલમાં જવું જ પડશે, એ પછી પીએમ મોદી અને ગૃહમંત્રી સામે કાયદાકીય કાર્યવાહી થશે : કોંગ્રેસ નેતાનો દાવો

દિલ્હીના કનોટ પ્લેસથી રામ લીલા મેદાન સુધી રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ વગેરે નેતાઓ ખુલ્લા વાહનમાં પહોંચ્યા હતા, તેમની સાથે અનેક લોકો પગપાળા કે વાહનોમાં રામ લીલા મેદાનમાં પહોંચ્યા હતા. એક દિવસ અગાઉ વરસાદને પગલે રામ લીલા મેદાનમાં કીચડની પરિસ્થિતિ વચ્ચે પણ અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા. હજારોની મેદનીને સંબોધતા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સપાના અખિલેશ, આરજેડીના તેજસ્વી, ડાબેરી પક્ષના દિપાંકર ભટ્ટાચાર્ય તેમજ ફારુક

(અનુસંધાન ૧૧મે પાને)

રામલીલા મેદાનમાં લાખોની જનમેદની



વોટ ચોરી મુદ્દે વિપક્ષની રામલીલા મેદાનમાં વિશાળ રેલી થઈ. રામલીલા મેદાનમાં કાદવ-કીચડ વચ્ચે પણ લાખોની સંખ્યામાં ભીડ ભેગી થઈ. મુદ્દો હતો, ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ. તાજેતરમાં ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે પણ આરોપ લગાવ્યો છે કે, ઉત્તર પ્રદેશમાંથી ૧.૨૭ કરોડ વોટરોના નામ કમી કરી દેવામાં આવ્યા છે. હવે, આ આરોપ કોઈ વિપક્ષના નેતાએ નથી લગાવ્યો. યોગી આદિત્યનાથ જે આરોપ લગાવી રહ્યા છે, તેવો જ આરોપ રામલીલા મેદાનમાં હાજર વિપક્ષના નેતાઓએ પણ લગાવ્યો છે. યોગી આદિત્યનાથ ફક્ત ઉત્તર પ્રદેશની વાત કરી રહ્યા છે. જ્યારે, વિપક્ષના નેતાઓ ભારતભરની વાત કરી રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે, દેશભરમાંથી ૧૩ કરોડ નાગરિકોના વોટિંગના અધિકાર છીનવી લેવામાં આવ્યા છે. યોગી આદિત્યનાથની વાતમાં તો સત્ય ખરુંને.. ખેર, જ્ઞાનેશકુમારનો આટલો બચાવ કેમ? કાયદો, વ્યવસ્થાની પરિસ્થિતિ હદની બહાર જાય ત્યાં સુધી સરકારનું જક્કી વલણ સમજાતું નથી. લોકોને નરેન્દ્ર મોદી સામે વાંધો નથી. નરેન્દ્ર મોદીની આપખુદ શાહી સામે વાંધો છે. જક્કી અને આપખુદ શાહી વલણ છોડી લોકોની વેદનાઓ અને સંવેદનાઓને સાંભળવી પડશે. રામલીલા ખાતે ભેગી થયેલી જનમેદનીને તમે નજરઅંદાજ કરશો અને વિપક્ષોને ગાળો આપ્યા કરશો તો અંતે તો તમે તમારી લોકપ્રિયતાને, તમારી સરકારને જ નુકસાન કરી રહ્યા છો. સમયસર જ્ઞાનેશ કુમારના પ્રશ્નનું નિરાકરણ લાવવું તેમાં વિપક્ષ કરતા સરકારનું જ હિત સમાયેલું છે.


દિલ્હીની વાત

ગંગા કિનારે છઠની તૈયારી

નવીદિલ્હી, તા. ૧

છઠ પૂજા માટે ઉત્તર પ્રદેશ સરકારે તૈયારી શરૂ કરી દીધી છે. ગંગાઘાટ પર સફાઈ કામ પુરુ થયું છે. આ વખતે નકટા દિયારાથી દિદાર ગંજ બાલુઘાટ સુધી ૯૨ ગંગાઘાટોની સાથે શહેરના ૮૨ જેટલા તળાવો અને પાર્કોમાં અર્ઘ્ય આપવા માટેની તૈયારી ચાલી રહી છે. સમયસર કામગીરી પુરી કરવા ૯૨

(અનુસંધાન ૧૧મે પાને)

ગુજરાત સમાચાર


શાંતિ માટે હજારો લોકોની રેલી વચ્ચે હિંસક અથડામણો

મણિપુરમાં ફરી હિંસા : કુકી સમુદાયના પાંચનાં મોત, પરિસ્થિતિ સ્ફોટક બની

ઈમ્ફાલ, તા. ૧

મણિપુરમાં ફરી હિંસાની ઘટનાઓ સામે આવવા લાગી છે, છેલ્લા ૨૪ કલાકમાં હિંસાની બે મોટી ઘટનાઓ સામે આવી હતી જેમાં કુકી સમુદાયના પાંચ લોકોના મોત નિપજ્યા છે જ્યારે અન્ય કેટલાક ઘવાયા છે. નોને જિલ્લામાં ગોળીબારમાં ત્રણ લોકો માર્યા ગયા હતા, નાગા સમુદાયના સંગઠન દ્વારા આ હુમલો કરાયો હોવાનો આરોપ કુકી સમુદાય દ્વારા લગાવાયો હતો.

કુકી અને નાગા સમુદાય વચ્ચે ફેબ્રુઆરીથી શરૂ થયેલી હિંસામાં કુલ મૃત્યુઆંક ૭૦, અનેક મકાનો આગ હવાલે

મણિપુરમાં મે ૨૦૨૩થી હિંસાની શરૂઆત થઈ હતી, જેમાં અત્યાર સુધીમાં અનેક લોકો માર્યા ગયા છે.

અગાઉ કુકી અને મૈતેઈ સમુદાય વચ્ચે હિંસા ફાટી નીકળી હતી હવે કુકી અને નાગા સમુદાય વચ્ચે હિંસક અથડામણો થવા લાગી છે. રાજધાની ઈમ્ફાલ સહિતના શહેરોમાં હાલ હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરીને શાંતિ સ્થાપિત કરવા માટે સરકાર પર દબાણ કરી રહ્યા છે. એવા સમયે હિંસાની આ ઘટનાઓ સામે આવી છે.

નાગા અને કુકી સમુદાય વચ્ચે ફેબ્રુઆરીથી શરૂ થયેલી હિંસામાં કુલ મૃત્યુઆંક ૭૦એ પહોંચી ગયો છે.

શનિવારે અને રવિવારે વધુ પાંચ લોકોએ જીવ ગુમાવ્યો હતો, માર્યા ગયેલા તમામ કુકી સમુદાયના હોવાના દાવા થઈ રહ્યા છે.

કુકી સમુદાયે જણાવ્યું હતું કે જે ત્રણ લોકો માર્યા ગયા છે તેઓ ગ્રામ સ્વયંસેવક હતા. આ હત્યાકાંડ બાદ કુકી

(અનુસંધાન ૧૧મે પાને)

મુંબઈ નજીક કરજત ખાતે ૧૦૦ એકર જમીનમાં વિશાળ ટાઉનશિપનું નિર્માણ થશે

રિલાયન્સ ફાઉન્ડેશન અનાથ બાળકો, વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે ૫૦૦૦ આશ્રયસ્થાન બનાવશે

મુંબઈ, તા. ૧

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણી દ્વારા આજે એક અત્યંત સંવેદનશીલ અને સેવાકીય પ્રોજેક્ટ 'નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય'ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે. મુંબઈ નજીક આવેલા કરજત ખાતે આશરે ૧૦૦ એકરની જમીન પર આ વિશાળ ટાઉનશિપ નિર્માણ પામશે. આ એક બિન-નફાકારક (Not-for-profit) સંસ્થા હશે, જ્યાં અનાથ બાળકો, વરિષ્ઠ નાગરિકો અને શારીરિક તેમજ માનસિક દિવ્યાંગતા ધરાવતા ૫,૦૦૦ થી વધુ લોકોને આજીવન આશ્રય, ઉત્કૃષ્ટ આરોગ્ય સેવાઓ, સંભાળ અને આત્મ સન્માનભર્યું જીવન પૂરું પાડવામાં આવશે.

આજે યોજાયેલા ભવ્ય ભૂમિપૂજન સમારોહમાં શ્રીમતી નીતા અંબાણીએ પવિત્ર ભૂમિપૂજન કરી આ પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો હતો.

સમાજમાં એકલવાયું અને અસહાય જીવન જીવતા લોકો તથા ગંભીર બીમારીઓ અને વિકલાંગતા સામે ઝઝૂમી રહેલા દર્દીઓ માટે એક અત્યંત સરાહનીય અને સંવેદનશીલ આશાનું કિરણ પ્રગટ્યું છે. દેશના જાણીતા સેવાભાવી અને સામાજિક અગ્રણી નીતા મુકેશ અંબાણી દ્વારા 'નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય'ની એક મહત્ત્વકાંક્ષી પરિકલ્પના રજૂ કરવામાં આવી છે. આ સંસ્થા એવા લોકો માટે એક સુરક્ષિત અને મમતાભર્યું ઘર બનશે કે જેઓ ત્યજી દેવાયેલા છે, એકલા છે અથવા જેમને આજીવન વિશિષ્ટ સંભાળ અને આશ્રયની જરૂરિયાત રહે છે.

આજના સમયમાં ગંભીર આજીવન તબીબી પરિસ્થિતિઓ ધરાવતા દર્દીઓની સંભાળ રાખવી એ પરિવારો માટે આર્થિક અને માનસિક રીતે અત્યંત પડકારજનક બની રહે છે. અનેક પરિવારો પોતાના પ્રિયજનોની સેવા-શુશ્રૂષા કરવામાં વર્ષો વિતાવી દે છે, છતાં યોગ્ય સંસાધનો કે વિશિષ્ટ સેવાઓની મર્યાદિત એક્સેસના કારણે તેઓ ભારે મુશ્કેલી અનુભવે છે. 'અનંત આશ્રય' આવા પરિવારોની પડખે ઊભા રહીને તેમને રાહત, સહાનુભૂતિ અને કાયમી સપોર્ટ પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ રહેશે.

આ પ્રસંગે ભાવુક સંબોધન કરતા શ્રીમતી નીતા અંબાણીએ જણાવ્યું હતું કે, ''મારા અને મારા પરિવાર માટે આ ક્ષણ અત્યંત વિશેષ છે. એક માતા તરીકે, જે માતા-પિતા પોતાના દિવ્યાંગ બાળકોના ભવિષ્યને લઈને ચિંતિત રહે છે કે 'અમારા પછી તેમનું કોણ?', તેઓને આ અનંત આશ્રયથી માનસિક શાંતિ મળશે. અહીં દરેક વ્યક્તિને પરિવાર જેવો પ્રેમ, કાળજી, કુદરત સાથેનું જીવન અને

દરેક તહેવારની ઉજવણીનો આનંદ મળશે. આપણી ''We Care'' ભાવના હેઠળ દરેક જીવને સન્માનપૂર્વક જીવવાનો અધિકાર છે.''

આ ટાઉનશિપમાં ૫,૦૦૦ મુખ્ય નિવાસીઓ ઉપરાંત તેમની સંભાળ રાખનાર કેરટેકર્સ, મેડિકલ સ્ટાફ અને તેમના પરિવારજનો મળીને આશરે ૧૫,૦૦૦ લોકોનો એક સુખી પરિવાર વસવાટ કરશે. આ ટાઉનશિપને ભારતની પવિત્ર નદીઓના નામ પરથી ૮ અલગ-અલગ રહેણાંક ગામોમાં વહેંચવામાં આવશે અને દરેક ગામનો પોતાનો ચોક્કસ રંગ, પ્રતીક અને સેન્સરી ગાર્ડન હશે. દર્દી કે આશ્રિત તરીકે નહીં, પરંતુ એક જ પરિવારના સભ્યોની જેમ નાના-નાના ગૃહોમાં રહેવાની વ્યવસ્થા હશે, જ્યાં તેઓ પોતાની પસંદગી મુજબ રૂમ સજાવી શકશે. આ ટાઉનશિપનું હોસ્પિટલ, મંદિર, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને કેફે આસપાસના ગ્રામીણ વિસ્તારો માટે પણ ખુલ્લા રહેશે, જેનાથી સ્થાનિક ૧,૦૦૦થી વધુ લોકોને રોજગારી અને થેરાપી સેવાઓનો લાભ મળશે.

આ અનંત આશ્રયમાં નિવાસીઓના સર્વાંગી વિકાસ માટે ડેવલપમેન્ટલ મેડિસિન, એપિલેપ્સી , સ્પેશિયલ નીડ્સ ડેન્ટિસ્ટ્રી અને પેલિયેટિવ કેર સુવિધા કેફે અને કાફ્ટ સ્ટુડિયો દ્વારા નિવાસીઓ માટે તાલીમ અને આત્મનિર્ભર બની વેતન મેળવવાની તક, દિવ્યાંગોની સંભાળ રાખનાર કેરટેકર્સને ગુણવત્તાયુક્ત તાલીમ આપવા માટે નેશનલ એકેડેમી. (૬) સમાવેશી શિક્ષણઃ દિવ્યાંગ બાળકો માટે સ્પેશિયલ એજ્યુકેશન તેમજ સ્ટાફના બાળકો માટે સામાન્ય શાળા જેવી વિવિધ વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

રિલાયન્સ ફાઉન્ડેશનનો આ પ્રોજેક્ટ ભારતમાં દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો અને અનાથ બાળકો માટે આશાનું એક નવું કિરણ સાબિત થશે.





રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા એમ. અંબાણી અને રિલાયન્સ ફાઉન્ડેશનના ડિરેક્ટર ઈશા અંબાણી દ્વારા મુંબઈ નજીક કરજતના પ્રસ્તાવિત સ્થળે 'નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય' ના ભૂમિપૂજન અને શિલાન્યાસ સમારોહમાં તકતીનું અનાવરણ કરવામાં આવ્યું. આ અંદાજે ૧૦૦ એકરમાં ફેલાયેલી ટાઉનશિપ અનાથ બાળકો, વરિષ્ઠ નાગરિકો અને વિકાસલક્ષી દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ સહિત ૫,૦૦૦ લોકોને આજીવન હૂંફાળું ઘર પૂરું પાડશે, જેઓ વિશ્વ-સ્તરીય આરોગ્યસંભાળ, સંભાળ સુવિધાઓ અને સન્માન તથા ઉદ્દેશ્યપૂર્ણ જીવનની તકો મેળવશે.

''મારા અને મારા પરિવાર માટે આ ક્ષણ અત્યંત વિશેષ છે. એક માતા તરીકે, જે માતા-પિતા પોતાના દિવ્યાંગ બાળકોના ભવિષ્યને લઈને ચિંતિત રહે છે કે 'અમારા પછી તેમનું કોણ?', તેઓને આ અનંત આશ્રયથી માનસિક શાંતિ મળશે : નીતા અંબાણી

આધુનિક મેડિકલ સુવિધાઓ અને રોજગારીની તકો

આ અનંત આશ્રયમાં નિવાસીઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે :

(૧) સ્પેશિયલાઈઝ્ડ હોસ્પિટલઃ ડેવલપમેન્ટલ મેડિસિન, એપિલેપ્સી (વાઈ) કેર, સ્પેશિયલ નીડ્સ ડેન્ટિસ્ટ્રી અને પેલિયેટિવ કેર સુવિધા. (૨) રીહેબિલિટેશન કેન્દ્ર : ઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, સ્પીચ થેરાપી અને હાઈડ્રોથેરાપીની આધુનિક સગવડ.

(૩) એનિમલ કમ્પેનિયનશીપ ફાર્મ : 'વનતારા'ના સહયોગથી પ્રાણીઓ સાથે સકારાત્મક જોડાણ માટે વિશેષ ફાર્મ. (૪) કૌશલ્ય અને રોજગારીઃ બેકરી, કેફે અને કાફ્ટ સ્ટુડિયો દ્વારા નિવાસીઓ માટે તાલીમ અને આત્મનિર્ભર બની વેતન મેળવવાની તક. (૫)રાષ્ટ્રીય ટ્રેનિંગ અકાદમી : દિવ્યાંગોની સંભાળ રાખનાર કેરટેકર્સને ગુણવત્તાયુક્ત તાલીમ આપવા માટે નેશનલ એકેડેમી. (૬) સમાવેશી શિક્ષણઃ દિવ્યાંગ બાળકો માટે સ્પેશિયલ એજ્યુકેશન તેમજ સ્ટાફના બાળકો માટે સામાન્ય શાળા.

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણી દ્વારા એક અત્યંત સંવેદનશીલ અને સેવાકીય પ્રોજેક્ટ 'નીતા મુકેશ અંબાણી અનંત આશ્રય' નું ભૂમિ પૂજન

'પ્રદૂષણ મુક્ત અમદાવાદ'ના સરકારી દાવા માત્ર કાગળ પર

૧૦ મહિનામાં અમદાવાદીઓને એક દિવસ પણ શુધ્ધ હવા નસીબ ન થઈ

અમદાવાદ, રવિવાર

એક તરફ, અમદાવાદ શહેરને પ્રદૂષણ મુક્ત કરવાના દાવાઓ કરવામાં આવી રહ્યા છે. એટલુ જ નહીં, પ્રદુષણ નાબુદીના નામે કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. આ બધુય માત્ર કાગળ પર હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. તાજેતરના એક અહેવાલમાં અમદાવાદની હવાની ગુણવત્તાને લઈને ચોંકાવનારો ખુલાસો થયો છે. વર્ષ ૨૦૨૬માં ઓક્ટોબર માસ સુધી અમદાવાદના શહેરીજનો એક પણ દિવસ શુદ્ધ હવા લઈ શક્યા નહીં.

ઓક્ટો.સુધી અમદાવાદમાં ૧૭૯ દિવસ હવાની ગુણવત્તા 'મધ્યમ', ૭૦ દિવસ 'ખરાબ', ૫૨ દિવસ 'હાનિકારક' રહી

અમદાવાદ શહેરના અનેક ઔદ્યોગિક એકમોની ચીમનીઓમાંથી રાત્રિના સમયે બેરોકટોક કાળો ધુમાડો છોડવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, ચોમાસામાં ધોવાઈ ગયેલા રોડ-રસ્તાઓનું સમારકામ કરવામાં મ્યુનિસિપલ કોપીરેશનની ઢીલી નીતિને કારણે હવામાં ધૂળની ડમરીઓ ઉડી રહી છે. શહેરમાં ચાલી રહેલા નવા બાંધકામ અને પીરાણા ડમ્પિંગ સાઈટના કચરાના પહાડોને કારણે પણ હવામાં ઝેરી રજકણોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે.

મે-જૂનમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૭૨-૭૫ હતો તે ઓક્ટો.માં ૧૫૦ને પાર, કરોડોના ધુમાડા પછી હવાની ગુણવત્તા ન સુધરી

એક તરફ પર્યાવરણ સુધારણાના નામે કરોડો રૂપિયાનું આંધણ થઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ જમીની હકીકત એ છે કે અમદાવાદની હવા દિવસેને દિવસે વધુ ઝેરી બની રહી છે. આજે એવી સ્થિતીનું નિર્માણ થયુ છેકે, આજે પણ અમદાવાદ શહેરની હવાની ગુણવત્તા સુધરી શકી નથી.

એક અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬માં ઓક્ટોબર સુધી એટલે કે, ૩૦૩ દિવસોમાંથી ૧૭૯ દિવસ હવાની ગુણવત્તા 'મધ્યમ' કક્ષાની રહી હતી. જ્યારે ૭૦ દિવસ 'ખરાબ' અન બાવન દિવસ હવા 'આરોગ્ય માટે અત્યંત હાનિકારક' નોંધાઈ છે.

આ ઉપરાંત ચોમાસા દરમિયાન મે અને જૂન મહિનામાં જે એર ક્વોલિટી ઈન્ડેક્સ ૭૨ થી ૭૫ ની આસપાસ સામાન્ય હતો, તે ઓક્ટોબર મહિનો આવતાની સાથે જ સીધો ૧૫૦ ને પાર પહોંચી ગયો છે. શિયાળાની શરૂઆત સાથે જ હવે દિવાળીને આડે ગણતરીના દિવસો બાકી રહ્યાં ચે ત્યારે આ પ્રદૂષણ હજુ વધુ ભયાનક સ્તરે પહોંચવાની આશંકા છે.

સરકારી તંત્રના કાગળ પરના દાવા અને પ્રદુષણની વાસ્તવિક સ્થિતિ વચ્ચેનો આ મોટો તફાવત હવે અમદાવાદીઓના સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો બની ગયો છે

છેલ્લા ચાર વર્ષમાં ૧૧૯ વિદ્યાર્થીઓ દ્વારા

પ્રવેશ રદ છતાં ખાનગી યુનિ.ઓએ ૧.૩૦ કરોડથી વધુની ફી પરત ન કરી

અમદાવાદ,ગુરૂવાર

યુજીસી દ્વારા કોરોના બાદ મોડા શૈક્ષણિક સત્રો અને વિલંબીત પ્રવેશ મુદતને લઈને ૨૦૨૨માં યુનિ.ઓ-વિદ્યાર્થીઓ માટે ફી રિફંડ પોલીસી જાહેર કરવામા આવી હતી.યુજીસી દ્વારા નક્કી કરાયેલા એકેડેમિક કેલેન્ડર અને નક્કી કરાયેલી પ્રવેશ મુદત સુધીમાં વિદ્યાર્થીઓ જો યુનિ.માંથી પ્રવેશ રદ કરાવે તો ફરજીયાતપણે યુનિ.ઓએ વિદ્યાર્થીઓને ફી રિફંડ કરી દેવાની હોય છે.પરંતુ છેલ્લા ચાર વર્ષમાં ગુજરાત સહિત દેશભરની અનેક નેશનલ યુનિ.ઓ,સેન્ટ્રલ ફંડેડ તેમજ ખાનગી યુનિ.ઓએ વિદ્યાર્થીઓને કરોડો રૂપિયાની ફી પરત જ કરી નથી.યુજીસીએ રાજ્યવાર જાહેર કરેલા આવી યુનિ.ઓના લિસ્ટ મુજબ ગુજરાતમાં પણ અનેક યુનિ.ઓ છે અને જેમાં મોટા ભાગની યુનિ.ઓ છે.જેઓએ ૧૧૯ વિદ્યાર્થીઓને ૧.૩૦ કરોડથી વધુની ફી પરત કરી નથી.

નોટિસો છતાં પણ ફી પરત ન કરનારી ખાનગી યુનિ.ઓની મનમાની સામે હસ્તક્ષેપ કરવા ગર્વનરને UGCનો પત્ર

યુજીસી દ્વારા ફી રિફંડ પોલીસી અંતર્ગત યુનિ.ઓને અનેકવાર સર્ક્યુલર કરીને વિદ્યાર્થીઓને નિયત સમયમાં પ્રવેશ રદ સામે ફી પરત કરવા આદેશ કરાયો છે.પરંતુ તેમ છતાં યુનિ.ઓ યુજીસીની ગાઈડલાઈનનું અને આદેશોનું પાલન કરતી જ નથી. યુજીસીને ગુજરાત સહિત દેશભરમાંથી અનેક યુનિ.ઓ સામે ફી રિફંડ ન કરવા બાબતે યુનિ.ઓ સામેની ફરિયાદો મળી છે.જેને પગલે યુજીસીએ યુનિ.ઓને અનેક નોટિસો આપી છે અને ફી રિફંડ કરવા આદેશો પણ કર્યા છે.પરંતુ તેમ છતાં પણ યુનિ.ઓએ ફી રિફંડ ન કરતા અંતે ખાનગી યુનિ.ઓ અને રાજ્યમાં આવેલી અન્ય યુનિ.ઓ-ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓની મનમાની સામે યુજીસીએ દરેક રાજ્યના રાજ્યપાલોના અગ્રસચિવોને પત્ર લખીને આ મુદ્દે હસ્તક્ષેપ કરવા માટે વિનંતી કરી છે.

યુજીસીએ લખ્યુ છે કે અગાઉ ૨૦૨૦ અને ૨૦૨૧માં પણ અનેકવાર ફી પરત કરવાના પરિપત્રો કરાયા બાદ ૨૦૨૨માં પોલીસી પણ જાહેર કરાઈ હતી અને તે મુજબ યુનિ.ઓએ નક્કી કરાયેલી મર્યાદામાં પ્રવેશ રદ કરવા સામે વિદ્યાર્થીને ફી પરત કરવી ફરજીયાત છે.છતાં યુનિ.ઓ ફી પરત ન કરતા યુજીસીને અનેક વિદ્યાર્થીઓની ફરિયાદો મળે છે અને ત્યારબાદ પણ નોટિસો આપવા છતાં યુનિ.ઓ માનતી નથી.ગુજરાતની વાત કરીએ તો ગુજરાતમાં સૌથી વધુ ફી રિફંડની ફરિયાદો કર્ણાવતી યુનિ.સામે થઈ છે.૬૦થી ૭૦ ટકા વિદ્યાર્થીઓની ફરિયાદો કર્ણાવતી યુનિ.સામેની જ છે અને આ યુનિ.નું જ છેલ્લા ચાર વર્ષમાં સૌથી વધુ લાખો રૂપિયાનું.ફી રિફંડ પેન્ડિંગ યુજીસીના લિસ્ટ મુજબ છે. આ ઉપરાંત રાજ્યની અન્ય ખાનગી યુનિ.ઓમાં મારવાડી યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી,અમદાવાદની આઈઆઈટી-રામ, આઈટીએમ-બરોડા યુનિ., ઈન્સ્ટિ. ઓફ એડવાન્સ રિસર્ચ,નોબલ યુનિવર્સિટી, ઉકા તરસાડીયા યુનિ., ભગવાન મહાવીર યુનિ. અને ગણપત યુનિ. સહિતની પણ ઘણી યુનિ.ઓ છે. આ યુનિ.ઓમાં યુજીસી સંલગ્ન તેમજ એઆઈસીટીઈ સંલગ્ન વોકેશનલ અને ટેકનિકલ કોર્સીસના વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા હતા અને ફી પરત મળી નથી.

યુજીસીના લિસ્ટમાં કેટલીક સેન્ટ્રલ-નેશનલ યુનિ.પણ છે

યુજીસી દ્વારા જાહેર કરાયેલા રાજ્યવાર યુનિ.ઓના લિસ્ટમાં ગુજરાતની ૨૦થી વધુ ઉચ્ચ શિક્ષણ-સંસ્થા અને યુનિ.ઓનો સમાવેશ થાય છે.જેમાં જીએનએલયુ,ગતિ શક્તિ યુનિ., સેન્ટ્રલ યુનિ.ઓફ ગુજરાત, એસવીએનઆઈટી, રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિ. સામે પણ ફી રિફંડ મુદ્દે ફરિયાદ થયેલી છે.આ ઉપરાંત રાજ્યની બેથીત્રણ સરકારી સ્ટેટ યુનિ.ઓ સામે પણ ફરિયાદ થયેલી છે. સૌથી વધુ ખાનગી યુનિ.ઓ અને ખાનગી ઈન્સ્ટિટ્યુટ છે.યુજીસી દ્વારા રાજ્યવાર ફરીયાદ કરનારા વિદ્યાર્થીઓ અને તેમને ન મળેલી ફી સાથેનું લિસ્ટ તેમજ જે યુનિ.ઓ સામે ફરિયાદ છે અને ફી ચુકવી નથી તેઓનું પણ અલગ-અલગ લિસ્ટ જાહેર કરાયુ છે. યુનિ.વાઈઝ જાહેર કરાયેલા લિસ્ટમાં ન ચુકવાયેલી ફી દોઢ કરોડથી વનુની થાય છે.

પીજી મેડિકલ ફર્સ્ટ રાઉન્ડઃ વિદ્યાર્થી વધ્યા પરંતુ ખાલી બેઠકો વધી

અમદાવાદ,રવિવાર

પીજી મેડિકલમાં પ્રવેશ માટે આ વર્ષે ૨૫ ટકા જેટલા વિદ્યાર્થીઓ વધ્યા છે પરંતુ વિદ્યાર્થીઓ વધવા છતાં પ્રવેશ વધ્યા નથી. ગત વર્ષે પ્રથમ રાઉન્ડના સીટ એલોટમેન્ટમાં ૨૫૪ બેઠકો ખાલી રહી હતી ત્યારે આ વર્ષે ફર્સ્ટ રાઉન્ડ એલોટમેન્ટમાં જ ૩૫૯ બેઠકો ખાલી રહી છે.પીજી મેડિકલ એટલે કે એમડી-એમએસ ડિગ્રી- ડિપ્લોમા અભ્યાસક્રમોમાં ગુજરાત સ્ટેટ ક્વોટાની બેઠકોમાં પ્રવેશ માટેની સરકારની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં પ્રથમ રાઉન્ડનું સીટ એલોટમેન્ટ કરી દેવાયુ છે.આ વર્ષે ૨૫ ટકા વિદ્યાર્થીઓ વધતા મેરિટમાં ૬૦૯૪ વિદ્યારથી મેરિટમાં હતા.જેમાંથી પ્રથમ રાઉન્ડમાં ૫૮૪૭ વિદ્યાર્થીએ ચોઈસ ફિલિંગ કરી ભાગ લીધો હતો. પરંતુ એલોટમેન્ટમાં ૨૩૨૯ વિદ્યાર્થીઓને પ્રવેશ મળ્યો છે અને ૩૫૯ બેઠકો ખાલી રહી છે.આ વર્ષે સ્ટેટ ક્વોટામાં હાલ ૨૬૮૮ બેઠકો માટે પ્રથમ રાઉન્ડ હાથ ધરાયો છે. ગત વર્ષે મેરિટમાં ૪૮૨૯ વિદ્યાર્થી હતા.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં (૧) રીસર્વે સર્વે/બ્લોક નં.૪૯૮ (જુના સર્વે/ બ્લોક નં.૨૦૪) ની ૬૬૦૨ ચો.મી. બીનખેતીની જમીન, (૨) રીસર્વે સર્વે/ બ્લોક નં.૪૯૨ (જુના સર્વે/બ્લોક નં.૧૯૫) ની ૧૭૫૯૮ ચો.મી. બીનખેતીની જમીન, (૩) રીસર્વે સર્વે/ બ્લોક નં.૫૧૧ (જુના સર્વે/બ્લોક નં.૨૧૭) ની ૮૦૪૩ ચો.મી. બીનખેતીની જમીન તથા (૪) રીસર્વે સર્વે/બ્લોક નં.૫૧૬ (જુના સર્વે/બ્લોક નં.૧૯૨) ની ૫૧૦૫ ચો.મી. બીનખેતીની જમીન (૧) મોહસીના મહમદ રાજ તથા (૨) મહેમુદાબેન યાકુબ ગુરજી એ પોતાની કુલ સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીનો ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનોનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનોમાં ઉપર પેરામાં જણાવેલ માલીકો સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનોનાં માલીકોની તરફેણમાં જતાં ''વેઈવ'' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનોનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફીસ : ''દામાણીસ્''
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી, પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : ''દામાણીસ્''
૧૦-એ, શ્રી નિકેતન સોસાયટી, સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે, આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી, જેતલપુર, વડોદરા.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે જિલ્લે ભરુચનાં તાલુકા વાગરાનાં મોજે નાંદીડા ગામની સીમનાં રીસર્વે સર્વે/બ્લોક નં.૪૯૬ (જુના સર્વે/ બ્લોક નં.૨૦૫) ની ૧૩૧૦૫ ચો.મી. બીનખેતીની જમીન સીમા સોયબ પટેલ એ પોતાની કુલ સ્વતંત્ર માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં કોઈનાં કોઈપણ જાતનાં અવરોધ કે અંતરાય સીવાય આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, અને અમારા અસીલે સદરહુ જમીન ખરીદ કરવાનાં હેતુથી અમારી પાસેથી સદરહુ જમીનનાં ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં ઉપર પેરામાં જણાવેલ માલીક સીવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, દાવો, બોજો, અલાખો, વેચાણ, તબદીલી, ગણોત હકક, ફેરબદલી, લીયન, ચાર્જ, ગીરો, ટ્રસ્ટ, બક્ષીસ, ભાડાપટ્ટો, લાયસન્સ, કબજો, ડેવલપમેન્ટ હકકો, મેઈન્ટેનન્સ, ઈઝમેન્ટ, વારસાઈ, વીલ કે અન્ય કોઈ હકક પોશાતો હોય તો તેની લેખીત જાણ આધાર પુરાવાની પ્રમાણીત નકલ સાથે નીચેના સરનામે દિન-૭ માં અમોને પહોંચે તે રીતે કરવી. જો તેમ કરવામાં નહી આવે અગર કસુરદાર થશે તો ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હીત, હિસ્સો કે અન્ય કોઈ હકક નથી અને જો હોય તો તેવા તમામ હકકો જે તે ઈસમોએ જમીનનાં માલીકની તરફેણમાં જતાં ''વેઈવ'' કરેલ છે, તેમ સમજી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

કિરાટ એ. દામાણી, એડવોકેટ
એ. સી. દામાણી એન્ડ એડવોકેટસ્,
હેડ ઓફીસ : ''દામાણીસ્''
૧-એ, નેશનલ પાર્ક સોસાયટી, પાંચ બંગ્લા ગવર્નમેન્ટ કવાર્ટર સામે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૩૦૭૪૨૩, ૨૬૩૦૪૫૨૮
શાખા : ''દામાણીસ્''
૧૦-એ, શ્રી નિકેતન સોસાયટી, સંપતરાવ કોલોની, ફલાય ઓવર પાસે, આર.સી. દત્ત રોડ, ઓફ અલ્કાપુરી, જેતલપુર, વડોદરા.

શ્વાન, બિલાડી, વાંદરા વગેરે પશુઓ પર પ્રયોગો

મૂંગા પશુઓ પર અત્યાચારની છૂટ, મત માગવા પૂરતો કેન્દ્ર સરકારનો જીવદયાપ્રેમ

અમદાવાદ, રવિવાર

ભારતમાં પ્રાણીઓ પર પ્રયોગો કરવા માટેના નિયમોમાં કેન્દ્ર સરકાર મોટો ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે. પ્રાણીઓ પરના પ્રયોગોને મંજૂરી આપવાની પ્રક્રિયા સરળ બને તે હેતુથી લાવવામાં આવેલા નવા મુસદ્દામાં કરાયેલા ફેરફારથી મોટા વિવાદો પેદા થયા છે. જીવદયા પ્રેમીઓએ આ મુસદ્દાને લઈ ચિંતા વ્યક્ત કરતાં આની સામે વિરોધ નોંધાવ્યો છે. કેટલાક સ્તરે પ્રયોગો માટે કેન્દ્રીય સમિતિની મંજૂરીની જરૂરિયાત ઘટાડી છે. સાથે જ ખુલ્લા બજાર એટલે કે નોંધણી વગરના સ્ત્રોતમાંથી અને વન્ય પ્રાણીઓ પર પણ પ્રયોગ માટે છૂટછાટ અપાઈ છે. એટલે કે હવે ઘરઆંગણાના કૂતરાં, બિલાડી સહિતના પશુ- પ્રાણી પ્રયોગશાળામાં પહોંચી શકે છે. જેના લીધે ન માત્ર પશુઓને વધુ પીડામાંથી પસાર થવું પડી શકે છે. પરંતુ સાથે જ તેઓ પર કરેલા પ્રયોગોના પરિણામ સામાન્ય લોકો માટે પણ ગંભીર બની શકે છે.

કેન્દ્રના મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી વિભાગ હેઠળની પ્રાણીઓ પરના પ્રયોગોના નિયંત્રણ અને દેખરેખ માટેની સમિતિ(સીસીએસઈએ) દ્વારા પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૨૦૨૬ મુસદ્દો રજૂ કરવામાં આવ્યો છે. તેમાં ૧૯૬૮ અને ૧૯૯૮ના નિયમોની જગ્યાએ નવી વ્યવસ્થા અમલમાં મૂકવાનો પ્રસ્તાવ છે. આ ફેરફારથી સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટીઓ અને દવા- કોસ્મેટિક પ્રોડક્ટ બનાવતી કંપનીઓ માટે મંજૂરી મેળવવાની પ્રક્રિયા સરળ બની શકે છે. હાલના નિયમો મુજબ સંસ્થાકીય પ્રાણી નૈતિકતા સમિતિ (આઈએઈસી) ઉંદર અન સસલાં જેવા નાના પ્રાણીઓ પર થતાં પ્રયોગોને મંજૂરી આપી શકે છે. જ્યારે તેનાથી મોટા પ્રાણીઓ પર પ્રયોગ માટે કેન્દ્રીય સમિતિની મંજૂરી લેવી પડે છે. પરંતુ મુસદ્દાના નિયમો મુજબ પ્રયોગોને હળવા, મધ્યમ, ગંભીર અને પ્રયોગ પછી પ્રાણીને જીવિત રાખવાનો ઈરાદો ન હોય તેવી ચાર શ્રેણીમાં વહેંચવામાં આવશે. જેમાં હળવા અને મધ્યમ સ્તરના પ્રયોગો માટે નાના- મોટા એમ કોઈપણ પ્રાણી માટે સંસ્થાકીય પ્રાણી નૈતિકતા સમિતિઓ મંજૂરી આપી શકશે. જ્યારે ગંભીર પ્રયોગો માટે ચોક્કસ પ્રકારના મોટા પ્રાણીઓના કિસ્સામાં કેન્દ્રીય સમિતિની મંજૂરી જરૂરી રહેશે. નિષ્ણાતોના મતે આ વ્યવસ્થાથી વધુ પ્રયોગોને આઈએઈસી સ્તરે જ મંજૂરી મળી શકે છે. એટલું જ નહીં ચોક્કસ શરતોને આધીન અપવાદો હેઠળ વન્ય પ્રાણીઓ, વાંદરાઓ અને રખડતાં પ્રાણીઓનો પણ પ્રયોગમાં ઉપયોગ કરી શકાય છે. પ્રાણી કલ્યાણ સંસ્થાઓએ આશંકા વ્યક્ત કરી છે કે આ છૂટના કારણે પ્રાણીઓને વધુ પીડા સહન કરવી પડી શકે છે. સાથે જ જંગલ કે રસ્તા પરથી મેળવેલાં પ્રાણીઓનો તબીબી ઈતિહાસ અજાણ્યો હોવાથી સંશોધનનાં પરિણામોની વિશ્વસનીયતા પર અસર પડી શકે છે. મુસદ્દામાં પ્રાણીઓનો ઉપયોગ ઘટાડવો, શક્ય હોય ત્યાં વૈકલ્પિક પદ્ધતિઓ અપનાવવી અને પીડા ઓછી કરવી જેવા સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. જોકે વૈજ્ઞાનિક સંશોધનને સરળ બનાવવાની સાથે પ્રાણીઓનું રક્ષણ કેટલું જળવાઈ રહેશે તે અંગે સવાલો ઉઠી રહ્યાં છે.

મુસદ્દાના કેટલાક વિવાદાસ્પદ મુદ્દાઓ

- પ્રયોગ કરનારી સંસ્થા જાતે જ નક્કી કરી શકે છે કે જે- તે પ્રયોગ ગંભીર અને પીડાદાયક છે કે નહી.
- હળવા અને મધ્યમ પ્રકારના પ્રયોગમાં જે- તે લેબ કે સંસ્થા જાતે જ નક્કી કરી શકે છે કે આ પ્રયોગ હળવા અને મધ્યમ પ્રકારના હતાં. જેમાં પ્રાણીઓને હળવા પ્રકારના પ્રયોગોમાં અન્ય પ્રાણીઓથી દૂર કરી સોશિયલ આઈસોલેશનમાં રાખી શકાય છે. જ્યારે મધ્યમ પ્રકારના પ્રયોગમાં પીડાદાયક ટ્યૂમર, ઈલેક્ટ્રિક શોક આપી શકાય તેમજ ૪૮ કલાક માટે ભૂખ્યા રાખી શકાય છે.
- કેટલીક પરિસ્થિતિઓમાં ખુલ્લા બજારમાંથી એટલે કે માન્યતા પ્રાપ્ત કરેલી સંસ્થા સિવાય પણ કોઈપણ એકમ- વ્યક્તિ પાસેથી પ્રાણીઓ લઈ શકાશે.
- રખડતાં, જંગલી તેમજ સંરક્ષિત પ્રાણીઓના ઉપયોગ અંગે પણ અપવાદો.

પ્રાણી વગરના સંશોધન માટે અન્ય વિકલ્પો અપનાવવા જરૂરી



દવા, રસી અને તબીબી સંશોધન ક્ષેત્રે પ્રાણીઓ પર થતા પ્રયોગો લાંબા સમયથી ચર્ચાનો વિષય રહ્યા છે. ભારત અને વિશ્વભરના દેશોમાં પ્રાણીઓ પર કરાતા પ્રયોગો માટે વિવિધ સ્તરે પ્રતિબંધ તેમજ કડક નિયમો લાદવામાં આવ્યા છે. તેવામાં નવા મુસદ્દામાં અપાયેલી છૂટછાટના કારણે પ્રાણીઓની પીડા વધશે તેવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ત્યારે પ્રશ્ન એ છે કે જો પ્રાણીઓ પર પ્રયોગ ન થાય તો અન્ય ક્યા વિકલ્પો ઉપલબ્ધ છે. ત્યારે ભારતની સાથે જ એમરિકા, યુરોપ, એશિયાના દેશોમાં લેબોરેટરીમાં વિકસાવેલ માનવ કોષ અને પેશી પર પ્રયોગ થાય છે. સાથે જ કૃત્રિમ અંગો, કમ્પ્યુટર પ્રોગ્રામ, સિલિકોન મોડેલિંગ જેવા માધ્યમોથી સંશોધન થાય છે.

પ્રયોગ માટે ખુલ્લા બજારમાંથી પ્રાણી ખરીદવાની છૂટ!

કોઈપણ પ્રયોગ માટે નોંધાયેલી અને માન્ય સંસ્થા પાસેથી પ્રાણીઓ ખરીદી શકાય છે. જ્યારે મુસદ્દામાં કરેલી જોગવાઈ અનુસાર, જ્યારે માન્ય સંસ્થા પાસેથી પ્રાણી મેળવવું શક્ય ન હોય ત્યારે ખુલ્લા બજારમાંથી કોઈપણ સંસ્થા- એકમ પાસેથી યોગ્ય દસ્તાવેજ સાથે પ્રાણી ખરીદી શકાય છે. કેટલાક અપવાદરૂપ કિસ્સામાં વન્ય પ્રાણી પર પણ પ્રયોગ કરવાની છૂટછાટ અપાઈ છે. આ સિવાય વૈજ્ઞાનિક કારણો સાથે રખડતાં પશુઓ પર પણ પ્રયોગ કરી શકાશે.

પ્રાણીઓના રક્ષણ માટેની હાલની જોગવાઈઓને નબળી પાડવાની શક્યતા

પ્રાણી અધિકારો માટે કાર્યરત પેટા ઈન્ડિયા(પીપલ ફોર ધ એથિકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ)ના જણાવ્યા અનુસાર, આ નિયમો પ્રાણીઓના રક્ષણ માટેની હાલની જોગવાઈઓને નબળી પાડી શકે છે. ઉપરાંત પ્રયોગશાળામાં પ્રાણીઓની પીડા વધારી શકે છે. પેટા ઈન્ડિયાનો દાવો છે કે મુસદ્દા હેઠળ કાયદાકીય મંજૂરી અને વૈજ્ઞાનિક કારણોને આધારે સંરક્ષિત વન્યજીવોને પ્રયોગોમાં ઉપયોગ કરવાની મંજૂરી મળી શકે છે. કેટલીક છૂટના કારણે ચોક્કસ સંજોગોમાં રખડતાં કૂતરાં અને બિલાડીઓ પર પણ પ્રયોગ થઈ શકે છે. સાથે જ પ્રયોગ પુરા થયા પવી મોટા પ્રાણીઓના પુનર્વસન અને તેમની લાંબા ગાળાની સંભાળ માટેની વ્યવસ્થાના પણ પ્રશ્નો છે.

પ્રયોગોને ચાર શ્રેણીમાં વેચી દેવાયા : હળવા પ્રયોગોના નામે મોટા વન્ય જીવોને પણ સરળતાથી પ્રયોગો માટે કોઈ પણ ઉઠાવી જશે - જીવદયા પ્રેમીઓની ગંભીર ચિંતા

પાર્કવ્યુ બિલ્ડિંગના કન્સ્ટ્રક્શનમાં બેદરકારી

ગોતામાં પ્રોટેકશન વૉલ ધરાશાયી નજીકના રહીશોને અન્યત્ર ખસેડાયા

અમદાવાદ,રવિવાર

ગોતા વિસ્તારમાં વંદે માતરમ્ રોડ પર પાર્ક વ્યૂ રેસિડેન્સિયલ બિલ્ડિંગના કન્સ્ટ્રક્શન દરમિયાન પ્રોટેક્શન વૉલની દીવાલ ધસી પડવાની ઘટના સામે આવી છે. આ ઘટના બાદ બિલ્ડરની બેદરકારી સામે સ્થાનિકોમાં રોષ ફેલાયો છે.કારણકે આ નિર્માણાધિન બિલ્ડીંગની નજીકમાં આવેલા ફ્લેટમાં એક બ્લોકના રહીશોને અન્યત્ર ખસેડવા પડ્યા છે.

દીવાલ તુટતા બાજુમાં આવેલા ફલેટના એક બ્લોકના ૨૧ પરિવારોને ખાનગી હોટેલોમાં મોકલવા પડ્યા

શહેરના ગોતામાં આગમન પાર્ટી પ્લોટ નજીક પાર્ક વ્યૂ નામના પ્રોજેક્ટના ભોંયરામાં બાંધકામ માટે ઊંડું ખોદકામ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન ખોદકામની જગ્યાએ બનાવવામાં આવેલી પ્રોટેક્શન વૉલ અચાનક ધરાશાયી થઈ ગઈ હતી. ફ્લેટની અંદરના ભાગની જમીન ધસી પડતાં પિલર સુધીનો વિસ્તાર ખુલ્લો થઈ ગયો હતો. સ્કીમની પાછળની દીવાલ તૂટી પડતાં એપાર્ટમેન્ટના પાયા દેખાવા લાગ્યા હતા. આ ઘટનાને કારણે સ્થાનિક રહીશોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. ગભરાયેલા રહીશો પોતાનાં ઘર છોડીને બહાર નીકળી ગયા હતા. ઘટનાની જાણ ફાયરબ્રિગેડને કરાતા બે ફાયર ફાઈટિંગ વાહનો સ્થળ પર પહોંચ્યા હતા. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તરપશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્લાન મંજૂરી માટે ઈનવર્ડ થયેલી અરજીમાં નિમણૂક કરાયેલી વ્યક્તિની વિગત મેળવ્યા બાદ માલિક, ડેવલપર, એન્જિનિયર, સુપરવાઈઝરને ખુલાસો માંગતી નોટિસ પાઠવાશે. બીજી તરફ સ્ટ્રક્ચરલ એન્જિનિયરની સલાહ મુજબ જરૂરી સુરક્ષાત્મક પગલાં સાથે તાત્કાલિક ધોરણે સ્ટ્રક્ચરને સુરક્ષિત કરવાની સૂચના અપાઈ છે. જો કે હાલ તો સલામતીના હેતુસર આ નિર્માણાધીન બિલ્ડીંગની નજીકના શાયોના તિલક રેસિ.સોસાયટીના ઈ બ્લોકના રહીશોને અન્ય જગ્યાએ રહેઠાણની વ્યવસ્થાનો વિકલ્પ અપાયો હતો.જેમાં ૨૧ ઘરોના પરિવારોએ નજીકની બે હોટલમાં રોકાવાનું પસંદ કર્યુ હતું.

મ્યુનિ. કોર્પો.ના એસ્ટેટ વિભાગની કાર્યવાહી

દિવાળી વખતે જ ભદ્ર બજારમાંથી પાથરણાંવાળા હટાવાતા વિવાદ

અમદાવાદ,રવિવાર

ભદ્ર અને લાલ દરવાજા બજારમાં દિવાળીના તહેવારની ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યા છે ત્યારે પાથરણાંવાળાઓ અને દબાણના મુદ્દે વિવાદ ઊભો થયો છે.

એક તરફ ખરીદદારોને અવરજવરમાં મુશ્કેલી ન પડે અને રસ્તાના 'કેરેજ વે' પર કોઈ પ્રકારનું વેન્ડિંગ કે દબાણ ન થાય તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોપીરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગે ખાસ ઝુંબેશ હાથ ધરી છે. બીજી તરફ, કોપીરેશનની આ કાર્યવાહી સામે કોંગ્રેસે વિરોધ નોંધાવી તહેવારના દિવસોમાં ગરીબ અને નાના વેપારીઓની રોજીરોટી છીનવાઈ ન જાય તેવી માગણી કરી છે. દિવાળીના તહેવારો માટે ભદ્ર બજારમાં ૬ ઈન્સ્પેક્ટર અને સબ ઈન્સ્પેક્ટર, ૪ દબાણ ગાડીઓ તેમજ ૨૫ મજૂરોની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

જોકે, આ કાર્યવાહી સામે કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ તહેવારના સમયે પાથરણાં પાથરીને વેપાર કરતા નાના વેપારીઓને રોજીરોટી કમાવાની તક આપવાની માગણી કરી છે. દિવાળી જેવા મોટા તહેવાર દરમિયાન જ નાના વેપારીઓનો ધંધો સારો થતો હોય છે ત્યારે આ સમયે દબાણ હટાવવાની ઝુંબેશથી તેમની આજીવિકા પર અસર થવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

હોટલમાં ઘુસીને મહિલાને બદનામ કરવાની ધમકી આપી હતી

મીડિયા કર્મીની ઓળખ આપીને લાખોની ખંડણી ઉઘરાવતી ગેંગનો પર્દાફાશ

અમદાવાદ,રવિવાર

ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સમાચારલક્ષી પોસ્ટ મુકીને મીડિયા કર્મી તરીકે ઓળખ આપ્યા બાદ વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને ખંડણી ઉઘરાવતા શુભમ શાહ અને સંકેત પ્રજાપતિ તેમજ તેમની સાથે સંકળાયેલા શખ્સો વિરૂદ્ધ મહિલા ક્રાઈમબ્રાંચે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરી છે. આરોપીઓએ આશ્રમ રોડમાં આવેલી એક હોટલમાં તેના માણસો મોકલીને એક મહિલાને ટ્રેપમાં ફસાવીને વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને પાંચ લાખની માંગણી કરી હતી. આરોપીઓ દ્વારા અગાઉ પણ અનેક ગુના આચરવામાં આવ્યાનું પણ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

શુભમ શાહ, સંકેત પ્રજાપતિ અને તેની ગેંગ વિરૂદ્ધ અમદાવાદ-મહુવા- ભાવનગરમાં પણ અનેક ગુના નોંધાઈ ચુક્યા છે

શહેરના આશ્રમ રોડ પર આવેલી હોટલના એક રૂમમાં મહિલાને એક યુવક મળવા માટે આવ્યો હતો અને થોડીવાર બાદ તે હોટલના રૂમમાં ત્રણ યુવકો આવ્યા હતા. જેમણે પોતાની ઓળખ મિડિયા કર્મી તરીકે આપીને વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને મહિલા પાસે પાંચ લાખની માંગણી કરી હતી. મીડિયાકર્મી તરીકે ઓળખ આપનાર યુવકોએ તેમના ન્યુઝ પોર્ટલનું નામ સ્ટાર ન્યુઝ સેવન નામ આપ્યું હતું. જેથી મહિલાએ બદનામ થવાના ડરથી નાણાં આપ્યા હતા. આ સમગ્ર મામલે ભોગ બનનારે મહિલા ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ કરી હતી. જે અનુસંધાનમાં પોલીસે હોટલના સીસીટીવી ફુટેજ મેળવીને તપાસ કરતા તેમના નામ શુભમ શાહ અને સંકેત પ્રજાપતિ હોવાનું જાણવા મળ્યું હતું.

જેમના વિરૂદ્ધ અગાઉ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન, સેટેલાઈટ અને ભાવનગર જિલ્લાના મહુવામાં ખંડણી અને છેડતીનો ગુનો નોંધાઈ ચુક્યો હતો.જે ઈન્સ્ટાગ્રામ પર સમાચારનું પેજ રાખીને સોશિયલ મિડીયામાં વાયરલ કરવાની ધમકી આપીને ખંડણીની માંગણી કરતા હતા. પોલીસે ગુનો નોંધતા બંને આરોપીઓ અને તેના સાગરિતો ફરાર થઈ ગયા હતા. પોલીસે બંનેની શોધખોળ શરૂ કરી છે.

સુત્રોના જણાવ્યા મુજબ આરોપીઓએ અગાઉ બનાસકાંઠામાં એક વેપારીને પોલીસ તરીકે બ્લેકમેઈલ કરીને નાણાંની માંગણી કરી હતી. જે કેસમાં માફી માંગીને સમાધાન કર્યું હતું. તેમજ રોહન વછેટા ઉર્ફે રોની નામના સાગરિતની મદદથી સ્પામાં ટ્રેપ ગોઠવીને વેપારીને બ્લેકમેઈલ કરીને ભાગીદારી સુધી પહોંચ્યા હતા. તેમજ પાલડીમાં પણ સલૂનની મહિલા સંચાલકને ધમકી આપીને લૂંટ કરી હતી. જે અંગે પાલડી પોલીસ સ્ટેશનમાં પણ અરજી થઈ હતી.આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં લઈને ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

'જ્ઞાનેશકુમાર કહાં હૈ, બીજેપી કે દફ્તર મેં'

પોલીસ IIM પાસે રાહ જોતી રહી ને યુવાઓએ વસ્ત્રાપુર ગજવ્યું

અમદાવાદ,ગુરુવાર

ચૂંટણીમાં કથિત 'વોટ ચોરી'ના મુદ્દે અમદાવાદમાં વિરોધ પ્રદર્શનનું એલાન અપાતા આઈ.આઈ.એમ. રોડ જાણે પોલીસ છાવણીમાં ફેરવાયો હતો. ચકલું પણ ન ફરકી શકે તેવો બંદોબસ્ત ગોઠવીને પોલીસ આંદોલનકારીઓની રાહ જોતી જ રહી ગઈ, પરંતુ યુવાઓએ પોલીસને ઊંઘતી રાખી હતી.એટલુ જ નહીં, વસ્ત્રાપુર તળાવ પાસે પદયાત્રા યોજી ચૂંટણી કમિશનર વિરુધ્ધ નારેબાજી કરી હતી.

હેવમોર સર્કલ પાસે ભાજપ-ચૂંટણી કમિશ્નર વિરુધ્ધ નારેબાજી, આખરે ૩૦થી વધુની અટકાયત કરાઈ

આઈ.આઈ.એમ. રોડ પર પોલીસનો મોટો કાફલો તૈનાત હોવાની આગોતરી જાણ થતાં જ પ્રદર્શનકારી યુવાનોએ છેલ્લી ઘડીએ પોતાનો પ્લાન બદલી નાખ્યો હતો. યુવાનો આઈ.આઈ.એમ.ના બદલે સીધા વસ્ત્રાપુર તળાવ પાસે એકઠા થઈ ગયા હતા અને જોતજોતામાં વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધું હતું. વસ્ત્રાપુર તળાવથી હેવમોર સર્કલ સુધી યુવાનોએ પદયાત્રા યોજી હતી. આ રેલી દરમિયાન યુવાનોએ કેન્દ્રીય ચૂંટણી પંચના કમિશનર જ્ઞાનેશકુમારને સીધા નિશાન બનાવીને સૂત્રોચ્ચાર કર્યા હતા. જ્ઞાનેશકુમાર કહા હૈ, બીજેપી કે દફ્તર મેં, વોટ ચોર ગદ્દી છોડો જેવા નારાઓ લગાવી સમગ્ર વિસ્તાર ગજવી મૂક્યો હતો.

વર્ષ ૨૦૦૩થી દિવાળી પેરોલ આપવાનું શરૂ કરાયું છે

દિવાળી પર્વ નિમિત્તે ૧૪૩ કેદીઓને ૧૫ દિવસના પેરોલ

અમદાવાદ,રવિવાર

દિવાળી પર્વ નિમિત્તે રાજ્યની જેલોમાં સજા ભોગવી રહેલા પાત્રતા ધરાવતા ૧૪૩ કેદીઓના ૧૫ દિવસના દિવાળી પેરોલ મંજૂર કરવામાં આવ્યા છે. ૬૦ વર્ષથી વધુ વયના ૧૦૩ પુરૂષ કેદીઓ અને ૪૦ મહિલા કેદીઓ પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી શકશે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩થી પ્રતિવર્ષ દિવાળીના તહેવાર નિમિત્તે કેદીઓને ૧૫ દિવસની પેરોલ રજા મંજૂર કરવામાં આવે છે. આ વર્ષે કુલ ૧૪૩ કેદીઓને ધનતેરસના દિવસથી, એટલે કે ૬ નવેમ્બરથી ૧૫ દિવસ માટે દિવાળી પેરોલ પર મુક્ત કરવાનો નિર્ણય કરાયો છે. જેલ ડીજીપી ડૉ. કે.એલ.એન રાવે જણાવ્યું કે, 'રાજ્ય સરકારના નિયમો અનુસાર ગંભીર ગુનાના કેદીઓને દિવાળી પેરોલ રજાનો લાભ આપવામાં આવતો નથી. જેમાં ખાસ કરીને હાઈકોર્ટમાં અપીલ પેન્ડિંગ હોય તેવા કેદીઓ, એન.આર.આઈ. કેદીઓ તથા અન્ય રાજ્યના વતની હોય તેવા કેદીઓ, એનડીપીએસ એક્ટ, ટાડા તેમજ પોટા હેઠળ સજા ભોગવી રહેલા કેદીઓ, આતંકવાદી પ્રવૃત્તિઓ જેવા ગુનાઓમાં સંડોવાયેલા કેદીઓને દિવાળી પેરોલ રજાનો લાભ આપવામાંઆવતો નથી.

GCRIમાં સ્ટાફની ઈન્સેન્ટિવ અને પગાર સુધારાની માંગ

અમદાવાદ,રવિવાર

અમદાવાદની સિવિલ કેમ્પસની કેન્સર હોસ્પિટલમાં સ્ટાફે ઈન્સેન્ટિવ રકમની અને પગાર સુધારણાની માંગણી કરી છે. પીએમજેએવાયમાં ચુકવાયેલા રકમ પૈકી સ્ટાફને ૨૫થી૪૦ ટકા કેટેગરી મુજબજ ઈન્સેન્ટિવ આપવામા આવે તથા હોસ્પિટલ આરોગ્ય મિત્ર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને પગાર વધારો આપવામા આવે.

કામવાળીનો પત્ની હોવાનો, પત્નીનો ડાયવોર્સ થયા ન હોવાનો દાવો

મૃતક ડોક્ટરની કરોડોની સંપત્તિ માટે પત્ની અને કામવાળી વચ્ચે કાનૂની જંગ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,રવિવાર

વડોદરા તેમજ રાજ્યની વિવિધ સરકારી કોલેજમાં વર્ષો પહેલા પ્રોફેસર તરીકે ફરજ બજાવી ચૂકેલા ડોક્ટરનું મૃત્યુ થયા બાદ તેમની કરોડોની સ્થાવર અને જંગમ મિલકત મેળવવા માટે પત્ની અને પુત્રીએ ટ્રાયલ કોર્ટમાં દાદ માગી હતી, તો ડોક્ટરની કામવાળી બાઈએ પણ પોતે જ ડોક્ટર ની પત્ની હોવાનું જણાવી રજીસ્ટર વીલ રજૂ કરી સંપત્તિ પર તેનો અધિકાર હોવાનું જણાવ્યું હતું. ટ્રાયલ કોર્ટે વર્ષ ૨૦૧૯માં ડોક્ટર (પ્રોફેસર)ની પત્ની અને પુત્રીનો દાવો રદ કરી દીધા બાદ તેની સામે સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરતા સેશન્સ કોર્ટે આ સમગ્ર મામલો ટ્રાયલ કોર્ટમાં પરત મોકલી ફરી ટ્રાયલ ચલાવાવનો આદેશ કર્યો છે.

કેસની વિગત એવી છે કે, વડોદરા તેમજ રાજ્યના અલગ અલગ શહેરની મેડિકલ કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવી ચૂકેલા ડોક્ટરના લગ્ન ૧૯૮૨માં થયા હતા અને તેમને સંતાનમાં એક પુત્રી છે. લગ્ન જીવન દરમિયાન પતિ પત્ની વચ્ચે ઝઘડાઓ થતાં હોઈ પ્રોફેસરે કોર્ટમાં છૂટાછેડા માટે દાવો દાખલ કર્યો હતો. બીજી તરફ પ્રોફેસરની પત્નીએ પણ ભરણ-પોષણ માટે દાદ માગતા અદાલતે અગાઉ માસિક રૂા.૪ હજાર ભરણ-પોષણ ચૂકવવાનો આદેશ કર્યો હતો.દરમિયાનમાં વર્ષ ૨૦૧૦માં પ્રોફેસરનું મૃત્યું થયા બાદ તેની સંપત્તિને લઈ વિવાદ ઉભો થયો હતો.

પ્રોફેસરની પત્ની અને પુત્રીએ કોર્ટમાં દાવો દાખલ કરીને માંગ કરી હતી કે તેઓ કાયદેસરના વારસદાર હોવાથી પ્રોફેસરના નોકરીના તમામ નાણાકીય લાભો, ગ્રેજ્યુએટી, પ્રોવિડન્ટ ફંડ, પેન્શન કોર્ટમાં ચાલતો તેમાં સરકારી વિભાગો અને વીમા કંપનીઓએ જણાવ્યું હતું કે રેકોર્ડ પર રહેલા નોમિનેશન અને કાયદેસરના દસ્તાવેજો મુજબ તેઓ અદાલતના અંતિમ આદેશનું પાલન અને એલ.આઈ.સી. પોલીસીની રકમ તેમને જ મળવી જોઈએ. વધુમાં, વડોદરામાં આવેલી ત્રણ સ્થાવર મિલકતો જેમાં એક ફ્લેટ અને બે મકાન પર પણ તેમનો હક હોવાનું જણાવ્યું હતું.

જ્યારે બીજી તરફ પત્ની અને પુત્રીથી અલગ રહેતા પ્રોફેસરની કામવાળી મહિલાએ પણ દાવો કર્યો હતો કે,તે પ્રોફેસર સાથે પત્ની તરીકે રહેતી હતી અને તેમની બીમારી તેમજ વૃદ્ધાવસ્થામાં સેવા-ચાકરી કરતી હતી. તેણીના જણાવ્યા મુજબ પ્રોફેસરે તેની સેવાઓથી ખુશ થઈને એક રજીસ્ટર્ડ વિલ પોતાની સહી અને સાક્ષીઓની હાજરીમાં કરીને તમામ મિલકતો અને નોમિનેશનના હકો તેના નામે કર્યા છે. આ સમગ્ર કેસ ટ્રાયલ કોર્ટે અગાઉ દાવો ફગાવ્યા હતો : સેશન્સ કોર્ટે ટ્રાયલ કોર્ટનો આદેશ રદ કરી સમગ્ર કેસ ફરીથી ચલાવવાનો આદેશ કર્યો કરવા માટે તૈયાર છે.

ટ્રાયલ કોર્ટ સમક્ષ વાદી પત્નીએ સરતપાસનું સોગંદનામું રજૂ કર્યું હતું પરંતુ ત્યારબાદ તેઓ ઉલટતપાસ માટે હાજર રહ્યાં ન હતા, જેના કારણે તેમનો પુરાવાનો હક બંધ કરવામાં આવ્યો હતો અને દસ્તાવેજો પણ પુરવાર ન થઈ શકતા ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં વાદીઓ પોતાના દાવાના સમર્થનમાં પૂરતા પુરાવા આપી શક્યા નથી અને ઉલટતપાસ માટે હાજર ન રહેવાથી તેમનો કેસ સાબિત થતો નથી તેમ જણાવીને મૂળ દાવો રદ કર્યો હતો એટલે તેની સામે પ્રોફેસરની પત્ની અને પુત્રીએ સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.

કામવાળીનો દાવો : પ્રોફેસરે સેવા ચાકરીથી ખુશ થઈને રજિસ્ટર્ડ વિલ કરી આપ્યું હતું

કરોડોની મિલકત બાબતે ચાલી રહેલા આ કાનૂની વિવાદમાં પ્રતિવાદી મહિલાએ દાવો કર્યો હતો કે પ્રોફેસરના અંતિમ દિવસોમાં જ્યારે પત્ની કે પરિવારજનો હાજર ન હતા ત્યારે તેણે જ હોસ્પિટલથી લઈને ઘર સુધીની તમામ સેવા-ચાકરી કરી હતી. તેણીના જણાવ્યા મુજબ પ્રોફેસર તેણીની નિઃસ્વાર્થ સેવાઓથી અત્યંત પ્રભાવિત થયા હતા અને પોતાની હયાતીમાં એક કાયદેસરનું રજીસ્ટર્ડ વિલ (વસિયતનામું) સબ-રજિસ્ટ્રાર સમક્ષ સાક્ષીઓની હાજરીમાં કર્યું હતું. આ વીલમાં પ્રોફેસરે પોતાની તમામ મિલકતો અને હકો મહિલા(કામવાળી બાઈ)ના નામે કરી દીધા હોવાનો દાવો કરાયો હતો, જેને સાબિત કરવા માટે કોર્ટમાં વિડીયો ડીવીડી પુરાવાઓ પણ રજૂ કરવામાં આવ્યા હતા.

પ્રોફેસરની કરોડોની સ્થાવર અને જંગમ મિલકતની વિગતો

દાવામાં જે મિલકતો પર બન્ને પક્ષે પોતાનો હક હોવાનો દાવો કર્યો છે તેમાં પ્રતાપનગર વિસ્તારમાં આવેલું એક મકાન, નિઝામપુરા વિસ્તારમાં આવેલો એક ફ્લેટ અને માંજલપુર વિસ્તારમાં આવેલા એક મકાનનો સમાવેશ થાય છે.પ્રોફેસરની પત્નીએ દાવા કર્યો છે કે, તેમના પતિનો માસિક પગાર સારો હતો, જેમાંથી તેમણે બેંકોમાં નાણાંની બચત અને વિવિધ રોકાણો કર્યા હતા, પરંતુ તે અલગ રહેતા હોવાથી બેંક ખાતાઓ અને રોકાણોની કોઈ ચોક્કસ માહિતી તેની પાસે નથી. એલઆઈસી અને બિરલા સન લાઈફની પોલીસીમાં કામવાળી મહિલાએ પોતાનું નામ નોમિની તરીકે નોંધાવી દીધું હોવાનો આક્ષેપ કરાયો હતો. વાદીએ પીએફ અને ગ્રેજ્યુએટી અને પેન્શન સહિતના તમામ નાણાકીય લાભો પર પોતાનો હક હોવાનો દાવો કર્યો છે.

પીએફ કમિશનર અને ઈન્સ્યોરન્સ કંપની પણ પક્ષકાર

આ કાનૂની જંગમાં વાદી પક્ષ તરીકે ડાક્ટરના કાયદેસરના વારસદાર હોવાનો દાવો કરતી પત્ની અને તેમની પુત્રી સામેલ છે, જ્યારે પ્રતિવાદી પક્ષમાં રાજ્ય સરકાર, કોલેજના ડીન, સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ, પીએફ કમિશનર, એલઆઈસી અને બિરલા સન લાઈફ ઈન્સ્યોરન્સ અને ઘરમાં સાફ-સફાઈ તથા રસોઈનું કામ કરતી મહિલાને પ્રતિવાદી બનાવવામાં આવ્યા છે.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી

સેનેટરી ઈન્સ્પેક્ટરની પરીક્ષામાં કમ્પ્યુટર બંધ થઈ જતા હોબાળો

અમદાવાદ,રવિવાર

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન માટે સેનેટરી ઈન્સ્પેક્ટરની જગ્યાઓ માટે ત્રણ સેશનમાં પરીક્ષા લેવામા આવી રહી છે ત્યારે આજે સેકન્ટ સેશનમાં રાજ્યના વિવિધ કેન્દ્રોમાં પરીક્ષા લેવાઈ હતી.જેમાં અમદાવાદના ન્યુ એલ.જે એન્જિનિયરિંગ કોલેજના સેન્ટરમાં પરીક્ષા શરૂ થયાના કલાક બાદ કમ્પ્યુટરો બંધ થઈ જવાની ફરિયાદ સાથે ઉમેદવારોએ હોબાળો મચાવ્યો હતો.

ન્યુ એલ.જે એન્જિ. કોલેજના સેન્ટરમાં પાવર કટઓફને લીધે કમ્પ્યુટર બંધ થયા હતા

સેનેટરી ઈન્સ્પેક્ટરની ૧૭૩ જગ્યા માટે ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કમ્પ્યુટર બેઝ પરીક્ષા લેવામા આવી રહી છે.આ પરીક્ષા માટે ૪૧ હજારથી વધુ ઉમેદવારો નોંધાયા છે.ત્રણ સેશનમાં પરીક્ષા છે ત્યારે આજે બીજા સેશનમાં ૧૩ હજાર જેટલા ઉમેદવારોની પરીક્ષા હતી. અમદાવાદના ન્યુ.એલ.જે ઈજનેરી કોલેજ કેમ્પસના સેન્ટરમાં પરીક્ષા શરૂ થયાના કલાક બાદ કમ્પ્યુટરો બંધ થઈ જવાની ફરિયાદ સાથે ઉમેદવારોએ હોબાળો મચાવ્યો હતો. અનેક ઉમેદવારો બ્લોક-કલાસરૂમની બહાર કેમ્પસમાં આવી ગયા હતા અને ભારે રોષ ઠાલવ્યો હતો.ઉમેદવારોની ફરિયાદ હતી કે કેમ કેમ્પ્યુટરો બંધ થઈ ગયા તે અંગે સત્તાવાર અધિકારી-સ્ટાફ દ્વારા સંતોષકારક જવાબ અપાતો ન હતો. બપોરે ૩ વાગે પરીક્ષા શરૂ થઈ હતી અને ત્રણ કલાકની આ પરીક્ષામાં ૪:૩૦ વાગ્યાની આસપાસ કમ્પ્યુટરો બંધ થઈ ગયા હતા.

જ્યારે આ અંગે ગૌણ સેવા પસંદગી મંડળના ઉચ્ચ અધિકારીનું કહેવુ છે કે પાવર કટઓફને લીધે આ સેન્ટરમાં કમ્પ્યુટરો બંધ થઈ હતા.પરંતુ જનરેટર શરૂ કરી દેવાયુ હતું જેથી થોડી જ વારમાં ફરી કમ્પ્યુટરો શરૂ થઈ ગયા હતા.જેટલી મીનિટ ઉમેદવારોની બગડી હતી તેટલો સમય પણ વધુ ઉમેદવારોને પેપર પુરુ કરવા માટે આપવામા આવ્યો હતો.આ સેન્ટરમાં ૪૮૬ ઉમેદવારોની પરીક્ષા હતી અને ૪૦૦ ઉમેદવારોએ ફરીથી પણ આપી પણ હતી.કેટલાક ઉમેદવારોએ વાંધો ઉપાડીને વિરોધ કર્યો હતો.

મુખ્ય શિક્ષક બનવા માટેની પરીક્ષા ૯૪૦૦થી વધુ ઉમેદવાર ગેરહાજર

અમદાવાદ,રવિવાર

સરકારી પ્રાથમિક સ્કૂલોમાં આચાર્ય એટલે કે મુખ્ય શિક્ષક બનવા માટે આજે એચટાટ એસસીઈ -ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા લેવામા આવી હતી.રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી આ પરીક્ષામાં ૯૪૦૦થી વધુ શિક્ષક ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

પ્રાથમિક સ્કૂલોમાં આચાર્ય તરીકે બઢતી માટેની આ પરીક્ષામાં ૨૭૯૧૬ શિક્ષકો હાજર રહ્યા

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આજે એચટાટ સ્પેશ્યિલ કમ્પિટિટિવ એક્ઝામ લેવાઈ હતી. અમદાવાદ સહિતના ચાર શહેરોના કેન્દ્રોમાં પરીક્ષા લેવામા આવી હતી.

આ પરીક્ષા માટે ૩૭૪૧૪ શિક્ષકો નોંધાયા હતા.પરંતુ આજે લેવાયેલી આ પરીક્ષામાં ૯૪૯૮ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા.

જ્યારે ૨૭૯૧૬ ઉમેદવારો હાજર રહ્યા હતા.આમ ૭૪.૬૧ ટકા હાજરી નોંધાઈ હતી.પ્રથમવાર આ પરીક્ષામાં ૨૫ ટકાથી વધુ ઉમેદવારો ગેરહાજર રહ્યા છે. અમદાવાદ પૂર્વમાં ૭૨.૩૧ ટકા અને પશ્ચિમમાં ૭૧.૭૭ ટકા તથા રાજકોટમાં ૭૫.૨૩ ટકા તથા સુરતમાં ૭૪.૩૩ ટકા અને વડોદરામાં ૭૯.૦૩ ટકા હાજરી નોંધાઈ હતી.

જુજ સીટ બાકી ઉ.તા. 11/11 દિ.21
ચોક્કસ ઉપડે છે. 2x2 A.C.સ્લીપર બસ
• નેપાળ • પુલ્હાશ્રમ
• કામખ્યા • બૈજનાથ
• ગંગટોક • દાર્જીલીંગ
શ્રીજી ટ્રાવેલ્સ (ઈડરપુર) 93270 04834

નવી શિક્ષણ નીતિને અનુરૂપ આગામી વર્ષે

પરીક્ષા પદ્ધતિ અને નિયમોમાં ફેરફાર કરવા જીટીયુનો નિર્ણય

અમદાવાદ,રવિવાર

જીટીયુની બોર્ડ ઓફ ગવર્નિંગની બેઠક મળી હતી.જેમાં આગામી વર્ષે નવી શિક્ષણ નીતિને અનુરૂપ પરીક્ષા પદ્ધતિ-નિયમોમાં ફેરફાર એટલે કે એક્ઝામ રિફોર્મ કરવા માટેનો નિર્ણય લેવાયો હતો.આ ઉપરાંત યુનિ.સંલગ્ન મહેસાણાની જીપેરી કોલેજમાં સીએસઆર હેઠળ એડવાન્સ લેબોરેટરી શરૂ કરવાનો પણ ઠરાવ થયો હતો અને જીટીયુમાં પણ હવે આઈએએસ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવા માટે મંજૂરી અપાઈ હતી.

જીટીયુની બોર્ડ બેઠકમાં ૨૦૨૭ માટે નવા ફેરફારો કરવા ઠરાવ : જીટીયુમાં પણ IAS ટ્રેનિંગ શરૂ થશે

નવી શિક્ષણ નીતિ ૨૦૨૩માં ઉચ્ચ શિક્ષણમાં વોકેશનલ કોર્સીસ સાથે ટેકનિકલ કોર્સીસમાં પણ લાગુ થઈ છે ત્યારે નવી શિક્ષણ નીતિની કેટલીક જોગવાઈઓને અનુરૂપ વિદ્યાર્થીઓને શૈક્ષણિક લાભ માટે જીટીયુની પરીક્ષા પદ્ધતિ-પેટર્ન અને નિયમોમાં ફેરફાર કરવા પડે તેમ છે.જેને લઈને યુનિ.ની બોર્ડ મીટિંગમાં ચર્ચા કરવામા આવી હતી અને બોર્ડ દ્વારા આ એક્ઝામ રિફોર્મ માટે અને રીસર્ચ-ઈનોવેશન માટે પ્રેઝન્ટેશન તૈયાર કરવા સૂચના અપાઈ હતી.જેના આધારે આગામી બોર્ડ મીટિંગમાં નિર્ણય લેવાશે.

જીટીયુ સંલગ્ન મહેસાણાની જીપેરી કોલેજ છેલ્લા ઘણા વર્ષોથી યુનિ.હસ્તક છે ત્યારે આ કોલેજમાં સરકારે આચાર્યની જગ્યા મંજૂર કર્યા આચાર્યને ફાઈનાન્સિયલ પાવર આપવા માટે પણ યુનિ.એ રેગ્યુલેશન્સમાં ફેરફાર કરવાના હોવાથી આ માટેની મંજૂરી પણ બોર્ડ મીટિંગમાં લેવાઈ હતી.વધુમાં જીપેરીમાં સીએસઆર હેઠળ કંપની દ્વારા એડવાન્સ લેબ શરૂ કરવા માટે આવેલી દરખાસ્તને પણ મંજૂર રાખવામા આવી હતી.મહત્વનું છે કે સરકારે રાજ્યમાં ૧૦ આઈએએસ ટ્રેનિંગ વિવિધ સરકારી કોલેજોમાં શરૂ કર્યા છે ત્યારે ૧૧મું સેન્ટર જીટીયુને ફાળવવામા આવ્યુ છે. આમ હવે જીટીયુમાં પણ આઈએએસ ટ્રેનિંગ શરૂ કરાશે.

પ્રભારી તરૂણ ચુગના અધ્યક્ષસ્થાને રાજકીય ચર્ચા

કમલમમાં બેઠક : ચૂંટણીલક્ષી કાર્યક્રમોનો રોડમેપ તૈયાર કરાયો

અમદાવાદ,રવિવાર

રવિવારે ભાજપના પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે પ્રદેશ પ્રભારી તરુણ ચુગની વિશેષ ઉપસ્થિતિમાં સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી જેમાં આગામી દિવસોમાં પક્ષની દિશા અને પ્રવૃત્તિઓ નક્કી કરવામાં આવી હતી. આ ઉપરાંત ચૂંટણીલક્ષી ચર્ચા પણ કરાઈ હતી.

પ્રદેશ પ્રમુખ સહિત ટોચના નેતાઓની ઉપસ્થિતીમાં દિવાળી સ્નેહમિલન- મહિનાના કામોની સમિક્ષા

આ સંગઠનાત્મક બેઠકમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ સહિત ટોચના નેતાઓ ઉપરાંત મહામંત્રી, જિલ્લા પ્રમુખો, પ્રભારીઓ તેમજ વિવિધ મોરચાના ટોચના હોદેદારો ખાસ હાજર રહ્યા હતા. પ્રદેશ પ્રભારી તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ સંગઠનને વધુ મજબૂત કરવાના આશયથી આ વ્યાપક સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.બેઠક દરમિયાન છેલ્લા એક મહિનામાં રાજ્યભરમાં યોજાયેલા પક્ષના વિવિધ સંગઠનાત્મક કાર્યો, જનસંપર્ક અભિયાનો અને સ્થાનિક સ્તરની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકના મુખ્ય એજન્ડામાં આગામી પક્ષીય કાર્યક્રમો માટેની ચોક્કસ બ્લૂ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત, આગામી દિવસોમાં જિલ્લા તેમજ મહાનગરમાં યોજાનારા 'દિવાળી સ્નેહમિલન સમારોહ'ના આયોજન અંગે પણ પદાધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,26,550/-
18 KT 1,03,500/- 14 KT 80,730/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

દિવાળી સ્પે.લકઝરીયસ બસ પ્રવાસો
ગુજરાત સરકાર LTC માન્ય કંપની
ગોવા મહા બળેશ્વર લોનાવાલા દિ:5/6/8 15,000/-થી શરૂ
રાજસ્થાન જેસલમેર જોધપુર દિ:4/5/7 13,000/-થી શરૂ
પંચમઢી ઉજ્જૈન ઈન્દોર દિ:8 14,500/-થી શરૂ
મનાલી ડેલહાઉસી અમૃતસર દિ:13 20,500/-થી શરૂ
કાશ્મીર શ્રીનગર કટરા દિ:12 24,000/-થી શરૂ
હરીદ્વાર નૈનીતાલ દિલ્હી દિ:9/13 22,500/-થી શરૂ
કેરાલા મૂન્નાર-થેક્કડી દિ:13 34,000/-થી શરૂ
બેંગ્લોર મૈસુર-ઉટી કોડઈકેનાલ દિ:13 26,000/-થી શરૂ
દાર્જીલીંગ સિક્કિમ ગંગટોક દિ:14 34,500/-થી શરૂ
અયોધ્યા વારાણસી પ્રયાગરાજ દિ:10 19,500/-થી શરૂ
૯ જ્યોર્તિલીંગ દક્ષીણ ભારત રામેશ્વર, તિરૂપતિ દિ:19 37,000/-થી શરૂ
ગંગાસાગર કોલકતા જગન્નાથપુરી દિ:16 26,500/-થી શરૂ
નેપાળ કાઠમંડુ, પોખરા દિ:16 30,000/-થી શરૂ
અમદા થી અમદા., હોટેલ, સાઈટસીન, ગુજરાતી રસોડુ
KESAVI Tours & Travels Pvt. Ltd. Since 2003
76984 91999
83473 94999
88661 31516
સ્વસ્તીક ચાર રસ્તા, સી.જી. રોડ, અમદા.

LOVED IN 100 COUNTRIES
BAJAJ THE WORLD'S FAVOURITE INDIAN
આ તહેવારોમાં માણો pulsar
₹12 000/-* ની બચત
કૅશ ઑફર | NIL પ્રોસેસિંગ ફી | 5 મફત સર્વિસીસ
નવી 125
5" TFT કન્સોલ સાથે ગૂગલ મેપ્સ | 3 રાઇડ મોડ્સ | મોનોશોક સસ્પેન્શન
નવી N160 SS
ઈન્ટેલિજન્ટ થ્રોટલ | 5" TFT કન્સોલ સાથે ગૂગલ મેપ્સ | 4 રાઇડ મોડ્સ
Ogilvy GUJ

	125	NS 125	N160 S/SS	RS 200	220	NS 400
એક્સ-શોરૂમ કિંમત	₹93 014/-	₹1 03 433/-	₹1 25 576/-	₹1 80 115/-	₹1 39 270/-	₹1 86 015/-
કૅશ ઑફર	₹2 500/-	₹2 500/-	₹3 000/-	₹3 000/-	₹3 000/-	₹5 000/-
PF સેવિંગ્સ + 5 મફત સર્વિસીસ	₹3 500/-	₹3 700/-	₹4 500/-	₹5 900/-	₹4 700/-	₹7 000/-
કુલ બચત	₹6 000/-	₹6 200/-	₹7 500/-	₹8 900/-	₹7 700/-	₹12 000/-

pulsar DEFINITELY DARING
Flipkart amazon.in પર પણ ઉપલબ્ધ*
10 YEAR WARRANTY
BAJAJ SECURE • AMC • ROAD SIDE ASSISTANCE
72198 21111
SHRIRAM Finance | IDFC FIRST Bank ALWAYS YOU FIRST | BAJAJ AUTO CREDIT
L&T Finance | TATA CAPITAL Two Wheeler Loans
*નિયમો અને શરતો લાગુ. બચત મર્યાદિત સમય માટે જ લાગુ રહેશે. જણાવેલી કુલ બચત કૅશ ઑફર, શૂન્ય પ્રોસેસિંગ ફી અને 5 મફત સર્વિસીસ (2 વધારાની મફત સર્વિસીસ) નો સરવાળો છે. શૂન્ય પીએફ પર બચત ફાઈનાન્સર અનુસાર દરેક સ્થળે અલગ અલગ હોઈ શકે છે. ફાઈનાન્સ ફાઈનાન્સકર્તાની સંપૂર્ણ મુનસફી પર. લાગુ ઑફર મૉડેલ્સ/ક્ષેત્રો અનુસાર અલગ અલગ હોઈ શકે છે. જણાવેલી એક્સ-શોરૂમ કિંમતો જે તે મૉડેલ્સની બેઝ પેરિયંટ કિંમત છે. સ્ટંટ્સ નિષ્ણાતો દ્વારા વ્યાવસાયિક નિરીક્ષણ હેઠળ, નિયંત્રિત અને બંધ વાતાવરણમાં જાહેર જનતા અથવા જાહેર રસ્તાઓથી દૂર એકાંત સ્થળે કરવામાં આવ્યાં છે. આ સ્ટંટ્સની નકલ કરવાનો પ્રયત્ન ન કરશો તેમ જ ટ્રાફિક અને સુરક્ષા નિયમોનું હંમેશા પાલન કરો.
Authorised Dealers for Bajaj Auto Ltd.: Ahmedabad: Lal Darwaja AMIN BAJAJ 9879203364, Isanpur 7600002894 • Maninagar ADITYA BAJAJ 6356024241, Odhav 6356024243, Bapunagar 6356024244, Naroda 6357102424 • Sanand ADITYA BAJAJ 9375073137• Gandhinagar BANSARI BAJAJ 9429023456, Kalol 7027412345 • Kadi PARTH BAJAJ 9409421001 • Himmatnagar SAKAL BAJAJ 9909026046, Modasa 9925002281• Mehsana PARTH BAJAJ 7046670466 • Unjha 7621020111• Palanpur MAHESH BAJAJ 8401303130, Deesa 7383437522, Dhanera 7567892213, Tharad 9979863923 • Patan SHIVAM BAJAJ 9925015140, Sidhpur 9157573343 • Radhanpur SHIVAM BAJAJ 9825533061, Sami 9638422030 • Anand AMIN BAJAJ 8734010115, Borsad 7622822223, Ras 9974577067 Khambhat 9909921997 • Asodar 9081993452 Vasad 9157711196 Nadiad SANTRAM BAJAJ 9904708740. • Surendranagar YUG BAJAJ 7069220225.

રાજકોટમાં ડેકોરા

(છેલ્લા પાનાનું ચાલુ)

નવેમ્બરે જન્મદિવસ હતો. પરંતુ તે વખતે દિવાળીનાં વેકેશનને કારણે તેનું ગ્રુપ સામેલ નહીં થાય તેમ જણાતાં એડવાન્સમાં શનિવારની રાત્રે સરાઝા હોટલમાં વીક-એન્ડ પાર્ટી યોજી હતી.

કદાચ ભાજપનાં નેતાઓ સાથેનાં ઘરોબાને કારણે જ ચિરાગને એવો વહેમ હતો કે તેનો કોઇ વાળ પણ વાંકો નહીં કરી શકે. આ જ કારણથી હોટલમાં દારૂની વ્યવસ્થા પણ રાખી હતી. હોટલનાં બીજા માળે બેન્કવેટ હોલમાં ખુલ્લેઆમ દારૂ પીરસવામાં આવ્યો હતો. પાર્ટી ચાલુ હતી ત્યારે રાત્રે ૧૨ વાગ્યા પછી એલસીબીનાં સ્ટાફને બાતમી મળી હતી કે પાર્ટીમાં ૧૦૦ મહિલાઓ અને પુરુષો હાજર છે અને દારૂની મહેફીલ ચાલી રહી છે. પૂરતો સ્ટાફ બોલાવીને પોલીસે દરોડો પાડતાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસે તમામને જ્યાં હોય ત્યાં જ ઉભા રહેવાની સૂચના આપી મહિલા અને પુરુષોને અલગ કર્યા હતા. પાર્ટીનું આયોજન કરનાર ચિરાગની તપાસ કરતાં નશાખોર હાલતમાં મળ્યો હતો. પાર્ટીમાં સામેલ બીજા ૩૫ નબીરાઓ ઉપરાંત હોટલનાં મેનેજર સહિતનાં ત્રણ કર્મચારીઓએ પણ દારૂ પીધો હોવાનું સ્પષ્ટ થતાં તમામ ૩૮ આરોપીઓ સાથે રાજકોટ તાલુકા પોલીસ મથકમાં પ્રોહીબીશનની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પાર્ટીમાંથી પોલીસે અંગ્રેજી દારૂ, સ્કોચ-વ્હીસ્કીની ખાલી અને ભરેલી બોટલો મળી કુલ રૂા. ૧૭,૫૦૦ની કિંમતનો દારૂ કબજે કર્યો હતો. નાની-મોટી સાઈઝનાં ૪૦ ખાલી અને ભરેલા ગ્લાસ મળ્યા હતાં. કાઉન્ટરની બાજુની ડસ્ટબીનમાંથી મોકટેલ, કોલ્ડ્રીંક્સનાં ખાલી ગ્લાસ મળી આવ્યા હતાં. પાર્ટીમાં હુક્કાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. બેન્કવેટ હોલમાંથી છૂટાછવાયા પડેલા પાંચ હુક્કા પણ મળી આવ્યા હતા. ઝડપાયેલા નશાખોર નબીરાઓ કન્સ્ટ્રકશન, ધંધા, ટ્રેડીંગ સહિતનાં મોટા-મોટા બિઝનેસ સાથે સંકળાયેલા છે.

અંગ્રેજી દારૂની ૧૧ બોટલો કબજે કરાઈ તે કોણ લાવ્યું? પોલીસને હજૂ ખબર નથી!

સરાઝાની પાર્ટીમાં અંગ્રેજી દારૂની વ્યવસ્થા કોણે કરી હતી, તેનો જવાબ પોલીસે આપ્યો નથી. પોલીસે સ્થળ ઉપરથી ટકીલા, વ્હીસ્કી, સ્કોચ, જીનની કુલ ૧૧ બોટલો મળી હતી તેમાંથી ત્રણ બોટલો સાવ ખાલી હતી. જીનની બે અને સ્કોચની એક બોટલો પૂરી ભરેલી હતી. અન્ય પાંચ બોટલોમાંથી ૧૦૦થી ૩૦૦ મિ.લિ. દારૂ મળી આવ્યો હતો. દારૂ કોણ લાવ્યું તે અંગે હજૂ તપાસ ચાલુ હોવાનું પોલીસ રટણ કરી રહી છે.

હોટલ સ્ટાફ પણ દારૂના નશામાં હતો

સરાઝા હોટલમાં યુ આકારના ટેબલ ઉપર કપલ્સ બેસી દારૂ, મોકટેલ અને કોલ્ડ્રીંક્સની મહેફીલ માણતા હતાં તેની નજીકમાં જુદી-જુદી વાનગીઓ ઉપરાંત કોલ્ડ્રીંક્સ, મોકટેલ માટે કાઉન્ટર ઉભા કરાયા હતા. દારૂ પીરસતા હોટલના સ્ટાફમાં બે શખ્સો ઉપરાંત બેન્કવેલ હોલના મેનેજર મનપ્રિતસિંઘ નશાખોર હાલતમાં ઝડપ્યા હતા.

અવસાન નોંધ

શાહ : સ્વ. મુકેશભાઇ બચુભાઇ શાહનું બેસણું, લાવણ્ય સાંસ્કૃતિક હોલ, વાસણા ખાતે, સવારે ૮:૩૦થી ૧૦:૩૦.

નાયક : સ્વ. દેહુતીબેન જયેન્દ્રકુમાર નાયકનું બેસણું, ભોજકની વાડી, સુમતીલાલ જેસીંગભાઈની વાડી, ટીંબાપોળ, સવારે ૮થી ૧૧.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ

Regd. NI. GAMC 28


વાત વાતમાં

કાચબાઓનું દિવાળી વેકેશન

ત્રણ કાચબા વેકેશનમાં પિકનિક કરવા માટે દરિયા કિનારે ગયા. ત્યાં પહોંચ્યા પછી ખ્યાલ આવ્યો કે સેન્ડવીચો પર લગાડવા માટેનો સોસ તો ઘરે જ રહી ગયો હતો !

ત્રણ કાચબામાંથી જે સૌથી નાનો કાચબો હતો તેને કહ્યું : 'બકા, જા ને ? ઘરે જઈને સોસ લઈ આવને ?'

નાના કાચબાએ કહ્યું : 'હું જાઉં તો ખરો, પણ તમે મારી સેન્ડવીચ તો નહીં ખાઈ જાવ ને ?'



મોટા કાચબાઓએ પ્રોમિસ કર્યું : 'હોતું હશે બકા ? તું પાછો ના આવે ત્યાં સુધી અમે અમારી સેન્ડવીચો પણ નહીં ખાઈએ ! બસ ?'

આખરે નાનો કાચબો નાનાં નાનાં પગલાં ભરતો ગયો...

એક કલાક વીતી ગયો...

બે કલાક થઈ ગયા...

ત્રણ કલાક થઈ ગયા...

એક મોટા કાચબાએ કહ્યું : 'યાર, મને તો ભૂખ લાગી છે.'

બીજા કાચબાએ કહ્યું : 'ના ! આપણે બકુડાને પ્રોમિસ આપ્યું છે.'

એ પછી સાંજ પડી ગઈ...

રાત પણ પડી ગઈ....

મધરાતના બાર વાગી ગયા...

હવે મોટો કાચબો કંટાળ્યો. તેણે કહ્યું : 'હદ થઈ ગઈ યાર ! હું તો મારી સેન્ડવીચ ખાવા માંડું છું !'

બીજા કાચબાએ કહ્યું : 'તારી વાત બરાબર છે ! મને તો એટલી બધી કકડીને ભૂખ લાગી છે કે હું તો નાના કાચબાની સેન્ડવીચ પણ ખાઈ જઈશ !'

ત્યાં જ એક મોટા પથ્થર પાછળથી અવાજ આવ્યો :

'મને ખબર જ હતી ! જાવ ! હવે તો સોસ લેવા નહીં જ જાઉં !!'

***

દારૂના એક બારમાં એક કાચબો માંડ માંડ ભીડમાંથી રસ્તો કરતો કરતો કાઉન્ટર પાસે પહોંચ્યો.

જેમ તેમ કરીને તે એક ખુરશી પર ચડ્યો. અને કહે છે : 'એક બિયર પ્લીઝ !'

પણ બાર ટેન્ડર કાચબાને દોઈને ચોંક્યો ! તેણે કાચબાને પૂંછડીથી પકડીને ગોળ ગોળ ઘુમાવીને બારની બહાર જઈને હવામાં ઉછાળીને ફેંકી દીધો !

વેકેશન પતી ગયું...

હવે બારમાં ભીડ નહોતી..

પેલો કાચબો ધીમે ધીમે અંદર આવ્યો... માંડમાંડ ખુરશી પર ચડીને બેઠો અને પૂછ્યું :

'ઠીક છે... પણ કારણ તો કહો ?'

- મન્નુ શેખચલ્લી

સરદારના નામ

(છેલ્લા પાનાનું ચાલુ)

થાય, એમાંથી અમે ઘણું બધું શીખ્યા છીએ, ઈ તો ગુરુ છે ગુરુ.

પરેશ ધાનાણીએ નીતિન પટેલને ટોણો મારતા કહ્યું કે, સરદાર કોઈના મોઢામાં સમાતા નહીં અને આજ સરદારના વારસો, જય સરદારના નારા લગાડીએ અને ક્યાંક સાચું બોલવાનું આવે તો મોઢું છુપાવીએ. નીતિન કાકા, માફ કરજો.ઉમા ખોડલના વારસો છીએ. ક્યાંક ઘરના દરવાજે લખ્યું હશે ખોડલ કૃપા, ક્યાંક ઘરના દરવાજે લખ્યું હશે ઉમા કૃપા, ક્યાંક ઘરના દરવાજે લખ્યું હશે, આપણા માતાના અને પિતાના નામ એ ઘરના દરવાજે લખવા પાછળ બાપ મકાન બનાવવામાં વડવાઓને કેટલો પરિશ્રમ વેઠવો પડ્યો હશે, એ વિચારજો.એની ચિંતા કરજો.

અમદાવાદમાં એક જ

(છેલ્લા પાનાનું ચાલુ)

વેચતી હોય છે. પોલીસે અગાઉ રામોલ ટોલટેક્ષ ઉપરથી મુંબઈથી કારમાં આવેલી મહિલા સહીતની ગેંગને પકડી હતી. જેમાં પુરુષો પાસેથી કંઇ મળ્યું ન હતું જ્યારે પોલીસે મહિલા પોલીસની મદદથી તપાસ કરતાં આંતર વસ્ત્રોમાંથી ડ્રગ્સ મળ્યું હતું. બીજીતરફ અમદાવાદમાં શ્રીમંતોમાં પાર્ટી કલ્ચરમાં એમ.ડી.ડ્રગ્સ તથા હેરોઈન અને અફીણ તેમજ ચરસ સહિતના નશાનું સેવાન કરવામાં આવી રહ્યું છે. જેમાં ખાસ કરીને પાન-મસાલા સાથે નાકથી સુંઘીને અને ઈન્જેક્શનથી જોખમી નશો કરવામાં આવી રહ્યો હોવાનું બહાર આવ્યું હતું.


Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

આજનુ પંચાંગ

તા.૨/૧૧/૨૦૨૬,સોમવાર



આસો વદ આઠમ

દિવસના ચોઘડિયા : અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિના ચોઘડિયા : ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
અમદાવાદ સૂર્યોદય : ૬ ક. ૪૭ મિ. સૂર્યાસ્ત : ૧૮ ક. ૦૦ મિ.
નવકારસી સમય : (અ) ૭ ક. ૩૫ મિ.
જન્મરાશિ : કર્ક (ડ.હ.) ૨૭ ક. ૪૭ મિ. સુધી પછી સિંહ (મ.ટ.) રાશિ આવશે.
નક્ષત્ર : આશ્લેષા ૨૭ ક. ૪૭ મિ. સુધી પછી મઘા નક્ષત્ર આવે. આશ્લેષા નક્ષત્રની શાંતિવિધિ કરાવવી.
ગોચર ગ્રહ : સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-તુલા, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-કર્ક ૨૭ ક. ૪૭ મિ. સુધી પછી સિંહ, હર્ષલ (યુરેનસ)-વૃષભ, નેપચ્યુન-મીન, પ્લુટો-મકર રાહુકાળ : ૭.૩૦ થી ૯.૦૦ (દ.ભા.)
વિક્રમ સંવત : ૨૦૮૨ પિંગલ સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૨ દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : કાર્તિક ૧૧ વ્રજ માસ : કાર્તિક-૮
માસ-તિથિ-વાર : આસો વદ આઠમ
- અહોયી અષ્ટમી
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદી ઉલઅવ્વલ માસનો ૨૧મો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ ખોરદાદ માસનો ૨૦ મો રોજ બહેરામ

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : આપ હરો-ફરો-કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. કામકાજમાં રૂકાવટ જણાય.

વૃષભ : આપના કામમાં ઉપરીવર્ગ-સહકાર્યકરવર્ગ-નોકર-ચાકરવર્ગનો સાથ-સહકાર મળી રહે.પરદેશના કામ થઈ શકે.

મિથુન : બેંકના, વીમા કંપનીના, શેરોના કામકાજમાં સાનુકૂળતા જણાય. કૌટુંબિક-પારિવારીક કામ અંગે વ્યસ્તતા-દોડધામ રહે.

કર્ક : આપના મહત્વના કામનો ઉકેલ આવતો જવાથી આપને રાહત થતી જાય. અગત્યના નિર્ણય લેવાતાં સરળતા રહે.

સિંહ : કોર્ટ-કચેરીના કામમાં આપે સાવધાની રાખવી પડે. વાદ-વિવાદ-ગેરસમજ-મનદુ:ખથી સંભાળવુંપડે. આકસ્મિક ખર્ચ-ખરીદી જણાય.

કન્યા : આપના કામની કદર-પ્રશંસા થવાથી આપને આનંદ જણાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જાય. આવક થાય.

તુલા : આપના કાર્યની સાથે ઘર-પરિવાર-સગા-સંબંધીવર્ગ-મિત્રવર્ગના કામકાજ અંગે દોડધામ-શ્રમ જણાય. ખર્ચ જણાય.

વૃશ્ચિક : નોકરી-ધંધાના કામકાજ અંગે આપે બહાર કે બહારગામ જવાનું બને. અગત્યના કામ અંગેની મુલાકાત થઈ શકે.

ધન : દિવસના પ્રારંભથી જ આપને સુસ્તી-બેચેની જેવું લાગ્યા કરે. તબીયતની અસ્વસ્થતા જણાય. કામ કરવાની ઈચ્છા થાય નહીં.

મકર : જાહેરક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. આપના કાર્યમાં અન્યનો સહકાર મળી રહે.

કુંભ : નોકરી-ધંધાના કામની સાથે બીજું કોઈ કામ આવી જતાં, અન્ય સહકર્મીનું કામ આવી જતાં આપના કાર્યભારમાં વધારો થાય.

મીન : આપની મહેનત-બુદ્ધિ-અનુભવ-આવડતથી આપના કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી કામમાં સરળતા રહે.

મંત્રમુગ્ધ


- દાન સ્વીકારવું એ હીન કર્મ છે, પછી ભલે તેના ફળસ્વરૂપે સ્વર્ગની પ્રાપ્તિ થતી હોય, પરંતુ દાન આપવું એ પરમ ધર્મ છે, પછી ભલે ને એ સત્કર્મથી દાતા માટે સ્વર્ગના તમામ દ્વાર સદાને માટે બંધ કેમ ન થઈ જાય !
  - જીવનદર્શનના પ્રખર ચિંતક, મહાન સંત તિરુવલ્લુવર
- 'સજ્જનોના સહજ બોલાયેલા શબ્દો પણ શિલાલેખ સમાન હોય છે. જ્યારે દુર્જનોના સોગંદપૂર્વક બોલાયેલા શબ્દો પણ જલરેખ સમાન હોય છે.'
  - ગચ્છાધિપતિ આચાર્ય શ્રી યશોવર્મસૂરીશ્વરજી
- માણસ માત્રનો સાચો ધર્મ એ જ છે કે ક્યારેય પોતાના શબ્દો કે વર્તણુકથી કોઈના દિલને ઠેસ ન પહોંચાડવી. જો આપણે કોઈનું મન ન દુખાડીએ, તો એ જ ભગવાનની સૌથી મોટી સેવા છે.
  - બૌદ્ધ ધર્મના સ્થાપક, મહાન આધ્યાત્મિક ગુરુ ગૌતમ બુદ્ધ
- ''ભૂતકાળ અને ભવિષ્યની ચિંતા છોડો, તમારી સાચી મૂડી તમારી આંતરિક શક્તિ છે. બીજાની પ્રશંસા પર જીવવાને બદલે તમારા પોતાના ગુણોને બળે સ્વયં સ્વરૂપ બુલંદ બનીને આગળ વધો.''
  - વિચારપ્રેરક નિબંધોના લેખક, કવિ ઓલિવર વેન્ડલ હોમ્સ
- ''જીવનના કપરા સમયમાં આપણી માનસિકતા એવી હોવી જોઈએ કે, પ્રતિકૂળ સંજોગોમાં આપણે વધુ શક્તિશાળી અને શ્રેષ્ઠ બનીને ઉભરીએ, ડરને તિલાંજલિ આપીને સાહસપૂર્વક આગળ વધવું એ જ સાચી જીવનયાત્રા છે.''
  - આત્મબળ જગાડતી પ્રેરણાદાયી વાત

સંકલન : russhabhshahgs@gmail.com




કાકુરો

3821 | ૨ નવેમ્બર,૨૦૨૬



નિયમો : 7 x 7=49 ખાનાની આ સરવાળાની રમત છે. રાખોડી અથવા સફેદ રંગની ઉપરના ભાગમાં લખેલ અંક આડી હરોળ ગણાશે જ્યારે નીચેના ભાગમાં લખેલ અંક ઉભી હરોળ ગણાશે. રમતમાં માત્ર ૧ થી ૯ સુધીના અંકનો જ ઉપયોગ કરવાનો છે. આડી કે ઉભી હરોળમાં કોઈપણ અંક પુનરાવર્તિત થવો જોઈએ નહિં. રમત પુરી કરવા માટે આપ એ માત્ર સફેદ ખાનામાં અંક મુકવાનો રહેશે.

-ભાવના શુક્લ



ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૨૯૫

૨ નવેમ્બર., ૨૦૨૬

		૭				૮		
			૫		૨			
	૪	૨	૭		૮	૯	૫	
	૬	૫				૩	૨	
૨	૮						૭	૫
	૯	૧				૬	૪	
	૧	૯	૩		૭	૫	૮	
			૬		૪			
		૮				૪		

સુડોકુના નિયમો

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દરેક ખાનામાં એકજ અંકનો ઉપયોગ કરવો.
(૩) આડી અને ઊભી હરોળમાં અંકનો ઉપયોગ માત્ર એકજ વાર કરવો.
(૪) ૩x૩ = ૯ ખાનામાં ૧ થી ૯ અંકનો ઉપયોગ કરવો અને દરેક અંકનો માત્ર એક જ વાર ઉપયોગ કરવો.
(કર્તા : યોગેશ શુક્લ)

સુડોકુ ક્રમ નં. ૬૨૯૫નો ઉકેલ તા.૨ નવેમ્બર, ૨૦૨૬

૯	૫	૭	૪	૧	૩	૮	૬	૨
૮	૩	૬	૫	૯	૨	૭	૧	૪
૧	૪	૨	૭	૬	૮	૯	૫	૩
૭	૬	૫	૮	૪	૧	૩	૨	૯
૨	૮	૪	૯	૩	૬	૧	૭	૫
૩	૯	૧	૨	૭	૫	૬	૪	૮
૪	૧	૯	૩	૨	૭	૫	૮	૬
૫	૭	૩	૬	૮	૪	૨	૯	૧
૬	૨	૮	૧	૫	૯	૪	૩	૭


જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨/૧૧/૨૦૨૬,સોમવાર

આજથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ જેમ પસાર થાય તેમ આપને રાહત થતી જાય.
આરોગ્ય સુખાકારી : વર્ષના પ્રારંભમાં થોડા સમય આપે આરોગ્યની બાબતમાં કાળજી રાખવી પડે. પરંતુ ત્યારબાદ આપના સ્વાસ્થ્યમાં સુધારો થતો જાય. વજનમાં વધારો જણાય.
નોકરી-ધંધો : નોકરી-ધંધાકીય દ્રષ્ટિએ આપનું વર્ષ સારું પસાર થાય. આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ઉકેલ આવતો જાય. બઢતી-બદલીના કામ થાય. નોકરી-ધંધામાં નવી તક પ્રાપ્ત થાય.
વિદ્યાર્થીવર્ગ : વિદ્યાર્થીવર્ગ માટે વર્ષ એકંદરે સારું રહે. વર્ષારંભે સ્વાસ્થ્યના લીધે અભ્યાસ બગડે નહીં તેની તકેદારી રાખવી પડે. જો કે વર્ષ દરમિયાન કરેલી મહેનતનું સારું પરિણામ પ્રાપ્ત થતાં આનંદ રહે.

એરાઉન્ડ ધ વર્ડ્સ

- રીટા શાહ



આડી ચાવી

૧. ..... ને અને દાંતને વેર (૨)
૨. લેતી વખતે 'દીકરાને પાછું આપતી વખતે ..... (૨)
૪. જગત, દુનિયા (૨)
૭. ..... વાગવો, કામયાબી મળવી (૨)
૧૦. લેખ, દસ્તાવેજ (૨)
૧૨. ઉંદરનું ઘર (૨)
૧૩. ખ્રિસ્તી ધર્મગુરૂનો પદાધિકારી (૨)
૧૪. મેદ, ચરબી (૨)
૧૬. પ્રહસન, હસવા જેવું કાર્ય (૩)
૧૮. એક ધાન્ય, જેમાંથી ચોખા નીકળે (૩)
૨૦. આપ ભલા તો ..... ભલા (૨)
૨૨. આજ કી ..... ખબર (૨)
૨૪. પુરોહિત (૨)
૨૫. અવાજ (૨)
૨૬. ઇટાલીનું જાણીતું શહેર (૨)
૨૮. ..... કિયે જા, ફલ કી ઈચ્છા મત રખ (૨)
૨૯. છાશ લેવા જવી અને ..... સંતાડવી (૨)
૩૦. કરોળિયાનું બાવું (૨)
૩૧. ચપટા માથાનો ચાવવાનો દાંત (૨)

ઊભી ચાવી

૧. સૌથી નાના પાંડવ ..... વિદ્યાનો જાણકાર હતો. (૨)
૩. ..... ઉપાડવા, ઉતાવળે ચાલવું (૨)
૪. આચાર તેવા ..... (૩)
૬. મીઠાઈમાં ગોળપાપડી બનાવી (૩)
૮. જડેલું, જડતર (૩)
૯. ચિંતા તો થાય જ ને ! (૩)
૧૧. શરીર, કાયા (૨)
૧૨. દશ બાજુવાળી આકૃતિ (૪)
૧૫. પાંદડા ખરવાની ઋતુ (૪)
૧૬. દવાનું ચૂર્ણ (૨)
૧૭. રાતે વહેલા જે સૂએ, વહેલા ઉઠે ..... (૨)
૧૯. ભગવાન વિષ્ણુનું વાહન (૩)
૨૧. મંદિરની અંદરનો ભાગ (૩)
૨૨. તંતુ, રેસો (૨)
૨૩. ખરચ, ઉધારેલી રકમ (૩)
૨૪. વ્રત નિમિત્તે જમવા બોલાવેલી સૌભાગ્યવતી સ્ત્રી (૩)
૨૭. આનંદ, કુશળ (૨)
૨૯. એક અને અડધું (૨)

ઉકેલ

આડી ચાવી : (૧) અન્ન (૨) બાપ (૪) વિશ્વ (૫) આંસુ (૭) ગજ (૧૦) ખત (૧૨) દર (૧૩) ડીન (૧૪) વપા (૧૬) ફારસ (૧૮) ડાંગર (૨૦) જગ (૨૨) તાજા (૨૪) ગોર (૨૫) રવ (૨૬) રોમ (૨૮) કર્મ (૨૯) દોણી (૩૦) જાળું (૩૧) દાઢ
ઊભી ચાવી : (૧) અશ્વ (૩) પગ (૪) વિચાર (૬) સુખડી (૮) જડાવ (૯) ફિકર (૧૧) તન (૧૨) દશભુજ (૧૫) પાનખર (૧૬) ફાકી (૧૭) વીર (૧૯) ગરૂડ (૨૧) ગભારો (૨૨) તાર (૨૩) જાવક (૨૪) ગોયણી (૨૭) મજા (૨૯) દોઢ

જાહેર નોટિસનો સુધારો

આથી જાહેર જનતાને જણાવવાનું કે અમે નીચે સહી કરનાર એ તારીખ ૦૯-૧૦-૨૦૨૬ ના રોજ ગુજરાત સમાચાર પાના નંબર - ૪ માં એક જાહેર નોટીસ આપેલ જેમાં ભૂલથી જરૂરી વિગત ન લખતા આ જાહેર નોટીસ કરીએ છીએ, તે નોટીસ માં ''રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અમદાવાદ તાલુકા સાબરમતીના મોજે ગામ ઉસ્માનપુરાની સીમના ટી. પી. સ્કીમ નંબર ૩/૨, ફાઇનલ પ્લોટ નંબર ૮૬ પૈકી સબ - પ્લોટ નંબર ૩ ની ચો. મી. ૪૨૧ કુલ પ્લોટ એરિયા જેની ઉપર આવેલ ચો. મી. ૪૧૯.૯૯ નું કુલ બાંધકામ આવેલ છે'' તેમ ઉમેરવું તેમજ તમામ પ્રકારના બોજાઓમાંથી મુકત સદર મીલકતના રાઇટસ ટાઇટલ્સ ક્લીયર અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઇટલ અભિપ્રાયની માંગણી કરી છે અને તેઓ અમારા અસીલ છે ને તેમણે ''પટેલ દર્શનકુમાર'' ને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તેવું ગણવું. તો ઉપરોક્ત મિલકત અંગે કોઈપણ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, રાઇટસ ટાઇટલ, ઈન્ટરેસ્ટ કોઈપણ પ્રકારના કરારથી વ્યક્તિગત કે સંયુકત રીતે, કબજો, ટ્રસ્ટ, લિઝ, લાગભાગ, ચાર્જ, વેચાણ, અદલાબદલો, ગીરો, ગીફ્ટ કે સરસાંભળ કે વારસાગત કે કોઈપણ રીતે કોઈ વાંધો તકરાર કે હક્ક હિસ્સો કરતાં હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં લેખિત પુરાવા સહિત અમોને જાણ કરવી અને તમે કરવામાં કસુર થશે તો સદરહુ મીલકતના રાઇટસ ટાઇટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાનું માની ટાઇટલ અભિપ્રાય આપી દેવામાં આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહીં તેની સ્પષ્ટ નોંધ લેવી.

અમદાવાદ.
તારીખ: ૨૮/૧૦/૨૦૨૬
એસ ડી મહેતા એન્ડ એસોસીએટસ,
સૌરભ ડી મહેતા, એડવોકેટ,
દિવીજ એસ. મહેતા, એડવોકેટ
૪/બ, સેકન્ડફ્લોર, અગ્રવાલ ચેમ્બર્સ, ટાઉન હોલની સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે વિરોચનગરની સીમના (એ) બ્લોક નંબર-૨૦૫૭/અ ની ૩૪૨૯૭ ચોરસમીટર જમીન તથા (બી) બ્લોક નંબર-૨૦૪૭ ની ૪૨૧૮૯ ચોરસમીટર જમીન એમ (એ)+(બી)ની મળીને કુલ્લે ૭૬૪૮૬ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) મફતભાઈ ભગવાનદાસ પટેલ (૨) શંકરભાઈ દેવચંદદાસ પટેલ (૩) મહેન્દ્રભાઈ હીરાભાઈ પટેલ (૪) સોમાભાઈ દેવચંદદાસ પટેલ (૫) ગીરીશભાઈ જોઇતારામ પટેલ (૬) સુરેશભાઈ હીરાભાઈ પટેલ (૭) સેંધાભાઈ શિવરામ પટેલ (૮) નરસિંહભાઈ દેવચંદદાસ પટેલ (૯) જગદીશભાઈ દેવચંદદાસ પટેલ (૧૦) અરવિંદભાઈ હીરાભાઈ પટેલ (૧૧) સંદીપકુમાર રમેશભાઈ તથા (૧૨) ભાવિકકુમાર રમેશભાઈએ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૧૫
તારીખ : ૦૨-૧૧-૨૦૨૬
શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

જાહેર નોટિસ

આથી અમો આ નોટીસથી જાહેર જનતાને જણાવવાનું ડીસ્ટ્રીકટ ખેડા સબ ડીસ્ટ્રીકટ માતર મોજે ગામ મહેલજમાં આવેલ ખેતી લાયક જમીન કે જેનો બ્લોક/સર્વે નં. ૪૯૮, ખાતા નં. ૧૨૬૫ કે જેનું કુલ ક્ષેત્રફળ ૪-૪૬-૧૭ હે.આરે.ચો.મી. વાળી ખેતીલાયક જમીનો અમારા અસીલો નામે. પીયુષ આશિષભાઈ પટેલની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. તથા સદરહુ જમીન ઉપર કાઈરા ડી.સે.કો.બેંક લી. ના બોજા સિવાય કોઈ નો કોઈ પણ પ્રકારનો બોજો નથી અને જો હોય તો તે જતા કર્યા છે, તથા કાઈરા ડી.સે.કો.બેંક લી. ના તારણ સિવાય તમામ બોજાઓથી મુક્ત હોવાનું જણાવી તે જમીન અમારા અસીલ વેચાણ કરવા સારુ અમારી પાસે ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તેથી સદરહુ જમીન પર કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિસ્સો, હિત, દાવો, બોજો, અલાખો, તથા અન્ય કોઈ પણ પ્રકારનો હક્ક હોય તો આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ પ્રમાણિત પુરાવાઓ સહીત લેખિત જાણ રજી.એડી. દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં કોઈ કસુર કે ચૂક થશે તો મુદ્દત વિત્યે સદરહું જમીન અંગે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે વાંધો ચાલે નહીં. જેની નોંધ લેવી.

તા. ૨૭/૧૦/૨૦૨૬
MOHAMMADSOHEL M. SHAIKH
B.Com., L.L.B. ADVOCATE
Kabra no Mohallo, Khambhat-388 620. Dist. Anand.
M : 87349 56243

જાહેર નોટિસ

ડિસ્ટ્રીક્ટ અમદાવાદ, તાલુકો : દશક્રોઈના મોજે ગામ : વાંચની સીમના બ્લોક/સર્વે નંબર : ૬૨૨/ ૦૦૨ (રી સરવે પહેલાનો બ્લોક/સર્વે નંબર: ૮૬૬) ની હે.આરે.ચો.મી. ૧-૦૩-૯૯ વાળી ખેતીની જમીન તથા તેમાં આવવા જવાના ચાલ - નિકાલના હક્કો સહિતની જમીન ચુનીલાલ ગોરધનભાઈ પાનસુરીયાની સ્વતંત્ર માલીકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો આવેલ હોય તો દિન - ૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી. એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈના હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.


ભક્તિ એસોસીએટ્સ,
હાર્દિક બી. સુવાગીયા, એડવોકેટ
મોબાઈલ: ૯૭૧૪૦૪૦૦૩૬
ઓફિસ: ૨૦૪, સંકલ્પ આઈકોન, પરીખ હોસ્પીટલની સામે, નિકોલ પોલીસ સ્ટેશનની પાસે, નિકોલ, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૫૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુશીલકુમાર મોહનલાલ અગ્રવાલ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૫(નારોલ)ના તાલુકા વટવાના ગામ મોજે પીપળજની સીમના સર્વે/બ્લોક નંબર-૮/૧ ની ૨૧૪૧૨ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧૫૫/જી (પીપળજ-સૈજપુર-ગોપાલપુર)માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૮ની ૧૬૧૪૭ ચોરસમીટરની બિનખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૨૦(વીસ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૩૧-૧૦-૨૦૨૬
હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.





Terms and Conditions applied. *Approval of the loan is at the sole discretion of the financiers, and additional documentation may be required. *The interest rates, loan amount, down payment, tenure options, and EMI are based on the financier's assessment of the applicant's credit profile. *Some of the mentioned components of the scheme cannot be clubbed together. *The offers/features may be modified or withdrawn at any time without prior intimation. *Offer valid until 30th Nov 2026. #Up to 10% Instant Cashback (₹2000 - ₹10000) is available on all HMSI models for EMI transactions made using IDFC Bank Credit Cards (Tenure 6 months to 24 months). #The offer is valid on credit card transactions processed through Pine Labs machines only and is applicable for one transaction per card/order during the offer period. #The Instant Cashback offer is valid until 30th Nov 2026. Product shown in the picture may vary from actual product available in the market. Accessories shown in the picture are not part of standard equipment.

Honda Motorcycle & Scooter India Pvt. Ltd., Registered Office: Plot No. 1, Sector - 03, IMT Manesar, Distt. Gurugram, (Haryana) – 122052, India; **Website:** www.honda2wheelersindia.com; **Customer Care:** customercare@honda.hmsi.in

Honda Exclusive Authorized Dealerships: AHMEDABAD - CTM: Mansi Wings Honda - 7202965965; **MEMCO:** 7046139222; **VASTRAL:** 7201939222; **VATVA:** 9909902487; **BAKROL:** 7802958968; **NIKOL:** Singal Honda - 7575002604; **NIKOL GAM ROAD:** 7575002603; **SAIJPUR BOGHA:** 7575002631; **GOTA:** Rangers Honda - 7211171781; **THALTEJ:** 6358228811; **MANINAGAR:** Apex Honda - 9099979917; **ANJALI:** 9099979916; **ISANPUR:** 9265378237; **NAROL:** 9099981875; **GODASAR:** 9825615448; **LAL DARWAJA:** Universal Honda - 9824553532; **BAPUNAGAR:** 9574890555; **PALDI:** 9106868799; **ODHAV:** 9998884796; **NARODA:** 9924195522; **SARASPUR:** 9913033344; **DRIVE IN ROAD:** Punjab Honda - 9925008387; **ANANDNAGAR:** 9925006246; **BOPAL:** 9925000881; **JUHAPURA:** 9879277111; **CHANDLODIA:** 9925222885; **C. G ROAD:** Innovative Honda - 9924225825; **JIVRAJ PARK:** 9824651545; **SABARMATI:** 9824651077; **CHANDKHEDA:** 9624252345; **NEW RANIP:** 9033622110; **DHOLKA:** 9824651066; **MOTERA:** Innovative Honda - 7623001848; **SHAHIBAUG:** Madhika Honda - 9574009816; **VYASWADI:** Madhika Honda - 9574009590; **SARDARNAGAR:** 9574088841; **NANA CHILODA:** 8238631010; **SANAND:** Shree Ashapura Honda - 9099991801; **VIRAMGAM:** Master Honda - 9537863120; **MANDAL:** Master Honda - 9879487620; **GANDHINAGAR:** Royal Honda - 9825039767; **KUDASAN:** Royal Honda - 6354712013; **SARGASAN:** Royal Honda - 9601768789; **MANSA:** A One Honda - 9904741678; **CHILODA:** Safe Ride Honda - 9722243786; **DEHGAM:** Yug Honda - 9879035764; **ADALAJ:** Riders Point Honda - 9974296397; **KALOL:** Royal Honda - 9228002992; **CHATTRAL:** Royal Honda - 9725830958; **KADI:** Radhaswami Honda - 9409999877; **BECHARAJI:** Radhaswami Honda - 8866536134; **NANDASAN:** Maruti Honda - 9712152046; **THOL:** Radhaswami Honda - 9033203639; **HIMMATNAGAR:** H.R. Honda - 9328745999; **PRANTIJ:** 9428220739; **VADALI:** Parth Honda - 7600499610; **TALOD:** H.R. Honda - 9106235005; **KHEDBRAHMA:** GU Maja Honda - 9426577600; **IDAR:** Alvi Honda - 9054377814; **MODASA:** Dwarkesh Honda - 7575807525; **MEGHRAJ:** Dwarkesh Honda - 7575807523; **BAYAD:** Dwarkesh Honda - 7575807547; **SATHAMBA:** Dwarkesh Honda - 9898122461; **BHILODA:** Gujarat Honda - 9173922363; **MEHSANA:** Hi Tech Honda (Nagalpur Road) - 9825043639; Riya Honda (Radhanpur Road) - 9727786655; Hi Tech Honda (Radhanpur Circle) - 9574324032; **UNJHA:** Hi Tech Honda - 9727708002; **VISNAGAR:** Hi Tech Honda 7624003592; **VIJAPUR:** Hi Tech Honda - 9979871331; **VADNAGAR:** Shiv Honda - 8866958089; **KAHODA:** Hi tech Honda - 6352979732; **PATAN:** Dhiyaan Honda - 8401228305; **BALISANA:** Dhiyaan Honda - 8401228305; **RADHANPUR:** Adarsh Honda - 9723712600; **VARAHI:** Adarsh Honda - 9723712600; **PALANPUR:** Diti Honda (ABU Road) - 9099999202; **DEESA HIGHWAY:** Diti Honda - 9909540511; **DEESA:** Dhiyaan Honda - 9909041021; **DIYODHAR:** Dhiyaan Honda - 9909046035; **BHABHAR:** Shri Arbuda Honda - 9624377899; **THARAD:** Jalaram Honda - 9998121677; **THARA:** Dhiyan Honda - 6358746101; **SHIHORI:** Dhiyaan Honda - 8238489840; **AMIRGARH:** Diti Honda - 6351880799; **DHANERA:** Banas Honda - 7990426700; **SURENDRANAGAR:** Shiv Shakti Honda - 8488068111; **LIMBDI:** Shiv Shakti Honda - 9825256032; **DHANGADHRA:** Shiv Shakti Honda - 9924827766; **LAKHTAR:** Shiv Shakti Honda - 9825253074; **PATDI:** Shiv Shakti Honda - 9978978939; **MULI:** Shiv Shakti Honda - 9978978929; **HALVAD:** Halvad Honda - 9638246901; **GHUNTU:** Halvad Honda - 8511158086; **ANAND:** Anand Honda - 9725104479; Amar Wings Honda - 7211197802; **GPO ROAD:** Anand Honda - 7046277789; **BORSAD:** Amar Wings Honda - 7211197804; **VV NAGAR:** Amar Wings Honda - 7211197880; **PETLAD:** Shreeji Honda - 9712942064; **TARAPUR:** Rajratan Honda - 9825277557; **UMRETH:** H.A. Honda - 7041947816; **ASODAR:** Anand Honda - 9904882446; **KHAMBAT:** Dynamic Honda - 9909032841; **NADIAD:** AJS Honda - 9723757029; N.K Auto Wings Honda - 7046153789; **SEVALIA:** Kanha Honda - 7433007661; **ALINA:** S V Honda - 6359122727; N.K Auto Wings Honda - 7046153789; **MEHMEDAVAD:** N.K Autowings Honda - 9537607789; **KHEDA:** N.K Auto Wings Honda - 9213437789.

For Bulk/Institutional enquiries, please write us at: institutionalsales@honda.hmsi.in

ગુજરાત સમાચાર

ફ્રાન્સમાં ભીતરનો ધૂમાડો

ફ્રાન્સની પ્રજા જાણે કે પથ્થરયુગમાં પાછી ફરી છે. રેનેસાઁના જમાનાથી દુનિયા પર પોતાનો આધુનિકતા દાખલ કરનારી પ્રજા તરીકેનો એનો જે દબદબો છે તે હવે કાળની કેડીએ વિખેરાઈ રહ્યો છે. હવે ફ્રાન્સમાં, સમયાંતરે વિરોધ પ્રદર્શનો સામાન્ય છે. આ વિરોધ હિંસા અને તોડફોડમાં પરિવર્તિત થઈ રહ્યા છે. કાળા પોશાક પહેરેલું જૂથ બ્લેક બ્લોક, કોઈ ચોક્કસ એજન્ડાને બદલે તોડફોડ માટે કુખ્યાત છે. રાજકીય વિભાજન, વધતું દેવું અને યુવાનોનો ગુસ્સો દેશ પર સવાર છે. શાળાઓની નબળી સ્થિતિ અને શિક્ષકોની અછત અંગે ચિંતાઓથી શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો હવે ફુગાવા અને વધતા ખર્ચ સામેના ગુસ્સામાં પરિવર્તિત થયા છે. યુરોપના સમૃદ્ધ દેશોએ રાષ્ટ્રની સંપત્તિ અને સંસાધનોનું વિતરણ કેવી રીતે કરવું તે અંગે સર્વસંમતિ પર પહોંચવું જોઈએ. હાલમાં, વૃદ્ધોને વધુ ફાયદો થઈ રહ્યો છે, જ્યારે યુવાનો તેમના ભવિષ્ય વિશે ચિંતિત છે.

દુનિયામાં કાળચક્ર કોઈક ભેદી ગતિએ ચાલી રહ્યું છે. માંધાતા ગણાતા દેશો ભીતરથી તૂટવા લાગ્યા છે. શત્રુઓથી અધિક ઉપાધિ સ્વયંની હયાતી છે. આવા દેશોની યાદી લાંબી છે ને એમાં ફ્રાન્સ પણ ઉમેરાયું છે. સૌથી વધુ પીડિત પ્રજા તરીકે ચીન, રશિયા અને ઉત્તર કોરિયાના લોકો છે જેઓ અવિરોધ સરમુખત્યારીનો ભોગ બન્યા છે અને તેઓ જાણતા નથી કે તેમના કંઠમાં પોતાના સ્વતંત્ર અવાજનો ઉદય થતાં કેટરા વરસો લાગશે. યુરોપની પીડા અલગ પ્રકારની છે. યુરોપમાં ઘટતો જન્મ દર અને સરેરાશ ઉંમર વધવાથી યુવાનોની વસ્તી ઘટી રહી છે. પરિણામે, ભારત, બાંગ્લાદેશ અને નેપાળ જેવા દેશોની તુલનામાં ફ્રાન્સ અને સ્પેનમાં યુવાનોની રાજકીય શક્તિ મર્યાદિત બની રહી છે. બીજા અર્થમાં એમની કોઈને પડી નથી. યુરોપિયન દેશો સામેનો સૌથી મોટો પડકાર સરકારી ખર્ચઅને આવકને સંતુલિત કરવાનો છે.

આ હાંસલ કરવા માટે, તેઓએ કાં તો ખર્ચ ઘટાડવો જોઈએ અથવા આવક વધારવી જોઈએ. જોકે, વૃદ્ધો પેન્શનમાં કાપ ઇચ્છતા નથી, અને આ સરકારનો સૌથી મોટો ખર્ચ છે. સ્થાનિક વસ્તી પણ વિદેશી વસાહતનો વિરોધ કરે છે, જેના કારણે સરકારો માટે ઉકેલ શોધવાનું મુશ્કેલ બને છે. ફ્રાન્સ પાસે શિક્ષણ ખર્ચ વધારવા માટે ભંડોળ નથી, જેના કારણે સંઘર્ષ વધે છે. ફ્રેન્ચ સરકાર શિક્ષણ પર GDP ના ૫.૧% ખર્ચ કરે છે. આમ હોવા છતાં, શાળા સુવિધાઓ અને શિક્ષણ સુધારવા માટે બહુ ઓછો ખર્ચ રકરવામાં આવે છે, કારણ કે આ રકમનો એક ચતુર્થાંશ કરતાં વધુ ભાગ નિવૃત્ત શિક્ષકો માટે પેન્શન પર ખર્ચવામાં આવે છે. સરકારી દેવું પણ રોકાણકારોમાં ચિંતાનું કારણ બની રહ્યું છે. સરકારી બોન્ડના વધતા વેચાણથી ફ્રાન્સ માટે ઉધાર લેવાનું વધુ મોંઘું થયું છે, અને વ્યાજદર ૨૫ વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. પરિણામે, આગામી વર્ષના બજેટમાં મોટા ફેરફારો થવાની શક્યતા નથી.

સરકાર હાલમાં નાના પ્રયાસોથી કામ કરી રહી છે. આ સમસ્યાઓનો ઉકેલ લાવશે નહીં. વિશ્વની સાતમી સૌથી મોટી અર્થવ્યવસ્થા, ફ્રાન્સ લાંબા સમય સુધી આર્થિક અને રાજકીય કટોકટીમાં ફસાઈ શકે છે, જેના કારણે યુરોપના સૌથી નબળા દેશોમાંના એક તરીકેની તેની મુદ્રા પ્રગટ થઈ છે. નવી રોજગારી સર્જનની ધીમી ગતિ અને જૂના સરકારી કર્મચારીઓની નિવૃત્તિની ઉંમર લંબાવવી એ ઘા પર મીઠું ભભરાવવા જેવું છે. ફ્રાન્સમાં પણ આવું જ બન્યું. બીજો મુદ્દો એ છે કે ફ્રેન્ચ સરકારના જાહેર કલ્યાણ ખર્ચનો લગભગ ૨૫ થી ૨૭ ટકા એક જ ઘટક પર ખર્ચ થાય છે. તે ઘટક પેન્શન છે. જો આટલી મોટી રકમનો ખર્ચ એવા લોકો પર કરવામાં આવી રહ્યો છે જેઓ સેવામાં નથી, તો શાળાઓ અને આરોગ્ય માટે ઓછા ભંડોળ ઉપલબ્ધ છે. ફ્રેન્ચ સરકાર દેવાના બોજ હેઠળ દબાયેલી છે અને બજેટમાં રાજકોષીય ખાધ ૫.૫ ટકાને વટાવી ગઈ છે.

આજે, યુરોપના સૌથી દેવાદાર દેશોમાંનો એક ફ્રાન્સ હવે ગ્રીસ કે ઇટાલી કરતાં વધુ દેવામાં ડૂબી ગયો છે. આ સાથે, વિદેશી રોકાણમાં ઘટાડો અને બદલાતા વાતાવરણને કારણે કૃષિને થયેલા ભારે નુકસાનને કારણે, આ પરિબળો નાગરિકોની અશાંતિમાં વધારો કરે છે. દેશે આ વર્ષે ભારે ઉનાળો અનુભવ્યો છે. પર્યાવરણના પરિવર્તનોને કારણે થતાં આર્થિક નુકસાન પણ વધતા અસંતોષ પાછળ છે. આ પરિસ્થિતિને દૂર કરવા માટે, ફ્રાન્સે આ વર્ષે મધ્યમ અને લાંબા ગાળાના બોન્ડ જારી કરવા પડશે. આ રકમ હાલમાં ૩૪૦ અબજ યુરો જેટલી મોટી છે. પરિણામે, ફ્રાન્સમાં દેવા-થી-GNP ગુણોત્તર વર્તમાન ક્વાર્ટરમાં વધીને ૧૧૯ ટકા થયો. આ અવદશા યુરોપિયન યુનિયન દ્વારા તેના સભ્ય દેશો માટે નિર્ધારિત લક્ષ્ય કરતાં ડબલ છે.

બેંકોમાં ડેટા ચોરીથી ગ્રાહક સુરક્ષામાં રહેલી ખામીઓ છતી થઈ

દેશની બેંકોમાં સાયબર ક્રાઈમમાં વધારો થતાં ડિજિટલ વિશ્વાસમાં પડેલી તિરાડ

દેશની બે સૌથી મોટી બેંકો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડામાં માંડ ત્રણ મહિનાના ગાળામાં ડેટા ચોરી (ડેટા બ્રીચ)ની ઘટનાઓ સામે આવે છે, ત્યારે એક પાયાનો પ્રશ્ન ઊભો થાય છે કે ભારતની બેંકિંગ સિસ્ટમમાં ગ્રાહકોની માહિતી કેટલી સુરક્ષિત છે? તેનાથી પણ વધુ મહત્ત્વનું એ છે કે, પરંપરાગત સુરક્ષા ઓડિટને પણ પાછળ છોડી દેતા અને દિનપ્રતિદિન વધુ જટિલ બનતા સાયબર જોખમોનો સામનો કરવા માટે બેંકો અને નિયમનકારો (રેગ્યુલેટર્સ) સક્ષમ છે ખરા?

સાયબર હુમલાથી બેંકિંગ કામગીરીમાં કોઈ ખલેલ ન પહોંચી હોવાનો અર્થ એવો નથી કે ગ્રાહકો માટે કોઈ જોખમ નથી. ખાતામાં બેલેન્સ સુરક્ષિત હોય તો પણ ખુલ્લા પડેલા નામ, મોબાઈલ નંબર, સરનામા અને લોન સંબંધિત માહિતીનો દુરુપયોગ ઓળખ ચોરી (ઈમ્પર્સનેશન), ફિશિંગ અને ચોક્કસ રીતે ટાર્ગેટ કરવામાં આવતી નાણાકીય છેતરપિંડીઓ માટે થઈ શકે છે.

આ ખતરાનું પ્રમાણ ઘણું ગંભીર છે. સંસદમાં રજૂ કરાયેલા CERT-Inના ડેટા અનુસાર, બેંકિંગ ક્ષેત્રમાં વર્ષ ૨૦૨૫માં ૫,૭૦,૦૦૦થી વધુ અને વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં લગભગ ૩,૫૦,૦૦૦ સાયબર સુરક્ષા સંબંધિત બનાવો નોંધાયા હતા. આ પૈકીનો મોટો હિસ્સો વાસ્તવિક ડેટા ભંગ કરતાં સુરક્ષા ખામીઓ શોધવાના પ્રયાસો સાથે જોડાયેલો હતો, પરંતુ આ આંકડા બેંકિંગ નેટવર્ક્સ પર વધી રહેલા દબાણને સ્પષ્ટ દર્શાવે છે.

ઈન્ટરનેશનલ કમિશન ઓન સાયબર સિક્યોરિટી લો એ જણાવ્યું હતું કે, સ્ટેટ બેંકની ઘટનાની વ્યાપક અસરો થઈ શકે છે, કારણ કે આ બેંક સરકારી ખાતાઓ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલી છે. આ ડેટા લીક એ કોઈ સામાન્ય ઘટના નથી, આ સંવેદનશીલ માહિતીનો દુરુપયોગ સરકારી તેમજ બિન-સરકારી તત્વો દ્વારા થઈ શકે છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ ઊભરી રહેલા નવા જોખમો સામે લડવા માટે પૂરતો નથી.

રિઝર્વ બેંક એ માહિતી ટેકનોલોજી, સાયબર સુરક્ષા, સંચાલકીય સ્થિતિસ્થાપકતા અને આઉટસોર્સિંગ સંબંધિત નિયમોને ક્રમશઃ વધુ કડક બનાવ્યા છે. ૩૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ બહાર પાડવામાં આવેલી અદ્યતન સાયબર સિક્યોરિટી માર્ગદર્શિકાએ બેંકો અને થર્ડ-પાર્ટી ટેક્નોલોજી પ્રોવાઈડર્સ માટે જવાબદારીના ધોરણો વધુ કડક કર્યા છે. તેમ છતાં, નિષ્ણાતોના મતે મૂળ અંતર નિયમનકારી



પાલન અને બદલાતા જોખમો સામે વાસ્તવિક સજ્જતા વચ્ચેનું છે.

આ ક્ષેત્રના નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, મુશ્કેલી એ છે કે સાયબર ગુનેગારો નિયમનકારી ઓડિટના સમયપત્રક મુજબ કામ કરતા નથી. હવે પછીનું નિર્ધારિત સુરક્ષા ઓડિટ આવે તે પહેલાં જ નવી ખામીઓ સામે આવી શકે છે અને તેનો દુરુપયોગ પણ થઈ શકે છે. જોખમો હવે કોઈપણ સામયિક ઓડિટ સાયકલ કરતાં વધુ ઝડપથી બદલાય છે. હવે જરૂરિયાત સમયાંતરે થતા પાલનથી સતત સુરક્ષા ખાતરી તરફ વળવાની છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના વધતા ઉપયાગે આમાં એક નવો પરિમાણ ઉમેર્યો છે. CERT-In એ તાજેતરમાં એવા કિસ્સાઓ જાહેર કર્યા હતા જેમાં એઆઈ એજન્ટ્સે અસુરક્ષિત ઓળખપત્રો અને ક્લાઉડ પરમિટ્સનો ગેરલાભ ઉઠાવીને ભારતીય સંસ્થાઓની ગુપ્ત માહિતી સુધી અનધિકૃત પહોંચ મેળવી લીધી હતી. મહત્વની બાબત એ છે કે અસરગ્રસ્ત સંસ્થાઓ પોતે આ ઘૂસણખોરી પકડી શકી નહોતી. આ ઘટનાઓ એઆઈ મોડેલ પ્રોવાઈડર્સ દ્વારા કરવામાં આવેલા ખુલાસાથી સામે આવી હતી.

અન્ય એક મોટી ચિંતા બેંકિંગ કામગીરીને ટેકો આપતા ટેકનોલોજી વેન્ડર્સ, ક્લાઉડ પ્રોવાઈડર્સ અને પેમેન્ટ પ્લેટફોર્મ્સનું વધતું જતું પરસ્પર નેટવર્ક જોડાણ છે. કોઈ એક સર્વિસ પ્રોવાઈડરની સિસ્ટમમાં રહેલી ખામી એકસાથે અનેક નાણાકીય સંસ્થાઓને જોખમમાં મૂકી શકે છે.

આ જોખમો માત્ર કાલ્પનિક નથી. વર્ષ ૨૦૨૪માં, બેંકિંગ ટેકનોલોજી પ્રોવાઈડર C-Edge Technologies પર થયેલા રેન્સમવેર હુમલાને કારણે ૩૦૦ જેટલી સહકારી અને પ્રાદેશિક ગ્રામીણ બેંકોની ચૂકવણી સેવાઓ કામચલાઉ ધોરણે ખોરવાઈ ગઈ હતી. આ ઘટનાને નિયંત્રિત કરવા માટે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એ તે પ્રોવાઈડરને પોતાના રિટેલ પેમેન્ટ નેટવર્કથી અલગ કરવું પડ્યું હતું. પાછળથી થયેલા ફોરેન્સિક રિવ્યૂમાં જાણવા મળ્યું હતું કે રેન્સમવેર બેંકોની પોતાની સિસ્ટમ સુધી ફેલાયો ન હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર રિઝર્વ બેંક એક નવી નિરીક્ષણ પદ્ધતિ પર વિચાર કરી રહી હોવાના અહેવાલ છે, જે હેઠળ સમાન મહત્વપૂર્ણ ટેકનોલોજી પ્રોવાઈડર્સનો ઉપયોગ કરતી બેંકો સંયુક્ત રીતે પોતાના સાયબર સંરક્ષણનું પરીક્ષણ કરી શકશે.

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન કાયદો જવાબદારીનું વધુ એક સ્તર ઉમેરે છે. બેંકો, ડેટા ફિડ્યુશિયરી (ડેટા ટ્રસ્ટી) તરીકે, આઉટસોર્સિંગ કરેલું હોય તો પણ ગ્રાહકોની માહિતી સુરક્ષિત રાખવા માટે અંતિમ જવાબદાર રહે છે. રિઝર્વ બેંકનું માળખું ઓપરેશનલ સુરક્ષા પૂરી પાડે છે, જ્યારે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન કાયદાનું માળખું વ્યક્તિગત ડેટા સુરક્ષા અને ઉલ્લંઘન સંબંધિત જવાબદારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુખ્ય સમસ્યા નિયમનકારી વિભાજનની છે. કારણ કે રિઝર્વ બેંક, ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન કાયદો, આઈટી એક્ટ, CERT-Inના નિર્દેશો, કોન્ટ્રાક્ટની શરતો અને ગ્રાહક સુરક્ષા નિયમો વચ્ચે ઓવરલેપિંગ (એકબીજા પર આવતી) જવાબદારીઓ ઊભી થાય છે, પરંતુ તેના નિયમો અલગ-અલગ સંજોગોમાં લાગુ પડે છે.

નિયમનકારી દેખરેખ વધારવી જરૂરી છે, પરંતુ માત્ર નવા નિયમો ઉમેરવાથી સાયબર સુરક્ષામાં સુધારો થશે જ એવું નથી. હવે સામાન્ય સંમતિ એ બની રહી છે કે બેંકોએ હુમલા અટકાવવાની સાથે-સાથે હુમલાને તાત્કાલિક પકડવા, નિયંત્રિત કરવા અને તેમાંથી ઝડપથી બહાર આવવા (રિકવરી) પર પણ એટલું જ ધ્યાન આપવું પડશે. સાયબર સ્થિતિસ્થાપકતા માટે સતત મોનિટરિંગ, ખામીઓનું ઝડપી નિવારણ, ટેકનોલોજી વેન્ડર્સ પર કડક દેખરેખ અને અસરકારક ગ્રાહક સૂચના અનિવાર્ય બની રહ્યા છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ પર વધુને વધુ નિર્ભર બનતા જતા આ ઉદ્યોગ માટે સાયબર સિક્યોરિટી હવે માત્ર આઈટી કે નિયમ પાલનનું ઔપચારિક કામ રહ્યું નથી. તાજેતરની ઘટનાઓ એક મૂળભૂત વાસ્તવિકતા પર ભાર મૂકે છે. બેંકિંગ સિસ્ટમનું રક્ષણ કરવું એ પડકારનો માત્ર એક ભાગ છે. ગ્રાહકોની માહિતીનું રક્ષણ કરવું અને તેમનો વિશ્વાસ જાળવી રાખવો તેટલું જ મહત્વપૂર્ણ છે.

બેંકિંગ ક્ષેત્રમાં વર્ષ ૨૦૨૫માં ૫,૭૦,૦૦૦થી વધુ અને વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં લગભગ ૩,૫૦,૦૦૦ સાયબર સુરક્ષા સંબંધિત બનાવો નોંધાયા

AIની આવકમાં ઉછાળો, પરંતુ Q2માં IT ક્ષેત્રનો વિકાસ ધીમો

ભારતીય આઈટી સર્વિસ કંપનીઓ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આવકના એક મહત્વપૂર્ણ સ્ત્રોત તરીકે ઉભરી રહ્યું છે, પરંતુ તેનો આ ઝડપી વિકાસ હજુ સમગ્ર આવકમાં નોંધપાત્ર વૃદ્ધિમાં ફેરવાઈ શક્યો નથી, કારણ કે ઓટોમેશનના કારણે પરંપરાગત સેવાઓના વ્યવસાય પર અસર પડી રહી છે. ઉદ્યોગ સામે મુખ્ય પડકાર એ છે કે એઆઈ આધારિત એટલો નવો બિઝનેસ ઊભો કરવો જેથી ગ્રાહકો દ્વારા વધુ પ્રોડક્ટિવિટી અને ઓછા ખર્ચની માંગને લીધે થયેલા નુકસાનની ભરપાઈ થઈ શકે.

લાર્જ-કેપ આઈટી કંપનીઓમાં, HCL ટેક એ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં કોન્સ્ટન્ટ કરન્સી ટર્મ્સમાં ૨.૩% સાથે સૌથી વધુ ક્વાર્ટર-ઓન-ક્વાર્ટર આવક વૃદ્ધિ નોંધાવી છે. ત્યારબાદ ઈન્ફોસીસે ૧.૨% સાથે બીજા ક્રમે રહી હતી. ટીસીએસ એ ૦.૫% નો વધારો નોંધાવ્યો, જ્યારે વિપ્રોએ સપાટ વૃદ્ધિ દર્શાવી છે.

કંપનીઓએ તેમના એઆઈ સંબંધિત વ્યવસાયમાં મજબૂત વૃદ્ધિ દર્શાવી હોવા છતાં આ સામાન્ય કામગીરી જોવા મળી છે, જે દર્શાવે છે કે ઊભરી રહેલી નવી તકો અને તેમની મુખ્ય (કોર) કામગીરી પરના દબાણ વચ્ચેનું અંતર સતત વધી રહ્યું છે.

ઈન્ફોસિસ એ જણાવ્યું કે તેની આવકમાં એઆઈ નો હિસ્સો હવે ૧૦.૫% થઈ ગયો છે, જેમાં ત્રિમાસિક ધોરણે ૨૯% નો વધારો જોવા મળ્યો છે. ટીસીએસ એ ૩.૧ બિલિયન ડોલરનો વાર્ષિક એઆઈ આવક રન રેટ નોંધાવ્યો છે, જેણે પ્રથમ વખત કુલ આવકના ૧૦% નો આંકડો પાર કર્યો છે.

HCL ટેકની એડવાન્સ્ડ એઆઈ આવક (જેમાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અને પ્લેટફોર્મ કોમ્પોનન્ટ્સ સામેલ છે) ત્રિમાસિક ધોરણે ૨૮% વધી છે અને કુલ આવકમાં ૬% નો હિસ્સો ધરાવે છે. આ જોકે, એઆઈ સંબંધિત વ્યવસાયના વિસ્તરણથી સમગ્ર આવકમાં સમકક્ષ વૃદ્ધિ જોવા મળી રહી નથી.

આનું એક કારણ એ છે કે ગ્રાહકો એઆઈ દ્વારા પ્રોડક્ટિવિટી વધવાની વધુ અપેક્ષા રાખી રહ્યા છે. કંપનીઓ ટેકનોલોજીના ખર્ચ સામે ચોક્કસ રિટર્નની માંગ કરી રહી છે અને મરજિયાત ખર્ચાઓ પ્રત્યે સાવચેત વલણ અપનાવી રહી છે, જેના લીધે પરંપરાગત કોન્ટ્રાક્ટ મૂલ્યો પર દબાણ આવી રહ્યું છે.

એઆઈ આધારિત ઉત્પાદકતાની પ્રતિબદ્ધતાઓની અપેક્ષાઓ સ્પર્ધાત્મકતા વધારી રહી છે અને વ્યાપારી મોડેલોને નવો આકાર આપી રહી છે. કોમ્યુનિકેશન્સ સેગમેન્ટ માંગના પડકારજનક વાતાવરણનો સામનો કરી રહ્યું છે, જેમાં ગ્રાહકો પોતાના વિવેકાધીન (વધારાના) ખર્ચ પર કડક નિયંત્રણ રાખી રહ્યા છે અને ખર્ચ-કાર્યક્ષમતાને પ્રાથમિકતા આપી રહ્યા છે.

બીજું પરિબળ એ છે કે એઆઈ સાથે સંકળાયેલી તમામ આવક કોઈ નવો ખર્ચ દર્શાવતી નથી. આમાંથી કેટલીક આવક સંપૂર્ણપણે નવો બિઝનેસ મેળવવાને બદલે હાલના પ્રોજેક્ટ્સનું રૂપાંતરણ કરવાથી આવે છે. તે જ સમયે, એઆઈ ટૂલ્સ ગ્રાહકોને કાર્યો ઓટોમેટ કરવા અને ઓછા બિલિંગ કલાકોમાં પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવાની મંજૂરી આપે છે, જે સંભવિતપણે પરંપરાગત સોફ્ટવેર ડેવલપમેન્ટ, ટેસ્ટિંગ, મેઈન્ટેનન્સ અને સપોર્ટથી સર્વિસ પ્રોવાઈડર્સ મેળવતા હોય તે આવકમાં ઘટાડો કરી શકે છે.

ભારતીય આઈટી કંપનીઓ પાસે મજબૂત એઆઈ એપ્લિકેશન્સ બિઝનેસનો અભાવ છે, જેના કારણે એન્ટરપ્રાઈઝ ગ્રાહકો તેમના ખર્ચનો મોટો હિસ્સો હાઈપરસ્કેલર્સ, એઆઈ નેટિવ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ તરફ વાળી રહ્યા છે. જ્યાં સુધી સેવા પ્રદાતાઓ આ ખર્ચનો મોટો હિસ્સો મેળવી શકે તેવા એપ્લિકેશન્સ અને સોલ્યુશન્સ તૈયાર નહીં કરે, ત્યાં સુધી આ સેક્ટર આગામી બે-ત્રણ વર્ષ સુધી ૪% થી ઓછા દરે વૃદ્ધિ પામવાનું ચાલુ રાખી શકે છે.આગામી બે થી ત્રણ વર્ષમાં આ દબાણ વધુ તીવ્ર થવાની ધારણા છે, કારણ કે એઆઈ આધારિત આવક ડિફ્લેશન પરંપરાગત સર્વિસ બિઝનેસને નવો આકાર આપી રહ્યું છે.

ઓટોમેશનના કારણે પરંપરાગત સેવાઓના વ્યવસાય પર અસર પડી રહી છે

જેને ટ્રમ્પ સાથે છત્રીસનો આંકડો છે તે લુલા ઐતિહાસિક જીતથી ચૂંટાઈ આવ્યા

બ્રાઝિલની ચૂંટણીમાં લુલાને હરાવવા માટેના ટ્રમ્પના હવાતિયાં નિષ્ફળ

BRICSનો પ્રથમ B એટલે કે બ્રાઝીલ જે ટ્રમ્પને પણ બીવડાવે છે. રશિયા, ઈન્ડિયા અને ચાઈનાએ તો ટ્રમ્પને હેરાન કરી જ નાખ્યા છે. જેમાં રશિયા પાસેથી ઓઈલ લેવા ટ્રમ્પને મજબુર કરી દીધા. તો બ્રાઝીલ શું કામ પાછળ રહી જાય ?. બ્રાઝીલના લુલા ડી સિલ્વા ચોથી વખત ઐતિહાસિક જીતથી ચૂંટાઈ આવ્યા છે. જેને ટ્રમ્પ સાથે છત્રીસનો આંકડો છે.

લુલા ડી સિલ્વાને હરાવવા માટે ટ્રમ્પએ એડી ચોટીનું જોર લગાડ્યું હતું આમ છતાં લુલા જીતી આવ્યા એ ટ્રમ્પ માટે નીચું જોવા જેવુંછે. વેનુંઝુએલાના માંદુરોની જેમ લુલાનું અપહરણ કરવાની ઈચ્છા ખુબ છે પણ અમેરિકા માટે સરળ નથી.

બ્રાઝીલની ચુંટણીમાં રાષ્ટ્રપતિની સીધી પસંદગી કરવામાં આવે છે. જો કુલ મતદાનના ૫૦%+૧ મત મળે તો તે પ્રેસિડેન્ટ થાય છે. અને જો ૫૦% કરતા ઓછા મત મળે તો સૌથી વધુ મત મેળવનાર બે ઉમેદવારોનું ફરી બીજા તબક્કાનું વોટીંગ થાય છે તેમાં જેને વધુ મળે છે તેને સત્તા મળે છે.

આ વખતની ચુંટણીમાં લુઈઝ ઈનાસિયો લુલા ડી સિલ્વા અને તેની સામે ફ્લેવિયો બોલ્સોનારો જે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જાએર બોલ્સોનારોના પુત્ર ઉભા હતા. ફ્લેવિયોની લિબરલ પાર્ટી જે જમણેરી કટ્ટર વિચારધારા ધરાવે છે. જયારે લુલા ડી સિલ્વા એ વર્કર્સ પાર્ટી ડાબેરી વિચારધારા ધરાવે છે. આમ છતાં સતત ચોથી વખત ચૂંટાઈ આવ્યા છે.

લુલા અમેરિકાના કટ્ટર વિરોધી છે. ટ્રમ્પએ કોઈ પણ જાતના અભ્યાસ વગર બ્રાઝીલ પર ટેરીફ નાખવાની જાહેરાત કરી તો સામે લુલાએ પણ સામે ટેરીફ અને અન્ય વેપારીક શરતો એવી મૂકી કે અમેરિકા વધુ નુકશાનમાં રહે. ટ્રમ્પએ બ્રાઝીલ પર ટેરીફ તો નાખી દીધો પરંતુ બ્રાઝીલ અમેરિકાને માલ વેચે છે તે કરતા તેની પાસેથી ખરીદી વધુ કરે છે. એટલે બ્રાઝીલે રેસીપ્રોક્લ ટેરીફ નાખીને અમેરિકાને વધુ નુકશાન પહોચાડ્યું છે.

અમેરિકાને બોલ્સોનારોને ચુંટણી જીતાડવામાં એટલે રસ હતો કે બ્રાઝીલમાં આવેલ એમેઝોનના જંગલો કે જે વિશ્વના ફેફસા તરીકે ઓળખાય છે. તેની નીચે મિનરલ્સનો ભંડાર છે. આ જંગલોનો નાશ કરીને મિનરલ્સ લેવામાં અમેરિકાને વધુ રસ હતો. આથી ફ્લેવિયોને કોઈ પણ સંજોગોમાં જીતાડવા માંગતા હતા.

બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જાએર બોલ્સોનારો જે ફ્લેવિયો બોલ્સોનારોના પિતા છે. તેના કાર્યકાળ દરમિયાન એમેઝોનના જંગલોના વિનાશમાં મોટો ઉછાળો આવ્યો હતો. અંદાજે ૬૦% જંગલોનો નાશ કરી નાખ્યો હતો. આ ઉપરાંત, ૨૦૨૨ની ચૂંટણી હાર્યા બાદ સત્તા પલટો કરવાનો પ્રયાસ કરવાના આરોપસર બ્રાઝિલની સુપ્રિમ કોર્ટે તેમને ૨૭ વર્ષ અને ૩ મહિનાની જેલની સજા ફટકારી છે. અમેરિકાના આ તમામ આર્થિક અને રાજકીય દબાણો છતાં બ્રાઝિલની ન્યાયિક વ્યવસ્થા ઝૂકી નથી. નવેમ્બર ૨૦૨૫માં જ્યારે બોલ્સોનારોએ પોતાના પગમાં લગાવેલું ઈલેક્ટ્રોનિક એન્કલ મોનિટર (નજરકેદ માટેનું ટ્રેકિંગ ડિવાઇસ) તોડવાનો પ્રયાસ કર્યો, ત્યારે કોર્ટે તેમની ઘરની નજરકેદ રદ કરીને તેમને ફેડરલ પોલીસ હેડક્વાર્ટરમાં જેલની સજા ભોગવવા માટે મોકલી દીધા છે. હાલમાં તેઓ જેલમાં જ છે. બ્રાઝિલે અમેરિકાના આ દબાણોને પોતાના આંતરિક મામલામાં દખલગીરી ગણાવીને સખત વિરોધ કર્યો હતો.

લુલા ડી સિલ્વા એ એક સમયે મજુર તરીકે કામ કરતા હતા. તેઓ મજુર નેતા તરીકે આગળ આવીને આજે આ પોઝીશન પર છે. આ ચુંટણીમાં પ્રથમ રાઉન્ડમાં ફ્લાવિયોને સૌથી વધુ ૪૭.૦૩% મત મળ્યા હતા અને લુલા દા સિલ્વા તેમને ૪૫.૧૬% મત મળ્યા હતા. આ પછી બીજા તબક્કાનું વોટીંગ થયું. તેમાં લુલાએ જંગલોમાં રહેતા લોકોને મત આપવા માટે સમજાવ્યા. કામદારો અને યુવાઓને પોતાની સાથે લઈને એક નવી જ રણનીતિ સાથે આવ્યા. પ્રથમ રાઉન્ડમાં બોલ્સોનારો જૂથ સોશિયલ મીડિયા પર ઘણું મજબૂત હતું. પરંતુ બીજા રાઉન્ડ પહેલાં લુલાના સાથી નેતા આન્દ્રે જાનોનેસ દ્વારા 'Lula's Army – લુલાની આર્મી- નામની વોટ્સએપ ચેનલ શરૂ કરવામાં આવી. આ ચેનલના સબ્સ્ક્રાઈબર્સ ગણતરીના દિવસોમાં ૫૦,૦૦૦ થી વધીને ૧ કરોડથી વધુ થઈ ગયા. ટેક-સેવી યુવાનોએ આ પ્લેટફોર્મ્સ દ્વારા જમણેરી વિચારધારાના પ્રચારનો તોડ કાઢ્યો અને મધ્યમમાર્ગી મતદારોને આકર્ષ્યા.

બીજા રાઉન્ડમાં લુલા દા સિલ્વાએ શાનદાર વાપસી કરીને આશરે ૫૧.૭૬% મતો સાથે ઐતિહાસિક જીત મેળવી ચોથી વખત રાષ્ટ્રપતિ પદ સુરક્ષિત કર્યું છે. પ્રથમ રાઉન્ડમાં તેઓ પ્રતિસ્પર્ધી ફ્લાવિયો બોલ્સોનારોથી આશરે ૨૨ લાખ મતોથી પાછળ હતા, પરંતુ બીજા રાઉન્ડમાં તેમણે બાજી પલટીને આશરે ૪૪ લાખ મતોની નિર્ણાયક લીડ સાથે વિજય મેળવ્યો.

જે રીતે અમેરિકામાં ટ્રમ્પ હારી ગયેલા ત્યારે વ્હાઈટ હાઉસ પર તેમના સમર્થકોએ હુમલો કરેલો. આવી જ શંકા બ્રાઝીલમાં માટે હાલમાં સેવાઈ રહી છે. ફ્લાવિયો બોલ્સોનારો એ તો આરોપ પણ મુક્યો છે કે લુલા ગોટાળો કરીને ચુંટણી જીત્યા છે હું આ ચૂંટણીના પરિણામને માનતો નથી. યુરોપ અને મિડલ ઈસ્ટમાં સત્તા પલટો કરવામાં અમેરિકા સક્રિય છે. તેમ જ બ્રાઝીલમાં પણ કરી શકે છે. અમેરિકા આ માટે ભવિષ્યમાં જરૂર સક્રિય થશે જ. હાલમાં તો ટ્રમ્પ તેની ચૂંટણીમાં વ્યસ્ત છે એટલે આવનારા સમયમાં ટ્રમ્પનું શું થાય છે તેના પર બધો આધાર છે.

લેખકઃ પરેશ કે ભટ્ટ

લુલા ડી સિલ્વા એ એક સમયે મજુર તરીકે કામ કરતા હતા. તેઓ મજુર નેતા તરીકે આગળ આવીને આજે ટોપ પોઝીશન પર છે

કેલ્શિયમ અને ટ્રાયક્લોસન બેઝ્ડ ટૂથપેસ્ટ અંગેની માહિતી

ઔદ્યોગિક માર્ગદર્શન

■ ધીરૂ પારેખ

ફ્લોરાઈડ, કેલ્શિયમ અને ટ્રાયક્લોસેન યુક્ત ટૂથપેસ્ટ દાંતનો સડો, દાંતની મજબૂતી, તેમજ દાંતના રોગોમાં અકસીર સાબિત થયેલ છે. સાથે ફ્લોરાઈડ દાંતના ઉપરના પડના પદાર્થને સખત બનાવે છે. તેમજ દાંતના હાડકાંના સડાને ઓછો કરવામાં મદદરૂપ બને છે.

ફ્લોરાઈડ : ફ્લોરાઈડ યુક્ત ટૂથપેસ્ટમાં ફ્લોરાઈડ પ્રમાણ લગભગ (૦૫ થી ૦૧ એમજી) જેટલું હોય છે.

તેમજ પબ્લીક ડ્રીન્કીંગ વોટર સપ્લાયમાં (૧ એમજી) જેટલું ફ્લોરીન સોલ્ટ ઉમેરવામાં આવે છે.

જે દાંતના રોગોને અસરકારક રીતે ઓછો કરવામાં મદદરૂપ બને છે. તેમાંયે બાળકોના દાંત માટે ખાસ ઉપયોગી સાબિત થયેલ છે.

ફ્લોરિડેટીંગ કમ્પાઉન્ડ ટૂથપેસ્ટ અને ડેન્ટ્રીફીક તેમજ ડ્રીન્કીંગ વોટર માટે ઉપયોગમાં લેવાય છે. ડ્રીન્કીંગ વોટરમાં થોડું પણ વધારે એટલે કે (૧.૦થી ૨.૦ એમ.જી./૧ લીટરે) સોલ્યુબલ ફ્લોરાઈડ હોય તો દાંતની સપાટી ઉપર ટપકાં, ટપકાં બાઝી જતાં હોય છે. સાથે નેચરલ શાઈન, દાંતની લસ્ટર, તેમજ દાંત-ચોકલેટ પ્રકારના વાઈટ, બ્રાઉન, યેલો અથવા બ્લેક પ્રકારના થઈ જાય છે.

કેલ્શિયમ : કેલ્શિયમ એ એક સ્ટેબલ, કોમન, ડીસ્પર્સ્ડ મટિરીયલ જે નેચરલ પદાર્થ છે. કેલ્શિયમ દાંતની મજબૂતીમાં વધારો કરે છે. તેમજ દાંતના પેઢાને સખત બનાવવામાં મદદરૂપ બને છે. કેલ્શિયમથી દાંતના હાડકાં મજબૂત બને છે.

(ક્રમશઃ)

૫૭મી કાઉન્સિલની બેઠકમાં ફેરફારોની ચર્ચા

વેચાણવેરો

■ સોહમ મશરુવાળા

અગાઉના લેખમાં ૫૭મી કાઉન્સિલ મુજબ સૂચવવામાં આવેલા ફેરફારોની ચર્ચા કરવામાં આવી હતી, અને બાકીના ફેરફારો વિશે આ લેખમાં સંક્ષિપ્ત માહિતી આપવામાં આવી છે.

ઈનપુટ ટેક્સ ક્રેડિટનો વ્યાપ

કાઉન્સિલે કલમ ૧૭(૫) હેઠળ અત્યાર સુધી પ્રતિબંધિત રહેલી કેટલીક ઈનપુટ ટેક્સ ક્રેડિટ પરના નિયંત્રણો હળવા કરવાની ભલામણ કરી છે. તેમાં આઉટડોર કેટરિંગ, આરોગ્ય અને જીવન વીમા, ટેલિકોમ્યુનિકેશન ટાવર, ફેક્ટરીની બહારની પાઈપલાઈન અને મફત નમૂનાઓ જેવી કેટલીક બાબતોનો સમાવેશ થાય છે.

નાના વેપારીઓ માટે નોંધપાત્ર રાહત

અગાઉના વર્ષમાં રૂા. ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા અને માત્ર સામાન્ય ગ્રાહકોને એટલે કે અનરજિસ્ટર્ડ અગાઉના વર્ષમાં રૂા. ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા અને માત્ર સામાન્ય ગ્રાહકોને એટલે કે અનરજિસ્ટર્ડ વ્યક્તિઓને વેચાણ કરતા વેપારીઓ માટે વૈકલ્પિક વાર્ષિક રિટર્ન અને ત્રિમાસિક ચુકવણી યોજના અંગે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અગાઉના નાણાંકીય વર્ષમાં રૂા. ૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓ જો કલમ ૩૯(૧) હેઠળનું રિટર્ન નિયત તારીખ પછી, પરંતુ તે જ મહિનાના અંત સુધીમાં ફાઈલ કરવામાં આવે તો લેટ ફી માફ કરવાની દરખાસ્ત છે. નાના વેપારીઓને રિટર્ન ફાઈલિંગમાં થતો થોડા દિવસનો વિલંબ હવે વધારાના નાણાકીય બોજમાં પરિવર્તિત ન થાય તે આ પગલાનો હેતુ છે.

રજિસ્ટ્રેશન અને રિટર્નમાં સરળતા

જીએસટી નોંધણી મેળવવી, વિગતો સુધારવી અથવા બંધ થયેલા વ્યવસાયનું રજિસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજોની સ્પષ્ટ યાદી, વધુ સરળ ઓનલાઈન ફોર્મ અને રજિસ્ટ્રેશનની મોટાભાગની વિગતોમાં સ્વચાલિત સુધારાની વ્યવસ્થા કરવાની ભલામણ કરી છે. મુખ્ય વ્યવસાય સ્થળ સંબંધિત વિગતો માટે કેટલીક અલગ શરતો રહેશે. આ નવી રિટર્ન-સુધારા પદ્ધતિ એપ્રિલ, ૨૦૨૭ના રિટર્ન સમયગાળાથી લાગુ કરવાની ભલામણ છે. આ નિર્ણયોથી ટેકિનકલ ભૂલોને કારણે ઊભી થતી નોટિસો અને વિવાદોમાં ઘટાડો થઈ શકે છે.

મનસ્વી કાર્યવાહી ઘટાડવાનો પ્રયાસ

ઈ-વે બિલની તપાસ દરમિયાન વાહનો રોકાવા, માલ અટકાવવા અને દંડાત્મક કાર્યવાહી થવાની ફરિયાદો વેપાર જગતમાં લાંબા સમયથી ચર્ચાનો વિષય રહી છે. કાઉન્સિલે હવે ચોક્કસ ગુપ્ત માહિતી તથા ઓછામાં ઓછા જોઈન્ટ કમિશનર કક્ષાના અધિકારીની મંજૂરીના આધારે વાહન રોકવાની વ્યવસ્થા સૂચવી છે. સામાન્ય પરિસ્થિતિમાં માત્ર માલ પસાર થતો હોય તેવા રાજ્યમાં તપાસ અને માલ અટકાવવાની કાર્યવાહી પર નિયંત્રણ મૂકવાની ભલામણ છે. માલ પરિવહનમાં આ સુધારા અમલમાં આવે તો ટ્રાન્સપોર્ટર્સ અને વેપારીઓને અનાવશ્યક વિલંબથી રાહત મળી શકે છે.

દિવાળી ટાણે જ માંદી પડી ગઈ ચાંદી

સ્માઇલ ઇન્ડેક્સ

■ વ્યર્થશાસ્ત્રી

કોમોડિટી કેર સેન્ટરમાં ડો. સટોડિયાના કમ્પાઉન્ડર વાયદાએ બૂમ પાડી. 'ચાલો નેક્સ્ટ પેશન્ટ...'

ત્યાં સોનુકુમાર ગુસ્સાથી વાયદાને અવગણી સીદા ડો. સટોડિયા પાસે પહોંચી ગયા. 'વ્હોટ ડુ યુ મીન? હું શું તમને કોઈ પેશન્ટ જેવો દેખાઉં છું?'

ડો. સટોડિયા હેબતાઈ જઈને કહે, 'તમે જે રીતે ગુસ્સો કરી રહ્યા છે એ જોતાં લાગે જ છે કે તમારું પ્રેશર વધી ગયું છે. ચલો, સીટ ડાઉન. ઈન ફેક્ટ, કૂલ ડાઉન... આટલી ગરમી સારી નહીં.'

'ડોક્ટર સાહેબ, હું કૂલ ડાઉન કરવાની કોશિશમાં જ છું. મારું પ્રેશર એક ગ્રામના ૧૫,૦૦૦ આસપાસ ફરતું હતું ત્યાંથી તો ઘણું ઘટી ગયું છે, પણ માઈન્ડ વેલ, હું બીમાર નથી. ઈન ફેક્ટ, હું હમણાંથી દંડ બહુ પીલું છું એટલે જરા મારું વેઈટ રિડયુસ થયેલું લાગે છે.'

'મિસ્ટર, તમારે ભાષા બાબતમાં પણ કૂલ ડાઉન થવાની જરુર છે. આપણે ત્યાં ઈન્ડિયામાં બહુ તોરમાં હોય અથવા તો નશામાં હોય તે જ આટલું બધું અંગ્રેજી બોલે. અને હા, તમે જરાય સિકનેસ ફીલ નથી કરતા તો પછી આ કોમોડિટી કેર સેન્ટરની મુલાકાત લેવાનું પ્રયોજન?' ડોક્ટરે સોનુકુમારથી જરા પણ પ્રભાવિત થયા વિના કહ્યું.

સોનુ કુમાર જરા ઠંડા પડીને કહે, 'અંગ્રેજીનું તો એવું છે કે અહીં મૂળ ઈન્ડિયામાં અમારા સગા ઓછા. અહીં અમારી નાતના જેટલા સુવર્ણચંદભાઈ કે સોનાલતાબેનો દેખાય છે એ બધા મૂળ ઈમ્પોર્ટ થયેલા એટલે કે પરદેશથી આવેલા જ છીએ. એટલે અમને અંગ્રેજી વધારે ફાવે છે. અહીં તો હું જસ્ટ ન્યુટ્રિશિયન બાબતે ટિપ્સ લેવા જ આવ્યો હતો. બાકી મારે તમારું કોઈ ઈન્જેક્શન કે ચૂરણ નથી જોઈતાં.'

કોમોડિટી કેર સેન્ટરમાં ક્રૂડને આફરો ચઢ્યો, સોનાની દંડબેઠક

ડો. સટોડિયા હજુ કાંઈ સારવાર કરે એ પહેલાં દડદડતાં પહોંચી આવેલા ક્રૂડે સીધું ડોક્ટર સામેની ખુરશીમાં જ ગોઠવાઈ જાઈને કહ્યું, 'ડોક્ટર, જલ્દી



કરો. મને બહુ આફરો ચઢ્યો છે. કેટલાય ટાઈમથી પેટનો ઘેરાવો ૧૦૦ની ઉપર ને ઉપર જ રહે છે. મને ગેસ ચઢ્યો છે એમાં આખી દુનિયા ગોટે ચઢી છે.'

ડો. સટોડિયા સટ્ટાક દઈને ઉભા થતાં કહે, 'ભઈ, કાંઈ ખાવામાં આવી ગયું હતું?'

ક્રૂડ માંડ માંડ શ્વાસ લેતાં કહે, 'આ લડાઈની બધી આઈટમો. શિપ પર ફેંકાતાં રોકેટ્સ, બંદરો પર ફેંકાતાં બોમ્બ, આખાય અખાતમાં ઉડતા ડ્રોન અને બાકી હોય તેમ નેતાઓનાં નિવેદનો ઝાપટી ઝાપટીને મને આફરો ચઢ્યો છે. આ ક્યાં જઈને અટકશે તે ખબર પડતી નથી.'

ડો. સટોડિયા તેમનો કબાટ ફંફોસવા લાગ્યા. 'તમને શાંતિ કે સમાધાન બ્રાન્ડનું એકાદું ઈન્જેક્શન આપવું પડશે તો જ તમારો આફરો ઘટશે.'

ડોક્ટર આ ઈન્જેક્શન શોધી રહે તે પહેલાં કમ્પાઉન્ડર વાયદો અંદર ચીસો પાડતાં પાડતાં આવ્યો. 'ડોક્ટર ચાંદી... ડોક્ટર ચાંદી...'

ડો. સટોડિયા હરખાતાં હરખાતાં કહે, 'હેં ચાંદી? હા, ચાંદી, આપણને તો કાયમ ચાંદી જ ચાંદી...'

વાયદો કહે, 'અરે ના ડોક્ટર, આ ચાંદી તો સામી દિવાળીએ માંદી પડી છે. હજુ દસ મહિના પહેલાં હતી એના કરતાં અડધી થઈ ગઈ છે.'

ત્યાં તો મુડદાલ જેવી ચાંદી બાઈ અંદર પ્રવેશી. સાવ નિસ્તેજ શરીર, અંદર ઉતરી ગયેલી આંખો અને જાણે હીર ચુસાઈ રહ્યું હોય એવો દેખાવ...

'ઓહ... ચાંદીની આ હાલત....આ તો મારે જ ઝેર ઘોળવાનો ટાઈમ આવશે...' એવી ચીસ સાથે ડો. સટોડિયા ખુદ ફલોર પર ઢળી પડ્યા. સોનું કુમાર અને ક્રુડ એકબીજા સામે જોઈ રહ્યા.

સ્માઈલ ટીપ

ચાંદી જલ્દી કાળી પડી જાય, દસ મહિના પહેલાં ચાંદી લઈ રાખી હતી એ બધાના ચહેરા પણ કાળા પડી ગયા છે.

ગુજરાત સમાચાર
futuristic
કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા
સોમવાર, તા. ૦૨ નવેમ્બર ૨૦૨૬

આ પેજ તમને કેવું લાગ્યું?
QR સ્કેન કરો અને તમારો અભિપ્રાય આપો.

લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ : જેનું ભવિષ્ય 'મંગળ'મય બને તેવી આશા

લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ એટલે રેતી-સિમેન્ટ કે લોખંડ નહીં, પરંતુ બાયો-ટેકનોલોજીથી બનેલી સામગ્રી. એમાં સુક્ષ્મજીવો જીવંત રહીને બિલ્ડિંગને મજબૂતી આપશે

લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ શું છે?

બાયો-ટેકનોલોજી અને આર્કિટેક્ચરના સંયોજનથી તૈયાર કરાતી એવી બાંધકામ સામગ્રી છે કે જેમાં સૂક્ષ્મજીવો જેમ કે બેક્ટેરિયા, યીસ્ટ અથવા માઇક્રો-શેવાળ વગેરે જીવંત હાજર રહી માળખાને મજબૂતી આપે છે. એલબીએમના ટૂંકા નામે ઓળખાતી આ સામગ્રી બનાવવા માટે કુદરતી પદાર્થો જેવા કે રેતી, માટી કે ઔદ્યોગિક કચરો તો હોય જ સાથે સાથે હાઇડ્રોજેલ, જિલેટીન કે બાયો-પોલિમર પણ એમાં મિક્સ કરવામાં આવે છે. આ મિશ્રણમાં જીવંત સૂક્ષ્મજીવો ભેળવાય છે. આ સૂક્ષ્મજીવો પોષક તત્ત્વો અને ભેજ મળતાં જૈવિક પ્રક્રિયાથી કેલ્શિયમ કાર્બોનેટ ઉત્પન્ન કરે છે. આ પ્રક્રિયા રેતીના કણોને કુદરતી ગુંદરની જેમ જોડીને મજબૂત ઈંટ કે બ્લોકનું સ્વરૂપ આપે છે. પરંપરાગત રીતે સિમેન્ટ-કોંક્રીટથી જે ઈંટો બનાવવામાં આવે છે તેના સ્થાને આ મટિરિયલમાંથી બનતી ઈંટો અને પેનલ્સ બનાવી શકાય છે. ભવિષ્યમાં સિમેન્ટ-કોંક્રીટની ઈંટોને આ મટિરિયલથી બનતી ઈંટો રિપ્લેસ કરે તેવી આશા છે.

દુનિયામાં આજની તારીખે એક પણ બિલ્ડિંગ હજુ આ લિવિંગ બિલ્ડિંગ મટિરિયલથી બની નથી, પરંતુ તેના પ્રયોગોને નોંધપાત્ર સફળતા મળી હોવાથી તેને ભવિષ્યનું મટિરિયલ કહેવામાં આવે છે

એલબીએમથી હજુ સુધી એકેય બિલ્ડિંગ બની નથી

લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ યાને એલબીએમના કેટલાય પ્રયોગો ચાલી રહ્યાં છે. પ્રાયોગિક ધોરણે આ મટિરિયલને ઘણી સફળતા મળી રહી છે. સંશોધકોને તેનાથી ઉજળી આશા છે. ભવિષ્યમાં તેનો ઉપયોગ થશે એટલે પર્યાવરણમાં કાર્બનનું ઉત્સર્જન ઘટી જશે. સિમેન્ટ બનાવવા માટે જે ઊંચા તાપમાનની જરૂર પડે છે અને જે પ્રોસેસ થાય છે તેના કારણે કાર્બન ઉત્સર્જન થાય છે. તેની સામે એલબીએમ ઈકોફેન્ડલી છે. નેશનલ જ્યોગ્રાફિક્સ તો ત્યાં સુધી કહે છે એલબીએમથી કોંક્રીટના કારણે જે કાર્બન ઉત્સર્જન થાય છે એમાં ૯૦ ટકા સુધીનો ઘટાડો થઈ જશે. જોકે, હજુ આ મટિરિયલની સૌથી મોટી મર્યાદા એ છે કે તેનાથી દુનિયાની કોઈ બિલ્ડિંગ સંપૂર્ણ રીતે બની શકી નથી. તેનો ઉપયોગ અમુક હિસ્સો બનાવવામાં થયો છે, પરંતુ લાંબાં સમય માટે તે કેવી રીતે કામ કરશે તે પણ એક પડકાર છે. ન્યૂયોર્કમાં ધ લિવિંગ સ્ટૂડિયોના એક પ્રોજેક્ટમાં ૪૦ ફૂટ ઊંચો એક ટાવર આ પ્રકારની ઈંટોથી બનાવાયો છે. મલ્ટિ-સ્ટોર બિલ્ડિંગનું ભારેખમ માળખું ઉપાડવાની ક્ષમતા હજુ આ મટિરિયલમાં નથી એ તેની સૌથી મોટી નબળાઈ ગણાય છે.

પૃથ્વી પર પણ પ્રદૂષણમુક્ત બાંધકામ

પૃથ્વી પર ગ્લોબલ વોર્મિંગ વધારવામાં અને કાર્બન ઉત્સર્જન કરવામાં સિમેન્ટ ઉદ્યોગનો હિસ્સો લગભગ ૮ ટકા જેટલો ઊંચો છે. જો સિમેન્ટના વિકલ્પ તરીકે જીવંત કોષો અને ઓછી ઊર્જાથી બનતા આવા લિવિંગ મટિરિયલ્સનો ઉપયોગ થાય તો ભવિષ્યમાં પ્રદૂષણ વિનાની સેલ્ફ-હીલિંગ અને ઈકો-ફ્રેન્ડલી ઈમારતો તૈયાર થઈ શકે છે. એલબીએમના પ્રયોગો થતાં જશે તેમ તે વધારે અસરકારક બનશે. અત્યારે તેની સામે ઘણાં પડકારો છે. અમુક વાતાવરણમાં જ તેને મેઈનટેઈન રાખી શકાય છે ને ખૂબ વિષમ વાતાવરણમાં એના સુક્ષ્મજીવાણુ નિષ્ક્રિય થઈ જાય છે. આ બધા પડકારો છતાં એલબીએમને ભવિષ્યનું મટિરિયલ કહેવાય છે. ભવિષ્યમાં ઈંટો તેનાથી બનશે. સિમેન્ટ-કોંક્રીટથી પર્યાવરણને થતું નુકસાન આ મટિરિયલથી અટકી જશે.

માર્સ લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ

લિવિંગ બિલ્ડિંગ મટિરિયલમાંથી જ સંશોધકોએ મંગળને ધ્યાનમાં રાખીને ખાસ 'માર્સ લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ' તૈયાર કર્યું છે. આ પદ્ધતિમાં મંગળ પર મળતી સામાન્ય રેતી, પાણી આધારિત જિલેટીન હાઈડ્રોજેલ અને ખાસ પ્રકારના લિવિંગ યીસ્ટ કોષોનું મિશ્રણ કરીને મટિરિયલ બનશે. સંશોધકોએ નોંધ્યું કે આ મિશ્રણ જ્યારે જામી જાય છે ત્યારે તે કોંક્રીટ જેવી મજબૂતી પકડે છે. આ પદ્ધતિ અસરકારક સાબિત થશે. કારણ કે પૃથ્વી પરથી કોષોને મંગળ પર લઈ જવાનું ભારેખમ મટિરિયલ લઈ જવાની સરખામણીએ બેહદ આસાન રહેશે. સંશોધકોએ મંગળ જેવા વાતાવરણમાં માર્સ લિવિંગ બિલ્ડિંગ મટિરિયલને બનાવીને સફળ પ્રયોગ કર્યો છે. મંગળના તાપમાનમાં એમએલબીએમ બનાવી શકાય અને થ્રી-ડી પ્રિન્ટિંગથી આકાર પણ આપી શકાય.

પૃથ્વી ઉપરાંત અંતરીક્ષ મિશનમાં ઉપયોગી

પૃથ્વી પર આ સસ્ટેનેબલ અને રિસાઈકલ મટિરિયલની બોલબાલા વધશે એવી ભવિષ્યવાણી સંશોધકો કરી રહ્યા છે ત્યારે માત્ર પૃથ્વી પર જ નહીં, ભવિષ્યમાં અંતરીક્ષ મિશનોમાં એલબીએમની ભૂમિકા બહુ અગત્યની બની રહેવાની છે એવી પણ પૂરી શક્યતા છે. ચંદ્ર અને મંગળ પર જે રેતી મળે છે તેમાં સુક્ષ્મજીવો ભેળવીને ઓછા સાધનોમાં થ્રી-ડી પ્રિન્ટિંગથી રહેઠાણ માટેની સામગ્રી બનાવી શકાશે. અંતરીક્ષમાં માનવીએ ભવિષ્યમાં જુદા જુદા હેતુથી સ્ટ્રક્ચર બનાવવાની જરૂર પડશે. ભલે અત્યારે નહીં તો ૪૦-૫૦ વર્ષ પછી કે ૭૦-૮૦ વર્ષ પછી, પણ જ્યારે અંતરીક્ષમાં સ્ટ્રક્ચર બનાવવાની જરૂર પડશે ત્યારે પૃથ્વી પરથી ભારેખમ મટિરિયલ પહોંચાડવું શક્ય બનશે નહીં. તેના બદલે એલબીએમથી અંતરીક્ષમાં જ મટિરિયલ બનાવવાથી અબજોનો ખર્ચ બચી જશે.

ઓછી ઉર્જાથી એલબીએમની ઈંટોનું ઉત્પાદન થશે

'કેમ સસ્ટ્યુલેરીટ' નામની રસાયણને લગતી સાયન્સ જર્નલમાં ઓછી ઉર્જાથી નિર્મિત લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ મંગળ પર કેવી રીતે ભવિષ્યમાં સૌથી મોટો કોયડો ઉકેલાશે તેનો વિગતવાર અહેવાલ પ્રસિદ્ધ થયો છે. ચંદ્રની સરખામણીએ મંગળ સુધી સામગ્રી પહોંચાડવાનું લગભગ અશક્ય છે અને સંશોધકોને મંગળ પર માનવજાતના ભવિષ્યની ઉજળી શક્યતા લાગે છે ત્યારે મંગળ પર સ્ટ્રક્ચર બનાવવા મટિરિયલ વગર ચાલવાનું નથી. આવી સ્થિતિમાં મંગળ પર જ વ્યવસ્થા કરવી પડે. મંગળની સપાટી પર જે ધૂળ અને પથ્થરો પથરાયેલા છે તેને સાયન્ટિફિક ભાષામાં રેગોલિથ કહેવામાં આવે છે. અત્યાર સુધી એવું વિચારવામાં આવતું હતું કે મંગળ પર પહોંચીને ત્યાંની રેતીને સિન્ટરિંગ પદ્ધતિથી આશરે ૧,૦૦૦ ડિગ્રી સેલ્સિયસ કરતાં વધુ તાપમાને ગરમ કરીને ઈંટોમાં ઢાળવામાં આવશે, પરંતુ મંગળ પર ઊર્જાના સ્ત્રોત અત્યંત મર્યાદિત છે. સોલાર પેનલ્સ અને નાના ન્યુક્લિયર રિએક્ટર્સની મદદથી ૧,૦૦૦ ડિગ્રી ગરમી પેદા કરવી એ મંગળ મિશન માટે લગભગ અશક્ય સાબિત થાય. તેના બદલે જો ત્યાં ઓછી ઉર્જાથી મટિરિયલ બની જાય તો મુશ્કેલીનો ઉકેલ આવી જાય.

અંતરીક્ષમાં એલબીએમ સામેના પડકારો


આ ટેકનોલોજી મંગળ પર કે અંતરીક્ષમાં ભલે માનવ વસાહત માટે ગેમ-ચેન્જર જણાતી હોય, પરંતુ વિજ્ઞાન માટે હજુ અમુક અડચણો પાર કરવાની બાકી છે. રેડિયેશન એ સૌથી મોટો પડકાર છે. મંગળ પર ઓઝોનનું લેયર કે પૃથ્વી જેવું ચુંબકીય ક્ષેત્ર નથી. તેથી કોસ્મિક કિરણો અને યુવી રેડિયેશનની હાજરીમાં આ બાયોલોજિકલ કોષો કેટલા મહિના કે વર્ષ સુધી કાર્યક્ષમ રહે છે તેનો અભ્યાસ બાકી છે. મંગળ પર બરફની હાજરી હોવાના પુરાવા મળ્યા છે. એમાંથી પાણી બનાવીને ઉપયોગમાં લેવાથી કેટલો ખર્ચ થશે એની ગણતરી કરવાની બાકી છે. કારણ કે યીસ્ટને ઉછેરવા માટે બાયોરિએક્ટર, ન્યુટ્રિઅન્ટ્સ અને પાણીની જરૂર પડે છે. આ પડકારોનો જવાબ આગામી દાયકાઓમાં મળી જશે તો લિવિંગ બિલ્ડિંગ મટિરિયલ ખરેખર ટ્રેન્ડસેટર સાબિત થશે.



એલબીએમથી સર્ક્યુલર ઈકોનોમીને ઉત્તેજન

લિવિંગ બિલ્ડિંગ મટિરિયલનો એક ફાયદો એ છે તેનાથી વેસ્ટની સમસ્યા અંકુશમાં રહે છે. પૃથ્વી પર બધા પ્રકારના વેસ્ટની સમસ્યા વધી છે ત્યારે હવે ભવિષ્ય ઝીરો વેસ્ટનું છે. પૃથ્વી કે અંતરીક્ષમાં ઝીરો વેસ્ટ એ પહેલી શરત બની રહેવાની છે. એમાં આ મટિરિયલ ખરું ઉતરે છે. સંશોધકોએ આ પ્રકારની ઈંટો તોડી તોડીને ફરી બનાવી ત્યારે પણ એમાનું મોટાભાગનું મટિરિયલ રિસાઈકલ થઈ ગયું હતું. નવી ઈંટો રિસાઈકલ મટિરિયલમાંથી બને છે ત્યારે એની મજબૂતીમાં કોઈ ફરક પડતો નથી. વારંવાર રિસાઈકલ થવા છતાં સુક્ષ્મજીવો તેનું અસ્તિત્વ ટકાવી શકે છે. બાયો-જેલમાંથી યીસ્ટ મેળવીને તેને વધારે સ્ટ્રોંગ કરી શકાય છે. આ ખાસિયતથી સંશોધકો તેને ભવિષ્યનું બાંધકામ મટિરિયલ ગણાવે છે. જોકે, વિષમ સ્થિતિમાં ટકાવવાની અને ભારે વજન વહન કરવાની ક્ષમતા વિકસે તેના પર કામ કરવું પડશે.

'ડિજિટલ નાક' : સુગંધને પારખીને શેર પણ કરી શકશે



'સેન્ટ્રોનિક' હાલમાં કોફી, કેક, સંતરા, બિયર અને રેડવાઈનની સુગંધ સમજી શકે છે

વૈજ્ઞાનિકોએ એક એવી નવી ટેકનોલોજીની શોધ કરી છે જેના દ્વારા લોકો તસવીરો, ઓડિયો અને વિડીયોની જેમ જ ઈન્ટરનેટ પર સુગંધ પણ શેર કરી શકશે. આ ડિવાઈસને સેન્ટ્રોનિક નામ આપવામાં આવ્યું છે અને આ સંશોધનમાં તેને દૂરના સ્થળો વચ્ચે સુગંધ શેરિંગ અને ટ્રાન્સમિશન માટેનું ઓલ્ફેક્ટરી ઈન્ટરફેસ તરીકે ઓળખવામાં આવ્યું છે. આ સિસ્ટમ એક રોબોટિક નાકની જેમ કામ કરે છે જે એક જગ્યાએ સુગંધ ઓળખી શકે છે અને ડિજિટલ ડેટાનો ઉપયોગ કરીને તે માહિતીને અન્ય સ્થળે ટ્રાન્સફર કરે છે, જ્યાં બીજું એક ઉપકરણ તે સુગંધ ફરીથી ઉત્પન્ન કરે છે. સંશોધકોએ જણાવ્યું હતું કે હાલમાં તેમની પાસે માત્ર એક પ્રોટોટાઈપ છે, જે પાંચ સુગંધ ઓળખી અને ફરી બનાવી શકે છે. તેમાં કોફી, કેક, સંતરા, બિયર અને રેડ વાઈનનો સમાવેશ થાય છે. ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીના પીએચડી સંશોધક અને મુખ્ય લેખક ચુનયુ યાંગ જણાવે છે કે તેમનો હેતુ સેન્ટ્રોનિક દ્વારા માર્કેટમાં રહેલી એક મોટી ખામીને દૂર કરવાનો છે. યાંગે કહ્યું કે, આ ક્ષેત્રમાં મોટાભાગનું સંશોધન દ્રષ્ટિ, અવાજ અને સ્પર્શ પર કેન્દ્રિત રહ્યું છે, જ્યારે ગંધ તરફ પ્રમાણમાં ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, આ સિસ્ટમ છ ગેસ સેન્સર્સથી સજ્જ એક ઈલેક્ટ્રોનિક નાક ધરાવે છે. આ સેન્સર્સ ખોરાક, પરફ્યુમ અને અન્ય વસ્તુઓમાંથી મુક્ત થતા ગંધ ઉત્પન્ન કરતા અસ્થિર કાર્બનિક સંયોજનોને પારખે છે. દરેક સેન્સર જે કેમિકલ પારખે છે તેના આધારે તે અલગ-અલગ પ્રતિસાદ આપે છે. આના પરિણામે ઈલેક્ટ્રિકલ સિગ્નલ્સની એક વિશિષ્ટ પેટર્ન બને છે, જેને ત્યારબાદ ડિજિટલ રેટામાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ માટે તેને એક વિશેષ એઆઈ સિસ્ટમથી ટ્રેઈન કરવામાં આવી છે.

પિતાનો પાક સડતા દીકરીએ બનાવ્યું 'Godaam Sense'



જો ડુંગળીમાં સડવાના ૧% લક્ષણો પણ જણાય તો તરત જ ખેડૂતોને એલર્ટ મોકલી આપે છે

૨૩ વર્ષની યુવતીની ટેક્નોલોજી ડુંગળીના પાકને બગડવામાં ૨૫ ટકા ઘટાડો કરે છે દેશમાં ઊગતી ડુંગળીનો લગભગ ૪૦% હિસ્સો આપણી થાળી સુધી પહોંચે તે પહેલાં જ વખારોમાં સડીને બગડી જાય છે. મહારાષ્ટ્રના લાસલગાવની ૨૩ વર્ષીય એન્જિનિયર કલ્યાણી શિંદે પણ આ વાસ્તવિકતાની સાક્ષી રહી છે. કલ્યાણીએ પોતાની આંખો સામે ખેડૂત પિતાના પાકને સડતો જોયો અને તેને ટેકનોલોજીની મદદથી બચાવવાનો સંકલ્પ કર્યો. તેનું પરિણામ દુનિયા સમક્ષ 'Godaam Sense' નામના એક ઈન્ટરનેટ ઓફ થિંગ્સ ડિવાઈસ તરીકે સામે આવ્યું છે, જે ડુંગળી સડવાનું શરૂ થાય તે પહેલાં જ ચેતવણી આપીને ખેડૂતોનું નુકસાન અટકાવી રહ્યું છે. એશિયાના સૌથી મોટા ડુંગળી માર્કેટ લાસલગાવમાં ઉછરેલી કલ્યાણી શિંદેએ ખેડૂતોની સમસ્યાઓને નજીકથી જોઈ હતી. ૨૦૧૮માં વેરહાઉસમાં રાખેલી તેના પિતાની ડુંગળી સડી ગઈ ત્યારે પરિવારે મોટો આર્થિક ફટકો સહન કરવો પડ્યો હતો. તે પીડાએ કલ્યાણીના મનમાં આ સમસ્યાને જડમૂળથી દૂર કરતી ટેકનોલોજી બનાવવાનું બીજ રોપ્યું.

કલ્યાણીએ મહિનાઓ સુધી ગ્રાઉન્ડ લેવલ રિસર્ચ કરી. જેમાં જાણવા મળ્યું કે સમસ્યા ડુંગળીના ઉત્પાદનમાં નહીં પરંતુ તેના સ્ટોરેજની પદ્ધતિઓમાં છે. સામાન્ય રીતે ગોડાઉનોમાં તાપમાન અને ભેજ માપવા માટે કોઈ વૈજ્ઞાનિક વ્યવસ્થા હોતી નથી. જેથી ખેડૂતને ખબર પડે ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ચૂક્યું હોય છે. આ સમસ્યા માટે કલ્યાણીએ એક ડિવાઈસ બનાવ્યું, જે ગોડાઉનના તાપમાન અને ભેજ પર રિયલ-ટાઈમ નજર રાખે છે. જો ડુંગળીમાં સડવાના ૧% લક્ષણો પણ જણાય તો તરત જ ખેડૂતોને એલર્ટ મોકલી આપે છે. આ ડિવાઈસ લગભગ ૧૦ મેટ્રિક ટન ડુંગળીની દેખરેખ રાખવામાં સક્ષમ છે.

લોકોની ડિજિટલ ફૂટપ્રિન્ટ ઉપરથી અને ડેટા ઉપરથી તેમના ગમા-અણગમાનો અંદાજ

માણસ શું ખરીદશે તેનું ભવિષ્ય ભાખી શકશે AI!

એક ક્લિક સુપરકમ્પ્યુટર્સ અને AI એલ્ગોરિધમ્સ માટે ગ્રાહકના મગજ, મૂડ અને જરૂરિયાતોનો વિરાટ નકશો બનાવે છે

ડિજિટલ ટેક્નોલોજીના આજના અતિ-આધુનિક યુગમાં એક રસપ્રદ અને આશ્ચર્યજનક પ્રશ્ન ઉદભવી રહ્યો છે : શું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ગ્રાહક પોતે પોતાની જરૂરિયાત સભાનપણે ઓળખે તે પહેલાં જ એ જાણી શકે છે કે તે આગામી સમયમાં શું ખરીદવા જઈ રહ્યો છે? આપણી આંગળીઓના ટેરવે સ્માર્ટફોન અને લેપટોપ આવ્યા પછી આ માત્ર સાયન્સ ફિક્શન ફિલ્મની કલ્પના રહી નથી, પરંતુ વાણિજ્ય જગતની સચોટ વાસ્તવિકતા બની રહી છે. દરરોજ અસંખ્ય લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે, અલગ-અલગ એપ્સ બ્રાઉઝ કરે છે, ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર પ્રોડક્ટ્સ જુએ છે, વીડિયો લાઈક કરે છે અને સર્ચ એન્જિનમાં પોતાના સવાલો પૂછે છે. આ તમામ પ્રવૃત્તિઓ ડિજિટલ દુનિયામાં નાના-નાના ડેટા સંકેતો (સિગ્નલ્સ) પેદા કરે છે. સામાન્ય માણસ માટે આ માત્ર એક સામાન્ય ક્લિક કે લાઈક હોઈ શકે છે, પરંતુ સુપરકમ્પ્યુટર્સ અને AI એલ્ગોરિધમ્સ માટે આ ગ્રાહકના મગજ, મૂડ અને જરૂરિયાતોનો વિરાટ નકશો છે. જ્યારે ગ્રાહક કોઈ ઈ-કોમર્સ સાઈટ પર કોઈ ચોક્કસ વસ્તુ તરફ સ્ક્રોલ કરતી વખતે બે સેકન્ડ વધારે રોકાય છે, કોઈ વસ્તુને કાર્ટમાં ઉમેરીને તરત જ કાઢી નાખે છે, મોડી રાત્રે હેલ્થ સપ્લિમેન્ટ્સ સર્ચ કરે છે અથવા પોતાના જીપીએસ લોકેશન મુજબ નવા રસ્તાઓ અપનાવે છે, ત્યારે એલ્ગોરિધમ્સ તેની પાછળ રહેલી સૂક્ષ્મ માનસિકતા વાંચવાનો પ્રયાસ કરે છે. આ પ્રક્રિયાને પ્રિડિક્ટિવ એનાલિટિક્સ કહેવામાં આવે છે. આ કોઈ જાદુમંતર કે ટેલિપથી નથી, પરંતુ વિરાટ ડેટાબેઝ પર આધારિત અત્યંત શક્તિશાળી ગણિત અને મશીન લર્નિંગ છે. જ્યારે અબજો લોકોના અબજો ડેટા પોઈન્ટ્સનું એકસાથે અને વાસ્તવિક સમયમાં (રિયલ-ટાઈમ) વિશ્લેષણ કરવામાં આવે છે, ત્યારે તે માણસની આગામી ક્રિયાઓ અને નિર્ણયોની ચોક્કસ સંભાવનાઓ દર્શાવતી સચોટ પેટર્ન પકડી પાડે છે.

એઆઈ દ્વારા પ્રિડિક્ટિવ એનાલિટિક્સ કરીને નિર્ણય લેવાશે



પ્રિડિક્ટિવ માર્કેટિંગનો ઈતિહાસ ખૂબ જૂનો છે અને તેનો સૌથી ચર્ચિત કિસ્સો અમેરિકન રિટેલ કંપની Target સાથે જોડાયેલો છે. ઘણા વર્ષો પહેલાં, આ કંપનીના સ્ટેટિસ્ટિશિયનોએ શોધી કાઢ્યું હતું કે જ્યારે કોઈ સ્ત્રી ગર્ભવતી બને છે, ત્યારે તે ચોક્કસ પ્રકારના ગંધહીન લોશન, મોટા કદના સુતરાઉ કપડાં, ખાસ વિટામિન્સ અને સફાઈ ઉત્પાદનો ખરીદવાનું શરૂ કરે છે. આ ફેરફારો એટલા નિયમિત હતા કે કંપનીને પરિવારના સભ્યો જાણતા હોય તે પહેલાં જ જાણી લેતી હતી કે તે સ્ત્રી માતા બનવાની છે, અને તેને સંબંધી કૂપન્સ મોકલી આપતી હતી. આજે જનરેટિવ છીં અને ડીપ લર્નિંગના આગમનથી આ પ્રક્રિયા અબજો ગણી વધુ તીવ્ર, બારીક અને પર્સનલાઈઝ્ડ બની ગઈ છે. જૂના સમયમાં માર્કેટ્સ પૂછતા હતા કે 'ગયા મહિને શું વેચાયું હતું?', જ્યારે આજના આધુનિક યુગમાં પ્રશ્ન બદલાઈ ગયો છે કે 'આવતીકાલે કઈ વ્યક્તિ, કયા ચોક્કસ સમયે અને કઈ લાગણી હેઠળ આ પ્રોડક્ટ ખરીદશે?'.

ઈકોમર્સ સાઈટ કે અન્ય સાઈટ્સ કે એપમાં માત્ર ૧૦ સેકન્ડથી વધુનું રોકાણ એઆઈને અલગોરિધમ સેટ કરવા પ્રેરે છે



ભવિષ્ય એઆઈ અને માનવીય સંવેદનાના સંતુલનનું રહેવાનું છે

ભવિષ્ય માત્ર માર્કેટર્સ દ્વારા AI વાપરવા પૂરતું સીમિત નથી રહેવાનું. બહુ નજીકના ભવિષ્યમાં ગ્રાહકો પાસે પણ પોતાના વ્યક્તિગત છેં એજન્ટ્સ હશે. કલ્પના કરો કે એક એવો અંગત AI સહાયક જે તમારા બેંક એકાઉન્ટ, ફ્રિજની સ્થિતિ, સ્વાદની પસંદગી અને સ્વાસ્થ્યના રિપોર્ટ્સ જાણે છે અને તમારા વતી જાતે જ બજારમાંથી સૌથી શ્રેષ્ઠ સામાન ઓર્ડર કરી દે છે. ત્યારે ડિજિટલ માર્કેટિંગની સ્પર્ધા સીધી માણસને લલચાવવાની નહીં રહે, પરંતુ ગ્રાહકના સ્માર્ટ AI એજન્ટને કન્વિન્સ કરવાની હશે. આ પરિવર્તન બિઝનેસ મોડેલ્સને મૂળથી બદલી નાખશે. આ તમામ પરિબળોને અંતે એક વાત સ્પષ્ટ થાય છે કે ભવિષ્ય ક્યારેય 'AI વિરુદ્ધ માનવીય સર્જનાત્મકતા'નું નથી રહેવાનું, પરંતુ તે બંનેના ઉત્કૃષ્ટ સંતુલનનું રહેશે. ટેકનોલોજી માર્કેટર્સને કંટાળાજનક ડેટા વિશ્લેષણમાંથી મુક્તિ આપીને ઊંડી રચનાત્મકતા તરફ દોરી જશે. આ યુગમાં એ જ બ્રાન્ડ્સ દીર્ઘકાલીન વિજય મેળવશે જે ડેટાની ગણતરી સાથે સહાનુભૂતિ, ટેકનોલોજીની ઝડપ સાથે માનવીય સમજ અને સચોટ આગાહીઓ સાથે ગ્રાહકના સન્માનનું ધ્યાન રાખશે. સફળતા માત્ર એ જાણવામાં નથી કે ગ્રાહક આગળ શું ખરીદવા જઈ રહ્યો છે, ખરી સિદ્ધિ એ સમજવામાં રહેલી છે કે તે શા માટે ખરીદી રહ્યો છે. માર્કેટિંગના મૂળમાં હંમેશાં 'શું' કરતાં 'શા માટે' વધુ મહત્વનું રહ્યું છે, અને આ મૂળભૂત માનવીય સત્ય AI ના યુગમાં પણ અક્ષુણ્ણ રહેશે.

વ્યક્તિના મનને વાંચવું કહી શકાય

જાણકારોના મતે અહીં એક સૌથી મોટો સવાલ ઊભો થાય છે કે AI ખરેખર મનુષ્યનું મન વાંચી શકે છે? વાસ્તવિકતા એ છે કે AI માનવ મનની અંદર ચાલી રહેલા વિચારો કે સપનાઓને વાંચી શકતું નથી; તે માત્ર આપણે ઈન્ટરનેટ પર પાછળ રહેલા ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ ઓળખે છે. આ આગાહી સાચી પણ છે અને આંશિક પણ છે. સામાન્ય રીતે AI આપણું ભવિષ્ય જોતું નથી, તે માત્ર ભૂતકાળ અને વર્તમાનની પેટર્નનું વિશ્લેષણ કરે છે. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિની ઊંઘવાનો સમય બદલાય, તે નવી ફિટનેસ એપ્સ ડાઉનલોડ કરે અને કેલરી કેલ્ક્યુલેટર પર સમય વિતાવે, તો એલ્ગોરિધમ સમજી જાય છે કે આ વ્યક્તિ ટૂંક સમયમાં મોંઘા રનિંગ શૂઝ, પ્રોટીન પાવડર અથવા સ્માર્ટવોચ ખરીદવાની સંભાવના ધરાવે છે. ગ્રાહક હજુ મનમાં નિર્ણય લેવાનું વિચારી રહ્યો હોય, તે પહેલાં જ તેની ફીડમાં એ વસ્તુઓની લલચાવનારી જાહેરાતો પ્રગટ થવા લાગે છે.

બજારની વાત

ઈન્ડિયન મેડ વાઈન મશીનરી ઈન ઈટાલી



'મેક-ઈન-ઈન્ડિયા' વાઈન મશીનરીને ઈટાલીમાં સફળતા મળી છે. આ મહિનાની શરૂઆતમાં, નાસિકની એક ઓછી જાણીતી વાઈન-ઈક્વિપમેન્ટ ઉત્પાદક કંપની, 'એનવિઝન ઈક્વિપમેન્ટ્સ' એ ઈટાલીના ફ્લોરેન્સ શહેરમાં એરોમા મલ્ટિપ્લાયર ટેન્કની જોડી શિપિંગ કરી હતી. વાઈન-મશીનરી ઉત્પાદનના વૈશ્વિક હબ ગણાતા ઈટાલીએ ભારતમાંથી વિશિષ્ટ વાઈન સાધનોની આયાત કરી હતી. મુંબઈના ન્હાવા શેવા બંદરેથી ઈટાલી તરફ જઈ રહેલા આ વિશાળ મશીનો (જેમાં ૨,૦૦૦ અને ૧,૨૦૦ લીટરની ક્ષમતા છે)નો પ્રવાસ ભારતના વાઈન-ઈક્વિપમેન્ટ ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અગાઉ, નેપાળ, શ્રીલંકા અને યુગાન્ડા સહિતના દેશોમાં વાઈન પ્રોસેસિંગના સાધનો નિકાસ કરવામાં આવ્યા હતા. તેમ છતાં, ત્રણ વાઈન-મશીન ઉત્પાદકોએ જણાવ્યું હતું કે તેમનો વિકાસ અને લાંબા ગાળાની સ્થિરતા યુરોપમાં નિકાસ કરવા કરતાં વધુ એ વાત પર નિર્ભર કરશે કે રાજ્ય સરકારો વાઈન નીતિઓને કેટલી ઉદાર બનાવવા અને સ્થાનિક વાઈનરીઓના વિકાસને પ્રોત્સાહન આપવા તૈયાર છે. અમે જે હમણાં નિકાસ કરી છે તે અંદાજે પાઉન્ડ ૨૧,૦૦૦ ની નાની કન્સાઈનમેન્ટ છે, અને અમે અમારા ઈટાલિયન ખરીદદાર સાથે અન્ય ૧૦ મશીનો નિકાસ કરવા માટે વાતચીત કરી રહ્યા છીએ. પરંતુ પ્રતીકાત્મક રીતે, આ બહુ મોટો અર્થ ધરાવે છે. મેક-ઈન-ઈન્ડિયા વાઈન સાધનો ઈટાલી જેવા દેશમાં મોકલવામાં આવી રહ્યા છે તે ગૌરવ કહી શકાય.

અંધેરી વેસ્ટ લક્ઝરી ઘર ખરીદદારોની પસંદ



પ્રોપર્ટીના ભાવ વધવા અને લક્ઝરી હાઉસિંગ લોન્ચને વેગ મળવાની સાથે, અંધેરી વેસ્ટ મુંબઈના પ્રીમિયમ રિયલ એસ્ટેટ માર્કેટમાં પોતાનું સ્થાન મજબૂત કરી રહ્યું છે. પરંતુ હોમબાયર્સને આ પશ્ચિમ ઉપનગર તરફ શું આકર્ષિત કરી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અંધેરી વેસ્ટમાં પ્રોપર્ટીના ભાવ સતત વધ્યા છે, જેમાં ૨૦૨૬ માં વૃદ્ધિની ઝડપ વધુ વધી છે. મુંબઈમાં ઘર ખરીદવું એ હંમેશા લોકેશન, સ્પેસ અને કિંમત વચ્ચેનું સંતુલન સાધવાની બાબત રહી છે. પરંતુ અંધેરી વેસ્ટ ઉત્તમ કનેક્ટિવિટી, સ્થાપિત સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રીમિયમ ઘરોનો વધતો પુરવઠો ઓફર કરીને આ ત્રણેય બાબતોનું સંયોજન શોધી રહેલા હોમબાયર્સને વધુને વધુ આકર્ષિત કરી રહ્યું છે, જે તેને શહેરના મુખ્ય રહેણાંક બજારોમાંથી એક બનાવે છે. આ વિસ્તારમાં જે પ્રકારના હાઉસિંગ ડેવલપ થઈ રહ્યા છે તેમાં ફેરફાર જોવા મળી રહ્યો છે, જેમાં બિલ્ડરો વધુને વધુ એવા ખરીદદારોને લક્ષ્ય બનાવી રહ્યા છે જેઓ મોટા ઘરો, આધુનિક સુવિધાઓ, વધુ ગોપનીયતા અને બહેતર જીવનશૈલી ઈચ્છે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ, રીડેવલપમેન્ટ અને નવા લક્ઝરી પ્રોજેક્ટ્સ તેના આકર્ષણમાં વધારો કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અંધેરી વેસ્ટમાં પ્રોપર્ટીના ભાવ સતત વધ્યા છે, જેમાં ૨૦૨૬ માં વૃદ્ધિનો દર ઝડપી બન્યો છે.

7-Eleven એ ભારતના બાકીના ૩૧ આઉટલેટ્સ બંધ કર્યા



જાપાનીઝ કન્વિનિયન્સ સ્ટોર ચેઈન 7-Eleven એ ભારતમાં તેના બાકીના તમામ ૩૧ આઉટલેટ્સ બંધ કરી દીધા છે, જેનાથી FY26 માં લગભગ રૂપિયા ૯૦ કરોડના ચોખ્ખા નુકસાનની જાણ કર્યા પછી રિલાયન્સ રીટેલ સાથેની તેની પાંચ વર્ષની ભાગીદારીનો અંત આવ્યો છે. જોકે, આ બંધ થવાનો અર્થ ભારતીય માર્કેટમાંથી બ્રાન્ડની કાયમી એક્ઝિટ જ છે તેવું નથી, કારણ કે તેની પેરન્ટ કંપનીએ ભારતીય ગ્રાહકોને સેવા આપવા માટે અન્ય રસ્તાઓ શોધવામાં રસ દાખવ્યો છે. 7-Eleven ની જાપાની પેરન્ટ કંપની 'સેવન એન્ડ આઈ હોલ્ડિંગ્સ' (Seven & i Holdings) એ પુષ્ટિ કરી છે કે રિલાયન્સ રીટેલે મુંબઈ અને પુણેમાં કાર્યરત તમામ ૩૧ સ્ટોર્સ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ બંધ કરી દીધા છે. આ સ્ટોર્સ બંધ થવા સાથે જ ૨૦૨૧ માં આ વૈશ્વિક કન્વિનિયન્સ સ્ટોર ચેઈનને ભારતમાં લાવનાર ફ્રેન્ચાઈઝી કરારનો અંત આવ્યો છે. આ બિઝનેસ તેના પીક પોઈન્ટ પર લગભગ ૬૦ આઉટલેટ્સ સુધી વિસ્તર્યો હતો પરંતુ સ્થાનિક કરિયાણાની દુકાનો અને ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સ તરફથી સ્પર્ધા વચ્ચે નફાકારક સ્થિતિ સ્થાપિત કરવા માટે સંઘર્ષ કરી રહ્યો હતો. 7-Eleven એ ૯ ઓક્ટોબર, ૨૦૨૧ ના રોજ ભારતમાં પ્રવેશ કર્યો હતો.

નોએલ ટાટા ૧૨ નવેમ્બરે ટાટા ગ્રુપની મુખ્ય કંપનીઓના બોર્ડમાંથી નિવૃત્ત થશે



નોએલ ટાટા નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ માટેની ગ્રુપની નિવૃત્તિ નીતિ અનુસાર ૭૦ વર્ષની વયે ટાટા ગ્રુપની છ કંપનીઓના બોર્ડમાંથી રાજીનામું આપશે, પરંતુ ગ્રુપમાં ગવર્નન્સ વિવાદો વચ્ચે પણ ટાટા સન્સના બોર્ડમાં ટાટા ટ્રસ્ટ્સના નામાંકિત (નોમિની) ડિરેક્ટર તરીકે ચાલુ રહેશે. ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટા ૧૨ નવેમ્બરે ૭૦ વર્ષના થશે ત્યારે નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સ માટેની ગ્રુપની નિવૃત્તિ નીતિ અનુસાર ટાટા ગ્રુપની છ કંપનીઓના બોર્ડમાંથી પદ છોડશે. જોકે, તેઓ ગ્રુપની હોલ્ડિંગ કંપની ટાટા સન્સના બોર્ડમાં ટાટા ટ્રસ્ટ્સના નોમિની ડિરેક્ટર તરીકે ચાલુ રહેશે. ટાટા ટ્રેન્ટ (Trent), વોલ્ટાસ (Voltas), ટાટા ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન અને ટાટા ઈન્ટરનેશનલના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન પદેથી નિવૃત્ત થશે. તેઓ ટાટા સ્ટીલ અને ટાઈટન કંપનીના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન પદેથી પણ રાજીનામું આપશે. ૭ નવેમ્બરે યોજાનારી ટાટા સ્ટીલની બોર્ડ મીટિંગ, ડિરેક્ટર તરીકેના તેમના કાર્યકાળની છેલ્લી મીટિંગોમાંની એક હશે. નોએલ ટાટાએ આ વર્ષની શરૂઆતમાં દરેક કંપનીઓની એન્યુઅલ જનરલ મીટિંગ (AGM) માં આ જાહેરાત કરી હતી. તેઓ નિવૃત્ત થયા પછી આ હોદ્દાઓ પર તેમનું સ્થાન કોણ લેશે તે હજુ જાણી શકાયું નથી.

વિશ્વનો પ્રથમ '24K ગોલ્ડ વોકવે'



જેમ થાઈલેન્ડમાં પુકેતમાં નાઈટલાઈફ જોવા માટે હેપી સ્ટ્રીટ પર લોકો ઉમટે છે એમ હવે દુબઈમાં સોનાનો રોડ બની રહ્યો છે. સોનાનો રોડ એટલે નીચે કપચી-ડામરના બદલે સોનું પાથરેલું હશે અને તેની ઉપર ચાલવાનું. સંયુક્ત આરબ અમીરાત સોનાનો રોડ તૈયાર કરી રહ્યું છે. ૨૦૨૬ના અંત સુધીમાં વિશ્વનો પ્રથમ '૨૪-કેરેટ ગોલ્ડ વોકવે' રજૂ કરશે, જેની સપાટી ૨૪-કેરેટ સોનાથી મઢેલી હશે. વિશ્વમાં સોના માટે દુબઈને પસંદ કરાય છે. તેની ભવ્ય ઈમારતો, વૈભવી જીવનશૈલી અને સમૃદ્ધ સોનાના વેપાર માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. હવે દુબઈ વિશ્વનો પ્રથમ ૨૪-કેરેટ ગોલ્ડ વોકવે એટલે કે એક સુવર્ણ માર્ગ બનાવવાની તૈયારી કરી રહ્યો છે. આ વોકવે દુબઈના 'ગોલ્ડ ડિસ્ટ્રિક્ટ' માં સ્થિત હશે.

નફો કરી રહેલી બેંકને વેચવાની શી જરૂર ? ફેરફેક્સે શેર દીઠ રૂ. ૮૧ ની સુધારેલી કિંમત રજૂ કરી હોવાનું જણાવ્યું હતું. જે શરૂઆતની કિંમત ૯૪.૪૨ કરતાં ૧૯.૫ ટકા ઓછી હતી

એર ઈન્ડિયા ૧૮,૦૦૦ કરોડ, HPCL ૩૬,૯૧૫ કરોડ

IDBIનો સૌથી મોટો રૂ.૫૨,૮૭૮ કરોડનો સોદો

રાહુલ ગાંધીના પ્રશ્નોએ ફાચર મારી

સરકારે IDBI બેંકમાં ફેરફેક્સ ખરીદીના બહુમતી હિસ્સાને મંજૂરી આપી દીધી છે. ડીસઈન્વેસ્ટમેન્ટ દેશમાં નવી વાત નથી. ખર્ચાળ અને ખોટ ખાતા એકમોના કેટલોક હીસ્સો સરકાર વેચે છે અને સરળ ભાષામાં કહીએ તો ખોટ ખાતા એકમોમાંથી છૂટકારો મેળવે છે. મોદી સરકારમાં આઈડીબીઆઈ બેંકનું ડીસઈન્વેસ્ટમેન્ટ સૌથી મોટું બનવા જઈ રહ્યું છે. કેમકે નાણા વર્ષ ૨૦૧૮ માં એચપીસીએલના રૂ.૩૬,૯૧૫ કરોડના હિસ્સાના વેચાણ અને ૨૦૨૧માં ટાટા

કોર્પોરેટ પ્લસ

ગણેશ દત્તા

જૂથને એર ઈન્ડિયાના રૂ.૧૮,૦૦૦ કરોડના વેચાણ કરતાં પણ ૫૨૮૭૮ કરોડનો આઈડીબીઆઈ બેંકનો સોદો સૌથી મોટો છે.

આડીબીઆઈ બેંકના સોદામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વાંધો ઉઠાવતા વિવાદ ઉભો થયો છે. હવે




બચાવ કરતા કહ્યું છે કે બિડિંગ પ્રક્રિયા કોર ગ્રુપ ઓફ સેક્રેટરીઝ ઓન ડિસઈન્વેસ્ટમેન્ટ (CGD) ને સોંપવામાં આવેલી સત્તાઓની સીમામાં હાથ ધરવામાં આવી હતી

અને ફેરફેક્સની અંતિમ ઓફર સુધારેલા મૂલ્યાંકન બેંચમાર્ક કરતાં વધુ ઉભરી આવતા મૂલ્યાંકન સ્વતંત્ર રીતે

નાણાં પ્રધાન નિર્મલા સીતારામને વ્યક્તિગત રીતે રાહુલ ગાંધીના આક્ષેપોનો જવાબ આપતા તેને જૂઠાણા ગણાવ્યા હતા અને કહ્યું હતું કે IDBI હિસ્સાના વેચાણમાં તમામ યોગ્ય પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું હતું.

IDBI બેંક વેચાણ સોદાની વિગતો એવી છે કે ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ, કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ (CCEA) એ IDBI બેંકમાં



ફેરફેક્સના પ્રેમવત્સા

નફો કરતી બેંકના ખાનગીકરણની જરૂરિયાત પર પણ સવાલ ઉઠયા છે

વિવાદને રાજકીય રૂપ મળ્યું હોઈ અનેક પક્ષો તેમાં પોતાનું મંતવ્ય આપી રહ્યા છે. રાહુલ ગાંધીએ ઉઠાવેલા મુદ્દાઓનો સરકાર જવાબ આપે તે જરૂરી છે. પરંતુ મોદી સરકાર અને નાણાપ્રધાન નિર્મલા સીતારામન રાહુલ ગાંધીએ કરેલા વિરોધને બીનજરૂરી અને પોતાનું રાજકીય મહત્વ વધારનારો કહે છે.

રાહુલ ગાંધીએ ઉઠાવેલા પ્રશ્નો પૈકી કેટલાક બહુ વેધક છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે સોદો કોઈની ફેવર કરતા હોય તેમ લાગે છે કેમકે કેટલીક પ્રક્રિયામાં નિયમો નેવે મુકીને નિર્ણયો લેવાયા છે. કેટલાક અખબારી અહેવાલોમાં જ્યારે સરકારની આંતરિક બેઠકોની મિનિટ્સ (સત્તાવાર નોંધ)નો ઉલ્લેખ કરવામાં આવ્યા બાદ વિવાદ ઘેરો બન્યો હતો. જેમાં કથિત રીતે રિઝર્વ પ્રાઈસ (અનામત કિંમત) કરતાં નીચી બોલીઓ સાથે કામ પાર પાડતી વખતે મૂલ્યાંકન પદ્ધતિમાં ફેરફારો બતાવવામાં આવ્યા હતા. હવે આ મુદ્દો રાજકીય બની ગયો છે.

વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે હવે જ્યારે આઈડીબીઆઈ બેંક નફો કરી રહી છે ત્યારે તેને વેચવાની શી જરૂર છે. નફો કરતી બેંકના ખાનગીકરણની જરૂરિયાત પર પણ સવાલ ઉઠાવ્યા હતા. નવી કંપની આવશે તેના કારણે બેંકના મૂળ કર્મચારીઓના હિત સચવાશે કે કેમ તે બાબતે પણ ચિંતા વ્યક્ત કરી હતી. કર્મચારીઓના સંરક્ષણ તેમજ અનામતનીતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

- અહીં આઈડીબીઆઈ બેંકનો ૬૦.૭૨ ટકા હીસ્સો ખરીદનાર ફેરફેક્સ કોણ છે તે પણ જાણવાની જરૂર છે.કેનેડાના ટોરોન્ટો સ્થિત આ કંપની વૈશ્વિક હોલ્ડીંગ કંપની છે. તે પ્રોપર્ટી અને વીમા ક્ષેત્રે વધુ કામ કરે છે. તેના માલિક-સીઈઓ પ્રેમ વત્સા હૈદ્રાબાદમાં જન્મેલા છે તે કેનેડાના અબજો પતિ છે અને કેનેડાના વોરેન બફેટ કહેવાય છે. તેમની કંપનીએ ભારતમાં અન્ય રોકાણો પણ કરેલા છે જેમાં થોમસ કૂક ઈન્ડિયા, બેંગ્લોર ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (BIAL)અને CSB બેંક જેવા મોટા વ્યવસાયોનો સમાવેશ થાય છે.

નાણા મંત્રાલયે આ વ્યવહારનો

કરવામાં આવ્યું હતું.નાણાપ્રધાને કહ્યું છે કે સોદામાં ઓછી બોલીની કોઈ વાત જ નથી. સરકારે વધુ કિંમત મેળવવાના પ્રયાસ કર્યો છે અને તેમાં સફળતા મળી છે.

૬૦.૭૨% હિસ્સો ફેરફેક્સ ફાઈનાન્સિયલ હોલ્ડિંગ્સને રૂ. ૫૨,૮૭૮ કરોડમાં વેચવાની મંજૂરી આપી હતી.

આ વ્યવહારમાં ભારત સરકાર દ્વારા ધરાવાતો ૩૦.૪૮% હિસ્સો અને રાજ્યની માલિકીની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) દ્વારા ધરાવાતો ૩૦.૨૪% હિસ્સો વેચવાનો સમાવેશ થાય છે. વેચાણ પછી, સરકાર ૧૫% હિસ્સો જાળવી રાખશે, જ્યારે LIC ૧૯% હિસ્સો ધરાવશે.

ખરીદનાર કેનેડિયન અબજોપતિ પ્રેમ વત્સાની આગેવાની હેઠળની ફેરફેક્સ ફાઈનાન્સિયલ હોલ્ડિંગ્સની પેટાકંપની છે.

IDBI બેંક નોંધપાત્ર રીતે નાણાકીય તંગીનો સામનો કરી રહી હતી અને નોન પર્ફોર્મિંગ સેટના પગલે થયેલા

કર્મચારીઓના હિત સચવાશે કે કેમ તે બાબતે પણ ચિંતા વ્યક્ત કરી હતી

નુકસાનને કારણે મે ૨૦૧૭માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન (PCA) ફ્રેમવર્ક હેઠળ મૂકવામાં આવી હતી. બેંકની નાણાકીય સ્થિતિમાં સુધારો થયા પછી માર્ચ ૨૦૨૧માં રિઝર્વ બેંકે પ્રતિબંધો હટાવી લીધા હતા.

IDBI બેંકનું વેચાણ શા માટે વિવાદાસ્પદ બન્યું છે? આ વિવાદ સરકારે શેર દીઠ રૂ. ૮૧ની અંતિમ વેચાણ કિંમત કેવી રીતે નક્કી કરી તે બાબતે કેન્દ્રિત છે. સરકારે ઓફરની શરૂઆત શેર દીઠ ૯૪.૪૨ થી કરી હતી. જો કે,૧૨ માર્ચ, ૨૦૨૬ના રોજ ખોલવામાં આવેલ બોલીનો પ્રથમ રાઉન્ડ આ કિંમત પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયો હતો.

૧૩ઓગસ્ટના કોર ગ્રુપ ઓફ સેક્રેટરીઝ ઓન ડિસઈન્વેસ્ટમેન્ટની આંતરિક નોંધોને ટાંકે છે, ફેરફેક્સે ૧ જૂનના રોજ સુધારેલી ઓફર રજૂ કરી હતી. આ ૧૩ જુલાઈના રોજ ખોલવામાં આવી હતી અને ફેરફેક્સે શેર દીઠ રૂ. ૮૧ની સુધારેલી કિંમત રજૂ કરી હોવાનું જણાવાયું હતું. જે શરૂઆતની કિંમત ૯૪.૪૨ કરતાં ૧૯.૫ ટકા ઓછી હતી.

આ મુદ્દો વિવાદનું કેન્દ્ર બન્યો છે ઉપરાંત વિપક્ષને તેમાં કશુંક રંધાયું હોવાની શંકા છે.

સરકારે તેના જવાબમાં એક સ્પષ્ટતા બહાર પાડીને બિડિંગ અને મૂલ્યાંકન પ્રક્રિયાનો બચાવ કર્યો હતો. તેની મુખ્ય દલીલ એ છે કે શરૂઆતની બિડિંગ માર્ગદર્શિકા કાયદાકીય રીતે બંધનકર્તા નિયમોને બદલે સૂચક (indicative) હતી અને CGD પાસે ત્યાર બાદના રાઉન્ડ માટેની પ્રક્રિયા નક્કી કરવાની સત્તા હતી.

મૂળ અનામત કિંમત ઘટાડવામાં આવી હોવાના આક્ષેપોને ફગાવી દેતા મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રારંભિક બોલી મંજૂર ન થયા પછી પહેલો રાઉન્ડ સમાપ્ત થઈ ગયો હતો અને ત્યારબાદનો શ્રેષ્ઠ-ઓફર) રાઉન્ડ એક અલગ કવાયત હતી.

સરકારે ૧૬ ઓગસ્ટ, ૨૦૧૭ ના CCEA ના નિર્ણયને પણ ટાંક્યો હતો, જેણે CGD ને પ્રક્રિયાગત મુદ્દાઓ પર નીતિવિષયક નિર્ણયો લેવા અને વ્યૂહાત્મક વિનવેશ નિર્ણયોના અસરાકારક અમલીકરણ માટે જરૂરી હોય ત્યારે તેના પર પર વિચાર કરવાની સત્તા આપી હતી. એક વાત સ્પષ્ટ ચેકે આઈડીબીઆઈના સોદોમાં સરકાર ગૂંચવાયેલી છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીના પ્રશ્નો સરકારને અકળાવી રહ્યા છે.

IDBI બેંક નોંધપાત્ર રીતે નાણાકીય તંગીનો સામનો કરી રહી હતી. મે ૨૦૧૭માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના (PCA) ફ્રેમવર્ક હેઠળ મૂકવામાં આવી હતી. માર્ચ૨૦૨૧માં રિઝર્વ બેંકે પ્રતિબંધો હટાવી લીધા હતા

૧૦ વર્ષમાં મોદી સરકારના ૧૩ વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ

કેન્દ્રની મોદી સરકાર આઈડીબીઆઈ બેંક (IDBI Bank)માં ૬૦.૭૨% હિસ્સો રૂા. ૫૨,૮૭૮ કરોડમાં વેચવાના નિર્ણયે વિવાદ સર્જ્યો છે. વિનિવેશના અગાઉના તમામ પ્રયાસોને આ વેચાણ પાછળ છોડી દેશે, જે તેને અત્યાર સુધીનું સૌથી મોટું વિનિવેશ બનાવશે.નોંધનીય છે કે, સરકારે છેલ્લા એક દાયકામાં ૧૩ વ્યૂહાત્મક વિનિવેશ કર્યા છે.અગાઉના નોંધપાત્ર વિનિવેશમાં એર ઈન્ડિયા અને ઊર્જા ક્ષેત્રની બહુવિધ કંપનીઓનો સમાવેશ થાય છે.આ કાર્યો ખાનગીકરણ અને રાજકોષીય એકત્રીકરણ પ્રત્યેનો હેતુ દર્શાવે છે.

કેનેડાની ફેરફેક્સ (Fairfax)ને આઈડીબીઆઈ બેંકમાં બહુમતી હિસ્સાનું સૂચિત રૂા. ૫૨,૮૭૮ કરોડનું વેચાણ છેલ્લા એક દાયકામાં જાહેર ક્ષેત્રના સાહસમાં મોદી સરકારનું ૧૩મું વ્યૂહાત્મક વિનિવેશ હશે.

રૂ.૫૨,૮૭૮ કરોડનો આ સોદો સરકારનો અત્યાર સુધીનું સૌથી મોટો વ્યૂહાત્મક વિનિવેશ સોદો પણ બનશે. નાણા વર્ષ ૨૦૧૮ માં એચપીસીએલના રૂ.૩૬,૯૧૫ કરોડના હિસ્સાના વેચાણ અને ૨૦૨૧માં ટાટા જૂથને એર ઈન્ડિયાના રૂ.૧૮,૦૦૦ કરોડના વેચાણથી વધુ હશે.

વર્ષોથી, કેન્દ્ર સરકારે એવિયેશન (ઉડ્ડયન), ઊર્જા, શિપિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની કેટલીક જાહેર ક્ષેત્રની કંપનીઓમાં પોતાનો હિસ્સો વેચ્યો છે.આમાંથી કેટલાંક સોદાઓમાં અન્ય સરકારી માલિકીની કંપનીઓને હિસ્સો ટ્રાન્સફર કરવાનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય સોદાઓમાં ખાનગી ખરીદદારો સામેલ થયા હતા.

છેલ્લા એક દાયકામાં થયેલા મુખ્ય વ્યૂહાત્મક વિનિવેશ પર એક નજર

- **નાણાકીય વર્ષ ૨૭ : આઈડીબીઆઈ બેંકમાં ૬૦.૭૨% હિસ્સો રૂ.૫૨,૮૭૮ કરોડમાં વેચવા માટે નિર્ધારિત કરાયો છે.**
- **નાણાકીય વર્ષ ૨૭ : ઈન્ડિયન મેડિસિન્સ ફાર્માસ્યુટિકલ કોર્પોરેશન રૂ.૧૧૯ કરોડમાં વેચવામાં આવી હતી.**
- **નાણાકીય વર્ષ ૨૪ : એમએસટીસી લિમિટેડ (MSTC Ltd)ની સંપૂર્ણ માલિકીની સબસિડીયરી ફેરો સ્ક્રેપ નિગમ લિમિટેડ, જાપાનની કોનોઈકે ટ્રન્સપોર્ટ કંપની લિમિટેડને રૂ.૩૨૦ કરોડમાં વેચવામાં આવી હતી.આ આવક સરકારી તિજોરીમાં ગઈ ન હતી.**
- **નાણાકીય વર્ષ ૨૩ : સેન્ટ્લ અને સ્ટેટ પબ્લિક સેક્ટર કંપનીઓનો સમાવેશ કરતી સંયુક્ત સાહસ કંપનીની લાંચલ ઈસ્પાત નિગમ લિમિટેડ, ટાટા સ્ટીલ લોંગ પ્રોડક્ટ્સ લિમિટેડને રૂ.૧૨,૧૦૦ કરોડમાં વેચવામાં આવી હતી.આ આવક સરકારી તિજોરીમાં જમા થઈ ન હતી.**
- **નાણાકીય વર્ષ ૨૨ : એર ઈન્ડિયા, તેની સબસિડીયરીઝ AIXL અને AISATS સાથે ટાટા ગ્રુપની માલિકીની તલેસ પ્રાઈવેટ લિમિટેડ (Talace Pvt Ltd)ને રૂ.૧૮,૦૦૦ કરોડમાં વેચવામાં આવી હતી.આમાંથી ટાટાએ રૂ.૨,૭૦૦ કરોડ રોકડા ચૂકવ્યા હતા અને રૂ.૧૫,૩૦૦ કરોડનું દેવું પોતાના શિરે લીધું હતું.**
- **નાણાકીય વર્ષ ૨૦ : THDC ઈન્ડિયા લિમિટેડ એનટીપીસી (NTPC)ને રૂ.૭,૫૦૦ કરોડમાં વેચવામાં આવી હતી.**
- **નાણાકીય વર્ષ ૨૦ : નોર્થ ઈસ્ટર્ન ઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન લિમિટેડ (NEEPCO) એનટીપીસી દ્વારા રૂ.૪,૦૦૦ કરોડમાં હસ્તગત કરવામાં આવી હતી.**
- **નાણાકીય વર્ષ ૨૦ : કામરાજાર પોર્ટ લિમિટેડ ચેન્નઈ પોર્ટ ટ્રસ્ટને રૂ.૨,૩૮૩ કરોડમાં વેચવામાં આવી હતી.**
- **નાણાકીય વર્ષ ૧૯ : પાવર ફાઈનાન્સ કોર્પોરેશને રૂ.૧૪,૫૦૦ કરોડમાં રૂરલ ઈલેક્ટ્રિફિકેશન કોર્પોરેશનમાં સરકારનો ૫૨.૬૩% હિસ્સો હસ્તગત કર્યો હતો.**
- **નાણાકીય વર્ષ ૧૯ : HSCC (ઈન્ડિયા) લિમિટેડ NBCCને રૂ.૨૮૫ કરોડમાં વેચવામાં આવી હતી.**
- **નાણાકીય વર્ષ ૧૯ : નેશનલ પ્રોજેક્ટ્સ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન લિમિટેડ WAPCOSને રૂ.૮૦ કરોડમાં વેચવામાં આવી હતી.**
- **નાણાકીય વર્ષ ૧૯ : ડ્રેજિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ પોર્ટ્સના કન્સોર્ટિયમને રૂ.૧,૦૪૯ કરોડમાં વેચવામાં આવી હતી.**
- **નાણાકીય વર્ષ ૧૮ : ONGCએ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)માં ૫૧.૧૧% હિસ્સો રૂ.૩૬,૯૧૫ કરોડમાં હસ્તગત કર્યો હતો.**

ફેરફેક્સ કેનેડાના ટોરોન્ટો સ્થિત આ કંપની વૈશ્વિક હોલ્ડીંગ કંપની છે. તેના માલિક-સીઈઓ પ્રેમ વત્સા હૈદ્રાબાદમાં જન્મેલા છે તે કેનેડાના અબજો પતિ છે અને કેનેડાના વોરેન બફેટ કહેવાય છે

ખરીફ પછી હવે રવિ મોસમ પર પણ અલનીનોનો ઓછાયો!

દેશમાં આ વર્ષે ચોમાસા પર અલનીનોની ઈમ્પેક્ટ દેખાતાં કૃષી ક્ષેત્રે સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. અલનીનોના પગલે આ વર્ષે ચોમાસામાં વરસાદની ડેફીસીટ વધુ જોવા મળી છે તથા તાજેતરમાં ખરીફ મોસમ પુરી થયા પછી હવે રવિ મોસમ પર વિવિધ કૃષી બજારોની નજર રહી હોવાનું બજારોના જાણકારો જણાવી રહ્યા હતા. આ વર્ષે સ્ટ્રોન્ગ અલનીનોના કારણે વિશેષરૂપે મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં ખરીફ મોસમમાં વિવિધ પાકોને વિશેષ પ્રતિકૂળ અસર પડી હોવાના સમાચાર તાજેતરમાં મળ્યા હતા ત્યારે હવે રવિપાકમાં આવી પ્રતિકૂળ અસર દેશવ્યાપી ધોરણે દેખાવાની ભીતિ આ ક્ષેત્રના તજજ્ઞો દર્શાવી રહ્યા હતા. અપુરતા વરસાદના પગલે વિવિધ રાજ્યોમાં વિવિધ કૃષી પાકોના વાવેતરમાં વિલંબ થયાના વાવડ પણ મળ્યા હતા.

ચોમાસું નબળું રહેતાં જમીનમાં ભેજનું પ્રમાણ ઓછું

ચોમાસું નબળું રહેતાં જમીનમાં ભેજનું પ્રમાણ તથા પાણીનું પ્રમાણ ઓછું ઉતર્યું છે તથા તેના પગલે રવિ પાક પર તેની ઈમ્પેક્ટ દેખાવાની શક્યતા બજારના જાણકારો બતાવી રહ્યા હતા. સિંચાઈ ક્ષેત્રમાં પણ પાણી અપેક્ષાથી ઓછું નોંધાયું છે. આના પગલે રવિ મોસમમાં વાવેતરનો વિસ્તાર ઘટવા ઉપરાંત હેક્ટરદીઠ પેદાશ પણ ઓછી ઉપજવાની શક્યતા વચ્ચે તાજેતરમાં વિવિધ કૃષી ચીજોના બજાર ભાવ પણ ઉંચા જતા જોવા મળ્યા હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. વિન્ટર રેઈન પર પણ કૃષી તજજ્ઞોની નજર હતી. હવામાન સૂકું રહેશે તો વાવેતરનો વિસ્તાર તથા હેક્ટરદીઠ પેદાશ પર અવળી અસર પડશે એવી ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા.



દરમિયાન, તાજેતરમા વિવિધ રાજ્યોમાંથી મળેલા આંકડાઓ મુજબ રાજસ્થાનમાં સપ્ટેમ્બરમાં વરસાદ નવ ટકા ઓછો થયા પછી ઓકટોબરમાં વરસાદની ડેફીસીટ ૫૪થી ૫૫ ટકા સુધી નોંધાઈ હતી. મહારાષ્ટ્રમાં પણ વરસાદની સંતાકૂકડી વચ્ચે ૩૫૮ પૈકી ૩૦૮ તાલુકાઓમાં દુકાળની અસર નોંધાઈ હોવાના સમાચાર મળ્યા હતા. મહારાષ્ટ્રમાં સપ્ટેબરમાં વરસાદની બાવન ટકા ડેફીસીટ નોંધાયા પછી ઓકટોબરમાં પણ વરસાદની ખાધ વકરતી જોવા મળી છે.

મધ્ય પ્રદેશમાં પણ સ્થિતિ કપરી

મધ્ય પ્રદેશમાં પણ સ્થિતિ કપરી રહી છે. મધ્ય-પ્રદેશમાં સપ્ટેમ્બરમાં જો કે વરસાદ સારો થયા પછી ઓકટોબરમાં વરસાદની ૯૬ ટકા ડેફીસીટ જોવા મળતા

જમીનમાં વરસાદનું પાણી ઓછું ઉતરતાં વિવિધ રવિપાકોમાં વાવેતર ઘટશે

કૃષી બજારોમાં નવેસરથી અજંપો વધ્યો હોવાના નિર્દેશો મળ્યા હતા. ઉત્તર પ્રદેશમાં પણ સપ્ટેમ્બરમાં વરસાદ સંતોષજનક થયા પછી ઓકટોબરમાં વરસાદ ફરી હાથતાળી આપતો જોવા મળ્યો છે. જોકે પંજાબ તથા હરિયાણામાં ઓકટોબરમાં વરસાદ સારો થયાના વાવડ પણ મળ્યા હતા. પંજાબ તથા હરિયાણામાં ઘઉંનું વાવેતર નવેમ્બરથી શરૂ થવાનું છે તથા તેના પર હવે દશના અનાજ બજારોની નજર રહી છે.

રાજસ્થાનમાં રવિ પાકના વાવેતર વિષયક આરંભીક વહેતા થયેલા વાવડ મુજબ ચણાના વાવેતરમાં ઘટાડો જોવા મળ્યો છે. ત્યાં મસ્ટર્ડ-સરસવના વાવેતરનો વિસ્તાર રવિ મોસમના આરંભમાં આશરે એક લાખ હેકટર્સ નોંધાયો છે. દેશવ્યાપી ધોરણે રવિ મોસમમાં ખાસ કરીને વિવિધ કઠોળ તથા તેલીબિંયામાં ૬૦થી ૭૦ ટકા વાવેતરનો આધાર જમીનમાં સંગ્રહાયેલા વરસાદના પાણી પર રહેતો હોય છે .

રવિ મોસમમાં પેદાશ માટે વિકટ સ્થિતિ

આ વર્ષે ઓછા વરસાદના પગલે જમીનમાં વરસાદનું પાણી ઓછું ઉતર્યું હોવાથી કઠોળ તથા તેલિબિંયા માટે રવિ મોસમમાં પેદાશ માટે વિકટ સ્થિતિ દેખાવાની ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા.

શોરૂમની સજાવટ અને અંદરના સુથારી કામ ઉપર ઈનપુટ ટેક્સ ક્રેડિટ મંજૂર કરતા GST ટ્રિબ્યુનલના ચુકાદાની વિગતો

GSTનું Ato Z

■ હર્ષ કિશોર

સામાન્ય રીતે સ્થાવર મિલકત સાથે એટેચ થયેલ મિલકત/ સુધારા વધારાને લગતી વેરા શાખ કલમ ૧૭(૫)(c) અને (d)ની જોગવાઈઓ મુજબ નામાંજુર કરવામાં આવતી હોય છે. જો કે, તાજેતરમાં એક કેસમાં GSTAT એ શોરૂમ ફિટ-આઉટ (શોરૂમ સજાવટ) અને ઈન્ટિરિયર કાર્પેન્ટ્રી (સુથારી કામ) પર રૂ. ૧૧.૨૩ લાખના ITC (ઈનપુટ ટેક્સ ક્રેડિટ)ને મંજૂરી આપી, કારણ કે તેમાં સામેલ GST ઘટકને 'કેપિટલાઈઝ' (મૂડી ખર્ચ તરીકે નોંધણી) કરવામાં આવ્યો ન હતો.

કેસનું નામ : ઓક્સિજન ધ ડિજિટલ શોપ, વિરુદ્ધ કમિશનર ઓફ કેરળ સ્ટેટ GST, તિરુવનંતપુરમ, (GST અપીલેટ ટ્રિબ્યુનલ, કેરળ), આદેશ તારીખ : ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ અને આદેશ ક્રમાંક : ૧૨/TVP/KERALAM/૨૦૨૬ (અપીલ ક્રમાંક : APL/૧૫/TVP/૨૦૨૬)

વિગતો : અપીલકર્તા એક ભાગીદારી પેઢી છે જે ડિજિટલ ગેજેટ્સના રીટેલ વેચાણ તથા તેના સમારકામ અને જાળવણીની સેવાઓ પૂરી પાડે છે. આ પેઢી GST હેઠળ નોંધાયેલી છે. આ અપીલનો મુખ્ય મુદ્દો એ છે કે, અપીલકર્તાએ 'બ્રાઈટેક ઈન્ટિરિયર્સ એન્ડ એક્સટીરિયર્સ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા જારી કરાયેલા ઈન્વોઈસના આધારે ITCનો દાવો કર્યો હતો. આ ઈન્વોઈસમાં સેવાઓનું વર્ણન 'જોઈનરી એન્ડ કાર્પેન્ટ્રી સર્વિસીસ' (SAC કોડ ૯૯૫૪૭૬) અને 'પેઈન્ટિંગ સર્વિસીસ' તરીકે આપવામાં આવ્યું હતું.

GST સત્તાવાળાઓએ આ ITCને એવા આધારે નકારી કાઢી હતી કે GST, ૨૦૧૭ની કલમ ૧૭(૫) હેઠળ આવી સેવાઓ પર ITC લેવા પર પ્રતિબંધ છે. આ સેવાઓનો ઉપયોગ તેમના પોતાના રિટેલ શોરૂમમાં ફેરફાર કરવા અથવા શોરૂમને સુસજ્જ કરવા માટે કરવામાં આવ્યો હતો. સપ્લાયર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ શો રૂમમાં લાકડાની છાજલીઓની સ્થાપના છે, અને ઈન્ટિરિયર ડિઝાઈનિંગ સેવાઓ હેઠળ આવે છે, જે SAC ૯૯૮૩૯૧ હેઠળ વર્ગીકૃત કરી શકાય છે.

અપીલકર્તાએ વધુમાં રજૂઆત કરી હતી કે જ્યાં આંતરિક ફર્નિશિંગનું કામ હાથ ધરવામાં આવ્યું હતું, અપીલકર્તા વેલ્લાયમબલમ અને નેદુમંગડુ ખાતે સ્થિત વાણિજ્યિક જગ્યાના માલિક નથી. આ જગ્યા ફક્ત ડિજિટલ ગેજેટ્સના વેપાર માટે લીઝ/ભાડાના ધોરણે લેવામાં આવી હતી. ભાડૂત તરીકે, અપીલકર્તાએ ડિટેચેબલ લાકડાની છાજલીઓ અને માલના ટૂંકા ગાળાના પ્રદર્શન માટે જરૂરી મૂવેબલ ડિસ્પ્લે યુનિટ ઈન્સ્ટોલ કર્યા હતા. તેમણે બે શો રૂમના ભાડા કરારની નકલો સબમિટ કરી હતી, એક નેદુમંગડ શોરૂમ ખાતે અને બીજો વેલ્લાયમબલમ શોરૂમ ખાતે, જેના માટે ઈન્ટિરિયર કામ અને સુથારીકામ બ્રાઈટેક ઈન્ટિરિયર્સ એન્ડ એક્સટીરિયર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવતું હતું.



તેમણે રજૂઆત કરી હતી કે ઉપરોક્ત ઈન્વોઈસનો GST ભાગ બિલ્ડિંગ અથવા કાયમી સિવિલ સ્ટ્રક્ચર તરીકે મૂડીકરણ કરવામાં આવ્યો ન હતો, જે ડિટેચેબલ એસેટ તરીકે તેમની દલીલને વધુ મજબૂત બનાવે છે.

વેપારી દ્વારા CGST કાયદાની કલમ ૧૬(૩)ના કડક પાલનમાં આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કર ઘટક પર કોઈ અવમૂલ્યનનો દાવો કરવામાં આવ્યો ન હતો. તેઓએ મેસર્સ.માં કર્ણાટક એપેલેટ ઓથોરિટી ઓફ એડવાન્સ રુલિંગના ગુણોત્તર પર પણ આધાર રાખેલ. વીવર્ક ઈન્ડિયા મેનેજમેન્ટ (પ્રા.) લિ. (૨૦૨૦) ૧૧૬ taxmann.com ૭૩૬; (૨૦૨૦) ૫ TMI ૩૮૮ (AAAR, કર્ણાટક), જે મુજબ બુકમાં જંગમ સંપત્તિ તરીકે ગણવામાં આવતા ડિટેચેબલ ફિક્સર ઈનપુટ ટેક્સ ક્રેડિટ માટે સંપૂર્ણપણે પાત્ર છે, તે આ કેસને લાગુ પડે છે.

સરકાર પક્ષે રજૂઆત : ચારેય ઈન્વૉઈસ સપ્લાયને SAC ૯૯૫૪૭૬ હેઠળ 'જોઈનરી અને સુથારકામ સેવાઓ' તરીકે વર્ણવે છે, જેમાં એક ઈન્વૉઈસ SAC ૯૯૫૪૭૩ હેઠળ 'પેઈન્ટિંગ સેવાઓ' પણ બિલ કરે છે. આ સંપૂર્ણપણે SAC ગ્રુપ ૯૯૫૪૭, 'બિલ્ડિંગ કમ્પ્લીશન અને ફિનિશિંગ સેવાઓ'માં આવે છે. આ સ્પષ્ટ વર્ગીકરણ છે જે અપીલકર્તાના પોતાના સપ્લાયરે અપનાવ્યું, ઈન્વોઈસ કર્યું અને તેના પર કર ચૂકવવામાં આવ્યો. અપીલકર્તાની રજૂઆત કે કામને બદલે SAC ૯૯૮૩૯૧ તરીકે ગણવામાં આવે તે ઈન્વોઈસ પર ક્યાંય દેખાતું નથી અને કોઈપણ સુધારેલા ઈન્વૉઈસ દ્વારા સમર્થિત નથી, તેઓ એવી રજૂઆત પણ કરે છે કે કલમ ૧૭(૫)(c)/(d) ની સમજૂતી (Explanation)માં 'બાંધકામ' (construction) શબ્દનો વ્યાપ સ્પષ્ટપણે વધારીને તેમાં 'પુનઃબાંધકામ, નવીનીકરણ, ઉમેરા કે ફેરફારો અથવા સમારકામ - જે મૂડીકરણ (capitalization)ની હદ સુધી હોય' તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ શબ્દપ્રયોગ ખાસ કરીને એવા કામને લક્ષમાં રાખીને કરવામાં આવ્યો છે જે કોઈ માળખું અસ્તિત્વમાં આવ્યા પછી કરવામાં આવે છે. અપીલકર્તાના પોતાના સપ્લાયરે આ કામને 'બિલ્ડિંગ પૂર્ણતા અને ફિનિશિંગ સેવાઓ' (building completion and finishing services) તરીકે વર્ગીકૃત કર્યું હતું, જે વ્યાખ્યા મુજબ સિવિલ માળખાના મુખ્ય ભાગના પૂર્ણ થયા પછી જ આવે છે. મૂળ બાંધકામના સંદર્ભમાં આ કામ કયા સમયે કરવામાં આવ્યું છે, તે હકીકત તેને કલમ ૧૭(૫)ની જોગવાઈઓમાં રાહત આપતી નથી. કલમ ૧૭(૫)(c)/(d) ની સમજૂતી 'બાંધકામ' શબ્દને સ્પષ્ટપણે વિસ્તૃત કરે છે જેમાં 'પુનઃનિર્માણ, નવીનીકરણ, ઉમેરાઓ અથવા ફેરફારો અથવા સમારકામ, કેપિટલાઈઝેશનની હદ સુધી' સામેલ છે. સેવાઓ સ્થાવર મિલકતના અંતિમકરણ/ફેરફાર માટે હોવાનું દર્શાવવામાં આવે તે પછી તે કલમ ૧૭(૫) દ્વારા લાદવામાં આવેલા વાસ્તવિક વૈધાનિક બ્લોકને ઓવરરાઈડ કરી શકતી નથી.

ટેક્સ ઈન્વોઈસ હેઠળ થયેલ ફર્નિચર/સાજ-સામગ્રી (furnishing) પાછળનો ખર્ચ, કંપનીના હિસાબી ચોપડામાં 'મિલકત, પ્લાન્ટ અને સાધનો' તરીકે, 'ફર્નિચર અને ફિક્સ્ચર્સ'ના વર્ગીકરણ હેઠળ મૂડીકૃત (capitalised) કરવામાં આવ્યો છે

ટ્રિબ્યુનલનો નિર્ણય : વિગતવાર છણાવટને અંતે ટ્રિબ્યુનલે જણાવ્યું કે, અમને લાગે છે કે આ સ્પષ્ટીકરણમાં 'બાંધકામ' (construction) શબ્દમાં ઉક્ત સ્થાવર મિલકતનું પુનઃબાંધકામ, નવીનીકરણ, ઉમેરા કે ફેરફારો અથવા સમારકામનો સમાવેશ થાય છે, જે મૂડીકરણ (capitalisation)ની હદ સુધી હોય. તેથી, પ્રસ્તુત કિસ્સામાં, જો અપીલકર્તાએ તેમના હિસાબી ચોપડાઓમાં ઈન્વૉઈસના CGST અને SGSTના હિસ્સાને મૂડીકૃત (capitalise) કર્યો ન હોય, તો તેઓ સ્થાવર મિલકત - એટલે કે તેમની નોંધાયેલ વ્યવસાયિક જગ્યા (દુકાન) - માં કરેલા આવા ઉમેરાઓ અને ફેરફારો પર 'ઈનપુટ ટેક્સ ક્રેડિટ' (ITC) મેળવવા માટે પાત્ર ઠરશે.

વધુમાં, આ સંદર્ભમાં, અમને જણાયું છે કે અપીલકર્તાએ M/s. દ્વારા જારી કરાયેલું એક CA પ્રમાણપત્ર રજૂ કર્યું છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ઉપરોક્ત ચાર ઈન્વૉઈસ (બીલો)ના સંદર્ભમાં નીચે મુજબ પ્રમાણિત કરે છે :

'ઉપરોક્ત ઉલ્લેખિત રેકોર્ડ્સની અમારી તપાસના આધારે, અને અમને પૂરી પાડવામાં આવેલી માહિતી તથા સ્પષ્ટતાઓ અનુસાર, અમે આથી પ્રમાણિત કરીએ છીએ કે :

(a) ચાર ટેક્સ ઈન્વોઈસ હેઠળ થયેલ ફર્નિચર/સાજ-સામગ્રી (furnishing) પાછળનો ખર્ચ, કંપનીના હિસાબી ચોપડામાં 'મિલકત, પ્લાન્ટ અને સાધનો' તરીકે, 'ફર્નિચર અને ફિક્સ્ચર્સ'ના વર્ગીકરણ હેઠળ મૂડીકૃત (capitalised) કરવામાં આવ્યો છે, અને તેને મહેસૂલી ખર્ચ (revenue expenditure) તરીકે માંડી વાળવામાં આવ્યો નથી;

(b) ઉક્ત ઈન્વોઈસ પર વસૂલવામાં આવેલ 'ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ' (GST) ને, ઉક્ત સ્થિર મિલકતો (Fixed Assets)ની પડતર કિંમતમાં સામેલ કરવામાં આવ્યો નથી કે તેમાં ઉમેરવામાં આવ્યો નથી;

(c) CGST અને SGSTના ઘટકોનો હિસાબી ચોપડામાં 'ઈનપુટ ટેક્સ ક્રેડિટ' તરીકે અલગથી હિસાબ રાખવામાં આવ્યો છે અને GST કાયદા હેઠળ દાખલ કરવામાં આવેલા રિટર્નમાં તેનો તે મુજબ લાભ લેવામાં આવ્યો છે; અને

(d) હાલમાં અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ, ઉક્ત CGST અને SGST ઘટકો પર કોઈ ઘસારો (depreciation) દાવો કરવામાં આવ્યો નથી.

અમને જણાય છે કે ઉક્ત ઈન્વોઈસમાં રહેલો GSTનો હિસ્સો ઘસારાના દાવામાંથી બાકાત રાખવામાં આવ્યો છે અને તેટલી રકમ હિસાબી ચોપડામાં મૂડીકૃત કરવામાં આવી નથી. GSTની રકમ મૂડીકૃત કરવામાં આવી ન હોવાથી, કરની આવી રકમ કલમ ૧૭(૫)(d)ની પ્રતિબંધિત શ્રેણી હેઠળ આવતી નથી. તેથી, અમારું તારણ છે કે અપીલકર્તા ઉપર જણાવેલ ચાર ઈન્વોઈસ પર 'ઈનપુટ ટેક્સ ક્રેડિટ' મેળવવા માટે હકદાર છે, અને CGST એક્ટ, ૨૦૧૭ ની કલમ ૧૭(૫)(d) હેઠળ તેમને ઈનપુટ ટેક્સ ક્રેડિટ લેતા અટકાવવામાં આવ્યા નથી.તેથી, અમે નીચે મુજબનો આદેશ પસાર કરીએ છીએ :

JC (અપીલ્સ)નો વિવાદાસ્પદ આદેશ રદ કરવામાં આવે છે અને અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ, આનુષંગિક રાહત સાથે મંજૂર કરવામાં આવે છે.

અલ-નીનોની અસરથી રવિ વાવેતર ઘટવાના સંકેતોથી કૃષિ બજારોમાં તેજીના પડઘમ

કોમોડિટી કરંટ

■

દિવાળી પર્વ પહેલાં દેશના સરાફા બજારમાં સોના તથા ચાંદીના ભાવોમાં મોટો કડાકો થતા જ્વેલરી વર્તુળો તથા ગ્રાહકોએ પણ રાહતનો દમ ખેચ્યો છે. છેલ્લા એક માસમાં સોના વાયદામાં રૂા. ૧૮,૦૦૦/- પ્રતિ ૧૦ ગ્રામે ઘટાડો થઈને હાલમાં રૂા. ૧.૪૧ લાખ અને ચાંદી વાયદો રૂા. ૧.૮૫ લાખ પ્રતિ કિલોની આસપાસ રહ્યો છે. ભાવો તૂટતા ગ્રાહકોની અવરજવર હવે વધી રહી છે. ઝવેરી બજારમાં પણ હાલમાં ૨૦થી ૩૦ ગ્રામના દાગીનાને બદલે પથી ૧૦ ગ્રામના હળવા દાગીના રોજ પહેરી શકાય તેવા ડાયમંડ પેન્ડન્ટ, સિક્કા તથા અઢાર કેરેટના ડિઝાઈનર દાગીનાની માંગ વધી રહી છે. ચાંદી કરતા સોનાની ખરીદી ઉપર વધુ ભાર જોવા મળી રહ્યો છે.

દિવાળી સમયે બુલિયન માર્કેટ તૂટવા પાછળ ચર્ચાસ્પદ કારણો પૈકી સૌથી વધુ અમેરિકન ફેડ રિઝર્વ દ્વારા લેવાયેલ નિર્ણયો છે જેના લીધે ડોલર મજબૂત થતાં વૈશ્વિક સ્તરે રોકાણકારોનો પ્રવાહ સોનામાંથી બહાર નીકળતા બુલિયન બજારની તેજીને ફટકો પડ્યો છે. સાથે સાથે સોનું જાન્યુઆરીમાં રૂપિયા ૧.૯૩ લાખની ટોચેથી હાલમાં ૨૫ ટકા તૂટ્યા પછી પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું છે. આ સંજોગોમાં આ વર્ષે ધનતેરસ તથા દિવાળી દરમિયાન ૩૫થી ૪૦ ટન સોનાનું વેચાણ થવાનો અંદાજ છે. જે ગત વર્ષ કરતાં દશેક ટકા વધુ છે તેવી ગણત્રી છે.

વૈશ્વિક સ્તરે પણ રશિયા બજેટ ખોટ તથા લશ્કરી ખર્ચ પૂરો કરવા માટે સોનું સતત વેચી રહ્યું છે. જ્યારે ચીન દ્વારા ગોલ્ડ રિઝર્વમાં વધારો થઈ રહ્યો છે. ભારતમાં સોનાની આયાત ઘટાડવા થયેલી અપીલ સંદર્ભે સપ્ટેમ્બર-૨૦૨૬માં ૮૦ ટકાનો ઘટાડો થવાના અહેવાલો છે. ડિસેમ્બર- ૨૦૨૫થી સપ્ટેમ્બર- ૨૦૨૬ દરમિયાન રશિયા દ્વારા લગભગ ૬૨૦૦ કિલો સોનું વેચાણ કર્યું છે. હાલમાં રશિયાના કુલ બજેટ પૈકી ૩૫થી ૩૮ ટકા હિસ્સો સંરક્ષણ પાછળ ખર્ચાઈ રહ્યું છે. જ્યારે બીજી તરફ ચીન દ્વારા સોનાની સતત લેવાલી રહેતા ચીનમાં સોનાનું રિઝર્વ વધીને ૨૪૧૦ ટન ઉપરાંત પહોંચી ગયું છે. ભારતમાં પણ RBI પાસે ગોલ્ડ રિઝર્વ ૮૮૦ ટન આસપાસ હોવાના અહેવાલો છે.

દિવાળી પહેલા સોના- ચાંદી તૂટતા માંગમાં જોવાયેલો વધારો

દિવાળી બાદ દેશમાં લગ્નસરાની સીઝન શરૂ થનાર છે. દર વર્ષે ૪૦૦ ટન જેટલો સોનાનો વેપાર થાય છે. સાથે સાથે ગલ્ફ તથા રશિયા યુક્રેન જેવા દેશોમાં યુદ્ધ કઈ દિશામાં આગળ વધે તેની ઉપર પણ બુલિયન માર્કેટ આધારિત છે.

હાલમાં પ્રશાંત મહાસાગરમાં છેલ્લા ૩૦ વર્ષનો સૌથી તાકાતવર સુપર અલનીનો સક્રિય છે જેની સૌથી વધુ અસર ડિસેમ્બર- ૨૦૨૬થી માર્ચ-૨૦૨૭ સુધી રહેશે તેમ છે. આ વર્ષનું ચોમાસું છેલ્લા ત્રણ દાયકાનું સૌથી ખરાબ છે. જો કે, અલ-નીનોની અસરથી સૌથી વધુ તેજી મસાલા બજારમાં છે. મસાલાનું વાવેતર ૨૦થી ૩૦ ટકા ઘટશે અને તેજી ફરીથી ટોચના સ્તરે જશે તેવી ધારણાઓ છે. હાલમાં તમામ એગ્રી કોમોડિટીમાં ૧૦થી ૨૦ ટકા તેજી પાછળ વાવેતર ઓછું થવાની ગણત્રી અને જૂનો માલ સ્ટોક ઓછો હોવાનું મુખ્ય કારણ ચર્ચિત છે. મસાલાની મુખ્ય ચીજ જીરાનું વધુ વાવેતર કરતા રાજસ્થાનમાં આ વર્ષે ચોમાસુ માંડ પચાસ ટકા રહેતા વાવેતર ઘટવાની શક્યતાઓ છે. જેનાથી હાલમાં જીરા વાયદો ૨૬૦ રૂપિયા પ્રતિ કિલોની આસપાસ છે જે વધીને ૨૮૦થી ૩૦૦ સુધી થાય તેવી શક્યતાઓ ચર્ચાસ્પદ છે. ધાણા- વરિયાળીનું પણ વાવેતર મોડું થતા ભાવો તેજી તરફી છે. ઈસબગુલમાં નિકાસ માંગ ઓછી છતાં માલ સ્ટોક અભાવે બજારો મક્કમ. ઘઉં ઉત્પાદિત ઉત્તર ભારતમાં વાતાવરણ ગરમ રહે તો ઉત્પાદન ઘટે તો ભાવો ૩૮૦૦ સુધી ઉંચા જવાની ગણત્રી છે. રવિ દાળોનું ૬૦થી ૭૦ ટકા વાવેતર વરસાદ આધારિત હોવાથી આ વર્ષે અલ-નીનોને કારણ ઉત્પાદન તૂટે તો બજારો તેજી તરફી રહે તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

સેન્સેક્સ અને નિફ્ટી ફ્યુચરમાં ઉપરમાં ૭૪૮૫૦ અને ૨૩૧૮૨ મહત્ત્વની સપાટીઓ

(ક્લોઝીંગ તા.૩૦-૧૦-૨૦૨૬)

બીએસઈ ઈન્ડેક્સ (૭૪૪૫૯.૫૩) ૭૧૨૯૨.૮૮નાં બોટમથી સુધારા તરફી છે ઉપરમાં ૭૪૭૪૨ ઉપર ૭૪૮૫૦, ૭૫૧૮૫ મહત્ત્વની સપાટી ગણાય. નીચામાં ૭૩૫૬૭ નીચે ૭૨૮૭૭ ક્લોઝીંગ સપોર્ટ ગણાય. સોમવારની વધઘટ ધ્યાનમાં રાખવી.

બેંક નિફ્ટી ફ્યુચર (૫૪૮૨૩.૪૦) ૫૬૧૮૬નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૫૬૧૮૬ ઉપર સુધારા તરફી ગણાય. નીચામાં

ચાર્ટ સંકેત

■ અશોક ત્રિવેદી

૫૩૮૧૦ નીચે ૫૨૫૯૦, ૫૧૩૭૦, ૫૦૫૦૦ સુધીની શક્યતા.

નિફ્ટી ફ્યુચર (૨૩૦૯૮.૯૦)૨૨૨૬૨.૯૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૩૧૮૨ ઉપર ૨૩૩૮૦ મહત્ત્વની સપાટી ગણાય. નીચામાં ૨૨૮૫૦ નીચે ૨૨૫૬૬ ક્લોઝીંગ સપોર્ટ.

ભારત ડાયનેમીક (૯૭૪.૦૦) ૧૪૮૧.૨૦નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૧૦૧૩ ઉપર ૧૦૩૫ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૯૭૪ નીચે ૯૫૮, ૮૮૩, ૮૦૭ સુધીની શક્યતા.

એચસીએલ ટેકનો (૧૪૨૮.૧૦) ૧૧૬૨.૩૬નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૪૫૨ ઉપર ૧૪૬૮ કુદાવે તો ૧૪૯૩, ૧૫૩૭ સુધીની શક્યતા.



નીચામાં ૧૪૦૬ નીચે ૧૩૮૦, ૧૩૬૪ સપોર્ટ ગણાય.

મઝગાંવ ડોક (૧૭૦૫.૩૦) ૨૮૦૪.૬૬નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૧૮૦૪ ઉપર ૧૮૬૪ પ્રતિકાર સપાટી ગણાય.નીચામાં ૧૬૮૭ નીચે ૧૫૯૬, ૧૫૦૭, ૧૪૧૮ સુધીની શક્યતા.

ટીસીએસ (૨૫૦૨.૬૦) ૨૦૨૧.૬૩નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૫૨૭ ઉપર ૨૬૨૫ કુદાવે તો ૨૬૯૪, ૨૬૭૫ સુધીની શકયતા. નીચામાં ૨૪૮૦, ૨૪૩૬, ૨૪૦૮ સપોર્ટ ગણાય.

સુઝલોન (૩૩.૯૦) ૬૦.૪૫નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૩૮ પ્રતિકાર સપાટી ગણાય. નીચામાં ૩૩ નીચે ૩૨.૩૫ ૨૯, ૨૬, ૨૩ સુધીની શક્યતા.

રિલાયન્સ (૧૧૬૪.૯૦) ૧૨૩૪.૩૦નાં ટોપથી નરમાઈ તરફી છે. ઉપરમાં ૧૧૭૭ ઉપર ૧૧૮૩, ૧૨૦૮ મહત્ત્વની સપાટી ગણાય. નીચામાં ૧૧૫૨ નીચે ૧૧૦૫ મહત્ત્વની સપાટી ગણાય.

વટ વચન ને માનમોભાનો જમાનો શું હતો! ત્યારે માથાથી વધારે પાઘડી વટમાં હતી.
-ખલીલ ધનતેજવી

સૂકો મેવો મોંઘો થતાં ચોકલેટ્સની માંગ સરખામણીએ ઉંચી જવાની શક્યતા

ઊભી બજારે

■ દિલીપ શાહ

દેશમાં નવરાત્રી તથા દશેરાના તહેવારો પછી હવે વિવિધ બજારોની નજર ટૂંકમાં આવનારા દિવાળીના તહેવારો પર રહી છે દિવાળીના તહેવારોમાં અગાઉ વિવિધ મીઠાઈઓની માગ વધુ રહેતી હતી પરંતુ તાજેતરના વર્ષોમાં દિવાળીના તહેવારોમાં મીઠાઈની માગની સરખામણીએ સૂકામેવાની માગ તથા ચોકલેટોની માગ વધતી જોવા હોવાનું આ ક્ષેત્રના જાણકારોએ જણાવ્યું હતું. કોરોના પછીના વર્ષોમાં લોકોની આરોગ્ય પ્રત્યે સભાનતા વધી છે તથા તહેવારોમાં આના પગલે માગ વિષયક સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. આ વર્ષે ઈરાન યુદ્ધના પગલે વિવિધ સૂકામેવાના ભાવ ઉંચા ગયા છે. ચોકલેટના ઉત્પાદનમાં મુખ્યત્વે કાચા માલ તરીકે કોકોનો વપરાશ થતો હોય છે તથા ચોકલેટના બજાર ભાવ પર કોકોના ભાવની વધઘટની અસર પડતી હોય છે. વિશ્વ બજારમાં તાજેતરમાં કોકોના ભાવ ઘટી નીચામાં ત્રણ સપ્તાહના તળિયે ઉતર્યા પછી ફરી ઉંચકાયાના સમાચાર મળ્યા હતા. બ્રાઝીલમાં રાજકીય સમીકરણો બદલાતાં તાજેતરમાં બ્રાઝીલની કરન્સીના ભાવ તૂટી જતાં તેના પગલે કોકોના ભાવ પર નેગેટીવ ઈમ્પેક્ટ જોવા મળી હતી. જો કે ઈકવેડોર તથા વેસ્ટ આફ્રિકન દેશોમાં કોકોનું જેટલું ઉત્પાદન થાય છે તેની સરખામણીએ બ્રાઝીલમાં કોકોનું ઉત્પાદન ઓછું થાય છે, એવું વિશ્વબજારના જાણકારો જણાવી રહ્યા હતા. કોકોના વૈશ્વિક કુલ ઉત્પાદનમાં બ્રાઝીલનો હિસ્સો માત્ર ૪થી ૫ ટકાનો મનાય છે. કોકો ઉત્પાદક વિવિધ દેશોમાં બ્રાઝીલનો નંબર સાતમો આવે છે.

દરમિયાન, કોકોના અગ્રણી ઉત્પાદક દેશ આઈવરી કોસ્ટમાં તાજેતરમાં કોકોના ખેડૂતો દ્વારા બંદર તરફ કોકોની વિકલી રવાનગી ૮૨ હજાર ટનથી ઘટી ૪૪થી ૪૫ હજાર ટન આસપાસ નોંધાયાના વાવડ મળ્યા હતા. ત્યાં ઓક્ટોબરમાં કોકોની બંદરે આવકમાં ગયા વર્ષ કરતાં આશરે ૪૦થી ૪૫ ટકાનો ઘટાડો જોવા

કોકોના ભાવ વધતાં અમેરિકામાં ચોકલેટના ભાવ વધ્યા: સ્વીસ ચોકલેટોની બજારમાં તેજી

મળ્યો છે. જોકે આઈસીઈ (ઈન્ટરસ્કોન્ટીનેન્ટલ એક્સચેન્જ)ખાતે કોકોનો સ્ટોક તાજેતરમાં વધી અઢી વર્ષની ટોચે ૩૬ લાખ ૮૪થી ૮૫ હજાર ગુણી સુધી પહોંચ્યો હતો. નાઈજીરીયાથી કોકોની નિકાસ સપ્ટેમ્બરમાં ૩૨થી ૩૩ ટકા વધી હોવાના સમાચાર પણ મળ્યા હતા. દરમિયાન, નોર્થ અમેરિકામાં માગ વધતાં કોકોની ગ્રાન્ડીંગ ૨૫થી ૩૦ ટકા વધ્યાના વાવડ પણ મળ્યા હતા. યુરોપના દેશોમાં પણ કોકોની ગ્રાન્ડીંગ વધી હોવાના સમાચાર મળ્યા હતા. કોકોના પાક તથા ઉત્પાદન પર અલનીનોની અસર દેખાતી થઈ છે. ઘાનામાં કોકોનું ઉત્પાદન આશરે ૧૩ ટકા ઘટી ૬ લાખ ૫૦ હજાર ટન થવાનો અંદાજ જાણકારો બતાવી રહ્યા હતા. અમુક વર્ગ દ્વારા આ પૂર્વે આ આંકડો સરેરાશ પાંચ લાખ ટનનો પણ બતાવાયો હતો! ૨૦૨૬-૨૭ના નબળા પાકના અંદાજ સામે ૨૦૨૫-૨૬ની તાજેતરમાં પુરી થયેલી મોસમમાં જો કે ઘાનામાં કોકોનું ઉત્પાદન ૨૪થી ૨૫ ટકા વધ્યાના સમાચાર પણ તાજેતરમાં આવ્યા હતા. અમેરિકામાં આ વર્ષે ચોકલેટના ભાવ ૧૫થી ૧૬ ટકા વધ્યા છે. સ્વીસ ચોકલેટોના ભાવ પણ ઉંચા ગયા છે. દરમિયાન, ભારતમાં તાજેતરમાં ખાસ કરીને મોટા શહેરોમાં ડાર્ક ચોકલેટોની માગમાં ખાસ્સી વૃદ્ધી થયાના સમાચાર મળ્યા હતા તથા આવી માગ આ વર્ષે ૪૦થી ૪૫ ટકા વધી છે. જોકે નાના નગરો તથા ગ્રામીણ વિસ્તારોમાં હજી પણ નોર્મલ ચોકલેટો વધુ ખવાય છે તથા આવા વિસ્તારોમાં ડાર્ક ચોકલેટોની માગ નોંધપાત્ર ઓછી જોવા મળે છે. ડાર્ક ચોકલેટોના ઉત્પાદનમાં કોકોનું પ્રમાણ વિશેષ હોય છે. ભારતમાં ચોકલેટોની બજારનું કુલ કદ આશરે ૧૫ હજાર કરોડનું મનાય છે. ભારતમાં માથાદીઠ વાર્ષિક ૨૦૦ ગ્રામ ચોકલેટ સરેરાશ ખવાય છે જ્યારે બ્રિટનમાં આ આંકડો વાર્ષિક ૧૦ કિલોનો રહ્યો છે.

નિયમનકારી સત્તામંડળમાં ઈલેક્ટ્રિસિટી, ગેસ, મોબાઈલ વિગેરેમાં ઉપભોક્તાઓની સતર્કતા જરૂરી

લોકાભિમુખ માર્ગદર્શન

■ - એચ.એસ. પટેલ IAS (નિ.)

Regulatory Authority – નિયમનકારી સતામંડળનો અભિગમ મોટાભાગે ગ્રાહકોને સેવા પુરી પાડતી સંસ્થાઓ (Utilities) સક્ષમ સ્વરૂપે અને વિશ્વસનીયતાથી સેવાઓ પુરી પાડવામાં આવે તે માટેનો છે. આર્થિક ઉદારીકરણ, વૈશ્વીકરણ, ખાનગીકરણ(Economic Liberalisation)ના યુગમાં Regulatory Regime લાવવાનો આશય સરકારનો નિયંત્રણમાંથી સ્વતંત્ર સ્વરૂપે નિર્ણય લેવા માટેની સ્વાયતતા - આદર્શ દાખલો લેવો હોયતો દેશના ઈલેક્ટ્રીસીટી બોર્ડ મોટા પાયે ખોટ કરતા અને તેને કારણે વીજ ઉત્પાદન કે વીજ પુરવઠો અપેક્ષિત સ્વરૂપે પુરો પાડી શકાતો ન હતો. બીજું કે વીજદર નક્કી કરવાનું Mechanism (Determination of Tariff) પારદર્શક ન હતું બલ્કે રાજ્ય સરકારની મંજુરી સિવાય વીજદરમાં વધારો કરી શકતો ન હતો અને મોટા ભાગે Cost to serve નો અભિગમ અથવા તો વીજળી મફતમાં આપવામાં આવે તો તેના સાપેક્ષમાં બોર્ડને રાજ્ય સરકારે સબસીડી સમયસર આપવી જોઈએ અથવા ન આપવાના અભિગમને કારણે દેશના વિદ્યુત બોર્ડ મોટા પાયે ખોટ કરતા ૧૯૧૦ના ઈલેક્ટ્રીસીટી એક્ટમાં ૩% નફો કરવા માટેનું ધોરણ હતું પરંતુ વિદ્યુત બોર્ડના કાર્યક્ષમ વહિવટના અભાવે અને રાજકીય ઈચ્છાશક્તિના અભાવે વિદ્યુત બોર્ડની ખોટમાં દિનપ્રતિદિન વધારો થતો ગયો સાથોસાથ Transmission and Distribution Loss પણ વધારે હોવાથી બોર્ડની આર્થિક સ્થિતિ નબળી હોવાની સાથોસાથ ગુણનાત્મક વિજપુરવઠો પુરો પાડી શકાતો ન હતો, ગુજરાત સિવાયના અમુક રાજ્યોમાં તો વર્ષો સુધી ગામોનું વીજળીકરણ પણ થયેલ ન હતું સમગ્ર દેશ માટે વીજળી ક્ષેત્રમહત્વનું અને અગત્યની યુટીલીટી હોવાને કારણે દ્રષ્ટાંત સ્વરૂપે ઉલ્લેખ કરવામાં આવે છે.

ભારત સરકાર દ્વારા વિદ્યુત બોર્ડોની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતાં સૌ-પ્રથમ ૧૯૯૮માં દરેક રાજ્યોમાં Electricity Regulatory Commission (GERC) વિદ્યુત નિયમનકારી નિયંત્રકની રચના કરવાનો

પ્રવર્તમાન સમયમાં Water Regulatory Commission કાર્યરત કરવાની જરૂરિયાત

કાયદો ઘડવામાં આવેલ અને તે અનુસાર ગુજરાત જેવા રાજ્યમાં અગ્રતાના ધોરણો રચના કરવામાં આવેલ, આ કરવાનો મુળભુત ઉદેશ વીજદર નક્કી કરવાનું કામ Regulatory Commission ને સ્વતંત્રપણે આપવામાં આવ્યું અને બિનરાજકીય ધોરણે દર નક્કી કરવામાં આવે તે મુળભુત આશય છે. સાથોસાથ કમિશનમાં જે અધ્યક્ષ અને સભ્યોની નિમણુક કરવામાં આવે તેમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસના પરામર્શથી કરવાની છે જેથી યોગ્ય સ્વરૂપે પ્રોફેશનલ્સની નિમણુક થાય. બીજું કે દરેક વીજ વીતરણ કંપનીઓએ અને વીજ ઉત્પાદન, વીજ પ્રવહન કંપનીઓએ તેમની વાર્ષિક Revenue Requirement સાથે દર વર્ષે ટેરીફ પીટીશન રેગ્યુલેટરી કમિશન સમક્ષ કરવાની હોય છે. જેમાં વીજ કંપનીઓની કાર્યક્ષમતા અને વાર્ષિક વીજલોસ (AT&C) કેટલો ઘટાડો કરવામાં આવશે અને O&Mમાં કેટલો ખર્ચ અને કાર્યક્ષમતાના ધોરણો (Performance Parameter) સાથે અરજી કર્યા બાદ કમિશન જાહેર નોટીસ આપી જાહેર જનતાને જે વાંધાસુચનો હોય તે રજુ કરવાની તક આપવામાં આવે છે અને વીજ ગ્રાહકો અને ગ્રાહક સબંધી સંસ્થાઓને પણ સાંભળવાની તક આપવામાં આવે છે. આમ વીજ કંપની દરખાસ્ત અન્વયે વીજદર જે નક્કી કરવામાં આવે છે તેમાં પારદર્શક સ્વરૂપે ગ્રાહકો જેટલી જાગૃતતા દાખવે તેટલી વીજદર નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવી શકે છે. ૨૦૦૩ના વીજ કાયદા મુજબ દરેક ગ્રાહકોને Reliable and Uninterrupted Power with Competitive rate આપવાની જોગવાઈ છે. ગુજરાતના વીજક્ષેત્રમાં અન્ય રાજ્યોની સરખામણીએ ગામડામાં જ્યોતિગ્રામના માધ્યમથી 24x7 કલાક વીજપુરવઠો પુરો પાડવામાં આવે છે અને ગુજરાતનું વીજક્ષેત્ર કંપનીકરણ થયા બાદ ખોટ કરતું નથી. અમો જ્યારે વીજ વીતરણ કંપનીના (UGVCL/DGVCL) મેનેજીંગ ડીરેક્ટર હતા ત્યારે સમગ્ર દેશમાં A+ વીજવીતરણ કંપની તરીકે ઉર્જા મંત્રાલયના એવોર્ડ મળ્યા છે. જાણકારી મુજબ મોટાભાગે દર વર્ષે ગુજરાતની વીજકંપનીઓ દેશની અન્ય વીજકંપનીઓ કરતાં અગ્રેસર રહે છે. જે ધોરણ Sustainability સ્વરૂપે જાળવવું જરૂરી છે.



વિદ્યુતક્ષેત્રનું Regulatory Mechanism તરીકે દ્રષ્ટાંત એટલા માટે આપવામાં આવ્યું કે સમગ્ર દેશમાં મહતમ વસ્તીને અને સામાજીક અને આર્થિક દ્રષ્ટિએ સ્પર્શતી બાબત છે. આજ રીતે મોટાભાગની વસ્તીને સ્પર્શતા બે ક્ષેત્રો છે, જેમાં Telecom Regulatory Authority and GAS Regulatory Authority છે. એક જમાનામાં ટેલીફોનની સેવાઓ લેવી તે ગૌરવપ્રદ અને Status Symbol ગણાતું અને તે માટે P&T કે BSNL Monopoly વિભાગ ગણાતો Communication ક્ષેત્રમાં Satellite માધ્યમથી ક્રાંન્તિ આવતાં Mobile Communication / Optic Fiber ને કારણે મોબાઈલ અને ઈન્ટરનેટના માધ્યમથી સંદેશા વ્યવહારમાં / Digitalization માં ક્રાંતિ આવી છે. પરંતુ Mobile Operatorsbtk SpectrumIt Modeથી અધિકારો મેળવવામાં બિનતંદુરસ્ત હરિફાઈને કારણે Mobile સેવામાં ઘણીવાર વિક્ષેપો આવે છે, જેના કારણમાં Mobile Operators દ્વારા જે સ્વરૂપે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું જોઈએ તે થતું નથી. Telecom Regulatory Authority Grievance Redressal Mechanism કે Determination of Tariff માં જેટલી પારદર્શકતા હોવી જોઈએ તેટલી નથી અને તેના કારણે ગ્રાહકોને મોબાઈલ કે ઈન્ટરનેટ સેવા જે Dedicated સ્વરૂપે મળવી જોઈએ તે મળતી નથી. ભારત સરકારે Digitizationlu Mission Modeથી લેવામાં આવેલ છે ત્યારે તમામ Stake Holdersને દેશના દરેક ભાગમાં કાર્યક્ષમ રીતે Network / Connectivity મળે તે માટે કામગીરી કરવી જરૂરી છે અને તે માટે સરકારી તંત્ર સાથે ગ્રાહકોની પણ એટલી જાગૃતતા જરૂરી છે.

ગુજરાત સિવાયના અમુક રાજ્યોમાં તો વર્ષો સુધી ગામોનું વીજળીકરણ પણ થયેલ ન હતું

વીજળી, ટેલીફોન બાદ જો વધુમાં વધુ વસ્તીનું Coverage હોય તો તે ગેસનું છે જેમાં Domestic Gas / Vehicle / Commercial Gasનો સમાવેશ થાય છે, આ ક્ષેત્રને નિયમન કરવા માટે એક જમાનામાં GAIL– Gas Authority of India Ltd હતું અને આજે પણ છે. પરંતુ હવે જે Private Players ને પણ જ્યારે સ્થાન આપવામાં આવ્યું છે. ત્યારે ગ્રાહકોને વ્યાજબી ભાવે (Domestic Subsidy) મળે તે અગત્યનું છે. આ બધી Utility સાથે સૌથી અગત્યની આવશ્યક સેવા હોય તો પીવાનું પાણી છે. જે રાજ્યની જવાબદારીમાં આવે છે. ખરેખર તો ૨૧મી સદીમાં Water is giving to Scarce Commodity હાલ જેમ વીજક્ષેત્રમાં યોગ્ય વીજદર ન હોવાને કારણે જે સ્થિતિ સર્જાયેલ તે પાણીમાં પણ મોટાભાગે મ્યુનિસીપાલીટીઓ / કોર્પોરેશનના ગ્રામપંચાયતો જે પાણી પુરવઠો પુરો પાડે છે તે કોઈપણ Utility માટે સેવાનું ક્ષેત્ર ગણવામાં આવે છે, પરંતુ Cost to serve (પડતર કિંમત)ના સિધ્ધાંત અનુસાર પાણીના દર પણ વસુલ કરવા જોઈએ. ભારત સરકારે Water Regulatory Commission - પીવાના પાણી સાથે અન્ય ઉપયોગ માટે પણ કમિશન રચવા જણાવેલ છે. પરંતુ રાજકીય ઈચ્છા શક્તિના અભાવે કાર્યરત નથી. તમામ Utilityની સેવાઓ ગ્રાહકો / ઉપભોક્તા તરીકેની સક્રિયતા ઉપર નિર્ભર છે.

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

છેલ્લે ૨૦૨૪માં રમાયેલી સઈદ મોદી ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓએ મેન્સ-વિમેન્સ સિંગલ્સ ટાઈટલ જીત્યા હતા

હાયલો ઓપનમાં ભારતના ડબલ ટાઈટલ : સિંધુ અને લક્ષ્ય ચેમ્પિયન

ઝારબ્રુકેન(જર્મની), તા.૧

ભારતની ટોચની મહિલા બેડમિંટન ખેલાડી પી.વી. સિંધુ અને લક્ષ્ય સેને જર્મનીના ઝારબ્રુકેનમાં રમાયેલી હાયલો ઓપન સુપર ૫૦૦ બેડમિંટન ટુર્નામેન્ટમાં અનુક્રમે મહિલા અને પુરુષ સિંગલ્સ ટાઈટલ જીતીને ઈતિહાસ રચી દીધો હતો. છેલ્લે ભારતીય ખેલાડીઓએ પુરુષ અને મહિલા સિંગલ્સ ટાઈટલ એક જ ટુર્નામેન્ટમાં જીત્યા હોય તેવી ઘટના ૨૦૨૪ની સઈદ મોદી ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટમાં બની હતી. ત્યારે પણ સિંધુએ મહિલા સિંગલ્સ અને લક્ષ્યે પુરુષ સિંગલ્સ ટાઈટલ જીત્યું હતુ. સેકન્ડ સીડ ધરાવતી ભારતની મહિલા ખેલાડી પી.વી. સિંધુએ ફાઈનલમાં ડેનમાર્કની કજર્સફેલ્ટને સીધી ગેમ્સમાં ૨૧-૧૨, ૨૧-૧૪થી મહાત આપી હતી. ભારતીય ખેલાડીએ મેચમાં ધીમી શરૂઆત બાદ તેની ૮મો સીડ ધરાવતી હરિફને એક પણ તક આપી નહતી અને ૩૯ મિનિટના મુકાબલાના અંતે જીત હાંસલ કરી હતી. સિંધુએ આ સાથે સિઝનની ત્રીજી ફાઈનલ રમતાં બીજી ટુર્નામેન્ટ જીતી લીધી હતી. તે અગાઉ જાપાન ઓપનમાં ચેમ્પિયન બની હતી. જ્યારે ફ્રેન્ચ ઓપનમાં તેને રનરઅપ રહીને સંતોષ માનવો પડ્યો હતો. રસપ્રદ રેકોર્ડ એ પણ છે કે હાયલો





ઓપન બેડમિંટન ટુર્નામેન્ટના ઈતિહાસમાં પહેલીવાર ભારતની મહિલા ખેલાડી ચેમ્પિયનની બની હતી. હાયલો ઓપનમાં ૨૦૧૬ પછી પહેલીવાર કોઈ એક જ દેશના ખેલાડીઓએ પુરુષ અને મહિલા સિંગલ્સના ખિતાબ જીત્યા હતા. છેલ્લે આવી સિદ્ધિ ચીનના ખેલાડીઓએ મેળવી હતી. ટુર્નામેન્ટમાં સાતમા ક્રમાંકિત ખેલાડી તરીકે રમી રહેલા લક્ષ્ય સેને ફાઈનલમાં ૨૧-૧૭, ૨૧-૧૦થી ચોથો સીડ ધરાવતા ઈન્ડોનેશિયાના જોનાટન ક્રિસ્ટીને પરાજીત કર્યો હતો. આ મુકાબલો ૩૯ મિનિટ ચાલ્યો હતો. પ્રથમ ગેમમાં બંને ખેલાડીઓએ શરૂઆતમાં બરોબરીની રમત દર્શાવી હતી. જોકે લક્ષ્યે ધીરે ધીરે આગવી લય હાંસલ કરી લીધી હતી અને ૯-૯થી બરોબરી મેળવ્યા બાદ પાછું વળીને જોયું નહતુ. બીજી ગેમમાં લક્ષ્યની આક્રમકતા સામે ક્રિસ્ટી લાચાર જોવા મળ્યો હતો અને ભારતીય ખેલાડીએ ૪-૦થી લીડ મેળવી લીધી હતી. આખરે બીજી ગેમમાં લક્ષ્ય ૨૧-૧૦થી વિજેતા બન્યો હતો. નોંધપાત્ર છે કે, લક્ષ્ય સેન હાયલો ઓપનમાં બીજી વખત ચેમ્પિયન બન્યો છે. અગાઉ તેણે ૨૦૧૯માં રમાયેલી ટુર્નામેન્ટમાં મેન્સ સિંગલ્સ ટાઈટલ જીત્યું હતુ. હાયલો ઓપનમાં અગાઉ ૨૦૦૮માં ભારતના ચેતન આનંદ અને ૨૦૧૮માં શુભાંકર ડે પણ ચેમ્પિયન રહી ચૂક્યા છે.

સિંધુએ ડેનમાર્કની કજર્સફેલ્ટને ૨૧-૧૨, ૨૧-૧૪થી હરાવી સિઝનની બીજી ટ્રોફી મેળવી : લક્ષ્ય સેનનો ઈન્ડોનેશિયાના જોનાટન ક્રિસ્ટી સામે ૨૧-૧૭, ૨૧-૧૦થી વિજય

પ્લેયર ઓફ ધ મેચ મિલ્નેની ૧૯ રનમાં ૪ વિકેટ : સેઈફેર્ટના ૫૦ બોલમાં ૯૩

ન્યુઝીલેન્ડનો પાંચમી ટી-૨૦માં સાત વિકેટથી આસાન વિજય :ભારતે ૩-૨થી શ્રેણી જીતી

ભારતના ૧૯૧/૮ સામે ન્યુઝીલેન્ડના ૧૮ ઓવરમાં ૧૯૫/૩, કિશન (૬૧) અને શ્રેયસ (૫૦)ની અડધી સદી ટીમને જીતાડી ન શકી

હેમિલ્ટન, તા.૧

પ્લેયર ઓફ ધ મેચ મિલ્નેની ૧૯ રનમાં ચાર વિકેટ બાદ સેઈફેર્ટના ૫૦ બોલમાં ૯૩ અને ફિલિપ્સના ૩૮ બોલમાં ૬૫* ને સહારે ન્યુઝીલેન્ડે પાંચમી અને આખરી ટી-૨૦માં બે ઓવર બાકી હતી, ત્યારે ભારતને સાત વિકેટથી પરાજય આપ્યો હતો. જીતવા માટેના ૧૯૨ના ટાર્ગેટને ન્યુઝીલેન્ડે ૧૮ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવી પાર પાડ્યો હતો. ભારતે શરૂઆતની ત્રણ ટી-૨૦ની સાથે શ્રેણી જીતી લીધી હતી. જોકે ન્યુઝીલેન્ડે આખરી બે મેચમાં લડાયક વિજય મેળવ્યા હતા અને ભારતે ૩-૨થી શ્રેણી જીતી હતી. ફિલિપ્સને શ્રેણીમાં કુલ ૩૪૧ રન ફટકારવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.



કિશન-ઐયરની ૯૩ રનની ભાગીદારી

ભારતનો સળંગ ચાર ટોસ જીતવાના સિલસિલો અટક્યો હતો અને પાંચમી ટી-૨૦માં ન્યુઝીલેન્ડના કેપ્ટન સાન્ટનરે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. મિલ્નેએ અભિષેક (૧) અને સેમસન (૪)ને ૧૯ના સ્કોર પર પેવેલિયન ભેગા કર્યા હતા. કિશને પાંચ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે ૩૨ બોલમાં ૬૧ રન ફટકારતા કેપ્ટન શ્રેયસ સાથે ૪૩ બોલમાં ૯૩ રન જોડ્યા હતા. શ્રેયસે ફોર્મ બતાવતા ૪ છગ્ગા અને ત્રણ ચોગ્ગા સાથે ૨૩ બોલમાં ૫૦ રન કર્યા હતા.

ધીર અને નિતિશનો સંઘર્ષ

ભારતનો સ્કોર ૧૧મી ઓવરમાં ૧૧૨/૨ હતો, ત્યારે ટિક્નેરે કિશનને અને તે પછી નેથન સ્મિથે તેની બે ઓવર દરમિયાન ઐયર અને તિલક (૬)ની વિકેટ ઝડપતાં ભારત ૧૩૩/૫ પર ફસડાયું હતુ. ધીર (૩૩) અને નિતિશે (૨૨) સંઘર્ષ કરતાં ૪૬ રન જોડ્યા હતા અને સ્થિતિ સુધારવાનો પ્રયાસ કર્યો હતો. ટિક્નેરે ધીરને આઉટ કર્યો હતો. મિલ્નેએ નિતિશ બાદ ભુવનેશ્વરની વિકેટ ઝડપતાં કુલ ૪ વિકેટ ૧૯ રનમાં મેળવી હતી. ટિકનેર-નેથન સ્મિથની ૨-૨ વિકેટ હતી.

સેઈફેર્ટ અને ફિલિપ્સની આક્રમક અડધી સદી

જવાબમાં અર્ષદીપે ઓપનર એલન (૨)ને સસ્તામાં આઉટ કર્યો હતો, પણ સેઈફેર્ટે ૫૦ બોલમાં ૧૧ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે ૯૩ રનની ઈનિંગ રમતાં જીત આસાન બનાવી હતી. તેણે મિચેલ (૨૯) સાથે ૪૨ બોલમાં ૭૩ અને ફિલિપ્સ સાથે ૪૨ બોલમાં ૮૬ રનની ભાગીદારી કરી હતી. ફિલિપ્સે ૮ ચોગ્ગા અને ત્રણ છગ્ગા સાથે ૩૮ બોલમાં અણનમ ૬૫ રન ફટકાર્યા હતા. સેઈફેર્ટ ૯૩ રને નિતિશની બોલિંગમાં આઉટ થયો, ત્યારે તેઓ જીતથી ૨૪ રન જ દુર હતા. ફિલિપ્સ અને જેકોબ્સે (૧*) ઔપચારિકતા પૂર્ણ કરી હતી.

ભારત

	રન	બોલ	૪	૬
સેમસન કો.બ્રેસવેલ બો.મિલ્ને	૪	૧૦	૦	૦
અભિષેક શર્મા કો.મિચેલ બો.મિલ્ને	૧	૨	૦	૦
કિશન કો.સ્મિથ બો.ટિક્નેર	૬૧	૩૨	૫	૫
શ્રેયસ કો.સેઈફેર્ટ બો.સ્મિથ	૫૦	૨૩	૩	૪
તિલક કો.એન્ડ બો.સ્મિથ	૬	૮	૦	૦
ધીર કો.બ્રેસવેલ બો.ટિક્નેર	૩૩	૨૩	૪	૧
નિતિશ કો.ફિલિપ્સ બો.મિલ્ને	૨૨	૧૭	૨	૧
બી.કુમાર કો.મિચેલ બો.મિલ્ને	૬	૪	૧	૦
પ્રિન્સ અણનમ	૦	૧	૦	૦
અર્ષદીપ અણનમ	૧	૧	૦	૦
વધારાના (લેગબાય ૧, વાઈડ ૪, બાય ૧, નોબોલ ૧)	૭			
કુલ (૨૦ ઓવરમાં આઠ વિકેટે)	૧૯૧			

વિકેટનો ક્રમ : ૧-૨ (અભિષેક ૧.૧), ૨-૧૯ (સેમસન ૩.૧), ૩-૧૧૨ (કિશન ૧૦.૨), ૪-૧૨૩ (શ્રેયસ ૧૧.૩), ૫-૧૩૩ (તિલક વર્મા ૧૩.૪), ૬-૧૭૯ (ધીર ૧૮.૪), ૭-૧૮૫ (નિતિશ રેડ્ડી ૧૯.૨), ૮-૧૯૦ (બી.કુમાર ૧૯.૫). **બોલિંગ :** ડફી ૩-૦-૨૭-૦, મિલ્ને ૪-૦-૧૯-૪, નેથન સ્મિથ ૩-૦-૨૮-૨, ટિક્નેર ૪-૦-૩૮-૨, સાન્ટનર ૪-૦-૩૯-૦, બ્રેસવેલ ૨-૦-૩૮-૦.

ન્યુઝીલેન્ડ

	રન	બોલ	૪	૬
સેઈફેર્ટ બો.નિતિશ	૯૩	૫૦	૧૧	૫
એલન કો.કિશન બો.અર્ષદીપ	૨	૩	૦	૦
મિચેલ કો.અભિષેક બો.વરુણ	૨૯	૧૬	૦	૪
ફિલિપ્સ અણનમ	૬૫	૩૮	૮	૩
જેકોબ્સ અણનમ	૧	૧	૦	૦
વધારાના (લેગબાય ૨, વાઈડ ૩)	૫			
કુલ (૧૮ ઓવરમાં ત્રણ વિકેટે)	૧૯૫			

વિકેટનો ક્રમ: ૧-૯ (એલન ૧.૩), ૨-૮૨ (મિચેલ ૮.૩), ૩-૧૬૯ (સેઈફેર્ટ ૧૫.૩). **બોલિંગ:** બી.કુમાર ૪-૦-૪૧-૦, અર્ષદીપ ૪-૦-૪૦-૧, પ્રિન્સ યાદવ ૩-૦-૩૫-૦, વરૂણ ચક્રવર્થી ૪-૦-૪૫-૧, નિતિશ રેડ્ડી ૨-૦-૧૯-૧, અભિષેક શર્મા ૧-૦-૧૩-૦.

મારું કામ બધાને ખુશ કરવાનું નથી : ગંભીર

વૈભવ સૂર્યવંશીને ફરી ઈલેવનમાં ન સમાવવાના નિર્ણયથી આશ્ચર્ય

ભારતીય ટીમ મેનેજમેન્ટે ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીની પાંચમી અને આખરી તેમજ ઔપચારિક ટી-૨૦માં પણ વૈભવ સૂર્યવંશીને ઈલેવનમાં ન સમાવતા ભારે આશ્ચર્ય ફેલાયું હતુ. ભારતે પાંચ ટી-૨૦ની શ્રેણીમાં કિશન અનફિટ થતાં વૈભવને બીજી અને ત્રીજી ટી-૨૦માં તક આપવામાં આવી હતી, જેમાં તેણે અનુક્રમે ૪ અને ૪૫ (૧૯ બોલમાં) રન નોંધાવ્યા હતા. કિશન ફિટ થઈ જતાં ભારતીય ટીમ મેનેજમેન્ટે આખરી બે ટી-૨૦ ઔપચારિક હોવા છતાં વૈભવને તક આપી નહતી. જેની સામે સોશિયલ મીડિયામાં ચાહકોએ ભારે નારાજગી ઠાલવી હતી. જોકે હેડ કોચ ગંભીરે કહ્યું હતુ કે, મારું કામ બધાને ખુશ કરવાનું નથી, પણ યોગ્ય નિર્ણય લેવાનું છે. જે ખેલાડીઓએ લાંબા સમયથી સારો દેખાવ કર્યો છે, તેમને પહેલા તક મળવી જોઈએ અને વૈભવે તેની તક માટે રાહ જોવી પડશે.



ભારત સળંગ બે મેચ હાર્યું, ૧૭ વર્ષ બાદ રેકોર્ડ નોંધાયો

હેમિલ્ટન : ન્યુઝીલેન્ડે શરૂઆતની ત્રણ મેચ ગુમાવ્યા બાદ ટી-૨૦ શ્રેણીની આખરી બે મેચમાં વિજય મેળવતા ભારતના શ્રેણી વિજયને ઝાંખપ લગાડી હતી. હેમિલ્ટનની હારની સાથે ભારતીય ટીમને ન્યુઝીલેન્ડ સામે ૧૭ વર્ષ બાદ ટી-૨૦ શ્રેણીમાં સતત બે મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો. છેલ્લે આવી ઘટના ૨૦૦૯માં બંને દેશો વચ્ચે રમાયેલી ઈતિહાસની સૌપ્રથમ દ્વિપક્ષીય ટી-૨૦ શ્રેણીમા બની હતી.

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનો દબદબો યથાવત્

ભારતીય પુરુષ હોકી ટીમની સતત ચોથી જીત : મલેશિયાને ૪-૨થી પરાજય આપ્યો

કેપ્ટન હરમનપ્રીત સિંઘની ગોલ હેટ્રિક : સુખજીત સિંઘનો પણ ગોલ



જાલંધર : ભારતની પુરુષ હોકી ટીમે ઘરઆંગણે ચાલી રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં વિજયકૂચને આગળ ધપાવતા મલેશિયાને ૪-૨થી મહાત આપી હતી. આ સાથે છ દેશોની ટુર્નામેન્ટમાં ભારત હવે એકમાત્ર એવી છે કે, જે હજુ એક પણ મેચ હારી નથી. મલેશિયાની સતત ત્રણ વિજયની કૂચનો આજે જાલંધરમાં રમાયેલી ગ્રૂપ સ્ટેજની મેચમાં અંત આવી ગયો હતો.

કેપ્ટન હરમનપ્રીત સિંઘે શાનદાર દેખાવ કરતાં ગોલ હેટ્રિક નોંધાવી હતી. જ્યારે સુખજીત સિંઘે પણ ગોલ સ્કોરર તરીકે રેકોર્ડ બુકમાં નામ નોંધાવ્યું હતુ. મલેશિયાની ટીમે અસરકારક ડિફેન્સ કરતાં ભારતને શરૂઆતમાં હંફાવ્યું હતુ. મલેશિયા તરફથી અખિમુલ્લાહ અનવર અને શેલો સિલ્વેરિઅસે ગોલ ફટકાર્યા હતા.

ભારતની આક્રમક રમતની સામે તેઓ સંઘર્ષ કરતાં જોવા મળ્યા હતા. જાલંધરમાં ઓલિમ્પિયન સુરજીત સિંઘ હોકી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ભારતીય ટીમે તેનું આગવું પ્રભુત્વ જાળવી રાખ્યું હતુ. હાઈવોલ્ટેજ મુકાબલામાં ત્રીજા ક્વાર્ટરમા મલેશિયાના ફૈઝ જારીને યલો કાર્ડ સાથે ૧૦ મિનિટ મેદાનની બહાર મોકલી આપવામાં આવ્યો હતો. ભારતીય ખેલાડીઓએ આ તકનો ફાયદો ઉઠાવ્યો હતો અને સુખજીત સિંઘે ક્લાસિક ફિલ્ડ ગોલ ફટકારતાં મલેશિયાની ટીમને ફટકો પહોંચાડ્યો હતો. આ પછી હરમનપ્રીત સિંઘે પેનલ્ટી સ્ટ્રોકની મદદથી ગોલ હેટ્રિક નોંધાવી હતી.

ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે રમી રહેલી ભારતીય હોકી ટીમે બાંગ્લાદેશ સામે ૧૩-૦થી, ચીન સામે ૫-૨થી અને જાપાન સામે ૪-૧થી વિજય મેળવ્યા હતા. આ સાથે ભારતે સેમિ ફાઈનલમાં પણ સ્થાન નિશ્ચિત કરી દીધું હતુ. હવે ભારત તેની આખરી લીગ મેચમાં સાઉથ કોરિયા સામે ટકરાશે.

રોહિત શર્મા વિજય હઝારે ટ્રોફીમાં રમવા માટે તૈયાર

મુંબઈ : ભારતના દિગ્ગજ ક્રિકેટર રોહિત શર્માએ વન ડે ક્રિકેટની ઘરઆંગણાની પ્રીમિયર ટુર્નામેન્ટ વિજય હઝારે ટ્રોફીમાં રમવાનો નિર્ણય લીધો છે. તેણે આ અંગેની જાણ મુંબઈ ક્રિકેટ એસોસિએશનને કરી દીધી છે. વિજય હઝારે ટ્રોફી ૧૪ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન રમાશે. રોહિત આ દરમિયાન શ્રીલંકા સામેની શ્રેણીમાં પણ રમવાનો છે.

આજથી રણજી ટ્રોફીનો ચોથો રાઉન્ડ

અમદાવાદ : ભારતના ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની પ્રીમિયર ટુર્નામેન્ટ રણજી ટ્રોફીના ચોથા રાઉન્ડનો આવતીકાલે સોમવારથી પ્રારંભ થશે. ગુજરાતની ટીમ હોમગ્રાઉન્ડ અમદાવાદ ખાતે કેરળ સામે ટકરાશે. ગુજરાત-કેરળની અને બરોડા-ઉત્તર પ્રદેશની મેચ સવારે ૯.૩૦ થી ચાલુ થશે. જ્યારે સૌરાષ્ટ્રની ટીમ અગરતલામાં યજમાન ત્રિપુરાનો સામનો કરવા ઉતરશે. આ મેચ સવારે ૮.૪૫થી શરૂ થવાની છે.

બોયલ (૧૦૭*) અને ફોક્ષક્રોફ્ટ(૮૦*)ની લડત

બીજી ટેસ્ટ : ઈન્ડિયા-એના ૩૪૬ સામે ન્યુઝીલેન્ડ-એ ટીમના ત્રણ વિકેટે ૨૧૮



ક્રાઈસ્ટચર્ચ : મેથ્યુ બોયલે ૧૪૮ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે નોટઆઉટ ૧૦૭ રન અને ડીન ફોક્ષક્રોફ્ટે ૧૮૦ બોલમાં ૯ ચોગ્ગા સાથે ૮૦* રન નોંધાવતા ન્યુઝીલેન્ડ-એ ટીમે બીજી અનઓફિશિયલ ટેસ્ટમાં બીજા દિવસના અંતે પ્રથમ ઈનિંગમાં ૩ વિકેટે ૨૧૮નો સ્કોર કર્યો હતો. તેઓ ભારતના પ્રથમ ઈનિંગના ૩૪૬ના સ્કોર કરતાં હજુ ૧૨૮ રન પાછળ છે. ન્યુઝીલેન્ડ ૧૩/૩ પર ફસડાયુ તે પછી બોયલ-ફોક્ષક્રોફ્ટે નોટઆઉટ ૨૦૫ રન જોડ્યા હતા. અગાઉ ૨૯૧/૭થી આગળ રમતાં ઈન્ડિયા-એ વધુ ૫૫ રન ઊમેરતાં બાકીની ત્રણ વિકેટ ગુમાવી હતી. જુરેલે ૯૯થી ઈનિંગને આગળ વધારી હતી અને તે ૧૦૫ રને આઉટ થયો હતો. આકાશ દીપે ગઈકાલના ૨૫ના સ્કોરને આજે ૬૮ પર પહોંચાડ્યો હતો અને શૅએટે ૬૩ રનમાં ચાર વિકેટ મેળવી હતી.

સ્પેનિશ સ્ટારે સિઝનની ચોથી ટ્રોફી મેળવી

અલકારાઝે ફાઈનલમાં ડે મિનોરને હરાવીને વિયેના ઓપન જીતી લીધી



વિયેના : સેકન્ડ સીડ ધરાવતા સ્પેનિશ ટેનિસ સ્ટાર અલકારાઝે ફાઈનલમાં સીધા સેટોમાં ૬-૧, ૬-૪થી ઓસ્ટ્રેલિયાના ડે મિનોરને હરાવીને વિયેના ઓપન સુપર ૫૦૦ ટુર્નામેન્ટ જીતી લીધી હતી. આ સાથે અલકારાઝે સિઝનની પાંચમી ફાઈનલ રમતાં ચોથી ટ્રોફી પર કબજો જમાવ્યો હતો. વર્લ્ડ રેન્કિંગમાં ત્રીજું સ્થાન ધરાવતા અલકારાઝે ૯૭ મિનિટની ફાઈનલમાં તેના ૧૦માં ક્રમાંકિત હરિફ પર આગવું પ્રભુત્વ જાળવી રાખ્યું હતુ. અલકારાઝની કારકિર્દીનું આ ઓવરઓલ ૨૮મું ટાઈટલ છે. અલકારાઝે ચાલુ વર્ષે એટીપી ૫૦૦ ટુર્નામેન્ટમાં કુલ મળીને ૧૬મી મેચ રમતાં ૧૬મી જીત હાંસલ કરી હતી. તે અગાઉ દોહા અને ટોકિયોમાં વિજેતા બન્યો હતો. તે ગત વર્ષે બાર્સેલોના ઓપનની ફાઈનલમાં હાર્યો હતો. આ પછી એટીપી ૫૦૦ ટુર્નામેન્ટમાં આ તેનો સળંગ ૨૫મો વિજય છે. અલકારાઝની કારકિર્દીનું આ રેકોર્ડ ૧૧મું એટીપી ૫૦૦મું ટાઈટલ છે.

એમ્બાપ્પેએ ચીનના દિવંગત નેતાને સરમુખત્યાર ગણાવતા વિવાદ

એમ્બાપ્પેનો બહિષ્કાર જારી : ચીનમાં રિયલ મેડ્રિડની એકપણ મેચ પ્રસારિત નહીં થાય

મેડ્રિડ : રિયલ મેડ્રિડના ફ્રેન્ચ સુપર સ્ટાર એમ્બાપ્પેએ પ્રજાસત્તાક ચીન અને ચીની સામ્યવાદી પક્ષના સ્થાપક માઓ ત્સે તુંગને મજાકમાં સરમુખત્યાર ગણાવતી કોમેન્ટ કરી હતી, જે અંગે સર્જાયેલા વિવાદે ઉગ્ર સ્વરુપ ધારણ કર્યું છે. ચીનમાં એમ્બાપ્પેની સાથે રિયલ મેડ્રિડનો પણ બહિષ્કાર થઈ રહ્યો છે. એમ્બાપ્પેએ અને તેની ક્લબ રિયલ મેડ્રિડે આ અંગે માફી માગી હતી, પણ ચીનના મીડિયા ગ્રૂપે આ માફીને ફગાવી દીધી છે અને ચીનમાં રિયલ મેડ્રિડના મેચોના પ્રસારણ નહીં કરવાનો નિર્ણય યથાવત્ રાખવામાં આવ્યો છે. એમ્બાપ્પેએ એક મુલાકાતમાં કહ્યું હતુ કે, મારું ફેવરિટ મેમે એ છે, કે જેમાં મારો ફોટો કોઈ વ્યક્તિ - મને લાગે છે કે, તે ચીની સરમુખત્યાર છે તેના પર ફોટોશોપ કરીને ચોંટાડવામાં આવ્યો છે. તેની આ કોમેન્ટ બાદ વિવાદનો વંટોળ સર્જાયો હતો. ચીનની ઠંડા પીણાંની અને ડેરી ઉત્પાદનો વેચતી કંપનીઓએ એમ્બાપ્પે જોડે છેડો ફાડ્યો હતો. આ ઘટનાના પગલે સ્પેનીશ ફૂટબોલ લીગ લા લીગાના પ્રમુખ ઝેવિયર તેબાસે પણ ખેદની લાગણી વ્યક્ત કરતું નિવેદન આપ્યું હતુ. આમ છતાં ચીનમાં હજુ એમ્બાપ્પે સામે વિરોધનો વંટોળ જારી રહેવા પામ્યો છે.

જાહેર નોટિસનો સુધારો

તા.1/11/26 ના રોજ મોજે પાલડી એફ.પી. નં. 958 ની જમીન ઉપર આવેલ ધ લક્ષ્મી નિવાસ કો.ઓપ. હાઉસિંગ સોસાયટી લિ. માં આવેલ પ્લોટ નં. 4 ની જમીન ઉપર બાંધવામાં આવેલ ફ્લેટ નં. 703 ની નોટિસમાં ફ્લેટનું નામ ''રૂપભ મંગલમ'' ભૂલથી છપાયેલ છે જે સુધારીને ''રૂષભ મંગલમ'' વાંચવું, સમજવું.

Hitesh V. Patel Advocate.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ મહેસાણાના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા જોટાણાના ગામ મોજે વીરસોડાની સીમના નવા બ્લોક નંબર-૮૩૨(જુના બ્લોક નંબર-૭૩૭)ની કુલ ૪૫૧૮ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીન ચિરાગકુમાર ભારતસિંહ સોલંકી તથા ભદ્રેશકુમાર મણીલાલ પ્રજાપતિ એ તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી, કબજા, ભોગવટાની તમામ બોજાઓ રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્ર ની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫(પંદર)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ- ૦૨-૧૧-૨૦૨૬

કૌશિક.જી.પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(બી.એસ.સી.,એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨, બીજો માળ, જે. બી. આર. આર્કેડ, આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકા કલોલનાં મોજે ગામ રકનપુરની સીમના બ્લોક/સર્વે નંબરઃ ૧૧૫૧ (જુના એકત્રિત બ્લોક/સર્વે નંબરઃ ૨૮૪) ની કુલ સમચોરસમીટરઃ ૧૦૧૧૧૧ ની બીનખેતીની જમીન કે જેની સીટીસર્વે રકનપુર (બીનખેતી) વોર્ડના શીટ નંબરઃ NA૯૯ ના સીટી સર્વે નંબરઃ NA૨૮૪ (એકત્ર પહેલાના બ્લોક નંબરઃ ૪૧૪ તથા ૪૩૨ વિગેરે) બીનખેતીની જમીન ''વ્રજવિહાર બંસરી એસોસીયેશન''ની આવેલ છે, જે એસોસીએશન ''વ્રજભુમી'' ના નામથી ઓળખાય છે, જેમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબરઃ ૬૨૫ ની આશરે સમચોરસવારઃ ૪૮૯.૭૬ જેના આશરે સમચોરસમીટરઃ ૪૦૯.૫૦ (જેમાં રોડ, રસ્તા કોમન પ્લોટની સમચોરસવારઃ ૧૩૯.૯૩ જેના આશરે સમચોરસમીટરઃ ૧૧૭ ની જમીનનો સમાવેશ થઈ જાય છે.) ની બીનખેતીની જમીનને ટી.પી. સ્કીમ નંબરઃ ૪૦૭(લપકામણ-રકનપુર-સાંતેજ) માં સમાવેશ કરીને ફાળવેલ ફાઈનલ પ્લોટ નંબરઃ ૧૪૩/૧૬૩ ની ચોરસમીટરઃ ૨૯૪ ની બીનખેતની જમીન શિલ્પાબેન ઉમેશભાઈ પટેલએ એસોસીએશનના ધારાધોરણ મુજબની તથા બંધારણના હક્કો મુજબની તથા એસોસીએશનના શેર્સ સહિતની તથા એસોસીએશનના સભ્યપદના હક્કો સહિતની તેઓની કુલ સ્વતંત્ર માલિકીપણા કબજા ભોગવટાની તથા બોજા રહિત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે, અને અમારા અસીલએ અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક-હિત, હિસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત રજી. એ. ડી. થી જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર કરશો તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદર જમીનનું ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને અમારા અસીલ સદર જમીન વેચાણ લેવાની કાર્યવાહી હાથ ધરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ
તારીખઃ ૩૧/૧૦/૨૦૨૬

વૈભવ કે. સોનપાલ એસોસીએટ્સ
એડવોકેટ્સ
વૈભવભાઈ કનુભાઈ સોનપાલ
એડવોકેટ
૪૧૯/એ, સીલ્વર રેડીયન્સ-૨, એમ્પાયર બીઝનેસ હબની સામે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
(મો.) ૯૭૩૭૬૭૬૪૫૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદના ઘાટલોડીયા તાલુકાના મોજે બોડકદેવ ગામની સીમના બ્લોક/સર્વે નંબર- ૬૧/૪/૧, ૬૧/૪/૨, ૬૧/૪/૪ તથા ૬૧/૪/૫ ના ટી.પી.સ્કીમ નંબર-૫૦(બોડકદેવ) ના ફાઈનલ પ્લોટ નંબર-૧૫૫ પૈકી ની ૬૧૪૦-૬૦ ચોરસમીટર (એકત્રીત સબ-પ્લોટ નંબર-૨+૩+(૪+૫/૧) તથા (૪+૫/૨) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તારીખ ૧૨-૧૧-૨૦૨૦ ના એપ્રુવ્ડ પ્લાન મુજબ) બીનખેતીની જમીન તથા તેમાં આવેલ બાંધકામ સહિતની મિલકત કે જે ''BINORI B SQUARE III'' તરીકે ઓળખાય છે. સદર ''BINORI B SQUARE III'' ના ઈલેવન્થ ફલોર ઉપર આવેલ ઓફીસ/યુનીટ નંબર-૧૧૧૬ કે જે આશરે ૭૫-૩૨ ચોરસમીટર (કાર્પેટ) એરીયાના બાંધકામવાળી મિલકત તથા સદર સ્કીમની જમીનમાં વગર વહેંચાયેલ આશરે ૨૦-૨૮ ચોરસમીટરના હક્ક, હિત, હિસ્સા સહીતની મિલકત રોનક મનસુખલાલ ભુતની કુલ સ્વતંત્ર માલિકી પ્રત્યક્ષ કબજા ભોગવટામાં, કોઈના કોઈપણ જાતના અવરોધ કે અંતરાય સિવાય તમામ પ્રકારના બોજાઓથી મુક્ત રીતે આવેલી હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે સદરહુ મિલકતના ટાઈટલ્સ કલીયરન્સ હોવા બદલના સર્ટીફીકેટ/અભિપ્રાયની અમારી પાસે માંગણી કરેલ છે. સદર મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, કબજાહક્ક, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, ડેવલપમેન્ટ વિગેરે કે અન્ય કોઈપણ પ્રકારનો હક્ક, હિત,હિસ્સો પોષાતો હોય/ રહેલો હોય અગર દાવા- દુવી, લીટીગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ અંગેની કોઈપણ કાર્યવાહી ચાલતી નથી / હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની અંદર તે બદલના પુરાવાઓ સહિત અમોને નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી.થી લેખીત જાણ કરવી જો તેમ નહી કરવામાં આવે તો સદર મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો, દાવો, બોજો, અલાખો, લીયન, ચાર્જ, ગીરો, મોર્ગેજ, નાણાંકીય ધીરાણ કરેલ હોય, કબજાહક્ક, બાનાચીઠ્ઠી, એમ.ઓ.યુ., બાનાખતના હક્કો, લીસપેન્ડન્સ, ડેવલપમેન્ટ વિગેરે અન્ય કોઈ હક્ક, હિત, હિસ્સો પોષાતો નથી અગર દાવા-દુવી, લીટીગેશન, તકરાર, કોર્ટ કેસો, એટેચમેન્ટ અંગેની કાર્યવાહી ચાલતી નથી અને ચાલતી હોય તે પડતી મુકવામાં આવેલ છે અગર મિલકતના માલિકની તરફેણમાં બીનશરતી જતા યાને કે (waive) કરેલ છે તેમ સમજી સદર મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ/અભિપ્રાય આપવામાં આવશે અને અમારા એસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેવાની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

તારીખ- ૨ - ૧૧ - ૨૦૨૬

ચિરાગ જી. ગુર્જર
એડવોકેટ એન્ડ નોટરી,
એસ/૨૦૧, શ્યામ હિલ્સ, જી.એસ.ટી.ક્રોસીંગ પાસે, શ્રી રામ વાટીકાની બાજુમાં, ન્યુ રાણીપ, અમદાવાદ.
ફોન નંબર-૯૮૭૯૫૧૮૦૦૨

સીબીઆઈને પ્રત્યાર્પણમાં સફળતા મળી

મહાદેવ એપનાં માસ્ટર માઈન્ડ સૌરભ ચંદ્રાકરને ઓમાનથી ભારત લવાયો

નવી દિલ્હી, તા. ૧
છત્તીસગઢનાં ચર્ચાસ્પદ મહાદેવ ઓનલાઈન બેટિંગ નેટવર્કનાં મુખ્ય આરોપી અને માસ્ટરમાઈન્ડ સૌરભ ચંદ્રાકરને સીબીઆઈએ ઓમાનથી પ્રત્યાર્પિત કરી લીધો છે.

મેડિકલ તપાસ અને ટ્રાઝિસ્ટ રિમાન્ડ લેવામાં આવ્યા પછી તેને રાયપુર લઈ જઈ સીબીઆઈની વિશેષ કોર્ટમાં રજૂ કરાશે

અન્ય કેન્દ્રીય એજન્સીઓનાં સહયોગથી થયેલ આ કાર્યવાહી પછી સીબીઆઈની વિશેષ ટીમ તેને ભારત લઈ આવી છે. હવે તેને મેડિકલ તપાસ અને ટ્રાઝિસ્ટ રિમાન્ડ લેવામાં આવ્યા પછી રાયપુર લઈ જવામાં આવશે.

સોમવારે તેને સીબીઆઈની વિશેષ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સૌરભ ચંદ્રાકર સીબીઆઈનાં બે કેસમાં વોન્ટેડ છે. જેમાં એજન્સીએ અગાઉ જ ચાર્જશીટ દાખલ કરી હતી.

આ ઉપરાંત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનાં એક કેસમાં પણ તેની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. સીબીઆઈએ મહાદેવ ઓનલાઈન એપ કેસની તપાસ છત્તીસગઢ સરકારની અપીલ પર શરૂ કરી હતી.

તપાસમાં સામે આવ્યું હતું કે આ દેશનાં સૌથી મોટા ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી નેટવર્ક પૈકીનું એક હતું. જેનું સંચાલન વિદેશમાંથી કરવામાં આવતું હતું.આ પ્લેટફોર્મ દ્વારા ક્રિકેટ, ફૂટબોલ સહિતની રમતો પર ગેરકાયદે સટ્ટો લગાવવામાં આવતો હતો. તપાસ એજન્સીઓ અનુસાર સમગ્ર દેશમાં ફેલાયેલ ફ્રેન્ચાઈઝી આધારિત પેનલ અને શાખાઓનાં માધ્યમથી લોકોને જોડવામાં આવતા હતાં અને તેમની પાસેથી દાવની રકમ એકત્ર કરવામાં આવતી હતી.

તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે ગેરકાયદે સટ્ટાબાજીથી એકત્ર કરવામાં આવેલી રકમની મોટી સંખ્યામાં મ્યુલ બેંક ખાતાઓ દ્વારા લેવડદેવડ કરવામાં આવતી હતી.

ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ યથાવત

૧૯ કિલોનાં કોમર્શિયલ સિલિન્ડરનાં ભાવમાં રૂપિયા ૧૦નો વધારો

નવી દિલ્હી, તા. ૧

દીવાળી અગાઉ મોંઘવારીનો આંચકો ધીમેથી લાગ્યો છે. ૧ નવેમ્બરથી કોમર્શિયલ સિલિન્ડરનાં ભાવમાં વધારો થયો છે. દિલ્હીમાં ૧૯ કીલોનાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૨૮૧૦ રૂપિયાથી વધીને ૨૮૨૦ રૂપિયા થઈ ગયો છે.

જો કે ૧૪.૨ કીલો કીલોનાં ઘરેલુ એલપીજી સિલિન્ડરનાં ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ સિલિન્ડરનો ભાવ ૯૪૨ રૂપિયા પર યથાવત રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત ૧ નવેમ્બરથી કેટલાક અન્ય નિયમોમાં પણ મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. જેની સીધી અસર રોજિંદા જીવન પર જોવા મળશે.

જે લોકોનાં ઘર ટોલ પ્લાઝાની ૨૦ કિમીની રેન્જમાં છે તે લોકો પોતાની કાર માટે વાર્ષિક ૧૫૦૦ રૂપિયાનો ટોલ પાસ બનાવી શકે છે. આ રકમ નગરપાલિકાનાં ક્ષેત્રથી બહારનાં લોકો માટે છે.

જો ટોલ પ્લાઝા શહેરી અથવા નગર નિગમ ક્ષેત્રમાં છે તો ત્યારની સ્થિતિમાં વાર્ષિક પાસ ૩૦૦૦ રૂપિયાનું બનશે.

જીએસટી રિફંડની પ્રક્રિયા ઝડપી બનાવવાનાં પ્રયત્નો કરવામાં આવ્યા છે. નવી વ્યવસ્થા અનુસાર ઓટોમેટિક એપ્રૂવલ આપવામાં આવશે.

બિગ- બી બુલેટ પ્રુફમાં



અમિતાભ બચ્ચને દાયકાઓથી જુહૂમાં તેમના બંગલા બહાર દર રવિવારે ચાહકોને ઝલક આપવાનો નિત્યક્રમ જાળવી રાખ્યો છે. આ દરમિયાન ચાહકો તેમની બહુ પાસે જઈને તેમને મળી શકે છે અને ફોટા-વીડિયો લઈ શકે છે. જોકે, તાજેતરમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા જુહૂમાં અમિતાભ બચ્ચનના બંગલા નજીક જ ટાઈગર શ્રોફ ઉપર ગોળીબાર થયો હતો. એટલું જ નહીં બિગ- બીના બંગલાની પણ શૂટરોએ રેકી કરી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. તે પછી ચેતી જઈને અમિતાભે પણ પોતાના માટે બુલેટપ્રૂફ એન્ક્લોઝર તૈયાર કરાવી લીધું છે. મિલેનિયમ મેગાસ્ટારને બુલેટપ્રુફના કવચ પાછળથી જોઈને ચાહકોને પણ વસમું લાગ્યું હતું પરંતુ તાજેતરના બનાવો જોતાં તેમણે પણ 'ડરના જરુરી હૈ' એમ માનીને મન મનાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે છેલ્લા બે રવિવારથી પુત્ર અભિષેક પણ પિતાની સાથે હાજર રહે છે અને બહાર જમા થતાં ટોળાં પર નજર રાખે છે. આ સમયે પોલીસ પણ અહીં પેટ્રોલિંગ વધારી દે છે.

હોર્મુઝમાં વિવાદ વચ્ચે આફ્રિકન સમુદ્રી રૂટનો ઉપયોગ ભારે પડી રહ્યો છે

સોમાલી ચાંચિયાઓએ ઈરાનનું જહાજ હાઈજેક કર્યું, ૨૩ લોકોનો જીવ જોખમમાં

મોગાદીશું, તા. ૧

અદનની ખાડી અને હિન્દ મહાસાગરમાં સમુદ્રી લૂંટારાઓનો આતંક વધી રહ્યો છે, સોમાલી ચાંચિયાઓએ ૨૩ લોકો સાથે એક ફિશિંગ જહાજ પર હુમલો કરીને હાઈજેક કરી લીધુ હતું. આ જહાજમાં ૨૧ ઈરાનીયન ક્રૂ સવાર હોવાનું અહેવાલોમાં સામે આવ્યું છે. અઝિની નામના આ જહાજને સોમાલિયાના સમુદ્રી વિસ્તારમાં હાઈજેક કરી લેવાયું હતું.

હાઈજેક કરાયેલા જહાજની મદદથી ચાંચિયાઓ મોટી કોમર્શિયલ શિપ પર હુમલો કરવાની ફિરાકમાં : રિપોર્ટ

ઘટના અંગે માહિતી આપતા પન્ટલેન્ડ મેરીટાઈમ પોલીસ ફોર્સના સુરક્ષા ઓફિસરે કહ્યું હતું કે આશરે ૧૨ જેટલા ચાંચિયાઓ દ્વારા આ જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો અને બાદમાં તેને હાઈજેક કરી લેવામાં આવ્યું હતું. આ જહાજમાં કુલ ૨૧ ઈરાનીયન ક્રૂ તેમજ બે સોમાલી સિક્યોરિટી ગાર્ડ સવાર હતા. હાલ આ તમામ ક્રૂ અને ગાર્ડની સ્થિતિ શું છે તેની કોઈ જ માહિતી આપવામાં આવી નથી. એવા અહેવાલો છે કે ચાંચિયા આ જહાજનો ઉપયોગ મધર શિપ તરીકે કરીને કોમર્શિયલ જહાજો પર હુમલો કરી શકે છે. હાલમાં આ સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે.

આ ઘટનાને પગલે હવે સોમાલિયાની આસપાસના સમુદ્રમાંથી પસાર થતા તમામ જહાજોને એલર્ટ કરવામાં આવ્યા છે. હાલમાં હોર્મુઝની ખાડીમાં વિવાદ વચ્ચે સોમાલી ચાંચિયા વધુ સક્રિય થઈ ગયા છે અને ગમે ત્યારે કોઈ મોટી લૂંટની ઘટનાને અંજામ આપી શકે છે. હોર્મુઝ અને બાબ અલ મંદેબમાં સતત અવરોધોને કારણે જહાજોએ આફ્રીકાના લાંબા રસ્તાઓનો સહારો લેવો પડી રહ્યો છે. જેને કારણે ભારે વિલંબ થઈ રહ્યો છે સાથે જ ટેન્કરોનો દૈનિક ચાર્ટર રેટ પણ ૧૦ લાખ ડોલર સુધી પહોંચી ગયો છે. એવામાં હવે સોમાલી ચાંચિયાઓનો આતંક પણ વધી રહ્યો છે.

ભૂતકાળના અત્યાચાર બદલ દુઃખ વ્યક્ત કર્યું

બ્રિટનની ગુલામીના વેપાર માટે માફીની તૈયારી, વળતર આપવા ઈનકાર

લંડન, તા.૩૧

બ્રિટનના વડા પ્રધાન એન્ડી બર્નહમે કોમનવેલ્થ સમિટ પહેલા ગુલામોના વેપાર વિશે ખુલ્લા દિલથી માફી માગવાની તૈયારી દર્શાવી છે, પણ કોઈપણ પ્રકારનું વળતર ચુકવવાનો ઈન્કાર કર્યો છે. તેમણે સ્વીકાર્યું કે ગુલામીના અત્યાચારોથી અનેક લોકોને જે પીડા થઈ છે, તેની અસર આજે પણ જોવા મળે છે.

બર્નહમના જણાવ્યા અનુસાર ભૂતકાળમાં થયેલી ક્રૂરતા માટે તેમને દુઃખ છે અને તેની પીડાને નકારી શકાય નહિ. જો કે, વળતર આપવું યોગ્ય ઉકેલ નથી, કારણ કે આજના બ્રિટિશ નાગરિકોને ઐતિહાસીક ઘટનાઓ માટે જવાબદાર ઠેરવી શકાય નહિ. તેમના મતે વળતર આપવું એક અન્યાયના બદલામાં બીજો અનયાય બની શકે છે.

દરમ્યાન બ્રિટનના રાજા ચાર્લ્સે કેરેબિયન દેશોના પ્રવાસ દરમ્યાન બહામાસમાં ગુલામીનો ઉલ્લેખ કરીને બ્રિટિશ શાસન દરમ્યાન માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. બ્રિટને ૧૮૩૩માં ગુલામીને ગેરકાયદેસર જાહેર કરી હતી.

દેશની ક્રૂડની

(૧૩મા પાનાનું ચાલુ)

શિપ-ટુ-શિપ એટલે કે એક જહાજથી બીજા જહાજ પર ક્રૂડ ઓઈલ ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા વધવાથી હોર્મુઝની ખાડીના માર્ગે વધુ ક્રૂડ ઓઈલનો પુરવઠો ફેબ્રુઆરી ૨૦૨૬ના યુદ્ધ પહેલાના સ્તરે પહોંચી રહ્યો છે.

ભારતીય રિફાઈનરીઓએ ઓઈલની ખરીદીની બાબતમાં ફ્લેક્સિબિલિટી દર્શાવી હોવાથી હોર્મુઝની ખાડીમાંથી ઓઈલનો પુરવઠો વધતા સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં ખાડી દેશોમાંથી આવતા ઓઈલના પુરવઠામાં વધારો થયો છે.

બીજીબાજુ રશિયામાંથી ઓઈલનો પુરવઠો ઘટ્યો છે. જોકે, તેનું કારણ અમેરિકન પ્રતિબંધો નહીં પરંતુ કાળા સાગરમાં રશિયન ઓઈલ ટેન્કરો પર થઈ રહેલા હુમલા છે, જેને પગલે જહોજના ભાડાંનો ચાર્જ વધ્યો છે.

સૂત્રો મુજબ નવેમ્બર અને ડિસેમ્બરમાં રશિયન ક્રૂડ ઓઈલની ખેપમાં ઘટાડો આવી શકે છે. જેથી રશિયાથી આવતા ઓઈલનો ભારત સુધી પહોંચવાનો કુલ ખર્ચ વધી ગયો છે. બીજીબાજુ ખાડી દેશો ફરી એક વખત ભારતમાં તેમનો બજાર હિસ્સો વધારવા સ્પર્ધાત્મક કિંમતે ઓઈલ વેચી રહ્યા છે.

જોકે, અમેરિકા અને ઈરાન વચ્ચે ફરીથી તણાવ વધવાથી હોર્મુઝની ખાડીમાં ઓઈલનો પુરવઠો ફરી ખોરવાય તો ભારતીય રિફાઈનરીઓ ફરી એક વખત રશિયન ઓઈલ તરફ વળી શકે છે.

અમેરિકાના

(૧૩મા પાનાનું ચાલુ)

તેમજ આ સમયે હિંસા ફાટી નીકળવાનું પ્રમાણ વધી રહ્યું છે. આથી ન્યૂ જર્સીથી લઈને એટલાન્ટા સુધી અનેક શહેરોમાં ટીનેજર્સ માટે કરફ્યૂ જાહેર કરાયો છે. વધુમાં ટીનેજર્સ પર ચાંપતી નજર રાખવા માટે વધારાના પોલીસ જવાનો પણ તૈનાત કરાયા છે.

ઈલિનોઈસના ઓક પાર્કમાં પોલીસ વડાએ જણાવ્યું કે, ગયા વર્ષના અનુભવ પરથી આ વખતે હેલોવીન સમયે ટીનેજર્સ દ્વારા હિંસાની ઘટનાઓ ટાળવા માટે વિશેષ પગલાં લેવાયા છે.

અમે પ્રેમની દુકાન ખોલનારા લોકો, ભારતને શિવજીની જાન જેવો દેશ બનાવવો છે જેમાં સૌ સામેલ થઈ શકે : રાહુલ

ભાજપ વાપસી ના કરી શકે એવી વિદાય આપીશું : અખિલેશ, રામાયણ માટે જાણીતા મેદાનમાં અમે મહાભારત શરૂ કર્યું : તેજસ્વી

વોટચોરોને

(પહેલા પાનાનું ચાલુ)

અબ્દુલ્લા, મેહબુબા મુફ્તી, મમતા બેનરજી અને જેન-ઝી આંદોલનમાં ચર્ચામાં આવેલ નેહા બોરાએ લોકોને સંબોધ્યા હતા.

રાહુલ ગાંધીએ વોટચોરી, ૧૩ કરોડ મતદારોના યાદીમાંથી નામો હટાવવા સહિતના મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર આકરા પ્રહારો કર્યા હતા, જ્યારે આ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રીને પણ જવાબદાર ઠેરવ્યા હતા. લોકોને સંબોધતા રાહુલે કહ્યું હતું કે તમે દૂર દૂરથી ચાલીને અહીંયા (દિલ્હી) આવ્યા, તમે અહીંયા આવીને નરેન્દ્ર મોદી, અમિત શાહ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સ્પષ્ટ સંદેશો આપી દીધો છે. કોઈ એક નેતા, એક રાજકીય પક્ષનો અવાજ નથી પરંતુ આ તો ભારતના યુવાનો, ખેડૂતો અને મજૂરોનો સંયુક્ત અવાજ છે.

કોંગ્રેસ નેતાએ કહ્યું હતું કે મધ્ય પ્રદેશ, હરિયાણા, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટક, પશ્ચિમ બંગાળ, બિહારમાં તો વોટ ચોરી થઈ જ છે, ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ વોટ ચોરી થઈ હતી. દર ૭માંથી ૧ મતદારને યાદીમાંથી હટાવવામાં આવ્યો, આ કોઈ નાની મોટી ચોરી નથી, દેશના દરેક નાગરિકનો અવાજ અને લોકશાહીમાં મળતા અધિકારોની ચોરી છે. આ ચોરીને રેરેસ્ટ ઓફ દ રેર ગુનો અને દેશદ્રોહ માનવો જોઈએ, જ્ઞાનેશ કુમાર વગર મોદી વડાપ્રધાન ના બની શક્યા હોત. સત્તાધારી પક્ષને ચેતવણી આપતા રાહુલે કહ્યું હતું કે ભાજપના નેતાઓ કહે છે કે નરેન્દ્ર મોદી ક્યાંય નથી જઈ રહ્યા, હું તમને જણાવવા માગું છું કે તેઓ ક્યાંય જઈ પણ નહીં શકે. જવા માગશે તો પણ નહીં જવા દઈએ, જ્ઞાનેશ કુમારે જેલ જવાનું છે જે બાદ નરેન્દ્ર મોદીનો વારો છે, તમારી સામે કાયદેસરની કાર્યવાહી થશે. અમારે એવો દેશ નથી જોઈતો કે જ્યાં એક અબજોપતિ બધા પર કબજો જમાવી રાખે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝૂંટવી લે, અમારે શિવજીની જાન જેવો દેશ જોઈએ છે કે જેમાં કોઈ પણ સામેલ થઈ શકે. અમે અહિંસામાં માનીએ છીએ, અમે કોઈને નફરત નથી કરતા.

જ્યારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું હતું કે ઉત્તર પ્રદેશમાંથી ભાજપને એવી વિદાય આપીશું કે પછી ક્યારેય વાપસી નહીં કરી શકે, રામ લીલા મેદાનની સરખામણી કરતા અખિલેશે કહ્યું હતું કે રામ લીલા મેદાન લોકશાહીની હલ્દી ઘાટી બની ગયું છે. આરજેડીના નેતા તેજસ્વી યાદવે કહ્યું હતું કે જ્ઞાનેશ કુમાર મોદીના પપેટ છે, રામ લીલા મેદાન નવું કુરુક્ષેત્ર છે, રામ લીલા મેદાનમાં વોટ ચોરો સામે મહાભારત શરૂ કર્યું છે. ડાબેરી પક્ષના નેતા દિપાંકર ભટ્ટાચાર્યએ કહ્યું હતું કે એસઆઈઆર એ મતદારોના અધિકારો પર સર્જિકલ સ્ટ્રાઈક છે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે મોદી હટાવો લોકતંત્ર બચાવો.

રેલીમાં ૧૦ લાખ લોકો આવશે તેવો કોંગ્રેસનો દાવો પોકળ : ભાજપ

નવી દિલ્હી, તા. ૧

રામ લીલા મેદાનમાં રેલીમાં ૧૦ લાખ લોકો આવશે તેવા દાવાનો જવાબ આપતા ભાજપે ઈન્ડિયા ગઠબંધન પર ટોણો માર્યો હતો. ભાજપના નેતા સંબિત પાત્રાએ કહ્યું હતું કે રામ લીલા મેદાન ૧૦થી ૧૨ એકરમાં ફેલાયેલું છે, મેદાનનો ૪૦ ટકા હિસ્સો તો ખાલી જોવા મળ્યો, રામ લીલા મેદાનમાં આશરે ૨૮ હજાર ખુરશીઓ લગાવવામાં આવી હતી જેમાંથી પાંચથી સાત હજાર ખુરશીઓ તો ખાલી જોવા મળી હતી. ૧૦ લાખ લોકો ક્યાં હતા તે અમને જણાવો તેવો સવાલ સંબિત પાત્રાએ કોંગ્રેસને કર્યો હતો.

કોંગ્રેસ ટ્રિક ફોટોગ્રાફી દ્વારા રેલીમાં ભારે ભીડ દેખાડવાનો પ્રયાસ કરી રહી છે. ભાજપ અધ્યક્ષ નિતિન નવીને કહ્યું હતું કે વિપક્ષના હારેલા લોકો પોતાની નિરાશા અને હતાશામાં દેશમાં અરાજકતા ફેલાવવા માગે છે.

૧.૨૭ કરોડ હિન્દુ મતદારોના નામ ગાયબ : યોગી

યોગીએ પણ રામલીલા મેદાનમાં આવવું જોઈએ : અખિલેશનો ટોણો

દેશમાં મતદાર યાદીમાંથી ૧૩ કરોડથી વધુ લોકોના નામ કપાયા હોવાના વિપક્ષના આક્ષેપો વચ્ચે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ઉત્તર પ્રદેશની મતદાર યાદીમાંથી ૧.૨૭ કરોડ હિન્દુઓના નામ કપાયા હોવાનો દાવો કર્યો હતો. યોગીના આ દાવાના જવાબમાં સમાજવાદી પક્ષના પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે, ઉત્તર પ્રદેશની મતદાર યાદીમાંથી ખરેખર ૧.૨૭ કરોડ હિન્દુઓના નામ કપાયા હોય તો તેમણે પણ દિલ્હીમાં રામલીલા મેદાનમાં આવવાની જરૂર હતી. યોગી આદિત્યનાથે ભાજપની કારોબારી બેઠકમાં દાવો કર્યો હતો કે, ઉત્તર પ્રદેશની મતદાર યાદીમાંથી ૧.૨૭ કરોડ હિન્દુ મતદારોના નામ ગાયબ થવા એ ચિંતાજનક છે. તેનાથી ૨૮ નગરની અને ૬૬ અન્ય બેઠકો જોખમમાં મુકાઈ શકે છે. વસતીના આંકડાના હિસાબે ઉત્તર પ્રદેશમાં ૧૬ કરોડથી વધુ મતદારો હોવા જોઈએ જ્યારે હાલમાં ૧૩ કરોડ મતદારો છે. યોગીના આ દાવા મુદ્દે સપા પ્રમુખ અખિલેશ યાદવે ટોણો મારતા કહ્યું કે, ઉત્તર પ્રદેશની મતદાર યાદીમાંથી મતદારોના નામ કપાયા હોય તો તેમણે રામલિલા મેદાનમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને 'સર'ના વિરોધમાં યોજાયેલી રેલીમાં આવવું જોઈતું હતું.

ચાલુ નાણાકીય વર્ષના સાત મહિનામાં સરકારને કુલ જીએસટી કલેક્શન રૂ. ૧૪.૭૮ લાખ કરોડ થયું

સરકારની તિજોરી

(૧૩મા પાનાનું ચાલુ)

જોકે, ઘરેલુ બજારમાંથી જીએસટી કલેક્શનમાં તેજી જોવા મળી છે, પરંતુ તે આયાતની સરખામણીમાં ઓછી છે. સરકારને ઘરેલુ બજારમાંથી કુલ રૂ. ૧.૫૯ લાખ કરોડની જીએસટી આવક થઈ છે, જે ગયા વર્ષે ઓક્ટોબરની ૧.૩૭ લાખ કરોડ હતી. આમ ઘરેલુ બજારના જીએસટી કલેક્શનમાં ૧૫.૮ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

નાણામંત્રાલયે જણાવ્યું કે, રૂ. ૨.૩૧ લાખ કરોડના જીએસટી કલેક્શનમાં સેન્ટ્રલ જીએસીટી રૂ. ૪૨,૯૩૫ કરોડ, સ્ટેટ જીએસટી રૂ. ૫૧,૩૪૦ કરોડ અને ઈન્ટેગ્રેટેડ જીએસટી કલેક્શન રૂ. ૧.૩૭ લાખ કરોડથી વધુ હતું. સરકારે ઓક્ટોબરમાં રૂ. ૨૭,૯૩૪ કરોડનું રિફન્ડ આપ્યું છે, જે વાર્ષિક ધોરણે ૬.૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. રિફન્ડ એડજસ્ટ કર્યા પછી સરકારને જીએસટી સ્વરૂપે ઓક્ટોબરમાં રૂ. ૨.૦૩ લાખ કરોડની ચોખ્ખી આવક થઈ છે. નાણામંત્રાલયના આંકડા મુજબ એપ્રિલ-ઓક્ટોબરમાં કુલ જીએસટી કલેક્શન ૧૩.૨ ટકા વધીને રૂ. ૧૪.૭૭ લાખ કરોડ થયું છે જ્યારે નેટ કલેક્શન ૧૩ ટકા વધીને રૂ. ૧૨.૬૯ લાખ કરોડ થયું છે.

નાણામંત્રાલયે કહ્યું કે, જીએસટીની આવકમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશનો હિસ્સો સૌથી વધુ રહ્યો હતો. મહારાષ્ટ્રમાંથી જીએસટીની કમાણી ૧૩ ટકા વધીને સૌથી વધુ રૂ. ૩૫,૧૫૦ કરોડ થઈ. કર્ણાટકમાં ૧૮ ટકાની વૃદ્ધિ સાથે કુલ રૂ. ૧૫,૯૨૨ કરોડ, ગુજરાતમાં ૧૬ ટકાના વધારા સાથે રૂ. ૧૩,૫૧૬ કરોડ જીએસટી કલેક્શન થયું હતું. જીએસટી કલેક્શન ઉત્તર પ્રદેશમાંથી રૂ. ૧૦,૨૩૫ કરોડ, હરિયાણામાંથી રૂ. ૧૧,૫૨૯ કરોડ, દિલ્હીમાંથી રૂ. ૯,૨૯૮ કરોડ, પંજાબમાંથી રૂ. ૨,૮૫૬ કરોડ રહ્યું હતું.

ઓક્ટોબર, ૨૦૨૪માં જહાજે યાત્રી શરૂ કરી હતી : જહાજમાં એક સ્યૂટની કિંમત ૧,૩૦,૦૦૦ ડોલર (રૂ. ૧,૨૩,૩૮,૬૨૫ કરોડ)થી શરૂ થતી હતી

વિશ્વયાત્રાએ

(૧૩મા પાનાનું ચાલુ)

વી'એ જહાજ અને શહેરની વચ્ચે શટલ સેવાની વ્યવસ્થા કરી છે કારણકે યાત્રીઓને કાર્ગો પોર્ટથી ચાલતા જવાની પરવાનગી નથી. જો કે કંપનીએ હોટેલોની યાદી પણ આપી નથી જ્યાં તે રોકાઈ શકે છે.

ઈંધણનો ખર્ચ જે અગાઉ દરેક કેબિન માટે ૧૮૦૦ ડોલર (૧,૭૦,૮૫૧ રૂપિયા) પ્રતિ માસ હતો જે હવે વધીને એશિયાનાં કેટલાક ભાગોમાં વધીને ૮૦૦૦ ડોલર (૭,૫૯,૩૦૦ રૂપિયા) થઈ ગયો છે.

માર્યા ગયેલા લોકો ગ્રામ સ્વયંસેવક, નાગા ઉગ્રવાદી સંગઠનો દ્વારા હુમલા કરાયા હોવાનો કુકી જુથોનો દાવો

મણિપુરમાં

(પહેલા પાનાનું ચાલુ)

ઈનપી મણિપુર સંગઠને સરકારને દખલ દઈને આરોપીઓની સામે કડક કાર્યવાહી કરવાની માગણી કરી છે. શનિવારે ત્રણની હત્યા થઈ હતી જ્યારે રવિવારે પણ બે મૃતદેહ મળી આવ્યા હતા, પોલીસના જણાવ્યા મુજબ કાંગપોકપી જિલ્લાના રહેવાસી આ બન્ને શખ્સો છેલ્લા કેટલાક દિવસથી ગુમ હતા. આ બન્ને યુવકો ગુમ થયા તે બાદ કાંગપોકપી સ્થિત સંગઠન કમિટીએ પ્રશાસનને છોડાવવા માટે ૪૮ કલાક સુધી પૂર્ણ બંધનું આહવાન કર્યું હતું.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

ઘાટોને ૨૩ સેક્ટરોમાં વહેંચવામાં આવ્યા છે. દરેક સેક્ટર માટે એક અધિકારી નિમવામાં આવ્યા છે. સુરક્ષા માટે પાણીની અંદર ત્રણ લેયરનું મજબૂત બેરીકેડીંગ કરવામાં આવ્યું છે. જોખમી ઘાટોને ઓળખી લઈ ત્યાં લાલ કપડા બાંધવામાં આવશે જેથી શ્રદ્ધાળુઓ ઉંડા પાણીમાં જાય નહીં. પર્વના સમયે ગંગા નંદીનું જળસ્તર વધુ નીચે જઈ શકે છે. આવી પરિસ્થિતિમાં ઘાટ સુધી પહોંચવા માટે વધુ સમય લાગી શકે છે. પાણી સુધી પહોંચવાના રસ્તાઓ પણ નવેસરથી બનાવવામાં આવી રહ્યા છે.

લાખો ફોલોઅર્સ પરંતુ મત ૩૦૦થી વધુ નહીં

ભૂતકાળમાં લોકસભા તેમજ વિધાનસભાની ચૂંટણી દરમિયાન પણ આપણે જોયું છે કે, સોશ્યલ મીડિયા પર લાખો ફોલોઅર્સ ધરાવનારા ઈન્ફલુઅન્સરોની ડીપોઝીટ જપ્ત થાય છે. દેશભરમાં જાણીતા ઈન્ફલુઅન્સરો પણ ચૂંટણીમાં ઊંધા માથે પછડાય છે. ચૂંટણી વખતે દરેક રાજકીય પક્ષ પ્રચાર માટે આવા ઈન્ફલુઅન્સરોનો ઉપયોગ કરે છે.

જોકે આ ઈન્ફલુઅન્સરો જાતે જ ચૂંટણી લડવા નીકળે તો ફિયાસ્કો થાય છે. રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના શાહપુરા તાલુકાની ફુલીયાખુર્દ ગ્રામપંચાયતમાં સોશ્યલ મીડિયા ઈન્ફલુઅન્સર પવન સાહુ સાથે આવું જ થયું છે. એમના પત્ની કોમલ સાહુને સરપંચની ચૂંટણીમાં ફક્ત ૨૭૭ મત મળ્યા હતા. પવન સાહુના ઈન્સ્ટાગ્રામ પર લાખો ફોલોઅર્સ છે, દુનિયા આખીમાં એમની ઓળખ છે, પરંતુ ચૂંટણીમાં તેઓ પોતાની પત્નીને ફક્ત ૨૭૭ મત અપાવી શક્યા છે. આવી જ હાલત બીજા ઈન્ફલુઅન્સરોની પણ છે.

મહારાષ્ટ્રમાં દુષ્કાળની પરિસ્થિતિ ગંભીર, કલેક્ટરોને ખાસ સૂચના

મહારાષ્ટ્રમાં દુષ્કાળને કારણે ઘાસચારાની તંગી ગંભીર બની છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા મહારાષ્ટ્ર સરકારે જિલ્લા વાર્ષિક યોજના ફંડનો પાંચમો ભાગ ચારા માટે બનાવેલી યોજનાઓ માટે ફાળવ્યો છે. ચારાનો અન્ય ઉપયોગ અટકાવી દેવામાં આવ્યો છે અને પડોશી રાજ્યોમાં ચારો મોકલવા પર પ્રતિબંધ મૂક્યો છે. પશુપાલન, ડેરી વિકાસ અને મત્સ્ય પાલન વિભાગ દ્વારા એક જીઆર બહાર પાડવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટરોને સૂચના આપવામાં આવી છે કે ચારા બેંક બનાવવામાં આવે. સુકા ચારાની મહત્તમ કિંમત નક્કી કરવામાં આવે અને પશુ શિબિરોમાં બાયોમેટ્રિક ટ્રેકીંગ પણ લાગુ કરે. રાજ્યના એડિશનલ સેક્રેટરીએ બનાવેલી એક કમિટિએ આ ઉપાયો સૂચવ્યા હતા. રાજ્ય સરકારે ૩૦૪ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે.

અભિજીત દિપકેની ટીકા પર દિલજીત દોસાંઝનો જવાબ

દિલ્હીમાં ઓરા ટુર ૨૦૨૬ના પરફોર્મન્સ વચ્ચે દિલજીત દોસાંઝએ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકેના નિવેદનનો જવાબ આપ્યો હતો.

દિપકેએ કહ્યું હતું કે, કલાકારોએ સરકાર વિરુદ્ધ એમને ટેકો આપવો જોઈએ, જો તેઓ તેમ કરે તો શું તેમની ફિલ્મ પર પ્રતિબંધ મૂકાઈ જાય છે? હવે દિલજીતે જવાબમાં કહ્યું છે કે પંજાબીને નહીં શીખવો કે લડાઈ કઈ રીતે કરવી. થોડા સમય પહેલા અભિજીત દિપકેએ દિલજીતના શિકાગો કોન્સર્ટમાં ભાગ લીધો હતો. દિલજીતી દિલ્હી કોન્સર્ટ વખતે મંચ પરથી કહ્યું હતું કે, 'હું તમને બધાને પ્રેમ કરૂ છું, કારણ કે હું એક આર્ટીસ્ટ છું. હું ચૂપ છું તો મને ચૂપ જ રહેવા દો. હું તમારા બધાને ટેકો આપું છું પરંતુ પંજાબીઓને લડતા શીખવવું જોઈએ નહીં.'

તામિલનાડુની જેલમાંથી ૧૭ કેદી ફરાર, ૨૭ કર્મચારીઓ સસ્પેન્ડ

તામિલનાડુના થેની જિલ્લાની જેલમાંથી ૧૭ કેદીઓ ફરાર થઈ જવાથી મુખ્યમંત્રી જોસેફ વિજય ખુબ નારાજ છે.

જેલની સુરક્ષામાં મોટી ખામી જણાતા એમણે ડેપ્યુટી જેલ સુપ્રિટેન્ડેન્ટ સહિત બીજા કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ સામે કાર્યવાહી કરી છે. સાથે જ રાજ્યની તમામ જેલોની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવશે. ૨૬મી ઓક્ટોબરે આ ઘટના બની હતી.

થેની જિલ્લાની થેક્કમપટ્ટી ઉપજેલમાં બંધ ૧૭ કેદીઓએ ભાગતા પહેલા મેડીકલ ઈમર્જન્સીનું નાટક કર્યું હતું. ત્યાર પછી તેઓ જેલના કર્મચારીઓને બંદી બનાવી ભાગી ગયા હતા. જોકે તમામ ફરાર કેદીઓને ફરીથી પકડી લેવામાં આવ્યા હતા. બનાવ પછી મુખ્યમંત્રીએ જેલની સુરક્ષામાં બેદરકારી દાખવવા બદલ ડેપ્યુટી જેલ સુપ્રિટેન્ડેન્ટ એન રામ લિંગમને તાત્કાલીક સસ્પેન્ડ કર્યા હતા.

કેનેડા બનશે યુરોપીય સંઘનું પહેલું 'એસોસીએટ સભ્ય'

કેનેડા અને યુરોપીય સંઘ (ઈયુ)એ સંબંધો સુધારીને એક મોટુ પગલુ ભર્યું છે. બંને પક્ષ એટલે કે કેનેડા અને યુરોપીય સંઘ પહેલા 'એસોસીએટ સભ્ય' બનવાની દીશામાં કામ કરશે. આ વ્યવસ્થા પૂર્ણ સભ્ય બનવાથી એક કદમ પાછળ હશે, પરંતુ એને કારણે કેનેડા, યુરોપીય સંઘ સાથે આર્થિક, વ્યાપારીક, ટેક્નીકલ અને રક્ષા સહયોગ કરી શકશે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ શુક્રવારે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ જાહેરાત કરી હતી. એમણે લખ્યું હતું કે કેનેડા હવે યુરોપીય સંઘનું પહેલું એસોસીએટ સભ્ય બની શકશે. કાર્નીએ લખ્યું હતું કે 'મોન્ટ્રેએલમાં મળેલી બેઠકમાં બંને પક્ષોએ ૨૦ થી વધુ નવા ઉપાયો પર સમતી દર્શાવી છે.' યુરોપીય પરિષદના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ આ સમજૂતીને એક ઐતિહાસીક ગણાવ્યું છે.

હવે એક્સપાયરીની નજીકવાળી દવાઓ ભારત નહીં આવે

બિમારીમાંથી સાજા થવા માટે મોટા ભાગના દર્દીઓ દવા પર આધાર રાખતા હોય છે. ઘણી વખત વિદેશથી આયાત કરવામાં આવતી દવાઓની એક્સપાયરી ડેટ નજીક હોવાને કારણે દર્દીઓ માટે સંકટ ઉભુ થાય છે. આવી દવાનો ઉપયોગ કરતી વખતે કે સ્ટોક પડી રહેવાને કારણે દવા નકામી થઈ શકે છે.

આ સમસ્યાનો રસ્તો કાઢતા કેન્દ્ર સરકારે દવા આયાત કરતા નિયમોમાં ફેરફાર કર્યા છે. હવે દેશમાં આયાત થતી દવાઓની એક્સપાયરી ડેટ નજીકની હોય તો ચલાવી લેવામાં આવશે નહીં. ખાસ વાત એ છે કે નવા નિયમોને કારણે દવા કંપનીઓ અને આયાતકારોએ પોતાની સપ્લાય ચેન અને સ્ટોક સંગ્રહ બાબતે વધુ સાવધ રહેવું પડશે. કેન્દ્ર સરકારે એક વર્ષથી ઓછા એક્સપાયરી સમયની દવાના આયાત પર પ્રતિબંધ મૂકી દીધો છે.

નોકરી વિષયક
ટચુકડી જાહેરખબર
મેડીકલ
ડોક્ટર-નર્સ
જોઈએ છે. અનુભવી BAMS ડૉક્ટર વલસાડમાં પ્રાચીન સંસ્થાના મેડિકલ સેન્ટર માટે ઉપયુક્ત પગાર રહેવા જમવા સાથે.
ashramgyana@gmail.com

પ્રાઇમ પ્રોપર્ટી
ટચુકડી જાહેરખબર
પ્રોપર્ટી જનરલ
વેચવાનું છે
વેચવાનું છે. ગોડાઉન, 120 વાર, સાયન્સ સીટી રોડ, સાંતેજ.
9825352009

MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms
with Swimming Pool
Multi-cuisine Restaurant
For Reservations
Ph. 9769894565/ 8976971228/ 9420610050
Mahabaleshwar
www.hotelrajesh.com

IndianOil
CIN - L23201MH1959GOI011388
માર્કેટિંગ વિભાગ — ગુજરાત રાજ્ય કચેરી
કૉર્પોરેશનની માલિકીની અને કૉર્પોરેશન દ્વારા સંચાલિત રિટેલ આઉટલેટ (પેટ્રોલ / ડીઝલ પંપ) (કોકો) માટે સર્વિસ પ્રોવાઇડરની નિમણૂક માટેની સૂચના
ઇન્ડિયન ઓઇલ કૉર્પોરેશન લિમિટેડ ગુજરાત રાજ્યમાં વિવિધ સ્થળોએ આવેલી પોતાની કૉર્પોરેશનની માલિકીની અને કૉર્પોરેશન દ્વારા સંચાલિત રિટેલ આઉટલેટ (પેટ્રોલ / ડીઝલ પંપ) પર માનવબળ અને વિવિધ સેવાઓ પૂરી પાડવા માટે સર્વિસ પ્રોવાઇડરની નિમણૂક કરવાનો પ્રસ્તાવ રજૂ કરે છે.
વિગતવાર જાહેરખબર, દિશા-નિર્દેશ/માહિતી-પત્રિકા અને અરજીપત્રક અમારી વેબસાઇટ (www.iocl.com) પર ઉપલબ્ધ છે અને તેને ડાઉનલૉડ પણ કરી શકાય છે.
ભરેલું અરજીપત્રક વિગતવાર જાહેરખબરમાં દર્શાવેલા કાર્યાલય ખાતે 02/12/2026ના રોજ 17:00 વાગ્યા સુધીમાં પહોંચાડવાનું રહેશે.

TORRENT POWER
ટોરેન્ટ પાવર લિમિટેડ
નોટીસ
ગ્રાહકોને ગુણવત્તાભર્યો વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે નેટવર્ક મેઇનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનો માંથી વીજ પૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૮:૦૦ થી બપોરના ૨:૦૦ કલાક દરમ્યાન આશરે ત્રણ કલાક માટે વીજ પૂરવઠો બંધ થશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસૂચિત સમય પહેલા વીજ પુરવઠો પુનઃ કાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.
તા.૦૪-૧૧-૨૦૨૬ બુધવાર (૧) સાગર રૈકા-TR - કોટેશ્વર. (૨) આર્યન-૬૦TR-૧, શુકન ગ્લોરી TR-૧ - ગોતા (૩) કૌસંબી ટાવર-SS - મહાલક્ષ્મી ચાર રસ્તા (૪) પ્રતિષ્ઠા-૨૬ SS, એવન પાર્ક (ડિસ્ટ્રિબ્યુશન)-SS, યશસ્વી ઈડન CSS, રંગસાગર CSS SS - રંગસાગર રોડ, વાસણા (૫) થર્ડ આઈ-૩TR-૧ - સી.જી. રોડ (૬) ગાયત્રી ચેમ્બર-SS TR-૧ - રબારી કોલોનીથી વસ્ત્રાલ રોડ (૭) અલ મિઝાબ એસ્ટેટ SS - વટવા (૮) પ્લોટ નં. ૨૭૩-TR, શાર્પ ઈન્ડસ્ટ્રીઝ-TR - જીઆઈડીસી વટવા ફેઝ-૨(૯) અજમેરી (એસ્ટેટ)-TR, વેલ્લો (અજય ઈન્ડ.)-TR, રવિ એસ્ટેટ S/S-3 TR - દુધેશ્વર (૧૦) આદિનાથ નગર (ઓઢવ)-TR - આદિનાથ નગર, ઓઢવ (૧૧) ખોડિયાર ડાયમંડ-TR - નિકોલ ગામ રોડ.
તા.૦૫-૧૧-૨૦૨૬ ગુરુવાર (૧) શ્રેષ્ઠ વિલા TR-૧ - કોટેશ્વર (૨) અખબાર ભવન-TR - ગાંધીનગર (૩) કેન્દ્રીય વિદ્યાલય-TR - ડી.એ. કેબિન (૪) સત્યમેવ-SS - એસ.જી. હાઈવે, સોલા (૫) ગણેશધામ બંગલોઝ-SS, શિવમ બંગલો-SS - ચાણક્યપુરીથી સોલા હાઈવે (૬) મેલડી એસ્ટેટ નં. ૨ - ગોતા ગામ (૭) સિલ્વર પર્લ SS, ચાણક્યપુરી સેક્ટર-૩ અને ૪-SS - ચાણક્યપુરી (૮) મારુતિ એસ્ટેટ-TR, વસુદેવ એસ્ટેટ-TR, કૈલાશ એસ્ટેટ ઈન્દિરા સ્ટીલ પાસે HT TR-૧, સોલિટેર સ્કાય - TR-૧ - ઓઢવ ટર્મિનસ (૯) મુરલીધર (નિકોલ)-TR - હીરાવાડીથી જી.ડી. સ્કૂલ રોડ.
અસુવિધા બદલ દિલગીર છીએ
વીજ કનેક્શનની જાણકારી, ઓનલાઈન બિલ ચૂકવણી અને અન્ય સુવિધાઓ
Mobile APP
connect.torrentpower.com
connect.ahd@torrentpower.com
6655 1912/ 2255 1912

દેશ-દુનિયા

હોલિવૂડની હેલોવીન : ડોલી પાર્ટન, માઈકલ જેક્સન હોટ ફેવરિટ



હોલિવૂડના સ્ટાર્સે અવનવા હેલોવીન લૂકસથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. સિંગર લિઝોએ ડોલી પાર્ટનના ૧૯૭૦ના દાયકાના ટીવી શોના લુકને રિક્રિએટ કર્યો હતો. બીજી તરફ, રીટા ઓરાએ પણ ન્યૂયોર્કમાં યોજાયેલી હેલોવીન પાર્ટીમાં ડોલી પાર્ટનનો અવતાર ધારણ કર્યો હતો. આ વર્ષે માઈકલ જેક્સનના કોસ્ચ્યુમની લોકપ્રિયતામાં પણ વધારો જોવા મળ્યો હતો. ગૂગલના જણાવ્યા અનુસાર, માઈકલ જેક્સનના કોસ્ચ્યુમ અંગેના સર્ચ છેલ્લા ૧૦ વર્ષના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યા હતા. કિમ કર્દાશિયને પોતાની દીકરી નોર્થ વેસ્ટનો અવતાર ધારણ કરીને સૌને આશ્ચર્યમાં મૂક્યા હતા. કર્દાશિયન ફેમિલીની મેમ્બર કાઈલી જેનરના રેડ કાર્પેટ લુકની લગભગ આબેહૂબ નકલ કરીને લિસા રિના ચર્ચામાં આવી હતી. KATSEYE ગ્રુપની મેમ્બર્સે DC Comicsના સુપરહીરો અને વિલનના કોસ્ચ્યુમ પસંદ કર્યા હતા. મોન્ટ્રિયલમાં ટૂરના સાઉન્ડચેક દરમિયાન ડેનિએલા વન્ડર વુમન, મેગન પોઈઝન આઈવી, લારા કેટવુમન અને યૂનચે હાલી ક્વિનના લુકમાં જોવા મળી હતી. BLACKPINKની લિસાએ 'સાયરન'નો લૂક પસંદ કર્યો હતો. K-Pop Demon Huntersના કોસ્ચ્યુમ પણ આ વર્ષે લોકપ્રિય રહ્યા હતા.

હેલોવીન નિમિત્તે સ્વર્ગસ્થ માતાને અંજલિ

જાહ્નવી કપૂરે માતા શ્રીદેવીનો 'નગીના' લૂક જીવંત કર્યો

મુંબઈ, તા. ૧

અભિનેત્રી જાહ્નવી કપૂરે આ વર્ષે હેલોવીન પર્વ પર પોતાની સ્વર્ગસ્થ માતા અને સુપરસ્ટાર શ્રીદેવીને અનોખી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

જાહ્નવીએ ૧૯૮૬ની સુપરહિટ કાલ્પનિક ફિલ્મ 'નગીના'માંથી શ્રીદેવીનો પ્રખ્યાત લૂક ધારણ કર્યો હતો, જ્યારે તેના મિત્ર ઓરીએ દિવંગત ઋષિ કપૂરનું પાત્ર ભજવ્યું હતું. જાહ્નવીને આબેહૂબ શ્રીદેવી જેવા ગેટઅપમાં જોઈ શ્રીદેવી ચાહકો



ભાવુક થઈ ગયા હતા.

આ યાદગાર તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતા જાહ્નવીએ જણાવ્યું કે હેલોવીન માત્ર ડરામણા કે રમૂજી પોષાક પૂરતુ સીમિત નથી, પરંતુ મનપસંદ પાત્રોને સન્માન આપવાનું ઉત્તમ માધ્યમ છે. તેણે પોતાની માતા, ઋષિ કપૂર અને અમરીશ પુરીને યાદ કરીને આ લૂક અર્પણ કર્યો હતો.

જાહ્નવીની બહેન ખુશી કપૂરે પણ આ પોસ્ટ જોઈને તેની પ્રશંસા કરી હતી.

જાહ્નવીનો માતા જેવો આબેહૂબ લૂક જોઈ શ્રીદેવીના ચાહકો ભાવુક થઈ ગયા

વાસ્તવિક આત્મવૃત્તાંત બેઠું ઉઠાવી લેવાયું

પરિણિતીની રિપોર્ટિંગ લાઈવમાં સ્ટોરી તફડાવેલી હોવાનો આરોપ

મુંબઈ, તા. ૧

ઓટીટી પર રજૂ થયેલી પરિણિતી ચોપરા અભિનિત ફિલ્મ 'રિપોર્ટિંગ લાઈવ' ગંભીર વિવાદમાં સપડાઈ છે. જાણીતા ઈન્વેસ્ટીગેટીવ પત્રકાર સંધ્યા રવિશંકરે ફિલ્મના સર્જકો પર તેમની વાસ્તવિક તપાસ અને જીવન આધારીત વાર્તા ચોરી કરવાનો આરોપ મુક્યો છે. કોઈપણ પ્રકારની ક્રેડિટ આપ્યા વિના તેમની વાર્તા દર્શાવવાને કારણે હવે આ મામલે નૈતિકતા અને લેખન હક્કો પર વિવાદ વકર્યો છે.



સંધ્યા રવિશંકરે સોશિયલ મીડિયા પર ખુલ્લો વિરોધ વ્યક્ત કરતા જણાવ્યું કે તમિલનાડુમાં ગેરકાયદે રેતી ખનન પર કરેલા તેમના રિપોર્ટિંગના અંશો આ ફિલ્મમાં લેવાયા છે. તેમણે દાવો કર્યો કે ૨૦૨૨ અને ૨૦૨૩માં આ વાર્તા નિર્માતાઓને પીચ કરાઈ હતી.

નિર્માતાઓને મોકલાયેલી સ્ટોરીનો કોઈ ક્રેડિટ વિના જ ઉપયોગ કરી દેવાયો

કંગના રણૌત રાણા દગ્ગુબાતીની હોરર ફિલ્મમાં

મુંબઈ, તા. ૧

અભિનેત્રી કંગના રનૌત ટૂંક સમયમાં નવી હિન્દી હોરર ફિલ્મ 'સ્કેરી પિક્ચર'માં મુખ્ય ભૂમિકા



ભજવતી જોવા મળશે. આ પ્રોજેક્ટની સત્તાવાર જાહેરાત નિર્માતા રાણા દગ્ગુબાતીએ એક ઈવેન્ટ દરમ્યાન સ્ટેજ પરથી કરી હતી, જેને કંગનાએ પણ સોશિયલ મીડિયા પર સમર્થન આપ્યું હતું. આ ફિલ્મનું દિગ્દર્શન જાણીતા તેલુગુ દિગ્દર્શક રવિ બાબુ કરશે. તેલુગુ સિનેમાના જાણીતા ફિલ્મસર્જક રવિ બાબુ આ ફિલ્મ દ્વારા હિન્દી સિનેમામાં દિગ્દર્શક તરીકે પદાર્પણ કરી રહ્યા છે.

શાંત સ્ત્રીના ચહેરા પર પડદો આકર્ષણનું કેન્દ્ર બન્યો

આરસમાંથી બનેલી ઈ.સ. ૧૭૧૭ની અનોખી મૂર્તિ ૨૦ કરોડમાં વેચાઈ

વિયના, તા. ૧

આરસમાંથી બનાવાયેલી એક મૂર્તિએ હરાજીમાં તમામ રેકોર્ડ તોડ્યા હતા, ઘુંઘટ ઓઢેલી એક મહિલાની આ મૂર્તિ અધધ ૨૦ કરોડ રુપિયામાં વેચાઈ હતી. જે એક વિશ્વરેકોર્ડ છે. આ મૂર્તિની હરાજી ઓસ્ટ્રિયાની રાજધાની વિયેનામાં કરવામાં આવી હતી.

મૂર્તિની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે જાનારાને ખરેખર કોઈ સ્ત્રીના ચહેરા પર પડદો હોય તેવો અહેસાસ કરાવે



છે. આ મૂર્તિને ઈટાલિયન એન્ટોનીઓ કોરાડિનીએ તૈયાર કરી છે. આયોજકોએ જણાવ્યું હતું કે એક વ્યક્તિએ ફોન પર બોલી લગાવીને આ હરાજી જીતી હતી, ૬૦ સેંટીમીટર ઉંચી આ મૂર્તિમાં જે સ્ત્રીને દેખાડવામાં આવી છે તે એકદમ શાંત અવસ્થામાં છે. આરસમાંથી મહિલાના ચહેરા પરનો પડદો કેવી રીતે બનાવ્યો હશે તે સવાલ જરૂર થાય. મૂર્તિને તૈયાર કરનારા કોરાડિનીનો જન્મ ૧૬૮૮માં થયો હતો અને ૧૭૫૨માં તેઓ મૃત્યુ પામ્યા હતા.

ઈટાલિયન એન્ટોનીઓ કોરાડિનીએ બનાવેલી મૂર્તિની ઓસ્ટ્રિયામાં હરાજી થઈ, વિજેતાએ ફોન પર બોલી લગાવી

ક્લાઈમેટ ચેન્જ આપણી ખાદ્ય સુરક્ષા, રોજીંદા પોષણ અને ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્ય ઉપર મોટું જોખમ સર્જી રહ્યું છે

ગ્લોબલ વોર્મિંગથી ઘઉંનું આંતરિક પોષણ ઘટી રહ્યું છે

હવામાન પરિવર્તન હવે માત્ર ગ્લેશિયર ઓગળવા, કમોસમી વરસાદ કે કાળઝાળ ગરમી પૂરતું સીમિત નથી રહ્યું. તે હવે સીધું આપણા ઘરના રસોડામાં અને થાળીમાં પીરસાતી રોટલી સુધી પહોંચી ગયું છે. સદીઓથી ભારતીય ભોજનનો આધાર ઘઉં ધીમે ધીમે પોતાના કુદરતી પ્રોટીન ગુમાવી રહ્યો છે. આ કોઈ સામાન્ય પર્યાવરણીય ચેતવણી નથી, પરંતુ આપણી ખાદ્ય સુરક્ષા, રોજીંદા પોષણ અને ભવિષ્યની પેઢીના સ્વાસ્થ્ય પર મોટું જોખમ સર્જી રહ્યું છે. જો આપણે હજુ પણ જાગૃત નહીં થઈએ, તો આવનારા

> આપણી સવારની ચા સાથેનું બિસ્કિટ કે બ્રેડ હોય કે બપોર અને સાંજની ગરમાગરમ રોટલી, ભાખરી કે પરોઠા, બધું જ ઘઉંના લોટ પર નિર્ભર છે. જ્યારે આ પાયાના અનાજનું જૈવિક અને પોષક માળખું ખોરવાઈ જાય, ત્યારે તે માત્ર કૃષિ ક્ષેત્રનું સંકટ નથી રહેતું પરંતુ વૈશ્વિક સ્તરે માનવજાત સામે ઊભો થયેલો પોષણ સંબંધી કટોકટીનો મોટો પ્રશ્ન છે : વધતા કાર્બન ડાયોક્સાઈડના પરિણામે છોડ પોતાની આંતરિક રક્ષા માટે જીવાતો સામે લડતા પ્રોટીનનું પ્રમાણ તો વધારે છે, પરંતુ જે અસલ ગ્લુટેન માનવ આહારની ગુણવત્તા નક્કી કરે છે, તેનો વિનાશ થાય છે. સંશોધક સબરીના ગાઈસ્લિટ્ઝે જણાવ્યું કે, ગ્લુટેન પ્રોટીનનું ઘટતું સ્તર સીધું લોટની બેકિંગ અને રોટલી બનાવવાની ગુણવત્તાને ખરાબ કરી નાખે છે : ઘઉંના દાણામાં થયેલા જૈવિક ફેરફારોમાં એવા પ્રોટીન ઘટકો અને પેપ્ટાઈડ્સમાં ગંભીર ફેરફાર નોંધાયા છે, જે સીધા સિલિયાક રોગ સાથે જોડાયેલા છે.

તથ્યો બહાર આવ્યા છે. સંશોધકોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે હવામાં કાર્બન ડાયોક્સાઈડનું વધતું પ્રમાણ ઘઉંના દાણામાં રહેલા પ્રોટીનનું આખું બંધારણ ખોરવી રહ્યું છે. ઘઉં એ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં અબજો લોકોની ભૂખ સંતોષતું મુખ્ય અનાજ છે. આપણી સવારની ચા સાથેનું બિસ્કિટ કે બ્રેડ હોય કે બપોર અને સાંજની ગરમાગરમ રોટલી, ભાખરી કે પરોઠા, બધું જ ઘઉંના લોટ પર નિર્ભર છે. જ્યારે આ પાયાના અનાજનું જૈવિક અને પોષક માળખું ખોરવાઈ જાય, ત્યારે તે માત્ર કૃષિ ક્ષેત્રનું સંકટ નથી રહેતું પરંતુ વૈશ્વિક સ્તરે માનવજાત સામે ઊભો થયેલો પોષણ સંબંધી કટોકટીનો મોટો પ્રશ્ન છે.

માનવીય પ્રવૃત્તિઓ અને આંધળી ઔદ્યોગિક દોડના કારણે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડની માત્રા અતિ ઝડપે ઝેરી હદે વધી રહી છે. આંકડા સ્પષ્ટપણે ભયાનક વાસ્તવિકતા દર્શાવે છે કે, વર્ષ ૧૯૮૦માં વૈશ્વિક સ્તરે કાર્બન ડાયોક્સાઈડનું સ્તર આશરે ૩૪૦ પાર્ટ્સ પર મિલિયન (ppm) હતું, જે વર્ષ ૨૦૨૪ સુધીમાં વધીને લગભગ ૪૨૫ ppm પર પહોંચી ચૂક્યું છે. પર્યાવરણવિદોના અંદાજ મુજબ જો વૈશ્વિક ઉત્સર્જન પર તાત્કાલિક પૂર્ણવિરામ નહીં મુકાય, તો વર્ષ ૨૦૫૦ સુધીમાં આ આંકડો ૬૦૦ ppmની ખતરનાક સપાટી વટાવી જશે. આ ઘાતક વાતાવરણની ઘઉંના પાક પર શી અસર થાય છે તે તપાસવા વૈજ્ઞાનિકોએ શિયાળુ ઘઉંની ૧૦ અલગ-અલગ જાતો (કલ્ટીવર્સ) પર ઊંડો અભ્યાસ કર્યો હતો. કેટલાંક છોડને ૫૪૬ ppmના કૃત્રિમ રીતે ઊંચા કાર્બન ડાયોક્સાઈડના વાતાવરણમાં ઉછેરવામાં આવ્યા, જ્યારે બાકીના છોડને સામાન્ય વાતાવરણમાં

ન્યુઝ ફોકસ

રાખવામાં આવ્યા. લણણી બાદ દાણાનું પૃથક્કરણ કરતાં માલૂમ પડ્યું કે વાતાવરણમાં **CO2** નું ઊંચું પ્રમાણ પાકના પ્રોટીન નિર્માણની સમગ્ર પ્રક્રિયાને વિકૃત કરી નાખે છે.

આ સંશોધનનું સૌથી ચિંતાજનક પાસું એ બહાર આવ્યું કે અનાજમાં રહેલા ગ્લુટેન પ્રોટીનની સાંદ્રતામાં મોટો કડાકો બોલી ગયો. ગ્લુટેન એ પ્રોટીનનો એવો ચમત્કારિક સમૂહ છે જે લોટને બાંધણી અને ખેંચાણ આપે છે. તેના કારણે જ રોટલી નરમ બને છે, ફૂલે છે અને બ્રેડ કે બેકરી ઉત્પાદનો યોગ્ય રીતે શેકાઈને ઉત્કૃષ્ટ રચના ધારણ કરે છે. વધતા કાર્બન ડાયોક્સાઈડના પરિણામે છોડ પોતાની આંતરિક રક્ષા માટે જીવાતો સામે લડતા પ્રોટીનનું પ્રમાણ તો વધારે છે, પરંતુ જે અસલ ગ્લુટેન માનવ આહારની ગુણવત્તા નક્કી કરે છે, તેનો વિનાશ થાય છે. સંશોધક સબરીના ગાઈસ્લિટ્ઝે જણાવ્યું કે, ગ્લુટેન પ્રોટીનનું ઘટતું સ્તર સીધું લોટની બેકિંગ અને રોટલી બનાવવાની ગુણવત્તાને ખરાબ કરી નાખે છે. ભવિષ્યમાં બનનારી રોટલીઓ કડક, બરડ, ખેંચાયેલી અને સ્વાદહીન બનશે તે દિવસો હવે બહુ દૂર નથી.

ગુણવત્તા બગડવી એ તો માત્ર સપાટી પરની સમસ્યા છેત અસલ ભય માનવ શરીર અને સ્વાસ્થ્ય પર તોળાતી બીમારીઓનો છે. ઘઉંના દાણામાં થયેલા જૈવિક ફેરફારોમાં એવા પ્રોટીન ઘટકો અને પેપ્ટાઈડ્સમાં ગંભીર ફેરફાર નોંધાયા છે, જે સીધા સિલિયાક રોગ સાથે જોડાયેલા છે. સિલિયાક એ એક ખતરનાક ઓટોઈમ્યુન ડિસઓર્ડર છે, જેમાં દર્દી જ્યારે પણ ગ્લુટેન યુક્ત આહાર લે છે, ત્યારે તેનું પોતાનું રોગપ્રતિકારક તંત્ર ગેરમાર્ગે દોરાઈને નાના આંતરડાની અંદરની દીવાલો પર હુમલો કરી તેને ક્ષતિગ્રસ્ત કરી નાખે છે. આંતરડું પોષક તત્ત્વો શોષવાની ક્ષમતા ગુમાવી બેસે છે, જેનાથી કાયમી નબળાઈ, એનિમિયા અને પાચનતંત્રના ગંભીર રોગો જન્મે છે. હવામાન પરિવર્તનથી ઉત્તેજિત થતા આ નવા પ્રોટીન માળખાં લાખો સંવેદનશીલ લોકો માટે ઝેર સમાન સાબિત થઈ શકે છે.

લાઈબનિઝ ઈન્સ્ટિટ્યૂટના ફૂડ બાયોપોલિમર કેમિસ્ટ્રી રિસર્ચ ગ્રૂપના સંશોધકોએ આ ગંભીર બાબત તરફ આંગળી ચીંધતાં સ્પષ્ટ કર્યું છે કે, ઘઉંમાં જોવા મળતા એમાયલેઝ અને ટ્રિપ્સિન ઈનહિબિટર્સ તેમજ સિલિયાક રોગને ટ્રિગર કરતા ચોક્કસ પેપ્ટાઈડ્સમાં આવેલા ફેરફારો માનવ શરીર માટે અત્યંત ચિંતાજનક બની શકે છે. આ ઈનહિબિટર્સ મૂળભૂત રીતે છોડનું કીટકો સામે રક્ષણ કરતા પ્રોટીન છે, પરંતુ જ્યારે તેની માત્રા અને સંતુલન બગડે છે, ત્યારે તે માણસના પેટમાં બળતરા, એલર્જી અને રોગપ્રતિકારક પ્રતિક્રિયાઓ પેદા કરી શકે છે. જોકે આ ફેરફારો કેટલા ઘાતક નીવડશે તે અંગે વધુ ક્લિનિકલ ડેટા એકત્રિત કરવો જરૂરી છે, પરંતુ જે રીતે કુદરતી અનાજનું રાસાયણિક બંધારણ પ્રદૂષણના કારણે બદલાઈ રહ્યું છે, તેવા અનાજના ઢગલો માનવજાત માટે માત્ર પેટ ભરવાનું સાધન બનશે, શરીરને શક્તિ આપવાનું નહીં. હવે સમય આવી ગયો છે કે કૃષિ વૈજ્ઞાનિકો માત્ર ઊંચી ઉપજ આપતી જાતો બનાવવાનું બંધ કરે અને કડક આબોહવા તેમજ ઊંચા કાર્બન ડાયોક્સાઈડ સ્તરમાં પણ ગુણવત્તા અને પોષણ જાળવી રાખે તેવી વાતાવરણ-પ્રતિરોધક જાતોનું સંશોધન યુદ્ધના ધોરણે શરૂ કરે.

જે ખેડૂત પરસેવો પાડીને દેશનું પેટ ભરે છે, તે અજાણતાં જ બદલાતા પર્યાવરણને કારણે ગુણવત્તાહીન પાક પકવવા મજબૂર થઈ રહ્યો છે. સરકારે, સંશોધન સંસ્થાઓએ અને સમાજે હવે આ સંકટને રાષ્ટ્રીય કટોકટી તરીકે સ્વીકારવું પડશે. જો તાત્કાલિક કાર્બન ઉત્સર્જન ઘટાડવાની નીતિઓ અમલમાં નહીં આવે અને ઘઉંની નવી ન્યુટ્રિશન-સુરક્ષિત પ્રજાતિઓ નહીં વિકસાવાય, તો રોટલી જેવો પવિત્ર અને જીવનરક્ષક આહાર પણ ભવિષ્યમાં માનવ સ્વાસ્થ્ય માટે ધીમું ઝેર સાબિત થશે. પ્રકૃતિ સાથેની ચેડાંની આ કિંમત હવે આપણે આપણા પોતાના કોળિયાથી ચૂકવવી પડી રહી છે.



ઉપજ વધારવાને બદલે પાકનું પોષણ મૂલ્ય જાળવી રાખવા માટે મહેનત કરવી પડશે

ભારતની પરંપરાગત અને દેશી જાતો, જેમ કે મધ્યપ્રદેશના ભાલિયા (દાઉદખાની), કથિયા (ડ્યુરમ) કે બંસી ઘઉં, મૂળભૂત રીતે ઓછા પાણી અને સ્થાનિક આબોહવા સામે લડવાની પ્રતિકારક ક્ષમતા ધરાવે છે. આ જાતો ઊંચા તાપમાન અને સૂકી આબોહવામાં સામાન્ય નવી જાતો કરતાં જમીનમાંથી ભેજ ખેંચવામાં વધુ સક્ષમ છે, જેના કારણે તેમાં પ્રોટીન અને ફાઈબરનું પ્રમાણ કુદરતી રીતે જળવાઈ રહે છે. તેમ છતાં, વાતાવરણમાં **CO2** નું વધુ પડતું પ્રમાણ આ જાતોમાં પણ કાર્બોહાઈડ્રેટનું સંચય વધારીને સૂક્ષ્મ પોષકતત્ત્વો જેવા કે ઝિંક અને આયર્નની સાંદ્રતાને ઘટાડી રહ્યું છે. બીજી તરફ, દેશી જાતોના છોડ વધુ ઊંચાઈ ધરાવતા હોવાથી અચાનક આવતા ગરમ પવનો કે કમોસમી વાવાઝોડામાં તે જમીન પર ઢળી (લોજિંગ) પડે છે, જેના કારણે ઉપજમાં મોટું નુકસાન થાય છે. હરિયાળી ક્રાંતિ પછી વિકસાવવામાં આવેલી આધુનિક અર્ધ-વામન (સેમી-ડ્વાર્ફ) અને લોકપ્રિય જાતો, જેમ કે **HD 2967, PBW 343** કે **DBW 187** વગેરે પર વધતા તાપમાનની અસર ઘણી તીવ્ર જોવા મળે છે.

દાણાના વિકાસના અંતિમ તબક્કે જ્યારે તાપમાન સામાન્ય કરતાં ૩ થી ૫ ડિગ્રી સેલ્સિયસ વધી જાય છે, ત્યારે દાણા સમય કરતાં વહેલા પાકીને સુકાઈ જાય છે, જેને 'ફોર્સ્ડ મેચ્યોરિટી' કહેવામાં આવે છે. આ પ્રક્રિયાથી દાણા ચીમળાઈ જાય છે, તેમનું વજન ઘટે છે અને એકંદર ઉત્પાદનમાં ૧૫ થી ૨૫ ટકા સુધીનો ઘટાડો આવી શકે છે. વધુમાં, **CO2** વધવાથી છોડમાં પ્રકાશસંશ્લેષણ ઝડપી બને છે જેને 'CO2 ફર્ટિલાઈઝેશન ઈફેક્ટ' કહે છે, પરંતુ આ ઝડપી વૃદ્ધિથી દાણામાં સ્ટાર્ચ વધે છે અને લોટ બાંધવા માટે જરૂરી ગ્લુટેન પ્રોટીન તેમજ પોષક ઘટકો ઘટી જાય છે, જેનાથી રોટલી બનાવવાની ગુણવત્તા બગડે છે. આ આબોહવાકીય પડકારોનો સામનો કરવા માટે ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR) અને અન્ય સંસ્થાઓએ ગરમી સહન કરી શકે તેવી નવી 'ક્લાઈમેટ-સ્માર્ટ' જાતો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

ખાસ કરીને **DBW 303, DBW 187** (કરણ વંદના) અને **HD 3410** જેવી તાજેતરની જાતો ઉચ્ચ તાપમાન સહન કરવાની અને વહેલી વાવણીમાં સારું પ્રદર્શન કરવાની ક્ષમતા ધરાવે છે. તેમ છતાં, દીર્ઘકાલીન ધોરણે હવામાં વધતો કાર્બન ડાયોક્સાઈડ અને ગરમીનું સંયોજન સમગ્ર પાક ચક્રને ટૂંકાવી રહ્યું છે.

આ સ્થિતિ દર્શાવે છે કે માત્ર ઉપજ વધારવાને બદલે પાકનું પોષણ મૂલ્ય જાળવી રાખવા માટે પરંપરાગત દેશી જાતોના રોગપ્રતિકારક જનીનો અને નવી જાતોની ઉત્પાદકતાનું સંતુલન સાધીને સંશોધન કરવું અનિવાર્ય બન્યું છે.

જ્ઞાનેશ કુમાર સામે ઈન્ડિયા ગઠબંધનનું શક્તિપ્રદર્શન



ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમાર સામે મોરચો ખોલતાં વિપક્ષી ઈન્ડિયા ગઠબંધને રવિવારે દિલ્હીના રામલીલા મેદાનમાં વિશાળ રેલી યોજી હતી. રેલી પહેલાં ઈન્ડિયા ગઠબંધનના નેતાઓએ દિલ્હીમાં મિન્ટો રોડ-કનોટ પ્લેસ જંકશનથી રામલીલા મેદાન સુધી કૂચ કરી હતી. આ દરમિયાન મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો જોડાયા હતા. કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી યાદીમાંથી મતદારોનાં નામ દૂર કરવાની પ્રક્રિયાને સામાન્ય ગેરરીતિ નહીં, પરંતુ નાગરિકોના મતાધિકાર અને અવાજની ચોરી ગણાવી હતી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે, જ્ઞાનેશ કુમાર પદ છોડે ત્યાં સુધી વિપક્ષનું આંદોલન ચાલુ રહેશે. તેમણે પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર મહિલાઓ, યુવાનો અને દલિતોના મત છીનવવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ લગાવ્યો હતો. મમતા બેનર્જીએ એસઆઈઆર પ્રક્રિયાનો વિરોધ કરતાં આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રક્રિયાને અસર કરવામાં આવી છે. તેમણે ચૂંટણી કમિશન પર મતગણતરીની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાનો પણ આક્ષેપ કર્યો હતો. સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું હતું કે ભાજપ હવે સમજી રહી છે કે મતદાર યાદીમાંથી તેના સમર્થકોનાં નામ પણ કપાઈ શકે છે. બીજી તરફ, આરજેડી નેતા તેજસ્વી યાદવે મહાભારતનો ઉલ્લેખ કરીને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પીએમ મોદીના હાથની કઠપૂતળી ગણાવ્યા હતા. નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લા અને પીડીપીનાં નેતા મહેબૂબા મુફ્તીએ પણ રેલીને સંબોધી હતી. ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ યુનિયનની નેહા બોરાએ પણ સંબોધન કર્યું હતું.

ફ્રાન્સમાં ૩.૨૦ લાખથી વધુ લોકો દેખાવોમાં જોડાયા

ફ્રાન્સમાં સતત ત્રીજા વીકએન્ડમાં દેખાવો

જર્મની-પોર્ટુગલમાં હજારો લોકો રસ્તા પર

(પીટીઆઈ) પેરીસ, તા. ૧

મોંઘવારી અને શિક્ષણ મુદ્દે ફ્રાંસમાં સતત ત્રીજા વીકએન્ડમાં દેખાવો થયા હતાં. હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓની પ્રેરણા લઈને શનિવારે સમગ્ર ફ્રાન્સમાં લાખો દેખાવકારો સડકો પર ઉતરી આવ્યા હતાં. યુરોપનાં અન્ય દેશો જેમ કે જર્મની અને પોર્ટુગલમાં પણ યુવાનોનાં નેતૃત્ત્વમાં દેખાવો થયા હતાં. ફ્રાન્સમાં આ વીકએન્ડનાં દેખાવો એકંદરે શાંતિપૂર્ણ રહ્યાં હતાં.

પેરિસ અને અન્ય શહેરોમાં દેખાવોનાં અંતે ટિયર ગેસનાં સેલ છોડાયા : કેટલાક સ્થળોએ આગ ચાંપવામાં આવી

જર્મનીમાં શિક્ષણ, આરોગ્ય, જળવાયુ સંરક્ષણ અને મોંઘવારી મુદ્દે દેખાવો : પોર્ટુગલમાં વધતી રહેણાંક સમસ્યા વિરુદ્ધ લોકો રસ્તા પર

દેખાવકારો હેલોવીનની રંગબેરંગી વેશભૂષામાં હતાં જેના કારણે મૂડ હળવો રહ્યો હતો. જો કે પેરિસ અને અન્ય શહેરોમાં દેખાવોનાં અંતમાં ટિયર ગેસનાં સેલ છોડવામાં આવ્યા હતાં અને કેટલાક નાના જૂથોએ કેટલક સ્થળોએ આગ પણ ચાંપી હતી.

ફ્રાન્સનાં ગૃહ પ્રધાન લોરેંટ નુનેઝે અશાંતિનાં ખૂબ જ વધારે જોખમની ચેતવણી આપી હતી ખાસ કરીને હેલોવીનની રાતે. જેના પગલે સમગ્ર દેશમાં ૭૦,૦૦૦ સુરક્ષા કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતાં.

ફ્રાન્સ સરકારનાં અંદાજ અનુસાર શનિવારે સમગ્ર દેશમાં ૩,૨૦,૦૦૦ લોકોએ દેખાવોમાં ભાગ લીધો હતો. આ સંખ્યા અગાઉનાં દેખાવો કરતા ઓછી છે પણ છતાં ઘણી મોટી છે.

સરકારી આંકડાઓ અનુસાર ૧૭ ઓક્ટોબરનાં દેખાવોમાં ૫,૫૦,૦૦૦ લોકો સામેલ થયા હતાં. ૨૪ ઓક્ટોબરે થયેલા દેખાવોમાં ૪,૧૦,૦૦૦ લોકો સામેલ થયા હતાં.

જર્મનીમાં જેન ઝેડ રિગલેન્ટ જેનો અર્થ થાય છે કે જેન ઝેડ સંભાળી લેશે નામનાં સંગઠનનાં યુવનોનાં એક જૂથે ૩૦થી વધુ શહેરોમાં રેલીઓનું આયોજન કર્યુ હતું. તેમણે શિક્ષણ, સ્વાસ્થ્ય, જળવાયુ સંરક્ષણ અને સસ્તું જીવનની માંગ કરી હતી અને સાથે જ સૈન્ય ભરતીને ફરીથી લાગુ કરવાનો વિરોધ કર્યો હતો. આયોજકોએ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં થયેલા દેખાવોમાં હજારો લોકોએ ભાગ લીધો હતો જો કે સત્તાવાર આંકડા તાત્કાલિક મળી શક્યા ન હતાં.

પોર્ટુગલમાં વધતી રહેણાંક સમસ્યાની વિરુદ્ધ હજારો લોકોનાં દેખાવો પછી રવિવારે લિસ્બન અને પોટોમાં પોલીસ અને દેખાવકારોની વચ્ચે ઘર્ષણ થયું હતું. દેખાવકારો માંગ કરી રહ્યાં છે કે સરકાર ભાડા સંબધી કાયદાને પરત લેવાની માંગ કરી રહ્યાં છે. લોકોનું માનવું છે કે આ કાયદાને કારણે દેશની રહેણાંક સમસ્યા વધુ મુશ્કેલ બનશે.



સર્બિયામાં બે વર્ષ પહેલા ટ્રેન સ્ટેશને દુર્ઘટના ઘટી. જેમાં, ૧૬ નાગરિકોના મોત થયા હતા. આ દુર્ઘટના બાદ જનતા જાગી અને આંદોલન કર્યું. આ આંદોલનનું પરિણામ એવું આવ્યું કે, પીએમે રાજીનામું આપવું પડ્યું. રાષ્ટ્રપતિએ ચૂંટણી કરાવી. પીએમના પદ માટે લડ્યા પણ જનતા સામે હાર્યા કારણ કે, જનતા જાતે ચૂંટણી લડી અને જીતી. દુર્ઘટનાના બે વર્ષ બાદ ફરી એકવાર નાગરિકો ભેગા થયા. એ ૧૬ નાગરિકોની યાદમાં કે જે માર્યા ગયા હતા. આ એટલું મહત્ત્વનું કારણ કે, આપણા દેશમાં ૧૦-૨૦ નાગરિકોના મોતને તો ગણતરીમાં જ નથી લેવામાં આવતા. તેમને ભૂલાવી દેવામાં આવે છે. આપણે યાદ રાખવું પડશે કે, દેશમાં જ્યારે, દરેક નાગરિકના જીવને મહત્ત્વ નહીં આપવામાં આવે ત્યાં સુધી દેશ વિકસિત ન થઈ શકે.

પશ્ચિમ એશિયામાં યુદ્ધ છતાં ક્રૂડની ખરીદી વધી

દેશની ક્રૂડની આયાત ઓક્ટોબરમાં વિક્રમી દૈનિક ૫૬ લાખ બેરલે પહોંચી

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન તથા સાઉદી અરબ અને હુથી બળવાખોરોના યુદ્ધોની અનિશ્ચિતતા વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવ સતત ૧૦૦ ડોલરથી ઉપર રહેવા છતાં ભારતની ક્રૂડ ઓઈલની આયાત ઓક્ટોબરમાં વિક્રમી સ્તરે પહોંચી હતી. ઓક્ટોબરમાં મધ્ય-પૂર્વ અને રશિયા પાસેથી ભારતની ક્રૂડ ઓઈલની ખરીદી દૈનિક ૫૬ લાખ બેરલે પહોંચી હતી.

મધ્ય-પૂર્વમાંથી દૈનિક ૨૩ લાખ બેરલ, રશિયામાંથી દૈનિક ૨૦ લાખ બેરલ ઓઈલની આયાત કરાઈ

ભારતીય રિફાઈનરીઓએ મધ્ય-પૂર્વમાંથી દૈનિક ૨૩ લાખ બેરલ અને રશિયામાંથી દૈનિક ૨૦ લાખ બેરલ ઓઈલની ખરીદી કરી છે તેમ એનર્જી ઈન્ટેલિજન્સ કંપની કેપ્લરે જણાવ્યું છે. એનર્જી ઈન્ટેલિજન્સ કેપ્લરના મુખ્ય વિશ્લેષક નિખિલ દુબેએ જણાવ્યું કે, અમેરિકા અને ઈરાન યુદ્ધના કારણે હોર્મુઝની ખાડીમાંથી લાંબા સમય સુધી ક્રૂડ ઓઈલનો પુરવઠો ખોરવાયેલો રહ્યો હતો. જોકે, હવે ઓમાનના દરિયાકાંઠે

(અનુસંધાન ૧૧મે પાને)

દિવાળી પહેલાં સરકારી ખજાનામાં બમ્પર કમાણી

સરકારની તિજોરી છલકાઈ : સતત ચોથા મહિને જીએસટી આવક રૂ. બે લાખ કરોડને પાર

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧

તહેવારોની મોસમમાં સરકારના ખજાનામાં પણ ધન વર્ષા થઈ રહી છે. ઓક્ટોબર મહિનામાં સરકારની તિજોરી છલકાઈ છે. સરકારને જીએસટી કલેક્શન સ્વરૂપે કુલ રૂ. ૨.૩૧ લાખ કરોડની આવક થઈ છે, જે વાર્ષિક ધોરણે જીએસટી કલેક્શનમાં લગભગ ૨૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે, જે છેલ્લા ચાર વર્ષમાં નોંધાયેલો સૌથી ઝડપી વૃદ્ધિદર છે. સરકારને સતત ચોથા મહિને જીએસટી કલેક્શન લગભગ રૂ. ૨ લાખ કરોડથી વધુ રહ્યું છે. એટલું જ નહીં ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ ૨૦૨૬ પછી ઓક્ટોબરમાં બીજું સૌથી વધુ રૂ. ૨.૩૧ લાખ કરોડનું જીએસટી કલેક્શન થયું છે. વધુમાં સાત મહિનામાં સરકારને કુલ રૂ. ૧૪.૭૮ લાખ કરોડની આવક થઈ છે.

ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન ૨૩ ટકા વધીને રૂ. ૨.૩૧ લાખ કરોડ, એપ્રિલમાં ૨.૪૩ લાખ કરોડ બાદ સૌથી વધુ કમાણી

નાણામંત્રાલયે જણાવ્યું કે, ઓક્ટોબર ૨૦૨૬માં કુલ જીએસટી કલેક્શન રૂ. ૨.૩૧ લાખ કરોડ થયું હતું. ઓક્ટોબરમાં જીએસટી સંગ્રહ વધવાનું સૌથી મોટું કારણ તહેવારોની મોસમમાં બજારની વધતી માગ રહી છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે જીએસટી કલેક્શન ૨૨.૯૦ ટકા વધ્યું છે જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૬ની સરખામણીમાં ૧૪.૭ ટકાનો વધારો થયો છે. ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલમાં સૌથી વધુ રૂ. ૨.૪૩ લાખ કરોડનું જીએસટી કલેક્શન થયું હતું. ત્યાર પછી ઓક્ટોબર જીએસટી આવકનો બીજો સૌથી મોટો મહિનો છે. જીએસટી કલેક્શન છેલ્લા ચાર મહિનામાં સતત વધ્યું છે. જીએસટી કલેક્શન જૂનમાં ૧૩.૯ ટકા, જુલાઈમાં ૧૫.૪ ટકા, ઓગસ્ટમાં ૧૪.૩ ટકા, સપ્ટેમ્બરમાં ૧૪.૭ ટકા વધ્યું હતું.

ઓક્ટોબરમાં જીએસટીની આવકમાં ૨૨.૯૦ ટકાની વૃદ્ધિ છેલ્લા ચાર વર્ષમાં સૌથી વધુ

નાણામંત્રાલયે કહ્યું કે, ઓક્ટોબરમાં આયાતથી મળેલી કુલ આવક રૂ. ૭૨,૨૪૬ કરોડ રહી, જે પાછલા વર્ષના સમાન સમય કરતાં ૪૨.૨ ટકા વધુ છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં આયાતથી રૂ. ૫૦,૭૯૬ કરોડની આવક થઈ હતી.

(અનુસંધાન ૧૧મે પાને)

જુલાઈથી સપ્ટેમ્બરમાં વિકાસ દર ૧૪.૩૬ ટકા

એઆઈથી તેજી : તાઈવાન વિશ્વનો સૌથી ઝડપથી વિકસતો દેશ બન્યો

તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપનીનું દેશની જીડીપીમાં ધરખમ ૮.૯ ટકા જેટલું યોગદાન નોંધાયું

તાઈપેઈ, તા.૧

વિશ્વભરમાં એઆઈની વધતી જતી માંગ હવે માત્ર ટેકનોલોજી કંપનીઓની આવક જ નહીં, પરંતુ દેશોના અર્થતંત્રને પણ નવી ગતિ આપી રહી છે. તેનું સૌથી મોટું ઉદાહરણ તાઈવાન બન્યું છે.

એઆઈ માટે જરૂરી મોર્ડન સેમિકન્ડક્ટર ચિપની વધતી માંગને કારણે તાઈવાન ૨૦૨૬માં વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મોટું અર્થતંત્ર બન્યું છે.

તાઈવાને જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૨૬ના ત્રિમાસિક ગાળામાં ૧૪.૩૬ ટકાની વૃદ્ધિ નોંધાવી છે.

તાઈવાનની જીડીપીમાં વર્ષ૨૦૨૫માં ૮.૭૬ ટકાનો વધારો થયો હતો. ત્યારબાદ, ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧૫.૪૩ ટકા અને બીજા ત્રિમાસિક ગાળામાં ૧૨.૯૩ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી.

૨૦૨૬ના પહેલા નવ મહિનામાં અર્થતંત્રનો વિકાસદર ૧૪.૨૨ ટકા રહ્યો છે. તાઈવાનના આંકડા દર્શાવે છે કે એઆઈ સેક્ટરમાં થઈ રહેલું જંગી રોકાણ દેશની આર્થિક પ્રગતિનું મુખ્ય કારણ રહ્યું છે.

દેશના વિકાસમાં તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપનીની મહત્ત્વની ભૂમિકા છે. TSMC વિશ્વની સૌથી મોટી કોન્ટ્રાક્ટ સેમિકન્ડક્ટર ચિપ ઉત્પાદક કંપની છે.

એનવીડિયા જેવી અગ્રણી ટેકનોલોજી કંપનીઓને એઆઈ માટે જરૂરી અદ્યતન ચિપનો પુરવઠો કરવામાં TSMC મહત્ત્વનું સ્થાન ધરાવે છે., તાઈવાનની જીડીપીમાં TSMC નું યોગદાન ૮.૯ ટકા હતું. ૨૦૨૬માં કંપનીની ચોખ્ખી આવક ૧૭૫ અબજ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૪૩ ટકા વધુ છે.

કૂઝ ઓપરેટર પાસે ઈંધણનો ખર્ચ ચુકવવાના નાણાં ખલાસ

વિશ્વ યાત્રાએ નીકળેલુ જહાજ ફ્યૂઅલનાં ભાવ વધતા કંબોડિયામાં અટવાયું!

કેન્સરનાં દર્દી સહિત ૨૦૦ યાત્રીઓ ફસાયા : યાત્રીઓને ત્રણ વર્ષમાં વિશ્વ યાત્રા કરાવવાનું વચન અપાયું હતું

નવી દિલ્હી, તા. ૧

યાત્રીઓને સમગ્ર વિશ્વની ત્રણ વર્ષની યાત્રા કરાવવાનું વચન આપનાર એક લક્ઝરી ક્રૂઝ અચાનક કંબોડિયામાં અચાનક રોકાઈ ગયું છે. ક્રૂઝ ઓપરેટર પાસે ઈંધણનો ખર્ચ ચુકવવા માટે નાણા સમાપ્ત થઈ ગયા છે. જેના કારણે ૨૦૦ યાત્રીઓ ફસાઈ ગયા છે.

યાત્રીઓમાં એક કેન્સરનાં દર્દી પણ છે. તેમના જણાવ્યા અનુસાર જહાજ છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા પછી યાત્રીઓને રહેવાની જગ્યા શોધવામાં મદદ કરવા માટે કંપનીએ ખૂબ જ ઓછા પ્રયત્નો કર્યા છે.



'એમવી ઓડિસી' નામનું આ જહાજ જે હાલમાં કંબોડિયાનાં સિહાનોકવિલે પોર્ટ પર ઉભુ છે. ચાર મહિનાનાં વિલંબ પછી ઓક્ટોબર ૨૦૨૪માં આ જહાજ પોતાની યાત્રા પર નીકળ્યું હતું.

ફ્લોરિડાની કંપની 'વિલા વી રેઝિડન્સ' દ્વારા સંચાલિત આ જહાજે સાત મહાદ્વીપોની યાત્રાનું વચન આપ્યું હતું. તેમાં સ્થાયી સ્વરૂપે રહેવા માટે સ્યૂટ ઉપલબ્ધ હતાં. જેની કીંમત ૧,૩૦,૦૦૦ ડોલર (૧,૨૩,૩૮,૬૨૫ કરોડ રૂપિયા)થી શરૂ થતી હતી.

જો કે ઈંધણની વધતી કીંમતોને કારણે કંપનીને યાત્રા અધવચ્ચે જ રોકવી પડી છે.

વિલા વી રેઝિડન્સનાં જણાવ્યા અનુસાર ઈરાનમાં યુદ્ધ શરૂ થયા પછી ઈંધણની કીંમત ખૂબ જ વધી ગઈ છે જેના કારણે જહાજને ચલાવવું મુશ્કેલ થઈ ગયું છે. 'વિલા

(અનુસંધાન ૧૧મે પાને)

હેલોવીનની ઊજવણી લોહીયાળ બની

અમેરિકામાં ડલાસ સહિતના સ્થળે ગોળીબાર : કુલ છ લોકોનાં મોત

વોશિંગ્ટન, તા.૧

અમેરિકામાં હેલોવીનની ઊજવણી લોહીયાળ બની હતી. ડલાસમાં ગોળીબારની અલગ અલગ ઘટનાઓમાં ચાર લોકોનાં મોત નીપજ્યાં હતા અને ૧૫થી વધુ ઘાયલ થયા હતા. બીજીબાજુ હેલોવીન વીકએન્ડમાં ટીનેજર્સ દ્વારા હિંસાની વધતી ઘટનાઓને રોકવા અનેક શહેરોમાં ટીનેજર્સ માટે કરફ્યૂ જાહેર કરાયો હતો. દરમિયાન અમેરિકામાં હેલોવીન વીકએન્ડ પર સમગ્ર દેશમાં હિંસાની અનેક ઘટનાઓ બની હતી.

હેલોવીનની ઊજવણીમાં ટીનેજર્સની હિંસા ટાળવા અનેક શહેરોમાં સગીરો માટે કરફ્યૂ નંખાયો

ડલાસમાં પોલીસ વડા ડેનિયલ કોમેક્સે જણાવ્યું કે, ગોળીબારની ત્રણ અલગ અલગ ઘટનાઓમાં ચાર લોકોનાં મોત થયા છે અને ૧૫ને ઈજા પહોંચી છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડાયા છે. ગોળીબાર શા માટે થયા તે તાત્કાલિક જાણી શકાયું નથી. પોલીસ ડીપ ઈલ્યુમ નેબરહુડની ઘટનાઓમાં કોઈ સંબંધ છે કે નહીં તેની તપાસ કરી રહી છે. આ ઘટનાઓમાં કેટલાક લોકોની ધરપકડ કરાઈ છે, પરંતુ તેમણે તેની વિગતો આપવાનો ઈનકાર કર્યો હતો. આ સિવાય અલાબામાના બર્મિંગહામમાં લિજન ફિલ્ડ બહાર મેજિક સિટી ક્લાસિક ફૂટબોલ મેચ પછી એક સામૂહિક ગોળીબારમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું અને અન્ય આઠને ઈજા પહોંચી હતી તેમ પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન અમેરિકામાં છેલ્લા કેટલાક સમયથી હેલોવીન વીકએન્ડમાં ટીનેજર્સ દ્વારા અચાનક જ મોટાપાયે રસ્તા પર ઉતરીને ઊજવણી કરવાનું

(અનુસંધાન ૧૧મે પાને)

બેધડક -મંજુલ



આ લોકો આપણને રામલીલા મેદાનમાં પડકારશે તો આપણે તેમને રાવણલીલા...એટલે કે ચૂંટણીમાં જવાબ આપીશું !





દિવાળીના તહેવારોને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ઉજવણીના ઉમંગ સાથે બજારોમાં ખરીદીનો માહોલ પુરજોશમાં શરૂ થઈ ગયો છે. આગામી રવિવારે દિવાળી છે ત્યારે દિવાળી પહેલાના છેલ્લા રવિવારે આજે બજારોમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. અમદાવાદના સૌથી મોટા ઓપન મોલ ગણાતા ભદ્રના બજારમાં માણેકચોકથી લઈને ત્રણ દરવાજા અને ભદ્રકાળી મંદિર સુધી લોકોની હકડેઠઠ ભીડ જોવા મળી હતી. મોંઘવારીની માર વચ્ચે વ્યાજબી ભાવે મનગમતી વસ્તુઓ લેવા સાથે લોકોમાં ખરીદીનો ખરો ઉમંગ અહીં જોવા મળતો હોય છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

રાજકોટના કાલાવડ રોડ પર સરાઝા હોટલમાં શરાબની મહેફિલ મધરાતે પકડાઈ

રાજકોટમાં ડેકોરા-વરમોરા ગ્રુપની હાઈપ્રોફાઈલ પાર્ટી પર દરોડા : ભાજપ MLAના સંબંધી સહિત ૩૮ ઝડપાયા

રાજકોટ, રવિવાર

રાજકોટનાં ડેકોરા ગ્રુપનાં ચિરાગ અરવિંદ પટેલનાં જન્મદિવસની ઉજવણી નિમિત્તે 'એડવાન્સ પાર્ટી'માં કાલાવડ રોડ પરની સરાઝા હોટલમાં યોજાયેલી પાર્ટીમાં દારૂબંધી ન હોય તેમ ખુલ્લેઆમ દારૂ પીરસાતો હતો. હાઈ-પ્રોફાઈલ દારૂ અને હુક્કા પાર્ટી ઉપર શનિવારે રાત્રે ૧ વાગ્યે એલસીબીનાં સ્ટાફે દરોડો પાડી ૩૫ નબીરાઓ અને હોટલ મેનેજર સહિત ત્રણ હોટલ કર્મચારીને દારૂનો નશોલ કરેલી હાલતમાં ઝડપી લીધા હતાં. સ્થળ પરથી કુલ ૩૮ શખ્સોની ધરપકડ કરી કલાકોમાં જ મુક્ત કરવામાં આવ્યા હતા. પાર્ટીમાં સામેલ અમુક મહિલાઓ પણ નશાખોર હાલતમાં મળ્યાની ચર્ચા શરૂઆતમાં વહેતી થઈ હતી. જો કે એક પણ મહિલા સામે કેસ થયો નથી. ૩૩ મહિલાઓને બ્રેથ એનેલાઈઝર મારફત ચેક કરી પોલીસે હાલના તબક્કે ક્લિનચીટ આપી દીધી છે. પોલીસે દારૂની ૧૧ ખાલી-ભરેલી બોટલો અને પાંચ હુક્કા પણ કબજે કર્યાં છે. કન્સ્ટ્રકશન લાઈન સાથે સંકળાયેલા અને ભાજપનાં અનેક નેતાઓ સાથે ઘરોબો ધરાવતા ડેકોરા ગ્રુપનાં ચિરાગ અરવિંદભાઈ પટેલનો આગામી તા. ૧૨

(અનુસંધાન ૪થે પાને)

પાર્ટીમાં અમદાવાદ-વડોદરાના પાંચ સહિત ૩૮ સામે ગુનો

(૧) ચિરાગઅરવિંદભાઈ પટેલ (ઉ.વ. ૩૯) ડેકોરા ગ્રુપના નબીરાનો જન્મદિવસ હતો.
(૨) નિખીલજમનભાઈ પટેલ
(૩) કૃણાલકરણભાઈ અગ્રવાલ
(૪) પલવ ધીરૂભાઈ માકડિયા
(૫) મનીષવલ્લભભાઈ પટેલ (વરમોરાગ્રુપ)
(૬) રોહિતમગનભાઈ સોનેપરા
(૭) કૌશિક પોપટભાઈ રાઠોડ
(૮) ઉજાસજમનભાઈ વાછાણી
(૯) ગૌરવહરીભાઈ પટેલ
(૧૦) ધર્મેશ રમણીકભાઈ પટેલ
(૧૧) અભય નરેન્દ્રભાઈ જાવિયા
(૧૨) સુરજરજનીકાંત કાનાબાર
(૧૩) વિહાન ઉજાસ વાછાણી
(૧૪) દેવમિતુલભાઈ કાલરિયા
(૧૫) વિર મીતુલભાઈ કાલરિયા
(૧૬) હાર્દિક કિરીટભાઈ ગઢીયા
(૧૭) જીજ્ઞેશ ભુદરજી સંચાણીયા
(૧૮) વિરેનજયતલસાણીયા
(૧૯) ગૌરવ ધર્મેશભાઈ વીરડીયા
(૨૦) હાર્દિકઅનિલભાઈ ઠક્કર
(૨૧) જેનીલનરેન્દ્ર નથવાણી
(૨૨) વત્સલદિપકભાઈ કારીયા
(૨૩) હાર્દિકપ્રફુલચંદ્ર ગોહિલ
(૨૪) ડેનીશચંદ્રકાંત સેજપાલ
(૨૫) ભાર્ગવ ધર્મેશભાઈ પટેલ
(૨૬) જેનીશદિપકભાઈ વાસાણી
(૨૭) સંદિપપાંચાભાઈ સોરઠીયા
(૨૮) ગૌરવ ધીરેનભાઈ અજમેરા
(૨૯) દિપકઅમૃતલાલ કોટક
(૩૦) અક્ષતશક્તિભાઈ ગોયલ (હોટલસ્ટાફ)
(૩૧) હિતેન્દ્રસિંહ ચૌહાણ (હોટલસ્ટાફ)
(૩૨) હર્ષવર્ધનસિંહ ચૌહાણ (હોટલ સ્ટાફ)
(૩૩) મનપ્રીતસિંગધ્યાનસિંગ (બેન્કવેટમેનેજર)

અમદાવાદ અને વડોદરાના શખ્સો

(૩૪) હિતઅનિલભાઈ પટેલ (ઉ.વ. ૩૧), સી-ડીવાઈનહાઈલેન્ડ સાયન્સસિટીરોડ, સોલા
(૩૫) સ્મીત મનસુખ રોજીવાડિયા (ઉ.વ. ૩૩) શુભમ સ્કાયએપાર્ટમેન્ટ, બોડકદેવ
(૩૬) કુશ સંજયભાઈ ભાડાણીયા (ઉ.વ. ૩૫), સીમંધર એન્કલેવ એ-૧, જનતાનગર રોડ, ઘાટલોડિયા
(૩૭) કુશલ લક્ષ્મીદાસ ભાલોડિયા, (ઉ.વ. ૩૬), ઓલીવ ગ્રીન્સઆઈ, ગોતા
(૩૮) દેવાંશ કમલેશભાઈ શાહ, (ઉ.વ. ૪૦), અનુરાગ સોસાયટી, અકોટા, વડોદરા

ડ્રેસકોડ બ્લેક હતો, મહિલાઓએ એપ્રનથી ચહેરા છૂપાવવા પડ્યા

સરાઝાની પાર્ટીમાં સામેલ મહિલાઓએ હોટલના એપ્રનથી પોતાના ચહેરા છૂપાવવા પડયા હતા. હોટલમાં જ તમામ ૩૩ મહિલાઓના બ્રેથ એનેલાઈઝરથી પોલીસે ટેસ્ટ કર્યા હતા. જે નેગેટીવ આવતાં તમામ મહિલાઓને બ્લડ સેમ્પલ માટે પોલીસ સિવિલ લઈ આવી હતી. તે વખતે તમામ મહિલાઓએ પોતાના ચહેરા હોટલના એપ્રનથી છૂપાવેલા જોવા મળ્યા હતા. પાર્ટીમાં ડ્રેસકોડ બ્લેક હોય તેમ મોટાભાગના કપલ્સે બ્લેક કપડા પહેર્યા હતા.

ધ્રાંગધ્રાના MLAના ભાઈ અને વરમોરા ગ્રુપના MD મનિષની પણ અટકાયત

હાઈ પ્રોફાઈલ પાર્ટીમાંથી મોરબીની ટાઈલ્સ કંપની વરમોરા સાથે સંકળાયેલા અને હળવદ-ધ્રાંગધ્રાનાં ધારાસભ્ય પ્રકાશ વરમોરાનો કૌટુંબિક સંબંધી મનિષ પટેલ (વરમોરા) પણ નશાખોર હાલતમાં મળી આવ્યો હતો. ધારાસભ્ય પ્રકાશ વરમોરાનો સંપર્ક કરતાં મોબાઈલ ફોન જ સ્વીચ ઓફ મળ્યો હતો. ધારાસભ્ય પ્રકાશ વરમોરા ક્યા કારણથી મોઢું છુપાવી રહ્યો છે તેવા સવાલો ઉઠયા છે.

સરાઝાની પાર્ટીની જે ફરિયાદ નોંધાવી છે તેમાં મનિષ વલ્લભભાઈ પટેલનું નામ પાંચમાં ક્રમ પર છે. તેની ઉંમર ૪૨ વર્ષ છે. સરનામામાં ડેકોરા ઉત્સવ ફલેટ નં. બી-૧૦૧, સાધુ વાસવાણી રોડ લખાવ્યું છે. જેના પરથી સ્પષ્ટ છે કે ડેકોરા ગ્રુપે બનાવેલા ફલેટમાં જ હાલમાં તે રહે છે. તેની સાથે પત્ની મીરા પણ પાર્ટીમાં હાજર હતી. મનિષ પટેલ વરમોરા ગ્રુપ ઓફ કમ્પનીઝની વરમોરા ગ્રેનિટો પ્રા.લિ.ના એમ.ડી. તરીકે હોવાની વિગતો પણ પોલીસને મળી છે.

પાર્ટી પહેલા હોટલનાં સ્ટાફને ગેસ્ટ અને કપલનું લીસ્ટ આપવામાં આવ્યું હતું. બેન્કવેટ હોલની બહાર તહેનાત યુવતી જે ગેસ્ટ આવે તેનું નામ લીસ્ટમાં ચેક કર્યા પછી જ પ્રવેશ આપતી હતી. હોટલને અપાયેલું લીસ્ટ લીક થઈ સોશિયલ મીડિયામાં વાયરલ થયું છે તેમાં પણ મીરા વરમોરાનું નામ છે. જે મનિષ પટેલની પત્ની છે. હોટલનાં પાર્કિંગમાંથી વોલ્વો, વિનફાસ્ટ, મર્સિડીઝ, એન્ડેવર, ફોર્ચ્યુનર સહિતની લકઝુરીયસ કારોનો કાફલો મળી આવ્યો હતો. તેમાંથી ફોર્ચ્યુન કાર વરમોરા ગ્રુપનાં નામે રજીસ્ટર હોવાની માહિતી મળી છે.

ભાજપના ધારાસભ્ય પ્રકાશ વરમોરાએ મોઢું છુપાવવા માટે મોબાઈલ ફોન સ્વીચ ઓફ કર્યો

દારૂ સાથે હુક્કા પાર્ટી પણ ચાલતી હતી, પીધેલાઓનો કલાકોમાં છૂટકારો કેટલીક મહિલાઓ નશામાં ધૂત હાલતમાં હોવાની ચર્ચા પણ 'પોલીસની ના'

મહેસાણામાં ચોર્યાસી પાટીદાર સંમેલનમાં પરેશ ધાનાણીએ કહ્યું

સરદારના નામ પર ડસ્ટર ફેરવી કોઈને ભૂંસવાનું કામ ના કરવા દેતા, નહીંતર ઠેકાણે પડી જઈશું

મહેસાણા, તા.૧

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે મહેસાણા શહેરના સીમાડા પર આવેલાં નુગર નજીકના ચોર્યાસી સમાજ વિદ્યાસંકુલ ખાતે એસ.પી.જી. દ્વારા પાટીદાર મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમ માં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, કોંગી અગ્રણી પરેશ ધાનાણી, ગોપાલ ઈટાલિયા વગેરે સમાજના આગેવાનો, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાજકોટ કોંગ્રેસના પરેશ ધાનાણીએ રાજકીય અંદાજમાં કોઈનું પણ નામ લીધાં વગર અસ્સલ કાઠિયાવાડી લહેકામાં કહ્યું કે, સરદાર એ આપણા સૌના સ્વાભિમાનનું પ્રતિક છે અને સરદારના નામ ઉપર કોઈને પણ ડસ્ટર ફેરવી ભૂંસવાનું કામ કરવા નો દેતાં. દિલ્હીની ડેલીએ બાપનું નામ નહીં હોય તો ઠેકાણે પડી જાશું. તેમણે મંચસ્થ પૂર્વ નાયબ મુખ્યમંત્રી વિષે માર્મિક ટોણો મારવાના પગલે હાજર લોકો પણ ચોંકી ઉઠ્યા હતા. પાટીદાર આંદોલનને વાગોળતા ધાનાણીએ કહ્યું, આયાં બેઠેલા બધાએ અમને ટોપિયું પહેરાવીને તમને ટોપિયું ફેરવાવીને જાજી ભાતનું કર્યું. તેઓએ ટોણો મારતાં કહ્યું, જૂઓને નીતિન કાકા પણ કરમાઈ ગયા છે અને અમે બધા હવે નવરા થઈ ગયા છીએ. આ રાજકીય મંચ નથી, સમાજનો દીકરો છું અને મારા સમાજના મોભી છે બાપ. સરદાર સાદગીનો પર્યાય હતા, સરદાર એટલે સ્વાવલંબી, સરદાર એટલે શિસ્તના સિપાહી હતા. આ નીતિન કાકા પણ એવા જ છે હો, ડોળા બહુ કાઢે. આડું અવળું નો હાલે. સરદાર એટલે શિસ્ત, સરદાર એટલે શ્રમ. સમાજમાં કાંડાની તાકાતે લડે એવી પેઢી પેદા કરવી પડશે, એમાં હું પેદા થયો, હવે નવરો થયો, અમારી જવાબદારી બાપ બીતા નહીં, હું શીખી ગયો છું, કાનમાં પૂછજો. પણ સમૃદ્ધ વારસો જેને આપે ને એને સરદાર કહેવાય. આ કાકા છે ને અમારા વિધાનસભા ગૃહની અંદર મને જાહેરમાં કહેતા જરીક પણ ક્ષોભ નહીં

(અનુસંધાન ૪થે પાને)

મારા માટે તાળીઓ ઓછી પડી! બોલો હવે મારે શું કરવાનું : નીતિન પટેલ

આ કાર્યક્રમમાં પૂર્વનાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પોતાના માટે ઓછી તાળીઓ પડી હોવાની બાબતને લઈને ટકોર કરતા કહ્યું હતું કે, આજે આપણા ત્યાં મહેમાન તરીકે આવેલા આપણા મિત્ર, ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે વર્ષો સુધી જાગૃત રહીને સરકારી કામકાજમાં માર્ગદર્શન આપ્યું છે, એવા પરેશભાઈ ધાનાણી, ભાઈ ગોપાલભાઈ નવા-નવા ચૂંટાયા છે. તો ચારે બાજુ તમે બધા જુઓ મારા માટે તાળીઓ ઓછી પડી, પણ આ બે માટે વધારે પડી! બોલો હવે મારે શું કરવાનું? નીતિન પટેલની આ વાતનો લોકોએ પોતપોતાની રીતે અર્થ કાઢ્યો હતો.

કાર્યક્રમમાં ગોપાલ ઈટાલિયા અને પરેશ ધાનાણી માટે વધારે તાળીઓ પડતા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની માર્મિક ટકોરની ચર્ચા

યુધ્ધને લીધે ફ્લાઈટો કેન્સલ, હવે સ્થિતિ થાળે પડવાની રાહ

સાઉદી-હુતી યુદ્ધ ઈફેક્ટ : ઉમરાહ ટુર રદ, ગુજરાતના ૫૦૦ યાત્રાળુ ફસાયા

અમદાવાદ, રવિવાર

યમનના હૂતી બળવાખોરોએ ઓઈલ રિફાઈનરીઓ અને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ડ્રોન અને મિસાઈલ હુમલા ઝીંકતા જ સમગ્ર ગલ્ફમાં યુદ્ધની સ્થિતી ચિંતાજનક થઈ છે. આ આકાશી આક્રમણને પગલે વિમાની વ્યવહાર ખોરવાયો છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને આકાસા એરની ફ્લાઈટો કેન્સલ થતાં ઉમરાહની પવિત્ર યાત્રાએ ગયેલા ભારતીયો માટે મુસીબત ઊભી થઈ છે. ચિંતાની વાતએ છે કે, આ વૈશ્વિક કટોકટી સર્જાતાં ગુજરાતના અંદાજે ૫૦૦થી વધુ જેટલા યાત્રાળુઓ સાઉદી અરેબિયામાં અટવાઈ પડ્યા છે.

એરલાઈન્સે રિફંડ આપ્યુ છતાં રિટર્ન ટિકિટનો મેળ પડતો નથી, ૧૫ દિવસની ટુર પર ગયેલા લોકો હજુ પણ જીદ્દાહમાં

યુધ્ધને લઈને એરલાઈન્સ કંપનીઓએ ફ્લાઈટો રદ કરી મુસાફરોને ટિકિટનું રિફંડ પરત આપીને હાથ ઊંચા કરી દીધા છે, પરંતુ સાઉદીની ધરતી પરથી વતન પરત ફરવા માટે અત્યારે ટિકિટનો કોઈ મેળ પડી રહ્યો નથી. પરિણામે, જે પ્રવાસીઓ ૧૫ દિવસનું આયોજન કરીને ગયા હતા, તેમની ટુર ફરજિયાતપણે લંબાવવી પડી છે. ગુજરાતના ઘણાં પરિવારોના વડીલો અને બાળકો સાઉદીની ધરતી પર અટવાઈ પડતા સગા-સંબંધીઓના જીવ અધ્ધર થઈ ગયા છે. મોંઘા મુસાફરી ભાડાં અને વિદેશમાં રોકાણ લંબાવાને કારણે પ્રવાસીઓનું બજેટ પણ ખોરવાઈ ગયું છે.

બીજી તરફ, ગુજરાતથી ઉમરાહની લઈને ગયેલા ટુર ઓપરેટર્સ અને સંચાલકોની હાલત કફોડી બની ગઈ છે. ફ્લાઈટ્સ બંધ હોવાથી પ્રવાસીઓને સ્થાનિક હોટલોમાં રોકવા, તેમના જમવાની વ્યવસ્થા કરવી અને સાઉદીના કાયદા મુજબ વિઝાની મુદ્દત વધારવા માટે સંચાલકોએ રાત-દિવસ એક કરવા પડી રહ્યા છે. એક તરફ આર્થિક બોજ અને બીજી તરફ પ્રવાસીઓના પરિવારોનો રોષ બંને વચ્ચે ટુર સંચાલકો ભીંસમાં મુકાયા છે.

પરિસ્થિતિ ગંભીર બનતા જેદ્દાહથી ભારતીય યાત્રાળુઓને કનેક્ટિંગ ફ્લાઈટ્સ દ્વારા રિયાધ અને દમામ થઈને મુંબઈ- દિલ્હી લાવવામાં આવી રહ્યાં છે.

યુદ્ધની સ્થિતીને જોતાં હજુ પંદર-વીસ દિવસ સુધી સ્થિતી સામાન્ય થાય તેની રાહ જોવાઈ રહી છે. ફ્લાઈટ શરૂ થાય તો જ ઉમરાહ ટુર શરૂ થાય તેમ છે. ત્યાં સુધી ઉમરાહ ટુરો રદ કરવામાં આવી છે.

ડ્રગ્સ સાથે બંને મુસાફરો બેંગકોકથી આવ્યા હતા

અમદાવાદ એરપોર્ટથી બે મુસાફરો ૧૩ કરોડના ગાંજા સાથે ઝડપાયા

અમદાવાદ, રવિવાર

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી વિદેશથી ડ્રગ્સની દાણચોરીના વધુ એક પ્રયાસનો પર્દાફાશ થયો છે. કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)એ બે મુસાફરો પાસેથી રૂપિયા ૧૩ કરોડનો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો છે. બંને મુસાફરો સુરતના હોવાની માહિતી સામે આવી છે.

સુરતના બંને મુસાફરોએ વેક્યુમ સીલ પેકેટમાં ૧૩ કિલો હાઈડ્રોપોનિક ગાંજો છુપાવ્યો હતો

કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ ૧ નવેમ્બરના રોજ બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઈટના બંને મુસાફરોની ચેક-ઈન બેગનું એક્સ-રે સ્કેનિંગ કરતાં શંકાસ્પદ ઈમેજ જોવા મળી હતી. આથી અધિકારીઓએ બંનેની ટ્રોલી બેગ ખોલીને ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બેગમાંથી પ્લાસ્ટિકમાં વેક્યૂમ સીલ કરેલા કુલ ૧૪ મોટાં પેકેટ મળી આવ્યાં હતાં. વેક્યુમપેક કરવામાં આવેલા આ પેકેટો ખોલીને ફિલ્ડ ટેસ્ટિંગ કિટ દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવતાં તેમાં ઉચ્ચ ગુણવત્તાવાળો હાઈડ્રોપોનિક મારિજુઆના એટલે કે ગાંજો હોવાનું બહાર આવ્યું હતું.

પાટનગરમાં આંદોલન પાંચમાં દિવસમાં પ્રવેશ્યું

વનરક્ષકો આરપારના મૂડમાં આજે સરકાર સાથે નિર્ણાયક બેઠક

અમદાવાદ, રવિવાર

પોતાના પડતર હકો અને ન્યાયિક માંગણીઓ માટે વનરક્ષકોએ પાટનગર ગાંધીનગરમાં ડેરાતંબુ તાણયાં છે. આંદોલન આજે સતત પાંચમાં દિવસે પણ વણથંભ્યું ચાલુ રહ્યું છે. વનતંત્રના શ્વાસ સમાન આ કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે, જ્યાં સુધી પ્રશ્નોનો કાયમી ઉકેલ નહીં આવે, ત્યાં સુધી પાટનગર છોડીશું નહી. જોકે, આજે આંદોલનકારીઓ સાથે સરકાર વાટાઘાટો કરે તેવી શક્યતા છે.

વાટાઘાટો બાદ સરકાર શું નિર્ણય લેશે તેના પર નજર, માંગણીઓ સંતોષવા આંદોલનકારી મક્કમ

ભથ્થું આપવા, રજા પગારની ગણતરી કરવા તેમજ ૪૮ દિવસની મર્યાદા હટાવીને પૂરા દિવસોનો પગાર ચૂકવવા જેવી વ્યાજબી માંગણીઓ સાથે વનરક્ષકોએ સરકાર સામે મોરચો માંડવામાં આવ્યો છે. જંગલોની રક્ષા કરતા આ કર્મચારીઓ હવે આરપારની લડાઈ લડવા મક્કમ દેખાઈ રહ્યા છે.

છેલ્લાં પાંચેક દિવસથી વનકર્મીઓ સામૂહિક રજા પર ઉતરીને પોતાની માંગ સ્વિકારવા મક્કમ બન્યાં છે. હવે જ્યારે દિવાળીના તહેવારો આવી રહ્યાં છે તે જોતાં આજે સરકાર આંદોલનકારીઓને ચર્ચા કરવા તેડુ મોકલાવી શકે છે.

થાઈલેન્ડથી વિમાન માર્ગે ગુજરાતમાં ગાંજો લાવવાનું નેટવર્ક

અમદાવાદમાં એક જ વર્ષમાં રૂ. ૩૨.૭૧ કરોડના નશીલા પદાર્થો સાથે ૨૫૬ પકડાયા

અમદાવાદ, રવિવાર

અમદાવાદમાં ડ્રગ્સના દૂષણને ડામવા માટે માત્ર નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો કે એટીએસ જ નહીં ક્રાઈમ બ્રાન્ચના નેજા હેઠળ એસ.ઓ.જી.ની ટીમો કાર્યરત બની છે. ડ્રગ્સનું છૂટક વેચાણ કરતાં કે જથ્થાબંધ જથ્થો મગાવતા ડ્રગ્સ માફિયાઓ સામે વર્ષ ૨૦૨૬માં જ કુલ ૧૬૫ કેસ કરીને એસ.ઓ.જી. સહિત અમદાવાદ શહેર પોલીસે કુલ ૩૨.૭૧ કરોડના નશીલા પદાર્થો પકડી પાડ્યાં છે. જેમાં ખાસ કરીને ડ્રગ્સ માફિયાઓ દ્વારા ટ્રેન અને બસ મારફતે એમ.ડી. ડ્રગ્સ અને થાઈલેન્ડથી વિમાન માર્ગે ગાંજો લાવતા હતા. અમદાવાદ શહેર પોલીસ સાથે મળીને એસ.ઓ.જી.એ ૪.૪૧ કરોડનું ૧૨ કિલો એમ.ડી.ડ્રગ્સ તથા ૧૧,૭૮૨ કફ સીરપની બોટલો સાથે કુલ ૨૫૬ આરોપીઓને પકડી પાડ્યા હતા.

૪.૪૧ કરોડનું ૧૨ કિલો મેફેડ્રોન ડ્રગ્સ અને ૧૧૭૮૨ કફ સીરપની બોટલોના કુલ ૨૪ કેસ પોલીસ ચોંપડે નોંધાયા

ગુજરાત સહિત અમદાવાદમાં ડ્રગ્સ માફિયાઓ આયોજનબધ્ધ નેટવર્કથી યુવાધનને નશાના રવાડે ચડાવવાનું કારસ્તાન આચરી રહ્યાં છે. નશાના બંધાણીઓ માટે ઘર બેઠા નશીલા પદાર્થો પુરા પાડીને યુવાધનને બરબાદ કરવાનું વ્યવસ્થિત ષડયંત્ર ચલાવવામાં આવી રહ્યું છે.

ખાસ કરીને વટવા, રખિયાલ રામોલ સહિતના વિસ્તારોમાં પોલીસે પકડેલા નાશાના બંધાણીની પૂછપરછમાં પકડાયેલા મોટા ભાગના આરોપીઓ પ્રથમ નશો કરતા હતા ત્યારબાદ નશીલા પદાર્થ વેચવાની પ્રવૃત્તિ પણ કરી રહ્યા હોવાનું બહાર આવ્યું હતું.


નશાના કારોબારના મજબૂત બનાવવા માટે ડ્રગ્સ સહિત નશીલા પદાર્થો વેચવા માટે મહિલાઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં ખાસ કરીને પોલીસને શંકા જાય નહી અને મહિલાઓ પોલીસને થાપ આપવા માટે આવા માદક દ્રવ્યો પોતાના આંતર વસ્ત્રોમાં છૂપાવીને

(અનુસંધાન ૪થે પાને)

પોલીસને થાપ આપવા પોર્ટર એપ્લિકેશનથી ડ્રગ્સની હેરાફેરી

પોલીસેને થાપ આપવવા માટે ડ્રગ્સ માફિયા હવે પોર્ટર એપ્લિકેશનની મદદથી ડ્રગ્સની હેરાફેરી કરી રહ્યા છે. નરોડા પોલીસે ડ્રગ્સ મોકલનારા સરદારનગરના શખ્સ અને ડ્રગ્સ મોકલનારા સાબરમતીના વેપારીને ઝડપી પાડીને ડ્રગ્સની હેરાફેરી માટે નવી મોડસ ઓપરેન્ડીનો પદાર્થાફાશ કર્યો હતો.

CSLC CURE SIGHT LASER CENTER
ફ્રી આઈ ચેકઅપ
૦૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૬



અનુભવી ડોક્ટર્સ દ્વારા વ્યક્તિગત આંખની સંભાળ..
તમારા ચશ્મા તથા કોન્ટેક્ટ લેન્સથી મુક્તિ મેળવો!

ઉપલબ્ધ સુવિધાઓ
- સિલ્ક ફ્લેપલેસ (ગુજરાતનું સૌ પ્રથમ AI રોબોટિક લેસર)
- બ્લેડ ફ્રી / ફેમ્ટો લેસર
- કોન્ટુરા વિઝન
- મોતિયા/ કેટરેક્ટ
- ICL ઈમ્પ્લાન્ટેશન
- પડદાનું ચેકઅપ
- ઝામર (ગ્લુકોમા)

ડૉ. પરિમલ દેસાઈ | ડૉ. આદિત્ય દેસાઈ | ડૉ. આશિષ કાયસ્થ | ડૉ. જીજ્ઞેશ શાહ | ડૉ. અર્ચના તથા એસોસીએટ્સ ડૉક્ટર્સની ટીમ

SILK ELITA
1ST TIME IN GUJARAT
WORLD'S 1ST: 5TH GEN AI LASER MACHINE




INTRODUCING
INDIA'S 1ST ICL CLINIC
ICL CORRECTS -1 TO -30 NUMBERS

WhatsApp on, +91 99799 02658 | +91 93773 38797

૩જો માળ, દેવ બિલ્ડીંગ, મર્સિડીઝના શોરૂમની સામે, પરિમલ ગાર્ડન ચાર રસ્તા, અમદાવાદ-૬.
સોમવાર થી શનિવાર સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી | ૦૮ થી ૧૨ નવેમ્બર, ૨૦૨૬ દિવાળીના કારણે રજા રહેશે.

બેસણું



સ્વ. અનંતરાય તારાચંદ શાહના સુપુત્ર નયનભાઈ અનંતરાય શાહ

તા. 1/11/26ના રોજ અરિહંત શરણ પામેલ છે. સદ્ગતનું બેસણુ તા. 2/11/2026ને સોમવારે સવારે 9 થી 11 કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ: અન્નપૂર્ણા હોલ, બોડીલાઈન હોસ્પિટલ સામે, વિકાસગૃહ રોડ પાલડી, અમદાવાદ

લિ. વિણાબેન નયનભાઈ શાહ (પત્ની)

ડો. શૈલેષભાઈ અનંતરાય શાહ (ભાઈ) — ડો. મધુબેન શાહ (ભાભી)
ડો. અંકિત નયનભાઈ શાહ (પુત્ર) — ડો. ઋજુતા શાહ (પુત્રવધુ)
જય નયનભાઈ શાહ (પુત્ર) — શ્રુતિ શાહ (પુત્રવધુ)
જગદીશભાઈ દેસાઈ (બનેવી) — કવિતાબેન દેસાઈ (બહેન)
ડો. ઉત્સવ, ડો. યશ, જીનેશ (ભત્રીજા) — ડો. ઉર્વશી, ડો. મેધાવી, સાક્ષી (ભત્રીજાવહુ)
આરુષ (પૌત્ર), ક્રિષ્વા (પૌત્રી), નવ્યા, દેવ

પિયરપક્ષનું બેસણુ ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે
સ્વ. ચંપાબેન જયંતીલાલ મહેતા પરિવાર

બેસણું



સખેદ જણાવવાનું કે અમારા માતૃશ્રી

ગં. સ્વ. કંચનબેન ધીરુભાઈ પટેલ (વિરમગામવાળા)

તા. ૧-૧૧-૨૦૨૬, રવિવાર ના રોજ દેવલોક પામેલ છે. સદ્ગતનું બેસણું નીચે મુજબ રાખેલ છે


બેસણું : તા. ૨-૧૧-૨૦૨૬, સોમવારે સવારે ૮-૩૦ થી ૧૦-૩૦ કલાકે
સ્થળ : સ્વસ્તિક હોલ (A. C.), ડ્રાઈવ-ઈન સિનેમા પાસે, રિલાયન્સ માર્ટની સામે, ડ્રાઈવ-ઈન રોડ, થલતેજ, અમદાવાદ

બેસણું : તા. ૨-૧૧-૨૦૨૬, સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે
સ્થળ : કડવા પટેલ વાડી, વિરમગામ.

લિ.
રાજેન્દ્રકુમાર ધીરૂભાઈ પટેલ — ભાવના રાજેન્દ્રકુમાર પટેલ
પલક રાજેન્દ્રકુમાર પટેલ — આશા પલક પટેલ
નિર્લેપ રાજેન્દ્રકુમાર પટેલ — મેઘા નિર્લેપ પટેલ
રેખાબેન બિપીનચંદ્ર પટેલ — જ્યોત્સનાબેન પરેશકુમાર પટેલ
રંજનબેન મહેશકુમાર પરીખ — ગીરાબેન હિતેન્દ્રકુમાર પટેલ
રુદ્ર પલક પટેલ — કહાન નિર્લેપ પટેલ

સ્વ. ગોવિંદભાઈ હરિભાઈ પટેલ પરિવાર

બેસણું



અમારા વડીલશ્રી **કનકલત્તાબેન દિનેશભાઈ મહેતાનું** અવસાન તા. 29/10/2026, ગુરુવારના રોજ થયેલ છે. તેમણું બેસણું 2/11/2026, સોમવારના રોજ સવારે 8.00થી 10.00 કલાકે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ: 31, શિવઆશિષ સોસાયટી, કાલુપુર કોમર્શિયલ બેન્કની પાછળ, બોપલ, અમદાવાદ

સ્વ. દિનેશભાઈ વ્રજલાલ મહેતા • સ્વ. પ્રિતેશ દિનેશભાઈ મહેતા
સ્વ. બિપીનભાઈ વ્રજલાલ મહેતા — ગ.સ્વ. નિલાબેન બિપીનભાઈ મહેતા
શ્રી અતુલભાઈ વ્રજલાલ મહેતા — શ્રીમતી માયાબેન અતુલભાઈ મહેતા
શ્રી વિરલકુમાર ઈન્દ્રવદન દવે — શ્રીમતી પિનાકી વિરલકુમાર દવે
કુ. વિધિ વિરલકુમાર દવે

બેસણું



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા બેનશ્રી

મીરા બાલકૃષ્ણ રાવલ

તા. ૩૧-૧૦-૨૦૨૬ ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૨-૧૧-૨૦૨૬ ને સોમવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ડૉ. મુકુલભાઈ શાહ કોમ્યુનિટી હોલ, પ્રેરણાતીર્થ દેરાસરની બાજુમાં, સેટેલાઈટ, અમદાવાદ.

હેમંત રાવલ
ધર્મેન્દ્ર રાવલ — હેતલ રાવલ
(Teckinfo Solutions Pvt. Ltd.)
નરેન્દ્ર રાવલ — વંદના રાવલ
(Solaris Chem Tech Industry Ltd.)
રાજુબેન પ્રદીપભાઈ ભટ્ટ
ભુપેનભાઈ શાહ — નીતાબેન શાહ
(Gopinath Chem Tech Ltd.)

તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



સ્વ. કિશોરકુમાર ધીરજલાલ શાહ
સ્વ તા. ૦૨-૧૧-૨૦૨૩

પિતા એટલે પરિવારનો આધાર,
પિતા એટલે સંસ્કારોનો વારસો,
પિતા એટલે જીવન જીવવાની પ્રેરણા,
પિતા એટલે પરિવારનો અતૂટ વિશ્વાસ,
પિતા એટલે નિઃસ્વાર્થ પ્રેમ અને આશીર્વાદનો અખૂટ ભંડાર.
આપની હાજરી આજે અમારી વચ્ચે નથી,
પરંતુ આપના સંસ્કાર, આપના સિદ્ધાંતો,
આપનો પ્રેમ અને આપના આશીર્વાદ
અમારા જીવનના દરેક પગલે અમારી સાથે છે.
સમય વીતતો જાય છે, પરંતુ આપની યાદો
અમારા હૃદયમાં સદાય જીવંત રહેશે.
આપે આપેલા મૂલ્યો અને બતાવેલા માર્ગ પર ચાલવું
એ જ આપના પ્રત્યેની અમારી સાચી શ્રદ્ધાંજલિ છે.
આપ સદાય અમારી સ્મૃતિમાં,
અમારા હૃદયમાં અને અમારા જીવનમાં જીવંત રહેશો.

પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મધુબેન કિશોરકુમાર શાહ (પત્ની)

રજનીકાન્ત કિશોરકુમાર શાહ (પુત્ર) — ક્ષમા રજનીકાન્ત શાહ (પુત્રવધૂ)
કલ્પેશ કિશોરકુમાર શાહ (પુત્ર) — પંક્તિ કલ્પેશભાઈ શાહ (પુત્રવધૂ)
હેતલ વિમલકુમાર શાહ (પુત્રી) — વિમલકુમાર ચંદ્રકાન્તભાઈ શાહ (જમાઈ)
ખુશી, મીત, સૌમ્ય, શૌર્ય, મોક્ષા, કનિષા

કન્ફાયન્સ ગ્રુપ કંપનીઝ